ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

# અધ્યાત્મસાર

શબ્દશઃ વિવેચન

## ભાગ-૬



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# અધ્યાત્મસાર

## શબ્દશઃ વિવેચન

## ભાગ-૬

❖ મૂળ ગ્રંથકર્તા ❖

**ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા**

❖ દિવ્યકૃપા ❖

**વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા**

❖ આશીર્વાદદાતા ❖

**વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા**

❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

❖ સંકલનકારિકા ❖

**શ્રીમતી પારૂલબેન હેમંતભાઇ પરીખ**

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# અધ્યાત્મસાર ભાગ-૬ શબ્દશઃ વિવેચન

❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

વીર સં. : ૨૫૩૬ ❖ વિ. સં. : ૨૦૬૬ → આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૩૦૦

વીર સં. : ૨૫૩૯ ❖ વિ. સં. : ૨૦૬૯ → આવૃત્તિ : દ્વિતીય ❖ નકલ : ૩૦૦

**મૂલ્ય : રૂ. ૮૦-૦૦**

卐 આર્થિક સહયોગ 卐

શ્રી ભગવાન વર્ધમાન શ્વે.મૂ.પૂ. જૈન સંઘમાં વિ. સં. ૨૦૬૯ની સાલમાં શુદ્ધધર્મપ્રરૂપક, પ્રાવચનિક પ્રતિભાના ધારક પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં સત્ક્રિયાભિરૂચિ પ.પૂ.આ.ભ. શ્રી ભક્તિસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર સુવિશાલ ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાવર્તિની પ.પૂ. સુરેન્દ્રશ્રીજી મહારાજના વિદુષી શિષ્યા સા. બોધિરત્નાશ્રીજી મ.સા. આદિ ઠાણા ત્રણના 'રાહુલ ટાવર' મુલુન્ડ(વેસ્ટ)માં થયેલ ચાતુર્માસ દરમ્યાનની તથા સિક્કા (જામનગર) ગામવાળા સવિતાબેન નેમચંદ દોઢિયાના બંગલામાં કરાવેલ પર્યુષણા પર્વના પ્રતિક્રમણ દરમ્યાન થયેલ જ્ઞાનખાતાની ઉપજમાંથી આ પુસ્તકની દ્વિતીય આવૃત્તિ, ૩૦૦ નકલનો સંપૂર્ણ લાભ લીધેલ છે.

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૧૬

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

✻ મુદ્રક ✻

સર્વોદય ઓફસેટ

૧૩, ગજાનંદ એસ્ટેટ, ઇદગાહ પોલીસ ચોકી પાસે, પ્રેમ દરવાજા, અમદાવાદ-૧૬. ફોન : ૨૨૧૭૪૫૧૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રાપ્તિસ્થાન

**✤ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

**✤ વડોદરા :**

**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**

'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

**✤ મુંબઈ :**

**શ્રી લલિતભાઈ ધરમશી**

૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**

એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**✤ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**

ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

**✤ જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**

C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
સી-૯, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

**✤ BANGALORE :**

**SHRI VIMALCHANDJI**

C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : amitvgadiya@gmail.com

**✤ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**

"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્ર-વચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ

પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા Encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

**'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસા.,**
**ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.**

**ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ**
**અને શ્રુતભક્તો**

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં તેમજ લેખિત સંપાદિત પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ)
૩. યોગદૃષ્ટિસમુચ્ચય
૪. કર્મવાદ કર્ણિકા
૫. કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ)
૬. સદ્ગતિ તમારા હાથમાં !
૭. સદ્ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ)
૮. દર્શનાચાર
૯. શાસન સ્થાપના
૧૦. શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ)
૧૧. અનેકાંતવાદ
૧૨. પ્રશ્નોત્તરી
૧૩. પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ)
૧૪. ચિત્તવૃત્તિ
૧૫. ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ)
૧૬. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૭. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૮. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૯. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)

२०. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૨૧. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૨૨. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૩. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૪. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૫. જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ)
૨૬. Is Jaina Order Independent Religion or Denomination ? (અંગ્રેજી આવૃત્તિ)
૨૭. Status of religion in modern Nation State theory (અંગ્રેજી આવૃત્તિ)
૨૮. ગૃહજિનાલય મહામંગલકારી
૨૯. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

## संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. | શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. | સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૪. | સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિં.આ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. | Right to Freedom of Religion !!!!! | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. | 'રક્ષાધર્મ' અભિયાન | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. | 'Rakshadharma' Abhiyaan | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૮. | સેવો પાસ સંખેસરો | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૯. | સેવો પાસ સંખેસરો (હિન્દી આવૃત્તિ) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

## વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧

૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન

૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫

૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત
શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૫. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૬. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૭. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૯. વાદદ્વાત્રિંશિકા-૮ શબ્દશઃ વિવેચન
૧૦૦. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૧. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૦૨. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૧૦૩. સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન
૧૦૪. પગામસિજ્જા શબ્દશઃ વિવેચન
૧૦૫. સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૧૦૬. ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા-૭ શબ્દશઃ વિવેચન

૧૦૭. દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન
૧૦૮. સમ્મતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૯. સમ્મતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૦. વૈરાગ્યકલ્પલતા શબ્દશઃ વિવેચન
૧૧૧. શાંતસુધારસ શબ્દશઃ વિવેચન
૧૧૨. બાર ભાવના શબ્દશઃ વિવેચન
૧૧૩. ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧૪. ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૫. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૧૧૬. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૧૧૭. વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન
૧૧૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૯. દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન
૧૨૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૨૧. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨

# અધ્યાત્મસાર : અધિકાર-૧૯ થી ૨૧ની પ્રસ્તાવના

સાધક યોગીને આત્માની પોતાની શુદ્ધ અવસ્થાની પ્રાપ્તિમાં સહાયક અધ્યાત્મના સારભૂત ભાવોને ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત 'અધ્યાત્મસાર' ગ્રંથમાં રજૂ કર્યા છે.

પૂર્વમાં અધ્યાત્મમાં પ્રવેશથી માંડીને કેવી રીતે વિકાસ સાધવો તે બતાવ્યું. હવે ગ્રંથના અંતિમ અધિકારોમાં સાધકની મોક્ષપ્રાપ્તિ માટેની અંતિમ અવસ્થારૂપ ધ્યાનને બતાવનારા આગમની સ્તુતિ કરીને ધ્યાનમાં સ્થિર થવાથી થતા અનુભવનું સ્વરૂપ બતાવે છે.

**પાંચમા પ્રબંધ સાથે છઠ્ઠા પ્રબંધનો સંબંધ :-**

વળી, પાંચમા પ્રબંધમાં ધ્યાનનું સ્વરૂપ બતાવીને ધ્યાનની સ્તુતિ કરી અને તે ધ્યાનની પ્રાપ્તિ આત્માના પારમાર્થિક સ્વરૂપના જ્ઞાનથી થઈ શકે છે તેથી નિશ્ચય અને વ્યવહારનયની દૃષ્ટિથી આત્માના પારમાર્થિક સ્વરૂપના નિર્ણય અર્થે છઠ્ઠા પ્રબંધમાં ૧૮મો 'આત્મનિશ્ચય અધિકાર' બતાવેલ છે. તે આત્મનિશ્ચય જિનમતના અવલંબનથી થઈ શકે છે તેથી છઠ્ઠા પ્રબંધમાં ૧૯મો 'જિનમત સ્તુતિ અધિકાર' બતાવેલ છે.

છઠ્ઠા પ્રબંધમાં પ્રથમ આત્મનિશ્ચય અધિકાર બતાવ્યો, જે પ્રસ્તુત પુસ્તકના પૂર્વના ભાગ-૫માં છપાવેલ છે. હવે આત્માનો નિશ્ચય જિનમતથી થઈ શકે છે તેથી આત્મનિશ્ચય અધિકાર સાથે એક પ્રબંધથી સંબંધ ધરાવતા એવા જિનમતની સ્તુતિ કરે છે.

**અધિકાર-૧૯ : જિનમત સ્તુતિ :-**

કોઈક રમ્ય સમુદ્ર હોય તેની ઉપમા દ્વારા જિનમત પણ કઈ રીતે રમ્ય છે તે પ્રથમ શ્લોકમાં બતાવેલ છે. જેમ કલ્પવૃક્ષ સર્વ ઇષ્ટફળને આપનાર છે તેમ જિનમત પણ આત્માને સર્વ ઇષ્ટ ફળને આપનાર છે તેમ શ્લોક-૨માં બતાવેલ છે. મેરુ પર્વત જેમ અનેક શોભાવાળો છે તેવો જિનમત વિવેકીને શોભાવાળો કઈ રીતે જણાય છે તે શ્લોક-૩માં બતાવેલ છે. જેમ સૂર્ય બાહ્ય અંધકારનો

નાશ કરનાર છે તેમ જિનમત અંતરંગ અંધકારનો નાશ કરીને યોગમાર્ગની પ્રવૃત્તિનું કારણ બને છે તે શ્લોક-૪માં બતાવેલ છે. ચંદ્ર જેમ શીતલતા દ્વારા જીવોને આલ્લાદ્દ કરનાર છે તેમ અધ્યાત્મરૂપી અમૃતને વરસાવનાર જિનશાસન યોગ્ય જીવોને શીતલતાને આપનાર છે તે શ્લોક-૫માં બતાવેલ છે. જિનમત સર્વદર્શનના સમૂહરૂપ કઈ રીતે છે તેની કાંઈક સ્પષ્ટતા શ્લોક-૬ અને શ્લોક-૭માં કરેલ છે. એકાંતવાદીઓ સ્વસ્વમતમાં અભિનિવેશ રાખીને પરમતનો ક્ષેપ કરે છે ત્યારે ચિત્તમાં કાલુષ્યની પ્રાપ્તિ થાય છે, પરંતુ જિનમત તો સર્વદૃષ્ટિઓથી યથાર્થવાદી હોવાથી જિનમતમાં અભિનિવેશ રાખીને પરમતના ક્ષેપથી પણ યથાર્થવાદનું સ્થાપન થવાના કારણે કાલુષ્યની અપ્રાપ્તિ થાય છે તેની સ્પષ્ટતા શ્લોક-૮માં કરેલ છે. અન્ય દર્શનોમાં કંઈક તત્ત્વમાર્ગની પ્રાપ્તિ હોવા છતાં પૂર્ણ તત્ત્વમાર્ગની પ્રાપ્તિ જૈનાગમથી જ થાય છે તેની સ્પષ્ટતા શ્લોક-૯ અને શ્લોક-૧૦માં કરેલ છે. સ્યાદ્વાદની દૃષ્ટિથી સર્વ કથનમાં અર્પિત-અનર્પિતભાવરૂપે વસ્તુના સંપૂર્ણ બોધની પ્રાપ્તિ થાય છે તેની સ્પષ્ટતા શ્લોક-૧૧માં કરેલ છે. વિવેકી પુરુષોને સ્યાદ્વાદ માર્ગાનુસારી બુદ્ધિ આપે છે અને અવિવેકી જીવોને નિર્મળ એવા સ્યાદ્વાદથી પણ સ્વમતિ અનુસાર યથા તથા યોજનરૂપ મોહની પ્રાપ્તિ થાય છે તેની સ્પષ્ટતા શ્લોક-૧૨માં કરેલ છે. બુદ્ધિમાન પુરુષો પણ સ્વદર્શન પ્રત્યેના પક્ષપાતના બળથી અનેકાંત વચનને અસંબદ્ધ પ્રલાપ કહે છે તે તેની બાળચેષ્ટા છે. તેની સ્પષ્ટતા શ્લોક-૧૩માં કરેલ છે. સ્યાદ્વાદ વિભજ્યવાદ છે અને તે કઈ રીતે સર્વ પદાર્થોને યથાર્થ રીતે બતાવે છે તેની સ્પષ્ટતા શ્લોક-૧૪ અને શ્લોક-૧૫માં કરેલ છે.

પ્રસ્તુત ગ્રંથના છઠ્ઠા પ્રબંધમાં ૧૯મા અધિકારમાં જિનમતની સ્તુતિ કરી. તે જિનમતની બાહ્યપ્રાપ્તિથી કલ્યાણની પ્રાપ્તિ થતી નથી, પરંતુ જિનમતના મર્મસ્પર્શી બોધથી આત્મામાં અનુભવજ્ઞાન પ્રગટે છે. તે અનુભવજ્ઞાન જ યથાર્થ માર્ગને બતાવીને કલ્યાણનું કારણ છે. તેથી જિનમતની સ્તુતિ કર્યા પછી સાતમા પ્રબંધમાં ૨૦મા અધિકારમાં અનુભવનું સ્વરૂપ બતાવે છે અને આવા પ્રકારનો અનુભવ સત્શાસ્ત્રો ભણીને નિષ્પન્ન પુરુષો કરી શકે છે તેથી અનુભવના

સ્વરૂપ સાથે એકવાક્યતાથી સંકળાયેલા એવા સજ્જન પુરુષોની સ્તુતિરૂપ ૨૧મો અધિકાર છે.

**અધિકાર-૨૦ : અનુભવસ્વરૂપ :-**

શાસ્ત્ર વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરવાથી અનુભવની પ્રાપ્તિ થાય છે. માત્ર શાસ્ત્રનો અભ્યાસ કે માત્ર ક્રિયાઓ કરવાથી અનુભવની પ્રાપ્તિ થતી નથી તેની સ્પષ્ટતા શ્લોક-૧માં કરેલ છે. અભ્યાસદશામાં શાસ્ત્રાનુસારી ક્રિયા કરવાથી કેવું ચિત્ત નિષ્પન્ન થાય છે અને તેમાં કેવો અનુભવ થાય છે તેની સ્પષ્ટતા શ્લોક-૨માં કરેલ છે. અનુભવના જ્ઞાન માટે પાંચ પ્રકારના ચિત્તનું જ્ઞાન આવશ્યક છે તેથી શ્લોક-૩થી ૧૦ સુધી ગ્રંથકારશ્રીએ પાંચ પ્રકારના ચિત્તોનું સ્વરૂપ બતાવેલ છે, જેમાં સંસારી જીવોના ચિત્તનો પણ બોધ થાય છે. આદ્ય ભૂમિકાવાળા યોગીઓના ચિત્તના અનુભવનો પણ બોધ થાય છે અને શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિ કરીને વિશિષ્ટ અનુભવવાળા યોગીઓના ચિત્તનો પણ બોધ થાય છે. અભ્યાસદશાવાળા યોગીઓના ચિત્તનું સ્વરૂપ શ્લોક-૧૧માં બતાવેલ છે. વચનાનુષ્ઠાનવાળા પણ સાતિચાર ચારિત્ર ધરાવતા યોગીઓના ચિત્તનું સ્વરૂપ શ્લોક-૧૨માં બતાવેલ છે. યોગમાર્ગમાં અનુભવને પ્રગટ કરવા અર્થે યોગીઓએ કઈ રીતે ઉદ્યમ કરવો જોઈએ તેની સ્પષ્ટતા શ્લોક-૧૩થી ૧૬માં કરેલ છે. નિરાલંબન ધ્યાનમાં અનુભવવાળા યોગીના ચિત્તનું સ્વરૂપ શ્લોક-૧૭થી ૨૦માં બતાવેલ છે. અનુભવ જ્ઞાન માટે ઉપયોગી બાહ્ય આત્મા, અંતરાત્મા અને પરમાત્માનું સ્વરૂપ શ્લોક-૨૧થી ૨૪ સુધી બતાવેલ છે. નિર્વિકલ્પદશાવાળા યોગીઓની અનુભવદશા શ્લોક-૨૫થી ૨૬માં બતાવેલ છે. અઢાર હજાર શિલાંગોના સમ્યગ્ સેવનથી આત્માના શુદ્ધ અનુભવની પ્રાપ્તિ થાય છે તેની સ્પષ્ટતા શ્લોક-૨૭માં કરેલ છે. અઢાર હજાર શિલાંગને પાળનારા યોગીઓ પ્રત્યેની ભક્તિથી પણ કંઈક અનુભવ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે તેની સ્પષ્ટતા શ્લોક-૨૮ અને ૨૯માં કરેલ છે. વળી, પૂર્વના મુનિઓ જેવી શાસ્ત્રાનુસારી ક્રિયાઓ કરીને યોગમાર્ગના પરમ રહસ્યરૂપ અનુભવને પ્રગટ કરવાની શક્તિ પોતાનામાં નથી, છતાં જિનવચનાનુસાર જે અલ્પયત્નપૂર્વક

સંયમની ક્રિયાઓ પોતે સેવે છે અને જિનશાસનના પરમાર્થને જાણવા માટે પોતે જે શાસ્ત્રોનું અધ્યયન કર્યું છે તેનો અનુભવ કેવા પ્રકારનો છે તે ગ્રંથકારશ્રીએ શ્લોક-૩૦ અને ૩૧માં બતાવેલ છે. વળી, શાસ્ત્રઅધ્યયનથી પ્રગટ થયેલા અનુભવને કારણે પોતાને શાસ્ત્ર પ્રત્યે કેવી ભક્તિ છે તેનું સ્વરૂપ શ્લોક-૩૨થી ૩૪માં સ્પષ્ટ કરેલ છે. વળી, જેઓ બાહ્યચારિત્રની ક્રિયાઓ કરે છે, આમ છતાં અનુભવ જ્ઞાનમાં સર્વથા સ્પર્શ વગરના છે તેઓની સંયમની ક્રિયા કેવી અસાર છે તેની સ્પષ્ટતા શ્લોક-૩૫ અને ૩૬માં કરેલ છે. વળી, અનુભવ જ્ઞાન વગરના બાળજીવોની કે મધ્યમબુદ્ધિવાળા જીવોની આચરણા હિતકારી નથી તેની સ્પષ્ટતા શ્લોક-૩૭માં કરેલ છે. વળી, અનુભવ જ્ઞાન પ્રગટ કરવા અર્થે કેવો ઉચિત પ્રયત્ન કરવો જોઈએ તેની દિશા શ્લોક-૩૮થી ૪૫ સુધી બતાવેલ છે.

**અધિકાર-૨૧ : સજ્જનસ્તુતિ :-**

શાસ્ત્રોને ભણીને શાસ્ત્રોના પરમાર્થને યુક્તિ અને અનુભવથી પ્રાપ્ત કર્યા છે તેવા યોગીઓ પોતાને પ્રાપ્ત થયેલ જિનવચનનું રહસ્ય અન્ય જીવોને પ્રાપ્ત થાય તદર્થે શાસ્ત્રરચના કરીને યોગ્ય જીવોના ઉપકારાર્થે પ્રયત્ન કરે છે. એવા સજ્જન પુરુષોની સ્તુતિ ગ્રંથકારે પ્રસ્તુત અધિકારમાં કરેલ છે. વળી, જેઓ મંદબુદ્ધિવાળા છે તેઓ ઉત્તમ પુરુષોની શાસ્ત્રરચના અને સામાન્ય જીવોની શાસ્ત્રરચનાના ભેદને જાણી શકતા નથી તેઓ કાચ અને ઇન્દ્રમણિની તુલના કરે છે અર્થાત્ જેવો ઇન્દ્રમણિ છે તેવો જ આ કાચ છે એમ કહીને ઉત્તમ પુરુષોની રચના અને ભગવાનના વચનના રહસ્યને અનુભવ દ્વારા નહીં પામેલા એવા અસાર જીવોની રચનાને સમાન માને છે. તેમ બતાવીને વિવેકીએ જિનવચનાનુસાર ઉત્તમ પુરુષોના શાસ્ત્રોના રહસ્યને જાણવા માટે કઈ રીતે યત્ન કરવો જોઈએ તેનો માર્ગાનુસારી ઉપાય પણ બતાવેલ છે. તેથી બુદ્ધિમાન પુરુષ જેની-તેની શાસ્ત્રરચનાને બધાની શાસ્ત્રરચનાની સાથે તુલ્ય કરીને અનુભવ જ્ઞાનીની શાસ્ત્રરચનાની આશાતનાથી બચે. વળી, ગ્રંથકારે

પ્રસ્તુત ગ્રંથમાં શાસ્ત્ર-અધ્યયન અને અનુભવના બળથી જે અધ્યાત્મનું સ્વરૂપ બતાવ્યું છે તે અધ્યાત્મના રસી એવા જીવોને કઈ રીતે આનંદની પ્રાપ્તિનું કારણ બનશે તેનું સ્વરૂપ પ્રસ્તુત અધિકારના શ્લોક-૮માં બતાવેલ છે.

આ વિવેચન કરવામાં છદ્મસ્થતાને કારણે અનાભોગથી ગ્રંથકારશ્રીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો મિચ્છા મિ દુક્કડં.

**વિ.સં. ૨૦૬૯, ભાદરવા સુદ-૪ (સંવત્સરી)**
**સોમવાર, તા. ૯-૯-૨૦૧૩**

**- પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસા.,**
**પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.**
**ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪**

## "અધ્યાત્મસાર" ગ્રંથ ભાગ-૬ના શબ્દશઃ વિવેચનના સંકલન-સંપાદન વેળાએ...

મોક્ષ એટલે આત્માનું પ્રગટ એવું શુદ્ધ સ્વરૂપ અને અધ્યાત્મ એટલે આત્માના શુદ્ધ સ્વરૂપ તરફ જવાની પ્રક્રિયા. યોગ્ય જીવો પોતાના આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરી મોક્ષસુખને પામી શકે તે માટે અનંત તીર્થંકર પરમાત્મા મોક્ષમાર્ગ બતાવે છે અને જ્ઞાની ભગવંતો તેને અધ્યાત્મશાસ્ત્રોમાં જણાવે છે.

પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. સા.એ સ્વપરના ઉપકારાર્થે અનેક ગ્રંથોની રચના કરી છે. તે પૈકી "અધ્યાત્મસાર" ગ્રંથમાં અધ્યાત્મને ગ્રહણ કરીને સાધક જીવો કઈ રીતે આત્મવિકાસ સાધી શકે છે તે સચોટ અને સરળ ભાષામાં બતાવ્યું છે.

જેમ,

કોઈ પુરુષની બાલ્યાવસ્થાથી શરૂ કરી પ્રૌઢાવસ્થા સુધીની સંસારી વિકાસની અવસ્થાઓનું અવલોકન કરીએ, તો જણાય છે કે, જન્મની ક્ષણે અજ્ઞાન જેવી જ ગણાતી અતિ અલ્પ ભૌતિક જ્ઞાનની અવસ્થામાં ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે. બાલ્યાવસ્થામાં બાહ્ય ભૌતિક પદાર્થોનો બોધ અત્યંત સ્થૂળ હોય છે, કુમારાવસ્થામાં જિજ્ઞાસા વધવાથી થોડો વધુ સૂક્ષ્મ બોધ પ્રાપ્ત થાય છે અને યૌવનને પામે છે ત્યારે સ્પષ્ટ અને વધુ સૂક્ષ્મ બોધ પ્રાપ્ત થાય છે, પરંતુ હજુ બાહ્ય નિમિત્તોની અસરથી જીવ દૂર રહી શકતો નથી અને અંતિમ એવી પ્રૌઢાવસ્થાને પામેલા જીવને અનુભવ જ્ઞાન પ્રાપ્ત થાય છે. હવે બોધની પ્રાપ્તિ અર્થે બાહ્ય યત્ન આવશ્યક રહેતો નથી, અનુભૂત જ બોધની પ્રાપ્તિ થાય છે.

આ રીતે, સંસારી જીવની અધ્યાત્મના વિકાસની અવસ્થાઓનું સૂક્ષ્મ અવલોકન પ્રસ્તુત ગ્રંથમાં બતાવવામાં આવ્યું છે.

મોક્ષનો અર્થી સાધક પ્રારંભમાં અધ્યાત્મના માહાત્મ્યને જાણીને તેમાં પ્રવેશ અર્થે દંભનો ત્યાગ કરીને ભવના સ્વરૂપનું ચિંતવન કરવાથી વૈરાગ્યને પ્રાપ્ત કરે છે. ત્યારબાદ મમતાના ત્યાગથી વૈરાગ્ય સ્થિર થાય છે અને સમતાના પરિણામની પ્રાપ્તિ થાય છે, તેથી ધર્માનુષ્ઠાન શુદ્ધ બને છે. આ માટે મનની શુદ્ધિ કરીને અસદ્ગ્રહના ત્યાગથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, ત્યારબાદ

મિથ્યાત્વના ત્યાગથી યોગમાર્ગમાં સ્થિર થયેલા સાધકને ધ્યાનની ભૂમિકાની પ્રાપ્તિ થાય છે અને ધ્યાનમાં સ્થિર થવાથી આત્માનુભવ પ્રગટે છે. મોક્ષમાં થતા શુદ્ધ આત્માનુભવ કરતાં ઘણા અલ્પાંશનો આ અનુભવ હોય છે, પરંતુ આ બીજ જ પરમાત્મભાવમાં લઈ જવામાં સમર્થ બને છે. અધ્યાત્મના વિકાસનો આવો વિશિષ્ટ ક્રમ ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ગ્રંથમાં બતાવ્યો છે. વળી, જે સાધક યોગીઓને અલ્પાંશ પણ એવા આત્માનુભવની પ્રાપ્તિ થઈ છે અને તે અનુભવના બળથી સત્શાસ્ત્રોની જેઓએ રચના કરી છે તેવા સજ્જન પુરુષોની આવી રચનાઓ વાંચીને ગ્રંથકારશ્રીને તેવા સજ્જન પુરુષો પ્રત્યે અત્યંત બહુમાન થવાથી તેઓના સત્શાસ્ત્રોની અને તેના રચનારા એવા સજ્જન પુરુષોની સ્તુતિ પણ ગ્રંથના અંતમાં ગ્રંથકારશ્રી કરે છે.

ગ્રંથના સંપાદનની વેળાએ મને પણ સ્થૂળથી સૂક્ષ્મ તરફ પ્રયાણ કરતો અધ્યાત્મનો બોધ આજે પ્રાપ્ત થયો છે. જો કે, યોગ, ધ્યાન અને અનુભવની દિશા તો હજુ યોજનો દૂર છે, પરંતુ અધ્યાત્મના શૂન્ય બોધ કરતાં કાંઈક અંશે નિર્મળ બોધ પ્રાપ્ત થવાથી અંતરમાં અદ્ભુત આનંદ પ્રાપ્ત થયો છે.

અનંત ઉપકારી તીર્થંકર પરમાત્મા દ્વારા પ્રરૂપાયેલા, જ્ઞાની મહાપુરુષો વડે બતાવાયેલા, પૂજ્ય ગુરુવર્યો દ્વારા બોધ અર્થે જણાવાયેલા અને પૂજ્ય વડીલો દ્વારા જેનું મહત્ત્વ બુદ્ધિમાં સ્થાપિત કરાયું છે, એવા અધ્યાત્મના સારને સર્વ જીવો પામે, પાળે અને માણે એ જ અભિલાષા સાથે.

છદ્મસ્થતાને કારણે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયથી વિરુદ્ધ જો કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

**વિ.સં. ૨૦૬૯, ભાદરવા સુદ-૪ (સંવત્સરી)** **- પારૂલ હેમંતભાઈ પરીખ**

**સોમવાર, તા. ૯-૯-૨૦૧૩**
**૨૧, તેજપાળ સોસાયટી,**
**ફતેહનગર બસસ્ટેન્ડ પાસે,**
**પાલડી, અમદાવાદ-૭.**
**ફોન : ૦૭૯-૨૬૬૩૦૦૦૬**

# વિષયાનુક્રમણિકા


| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| | **છઠ્ઠો પ્રબંધ :** | |
| | **જિનમતસ્તુતિ અધિકાર-૧૯** | **૧-૩૫** |
| ૧. | સમુદ્રની ઉપમા દ્વારા જિનમતનું સ્વરૂપ. | ૧-૪ |
| ૨. | કલ્પવૃક્ષની ઉપમા દ્વારા જિનમતનું સ્વરૂપ. | ૪-૬ |
| ૩. | મેરુની ઉપમા દ્વારા જિનમતનું સ્વરૂપ. | ૭-૯ |
| ૪. | સૂર્યની ઉપમા દ્વારા જિનમતનું સ્વરૂપ. | ૧૦-૧૧ |
| ૫. | ચંદ્રની ઉપમા દ્વારા જિનમતનું સ્વરૂપ. | ૧૨-૧૪ |
| ૬. | સર્વદર્શનના સમૂહાત્મક જિનમતનું સ્વરૂપ. | ૧૪-૧૬ |
| ૭. | સર્વદર્શનોની યુક્તિઓથી જિનાગમને ક્યાંય દોષની અપ્રાપ્તિનું દૃષ્ટાંતથી ભાવન. | ૧૬-૧૭ |
| ૮. | એકાંતવાદીઓથી પરમતના ક્ષેપમાં કાલુષ્યની પ્રાપ્તિ હોવા છતાં સ્યાદ્વાદની માર્ગાનુસારી બુદ્ધિથી પરમતના ક્ષેપમાં કાલુષ્યની અપ્રાપ્તિ. | ૧૮-૨૦ |
| ૯. | અન્ય દર્શનમાં પણ મોક્ષમાર્ગને અનુકૂળ જ્ઞાનાંશો હોવા છતાં જિનાગમમાં અણિશુદ્ધ જ્ઞાનમાર્ગ હોવાથી ગ્રંથકારશ્રીને જિનાગમ પ્રત્યેનો પક્ષપાત. | ૨૦-૨૨ |
| ૧૦. | યુક્તિથી અન્ય દર્શનમાં અપૂર્ણતા અને જૈનદર્શનમાં પૂર્ણતાનું સ્થાપન. | ૨૨-૨૫ |
| ૧૧. | સ્યાદ્વાદના વચનોનું પારમાર્થિક સ્વરૂપ. | ૨૫-૨૭ |
| ૧૨. | પ્રામાણિક માર્ગાનુસારી બુદ્ધિથી દેખાતા પદાર્થને બતાડનારા જિનાગમનું સ્વરૂપ. | ૨૭-૨૯ |
| ૧૩. | અન્ય દર્શનવાદીઓ દ્વારા સ્યાદ્વાદના નિરાકરણ માટે કરાતો વિવેક વગરનો પ્રયાસ. | ૨૯-૩૧ |

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૪. | વિભજ્યવાદરૂપ સ્યાદ્વાદની રચનાનું પારમાર્થિક સ્વરૂપ. | ૩૧-૩૩ |
| ૧૫. | એકાંતવાદના નયોને ઉચિત સ્થાને યોજનાર સ્યાદ્વાદની દૃષ્ટિ. | ૩૩-૩૫ |
| | **સાતમો પ્રબંધ :** | |
| | **અનુભવસ્વરૂપ અધિકાર-૨૦** | **૩૬-૧૦૧** |
| ૧. | પારમાર્થિક અનુભવનું સ્વરૂપ. | ૩૬-૩૭ |
| ૨. | અભ્યાસદશાના યોગમાર્ગવિષયક અનુભવનું સ્વરૂપ. | ૩૮-૩૯ |
| ૩. | ચિત્તની પાંચ ભૂમિકા. | ૩૯-૪૦ |
| ૪. | ક્ષિપ્ત ચિત્તનું સ્વરૂપ. | ૪૦-૪૧ |
| ૫. | મૂઢ ચિત્તનું સ્વરૂપ. | ૪૧-૪૨ |
| ૬. | વિક્ષિપ્ત ચિત્તનું સ્વરૂપ. | ૪૨-૪૩ |
| ૭. | યોગમાર્ગવિષયક એકાગ્ર ચિત્તનું સ્વરૂપ. | ૪૩-૪૪ |
| ૮. | નિરુદ્ધ ચિત્તનું સ્વરૂપ. | ૪૪-૪૫ |
| ૯. | સમાધિમાં ઉપયોગી-અનુપયોગી ચિત્તના ભેદો. | ૪૫-૪૬ |
| ૧૦. | વિક્ષિપ્ત ચિત્તમાં યોગનો પ્રારંભ તથા ક્ષિપ્ત અને મૂઢચિત્તમાં વ્યુત્થાનદશા. | ૪૬-૪૮ |
| ૧૧-૧૨. | યોગના અભ્યાસદશાવાળા વિક્ષિપ્ત ચિત્તનું સ્વરૂપ. | ૪૮-૫૧ |
| ૧૩. | ચિત્તને યોગમાર્ગમાં પ્રવર્તાવવાનો ઉપાય. | ૫૧-૫૨ |
| ૧૪-૧૫. | યોગમાર્ગની પ્રવૃત્તિઓમાં ઉપયોગી આલંબનનું સ્વરૂપ. | ૫૩-૫૬ |
| ૧૬. | નિરાલંબન યોગમાં જવાનો ઉપાય. | ૫૬-૫૭ |
| ૧૭-૧૯. | નિરાલંબન ધ્યાનવાળા ચિત્તનું સ્વરૂપ. | ૫૮-૬૨ |

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨૦. | ધ્યાનમાં બાહ્ય આત્મા, અંતરાત્મા અને પરમાત્માની ઉપયોગિતાનું સ્વરૂપ. | ૬૨-૬૩ |
| ૨૧. | બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું સ્વરૂપ. | ૬૩-૬૪ |
| ૨૨. | બહિરાત્મદશાનું સ્વરૂપ. | ૬૫-૬૬ |
| ૨૩. | અંતરાત્મદશાનું સ્વરૂપ. | ૬૬-૬૭ |
| ૨૪. | પરમાત્મદશાનું સ્વરૂપ. | ૬૭-૬૮ |
| ૨૫. | નિર્વિકલ્પ ધ્યાનથી પરમાત્માની સંનિહિતતા. | ૬૮-૭૦ |
| ૨૬. | બ્રહ્મને જાણનારા પુરુષોના વચનથી બ્રહ્મના વિલાસનો અનુભવ. | ૭૦-૭૧ |
| ૨૭. | બ્રહ્મવિદ્ યોગીનું સ્વરૂપ. | ૭૧-૭૩ |
| ૨૮. | પરમબ્રહ્મ યોગીની ભક્તિથી સંસારનો નિસ્તાર. | ૭૩-૭૪ |
| ૨૯. | શાસ્ત્રયોગના સમર્થનને કારણે ગ્રંથકારશ્રી વડે ઇચ્છાયોગના અવલંબનથી પણ પરમમુનિઓનું અનુસરણ. | ૭૪-૭૫ |
| ૩૦. | ઇચ્છાયોગમાં વર્તતી સંયમજીવનની યતનાનું સ્વરૂપ. | ૭૬-૭૭ |
| ૩૧-૩૩. | ગ્રંથકારશ્રીમાં રહેલ દર્શનપક્ષનું સ્વરૂપ. | ૭૭-૮૨ |
| ૩૨. | પ્રવચનની ભક્તિનું સ્વરૂપ. | ૭૯-૮૧ |
| ૩૪. | શુભાનુબંધ પ્રવૃત્તિનું સ્વરૂપ. | ૮૨-૮૫ |
| ૩૫-૩૬. | માત્ર બાહ્યક્રિયામાં ચારિત્રના અભિમાનવાળા અજ્ઞાની સાધુઓનું સ્વરૂપ. | ૮૫-૮૮ |
| ૩૭. | બાળ, મધ્યમ અને બુધ પુરુષોનું સ્વરૂપ. | ૮૮-૮૯ |
| ૩૮. | યોગીઓને કર્તવ્ય ઉચિત પ્રવૃત્તિનું સ્વરૂપ. | ૯૦-૯૧ |
| ૩૯-૪૫. | અનુભવયોગની પ્રાપ્તિ અર્થે યોગીઓને કર્તવ્ય ઉચિત પ્રવૃત્તિનું સ્વરૂપ. | ૯૧-૧૦૧ |

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| | **સજ્જનસ્તુતિ અધિકાર-૨૧** | **૧૦૨-૧૩૨** |
| ૧. | પ્રાર્થનીય એવા યોગમાર્ગમાં પ્રવૃત્ત એવા સજ્જન પુરુષનું સ્વરૂપ. | ૧૦૨-૧૦૪ |
| ૨. | સજ્જનરૂપી સુકવિઓ દ્વારા ગ્રંથરચનાની પ્રવૃત્તિ અને અન્ય ઉત્તમ સજ્જનો એ સુકવિની રચનાને કઈ રીતે અતિશયિત કરે છે તેનું ભાવન. | ૧૦૪-૧૦૫ |
| ૩. | દુર્જનોથી યોગમાર્ગમાં પ્રવૃત્ત બાળજીવોના થતા વિનાશથી સજ્જનો દ્વારા તેઓનું રક્ષણ કઈ રીતે થાય છે તેનું ભાવન. | ૧૦૫-૧૦૭ |
| ૪. | ઉત્તમ પુરુષોની વાણીમાં ખલો દ્વારા ઉદ્ભાવન કરાતા દોષોનું સ્વરૂપ અને સજ્જન પુરુષો દ્વારા તે દોષોનું વિવેકપૂર્વક ઉન્મૂલન. | ૧૦૮-૧૧૦ |
| ૫. | સજ્જન અને દુર્જન દ્વારા શાસ્ત્રનું ગ્રહણ કઈ રીતે થાય છે તેનું સ્વરૂપ. | ૧૧૦-૧૧૧ |
| ૬. | ઉત્તમ પુરુષોની રચના અને સામાન્ય અર્ધબોધવાળા પુરુષોની રચના વચ્ચેનો ભેદ બતાવીને ઉત્તમ પુરુષોની સ્તુતિ. | ૧૧૨-૧૧૪ |
| ૭. | સજ્જન પુરુષો દ્વારા કરાયેલી શાસ્ત્રરચનાની વિશેષતાનું સ્વરૂપ. | ૧૧૪-૧૧૫ |
| ૮. | યોગમાર્ગમાં પ્રવૃત્ત એવા સજ્જનોનું પારમાર્થિક સ્વરૂપ. | ૧૧૫-૧૧૭ |
| ૯. | ગ્રંથકારશ્રી દ્વારા રચાયેલા પ્રસ્તુત ગ્રંથથી સજ્જનોને અને દુર્જનોને થતા ભાવોનું સ્વરૂપ. | ૧૧૭-૧૧૮ |
| ૧૦. | સત્કવિઓની રચનાને અતિશયિત કરવામાં વિબુધ પુરુષોના યત્નથી થતા લાભોના પારમાર્થિક સ્વરૂપનું દૃષ્ટાંતથી ભાવન. | ૧૧૯-૧૨૧ |

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૧. | ગ્રંથકારશ્રીના પ્રસ્તુત 'અધ્યાત્મસાર' ગ્રંથને જોઈને સજ્જનોને થતા ઉત્તમ ભાવોનું સ્વરૂપ. | ૧૨૧-૧૨૩ |
| ૧૨-૧૩. | ખલ પુરુષોના પ્રયત્ન દ્વારા પણ ઉત્તમ કવિઓ પોતાની કૃતિને કઈ રીતે અતિશયિત કરે છે તેની સ્પષ્ટતા. | ૧૨૪-૧૨૮ |
| ૧૪. | ગ્રંથકારશ્રી દ્વારા કરાયેલ પ્રસ્તુત ગ્રંથની રચનામાં પણ ઉત્તમ પુરુષો દ્વારા સ્વતઃ વિશેષતાનું આધાન કરાય છે તેની સ્પષ્ટતા. | ૧૨૮-૧૩૦ |
| ૧૫. | ગ્રંથકારશ્રી દ્વારા ગુરુની સ્તુતિ. | ૧૩૦-૧૩૧ |
| ૧૬. | પોતાના રચાયેલા ગ્રંથના ફળ સ્વરૂપે ગ્રંથકારશ્રીની કામના. | ૧૩૧-૧૩૨ |

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

ન્યાયવિશારદ-ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

# અધ્યાત્મસાર

## શબ્દશઃ વિવેચન

## ભાગ-૬

## અધિકાર-૧૯

## જિનમતસ્તુતિ અધિકાર

**પૂર્વ અધિકાર સાથેનું જોડાણ :-**

પૂર્વમાં આત્મનિશ્ચય અધિકારનું વર્ણન કર્યું અને આત્માનો નિશ્ચય જિનમતથી થાય છે. તેથી આત્મનિશ્ચયના ઉપાયભૂત જિનમતની સ્તુતિ ગ્રંથકારશ્રી કરે છે.

**અવતરણિકા :-**

**સમુદ્રની ઉપમા દ્વારા જિનશાસનની સ્તુતિ કરતાં ગ્રંથકારશ્રી કહે છે-**

**શ્લોક :-**

**उत्सर्प्पद्व्यवहारनिश्चयकथाकल्लोलकोलाहल-**
**त्रस्यद्दुर्नयवादिकच्छपकुलभ्रश्यत्कुपक्षाचलम् ।**
**उद्यद्युक्तिनदीप्रवेशसुभगं स्याद्वादमर्यादया,**
**युक्तं श्रीजिनशासनं जलनिधिं मुक्त्वा परं नाश्रये? ।।१।।**

**અન્વયાર્થ :-**

उत्सर्प्पद्व्यवहारनिश्चयकथाकल्लोलकोलाहलत्रस्यद्दुर्नयवादिकच्छपकुलभ्रश्यत्कुपक्षाचलम्=ઉત્સર્પણ પામતા વ્યવહારની અને નિશ્ચયની કથારૂપી કલ્લોલના કોલાહલથી ત્રાસ પામતા એવા દુર્નયવાદીરૂપ કાચબાના શરીરથી ભ્રંશ પામતા એવા કુપક્ષરૂપી પર્વતો છે જેમાં એવું, स्याद्वादमर्यादया युक्तं=સ્યાદ્વાદમર્યાદાથી યુક્ત, उद्यद्युक्तिनदीप्रवेशसुभगं=ઉદ્યત્ યુક્તિરૂપ નદીના પ્રવેશથી સુભગ, એવા श्रीजिनशासनं जलनिधिं मुक्त्वा=શ્રી જિનશાસનરૂપ જલનિધિને મૂકીને, परं नाश्रये=હું પરનો આશ્રય કરતો નથી. ॥૧૯-૧॥

**શ્લોકાર્થ :-**

**ઉત્સર્પણ પામતા વ્યવહાર અને નિશ્ચયની કથારૂપી કલ્લોલના કોલાહલથી ત્રાસ પામતા એવા દુર્નયવાદીરૂપ કાચબાના શરીરથી ભ્રંશ પામતા એવા કુપક્ષરૂપી પર્વતો છે જેમાં એવું, સ્યાદ્વાદમર્યાદાથી યુક્ત, ઉદ્યત્ યુક્તિરૂપ નદીના પ્રવેશથી સુભગ એવા શ્રી જિનશાસનરૂપ જલનિધિને મૂકીને હું પરનો આશ્રય કરતો નથી. ॥૧૯-૧॥**

**ભાવાર્થ :-**

જેમ સમુદ્રમાં પાણીના કલ્લોલો પ્રસરણ પામતા હોય છે. વળી, કેટલેક ઠેકાણે વિશાળ કાયાવાળા કાચબાઓ સમુદ્રમાં રહેલા હોય છે અને તેઓ સમુદ્રની સપાટી ઉપર સ્થિર થઈને ઘણા લાંબા સમયથી બેઠેલા હોય છે ત્યારે તે સમુદ્રમાંથી નીકળતો માટીનો સમૂહ કાચબાની પીઠ ઉપર પર્વતાકારે સ્થિર થયેલો દેખાય છે. તેથી વહાણવટું કરનારને "સમુદ્રની મધ્યમાં આ પર્વત છે" તેવું જણાય છે અને સમુદ્રમાં જ્યારે મોટા કલ્લોલો થાય ત્યારે તે કાચબાઓ તે કલ્લોલોથી ત્રાસ પામીને સમુદ્રમાં પ્રવેશ કરવા માંડે ત્યારે તેની પીઠ ઉપર સ્થિર થયેલા પર્વતો પાણીમાં ભ્રંશ થવા માંડે છે. તેની ઉપમા દ્વારા જિનશાસનનું મહત્ત્વ બતાવે છે.

જેમ સમુદ્રમાં કલ્લોલો થાય છે તેમ ભગવાનના શાસનમાં વિસ્તાર પામતા વ્યવહારનયનાં અને નિશ્ચયનયનાં વચનોના કલ્લોલો વર્તે છે. સમુદ્રમાં થયેલા કલ્લોલોના કોલાહલથી ત્રાસ પામીને કાચબાઓ સમુદ્રમાં પ્રવેશ કરે છે ત્યારે

તેમની પીઠ ઉપર રહેલા પર્વતો ભ્રંશ પામવા માંડે છે તેમ જિનશાસનમાં રહેલા નિશ્ચયનય અને વ્યવહારનયનાં કથનોનું કોઈ સુવાદી યથાર્થ નિરૂપણ કરતા હોય ત્યારે તેઓની સૂક્ષ્મ યુક્તિના કોલાહલથી એકાંતવાદને માનનારા એવા દુર્નયવાદીરૂપી કાચબાઓ ત્રાસ પામે છે અર્થાત્ જગતમાં પોતાની પ્રતિભાથી વિખ્યાતિને પામતા એવા તે દુર્વાદી સુવાદીનાં વચનોથી ત્રાસ પામીને જગતમાં પોતાના વચનોનું સ્થાપન કરી શકતા નથી તેથી તેઓના ઉપર આધારિત એવા કુપક્ષરૂપી પર્વતો ભ્રંશ પામવા લાગે છે અર્થાત્ જગતમાં કુપક્ષો અદશ્ય થવા લાગે છે. એવું આ જિનશાસન છે.

આશય એ છે કે ભગવાનનું શાસન યોગમાર્ગને બતાવવા માટે વ્યવહારનયનું અને નિશ્ચયનયનું કથન, અનુભવ અને યુક્તિને અનુસરીને કરે છે. તેથી કોઈપણ તટસ્થ બુદ્ધિવાળા યોગમાર્ગના અર્થી જીવોને નિશ્ચયનયનાં અને વ્યવહારનયનાં વચનોથી જિનશાસન યુક્તિયુક્ત છે તેમ જણાય છે.

વળી કેટલાક દુર્નયવાદીઓ એકાંતનયનું અવલંબન લઈને આત્માને ક્ષણિક કહે છે તો કેટલાક દુર્નયવાદીઓ આત્માને ફૂટસ્થ નિત્ય કહે છે અને યોગમાર્ગની વ્યવસ્થા પોતાના એક નય અનુસાર સાધવા માટે તેઓ યત્ન કરે છે અને પોતાના વક્તવ્યનું લોકમાં સ્થાપન કરીને તેઓ વિખ્યાતિને પામે છે, ત્યારે જિનશાસનના મર્મના જાણનારા યોગીઓ તેમનાં વચનો કઈ રીતે એક નયના આશ્રયને કારણે સંગત નથી તે બતાવે છે ત્યારે તે દુર્નયવાદીઓ તેનું સમાધાન કરી શકતા નથી. તેથી તેમનાં વચનો ઉપર પ્રવર્તતો તેમનો કુપક્ષરૂપી પર્વત જગતમાં લુપ્ત થવા લાગે છે. આ રીતે દુર્નયના મતોને લુપ્ત કરવામાં સમર્થ એવું જિનશાસન છે.

વળી તે જિનશાસન કેવું છે તેની વિશેષતા બતાવતાં કહે છે. જેમ સમુદ્રમાં નદીઓનો પ્રવેશ થાય છે અને તે નદીઓના પ્રવેશથી તે સમુદ્ર જોનારને રમ્ય દેખાય છે તેમ ભગવાનના શાસનરૂપી સમુદ્રમાં અનુભવને અનુરૂપ એવી ઉદ્યત્ યુક્તિરૂપી નદીઓનો પ્રવેશ થાય છે તેથી તે જિનશાસનરૂપી સમુદ્ર રમ્ય દેખાય છે.

આશય એ છે કે ભગવાનનું શાસન સ્યાદ્વાદમય સમુદ્રતુલ્ય છે અને સ્યાદ્વાદનું સ્થાપન કરનાર એવી રમ્ય યુક્તિઓ તે તે નયની હોય છે. વળી, તે

તે નયની યુક્તિઓ પરસ્પર સાપેક્ષ હોવાથી વિરોધી જણાતી નથી અને તેવા સાપેક્ષ વચનોરૂપ નદીઓના પ્રવાહો જિનશાસનરૂપી સમુદ્રમાં પ્રવેશ પામતા હોય છે જેથી શુદ્ધ માર્ગના સ્થાપન કરનારા મહાત્માઓ જ્યારે તે યુક્તિઓથી ભગવાનના શાસનના પદાર્થોનું લોકો આગળ પ્રતિપાદન કરે છે ત્યારે યોગમાર્ગના અર્થી એવા મધ્યસ્થ લોકોને સ્યાદ્વાદમય જિનશાસનરૂપી સમુદ્ર અત્યંત રમ્ય જણાય છે.

વળી સમુદ્ર જેમ પોતાની મર્યાદાઓને છોડતો નથી, તેથી ગમે તેટલી નદીઓના પ્રવાહ તેમાં પ્રવેશ પામે તોપણ તે સમુદ્રનું પાણી પોતાની મર્યાદામાં રહે છે જેથી જગતના વિનાશનું સર્જન થતું નથી, તેમ જિનશાસનરૂપી સમુદ્ર સ્યાદ્વાદની મર્યાદાથી યુક્ત છે. તેથી અનેક નયોનાં વક્તવ્યો જિનશાસનમાં પ્રાપ્ત થવા છતાં દરેક વક્તવ્યો સ્યાદ્વાદની મર્યાદાનો વિનાશ કરતાં નથી. તેથી જિનશાસનરૂપી સમુદ્ર સ્યાદ્વાદની મર્યાદાથી યુક્ત છે.

આવા જિનશાસનરૂપી સમુદ્રને છોડીને ગ્રંથકારશ્રી કહે છે કે હું બીજા કોઈપણ દર્શનનો આશ્રય કરતો નથી. આમ કહીને સર્વદર્શનોમાં સર્વશ્રેષ્ઠ જિનશાસન છે, માટે એકાંતે તે જ આશ્રયણીય છે, એ પ્રકારે જિનશાસનની સ્તુતિ ગ્રંથકારશ્રી કરે છે. **॥૧૯-૧॥**

**અવતરણિકા :-**

**કોઈ સુવાસિત ફૂલોથી અને ઉત્તમ ફળોથી યુક્ત એવું કલ્પવૃક્ષ હોય અને તે કલ્પવૃક્ષ ઉપરથી તે સુંદર પુષ્પો જમીન ઉપર પડતાં હોય તો તે કલ્પવૃક્ષવાળી ભૂમિ ઉપરથી સુંદર સુગંધ ચારે બાજુ વિસ્તાર પામે છે, એવું જિનશાસનરૂપી કલ્પવૃક્ષ છે તેમ ગ્રંથકારશ્રી જણાવે છે –**

**શ્લોક :-**

**पूर्णः पुण्यनयप्रमाणरचनापुष्पैः सदास्थारसै-**
**स्तत्त्वज्ञानफलः सदा विजयते स्याद्वादकल्पद्रुमः ।**
**एतस्मात् पतितैः प्रवादकुसुमैः षड्दर्शनारामभू-**
**र्भूयः सौरभमुद्वमत्यभिमतैरध्यात्मवार्तालवैः ।।२।।**

**અન્વયાર્થ :-**

**सदास्थारसैः पुण्यनयप्रमाणरचनापुष्पैः पूर्णः तत्त्वज्ञानफलः=સદ્આસ્થા રસવાળા પવિત્ર નયપ્રમાણની રચનારૂપ પુષ્પોથી પૂર્ણ, તત્ત્વજ્ઞાનરૂપ ફળવાળું, स्याद्वादकल्पद्रुमः=સ્યાદ્વાદ કલ્પદ્રુમ, सदा विजयते=સદા જય પામે છે. एतस्मात् पतितैः=આનાથી પડેલા=આ કલ્પદ્રુમ પરથી પડેલા, प्रवादकुसुमैः=પ્રવાદરૂપી કુસુમો વડે, षड्दर्शनारामभूः=ષડ્દર્શનરૂપી આરામની ભૂમિ, अभिमतैरध्यात्म-वार्तालवैः=અભિમત એવા અધ્યાત્મ વાર્તાના લવો વડે, भूयः सौरभमुद्गमति= અત્યંત સૌરભનું ઉદ્ગમન કરે છે=સુગંધને ફેલાવે છે. ॥૧૯-૨॥**

**શ્લોકાર્થ :-**

**સદ્આસ્થારસવાળા, પવિત્ર નયપ્રમાણની રચનારૂપ પુષ્પોથી પૂર્ણ, તત્ત્વજ્ઞાનરૂપ ફળવાળું સ્યાદ્વાદકલ્પદ્રુમ સદા જય પામે છે. આનાથી પડેલા પ્રવાદકુસુમો વડે ષડ્દર્શનરૂપ આરામની ભૂમિ અભિમત એવા અધ્યાત્મ વાર્તાના લવો વડે અત્યંત સૌરભનું ઉદ્ગમન કરે છે. ॥૧૯-૨॥**

**ભાવાર્થ :-**

જેમ કોઈ સ્થાનમાં સુંદર કલ્પવૃક્ષ હોય અને તે વૃક્ષ અત્યંત ઉત્તમ સુગંધવાળાં પુષ્પોથી ભરચક હોય અને ઉત્તમ ફળથી યુક્ત હોય તો તે વૃક્ષ જોનારને આલ્લાદ પેદા કરે છે. વળી તે વૃક્ષ પરથી જમીન ઉપર જે પુષ્પો પડે છે તેનાથી અત્યંત સૌરભ પ્રસરે છે તેથી તે સ્થાનનું વાતાવરણ મઘમઘતું જણાય છે. તે વૃક્ષના જેવું સ્યાદ્વાદકલ્પવૃક્ષ છે; કેમ કે કલ્પવૃક્ષ સર્વ કામનાઓને પૂર્ણ કરનાર છે તેમ સ્યાદ્વાદના પરિણામોને જાણીને જે યોગીઓ તે વૃક્ષને સેવે છે તેઓની સર્વ કામનાઓ પૂર્ણ થાય છે. આથી જ સ્યાદ્વાદકલ્પવૃક્ષનો આશ્રય કરનારા યોગીઓ જ્યાં સુધી સંસારમાં હોય ત્યાં સુધી સદ્ગતિની પરંપરાઓને પામે છે અને અંતે પૂર્ણ સુખમય મોક્ષને પામે છે.

વળી જેમ કલ્પવૃક્ષ રસવાળાં સુંદર પુષ્પોથી ભરાયેલું છે તેમ સ્યાદ્વાદકલ્પવૃક્ષ યોગીઓને પ્રગટ થતી સદ્આસ્થારૂપ રસવાળા ઉત્તમ નય અને પ્રમાણની રચનારૂપ પુષ્પોથી ભરાયેલું છે.

આશય એ છે કે ભગવાનનાં નયવચનો તે તે અપેક્ષાએ ઉચિતરૂપે પદાર્થને બતાવનારાં છે. વળી, પ્રમાણવચનો નય સાથે અવિરોધરૂપે પૂર્ણ પદાર્થને બતાવનારાં છે. તેથી તત્ત્વના અર્થી મધ્યસ્થ યોગીઓ સ્યાદ્વાદકલ્પદ્રુમનાં નયપ્રમાણરૂપ પુષ્પો પ્રત્યે સ્થિર આસ્થા હોય છે કે આ વચનાનુસાર કરાયેલી પ્રવૃત્તિ એકાંતે કલ્યાણનું કારણ છે તેથી યોગીઓની આસ્થાના સુવાસવાળાં તે નયપ્રમાણ વચનો છે અર્થાત્ નયપ્રમાણરૂપી વચનોનો યથાર્થ બોધ થવાથી પદાર્થની યથાર્થવાદીતાને કારણે તેઓને સદ્આસ્થા થાય છે કે આ જ વચનો અણિશુદ્ધ પદાર્થને યથાર્થ બતાવનારાં છે માટે તેવા યોગીઓને તે વચનો પ્રત્યે અત્યંત આસ્થા થાય છે. તે આસ્થાને કારણે તે વચનોનું અવલંબન લઈને તેઓ યોગમાર્ગમાં દૃઢ પ્રવૃત્તિ કરી શકે છે. તેથી સ્યાદ્વાદરૂપી કલ્પવૃક્ષ સદ્આસ્થાના રસવાળા એવા પવિત્ર નયપ્રમાણની રચનારૂપી પુષ્પોથી પૂર્ણ છે.

વળી, જેમ કલ્પવૃક્ષ સુગંધવાળાં પુષ્પોથી યુક્ત હોય છે તેમ સુંદર ફળોથી યુક્ત હોય છે તે રીતે સ્યાદ્વાદમય જિનશાસનનાં વચનો પણ યોગીઓને જીવના પારમાર્થિક સ્વરૂપનું જ્ઞાન કરાવનાર હોવાથી તત્ત્વજ્ઞાનના ફળવાળાં છે.

વળી, જેમ તે વૃક્ષ ઉપરથી કુસુમો ભૂમિ ઉપર પડે છે તેમ આ સ્યાદ્વાદરૂપી કલ્પવૃક્ષમાંથી છએ દર્શનોના પ્રવાદરૂપી કુસુમો જગતમાં પડેલાં છે અને તેથી છ દર્શનરૂપી ભૂમિ ઉપર અધ્યાત્મના વાર્તાલવોથી અત્યંત સૌરભ વિસ્તાર પામેલી દેખાય છે.

આશય એ છે કે ભગવાને સ્થાપેલા સ્યાદ્વાદમાંથી જ છએ દર્શનો ઊભાં થયેલાં છે અને તે છએ દર્શનોમાં આત્મકલ્યાણને કહેનારી એવી અધ્યાત્મની જે થોડી વાતો મળે છે તે પણ જગતમાં યોગમાર્ગની સૌરભનો વિસ્તાર કરે છે. આથી જ અન્ય દર્શનમાં રહેલા પણ યોગમાર્ગના ઉપાસકો તે તે દર્શનના અવલંબનથી યોગની ચાર દૃષ્ટિ સુધીના વિકાસને પામીને આત્માના કલ્યાણને કરનાર એવા આધ્યાત્મિક ભાવોની વાતો કહે છે. લોકોમાં એ રીતે પણ તે છએ દર્શનો દ્વારા ભગવાનના શાસનનો યોગમાર્ગ જ કંઈક કંઈક અંશથી વિસ્તારને પામે છે. તેથી અતિ દુર્ગંધમય એવી સંસારની ભૂમિ પણ યોગમાર્ગનાં વચનોની સુગંધથી સૌરભવાળી બને છે. **॥૧૯-૨॥**

**અવતરણિકા :-**

હવે મેરુની ઉપમા દ્વારા જિનમતની સ્તુતિ કરે છે –

**શ્લોક :-**

**चित्रोत्सर्गशुभापवादरचनासानुश्रियालंकृतः,**
**श्रद्धानन्दनचन्दनद्रुमनिभप्रज्ञोल्लसत्सौरभः ।**
**भ्राम्यद्भिः परदर्शनग्रहगणैरासेव्यमानः सदा,**
**तर्कस्वर्णशिलोच्छ्रितो विजयते जैनागमो मन्दरः ।।३।।**

**અન્વયાર્થ :-**

**चित्रोत्सर्गशुभापवादरचनासानुश्रियालंकृतः=ચિત્ર પ્રકારના અર્થાત્ વિવિધ પ્રકારના ઉત્સર્ગ અને શુભ અપવાદની રચનારૂપ શિખરોની શોભાથી અલંકૃત, श्रद्धानन्दनचन्दनद्रुमनिभप्रज्ञोल्लसत्सौरभः=શ્રદ્ધારૂપ નંદનવનના ચંદનના વૃક્ષ જેવી પ્રજ્ઞાથી ઉલ્લાસ પામતી સૌરભવાળો, भ्राम्यद्भिः परदर्शन-ग्रहगणैः सदा आसेव्यमानः=ભમતા એવા પરદર્શનરૂપ ગ્રહગણો વડે સદા આસેવ્યમાન, तर्कस्वर्णशिलोच्छ्रितः=તર્કરૂપી સ્વર્ણશિલાઓથી ઉચ્છ્રિત અર્થાત્ શોભાયમાન એવો, जैनागमो मन्दरः विजयते=જૈનાગમરૂપી મેરુ વિજય પામે છે. ।।૧૯-૩।।**

**શ્લોકાર્થ :-**

**ચિત્ર પ્રકારના ઉત્સર્ગ અને શુભ અપવાદની રચનારૂપી શિખરોની શોભાથી અલંકૃત, શ્રદ્ધારૂપ નંદનવનના ચંદનના વૃક્ષ જેવી પ્રજ્ઞાથી ઉલ્લાસ પામતી સૌરભવાળો, ભમતા એવા પરદર્શનરૂપ ગ્રહગણો વડે સદા આસેવ્યમાન, તર્કરૂપી સ્વર્ણશિલાઓથી ઉચ્છ્રિત એવો જૈનાગમરૂપી મેરુ વિજય પામે છે ।।૧૯-૩।।**

**ભાવાર્થ :-**

મેરુ પર્વત અનેક શોભાઓથી શોભાયમાન છે અને તેની ઉપમા દ્વારા તેના જેવું જૈનાગમ છે તે બતાવવા અર્થે કહે છે. આ જૈનાગમ પરમાર્થથી શ્રુતજ્ઞાનરૂપ

હોવા છતાં રચનાત્મક શ્રુતને અહીં ગ્રહણ કરેલ છે. તેથી ગણધરોએ જે જૈનાગમની રચના કરેલ છે તે કેવી છે તેના સ્વરૂપનો યથાર્થ બોધ થાય છે.

જેમ મેરુ પર્વત અનેક પ્રકારનાં ઊંચાં શિખરોથી અલંકૃત છે તેમ ગણધરોએ રચેલું જૈનાગમ અનેક ઉત્સર્ગ અને અનેક પ્રકારના શુભ અપવાદોની રચનારૂપ શિખરોથી શોભાયમાન છે. તેથી એ ફલિત થાય કે કલ્યાણના અર્થી જીવોને કલ્યાણ માટે જે સામાન્ય યોગમાર્ગનો ઉપદેશ આપે તે ઉત્સર્ગમાર્ગ છે અને તે ઉત્સર્ગમાર્ગ પણ ભૂમિકાના ભેદથી અનેક પ્રકારનો છે. તે ઉત્સર્ગમાર્ગને નિર્મળ પ્રજ્ઞાથી જોનારા યોગીઓને જૈનાગમ શોભાયમાન દેખાય છે; કેમ કે ભગવાને બતાવેલા દરેક ઉત્સર્ગમાર્ગો જીવને વીતરાગતાને અનુકૂળ સ્વભૂમિકાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરાવીને આત્મામાં વીતરાગતાને પ્રગટ કરનાર છે. તેથી આત્માની રમ્ય અવસ્થાને પ્રગટ કરવામાં કારણીભૂત એવા ચિત્ર ઉત્સર્ગમાર્ગોથી ભગવાનનું આગમ શોભાયમાન છે. વળી, જેમ મોક્ષ પ્રત્યે ઉત્સર્ગમાર્ગ કારણ છે તેમ શુભ એવો અપવાદમાર્ગ પણ કારણ છે. તેથી જીવની ભૂમિકા અનુસાર ઉચિત સ્થાને જોડાયેલાં અપવાદ-વચનો પણ ઉચિત પ્રવૃત્તિ કરાવીને વીતરાગતાની પ્રાપ્તિનાં કારણો છે. તેથી ભગવાનનું આગમ શુભ અપવાદમાર્ગથી અલંકૃત છે. વળી આ અપવાદનું વિશેષણ “શુભ” એ પ્રમાણે આપવાથી એ પ્રાપ્ત થાય કે અપવાદનાં વચનો પ્રમાણે કરાતી બાહ્ય પ્રવૃત્તિ તો સુંદર નથી; કેમ કે કારણે સેવાયેલ અશુદ્ધ ભિક્ષા આદિની આચરણાને બતાવનાર છે, તોપણ અપવાદથી સેવાયેલ તે આચરણા આત્માના શુદ્ધ ભાવની વૃદ્ધિનું કારણ હોવાથી શુભ છે તે બતાવવા માટે “શુભ એવા અપવાદોની રચનાવાળું જૈનાગમ છે” તેમ કહેલ છે.

વળી, જેમ મેરુ પર્વતમાં નંદનવન છે અને તેમાં ચંદનનાં ઘણાં વૃક્ષો છે તેથી ચંદનનાં વૃક્ષોની સુગંધથી તે વન રમ્ય જણાય છે તેમ જૈનાગમના બોધને કારણે વિવેકી પુરુષોમાં ભગવાનનાં વચનો પ્રત્યે અતિશય શ્રદ્ધા થાય છે અને તે શ્રદ્ધા નંદનવન જેવી છે; કેમ કે જેમ નંદનવન આનંદનું સ્થાન છે તેમ વિવેકી જીવમાં પ્રગટ થયેલી શ્રદ્ધા અત્યંત આનંદ ઉત્પન્ન કરે છે, તે શ્રદ્ધારૂપ નંદનવનમાં ચંદનવૃક્ષ જેવી પ્રજ્ઞા ઉલ્લાસ પામે છે અને તેની સૌરભવાળું જૈનાગમ છે. આનાથી એ પ્રાપ્ત થાય કે યોગ્ય જીવો જૈનાગમના પરમાર્થને

જાણે છે ત્યારે તેઓને સ્થિર શ્રદ્ધા થાય છે કે સંસાર વિષમ સ્થિતિવાળો છે તોપણ આ સંસારમાં વિષમ સ્થિતિમાં રક્ષણ કરનાર જૈનાગમ છે. તેવી સ્થિર શ્રદ્ધા થવાને કારણે તેઓના ચિત્તમાં જૈનાગમના બોધ કરવાની ઉત્કટ ઇચ્છા ઉત્પન્ન થાય છે અને તેને કારણે ભગવાનના શાસનના પરમાર્થને જાણવા યત્ન કરે છે જેનાથી ચંદનના વૃક્ષ જેવી સુગંધમય, તત્ત્વને જોનારી એવી પ્રજ્ઞા ઉલ્લસિત થાય છે અને તે પ્રજ્ઞાને કારણે તે મહાત્મા અત્યંત ઉચિત પ્રવૃત્તિઓ કરીને આત્મહિત સાધે છે. તે સર્વ સૌરભ પરમાર્થથી જૈનાગમમાં જ છે; કેમ કે મહાત્માઓના ચિત્તમાં જૈનાગમ પરિણમન પામવાને કારણે જ આવી ઉત્તમ પ્રજ્ઞા પ્રગટે છે.

વળી, જેમ મેરુ પર્વતની આજુબાજુ ફરતા ગ્રહગણો છે અર્થાત્ નક્ષત્ર, તારા, આદિ છે તેથી મેરુ પર્વત ગ્રહગણોથી શોભાયમાન દેખાય છે તેમ ભમતા એવા પરદર્શનરૂપી ગ્રહના સમૂહથી સેવાતું એવું જૈનાગમ છે.

આશય એ છે કે જૈનશાસન અનેક નયોની દૃષ્ટિથી વિસ્તારને પામેલું છે, અને તે તે દર્શનવાળા પોતપોતાને અભિમત એવી નયોની દૃષ્ટિને જોડવા માટે હંમેશાં જૈનદર્શનનાં રહસ્યોને જોવા પ્રયત્ન કરે છે જેથી બધાં દર્શનો વડે જૈનદર્શન તે તે નયદૃષ્ટિથી સેવાઈ રહ્યું છે. વળી, તે તે દર્શનમાં પણ મધ્યસ્થ યોગીઓ પોતપોતાને અભિમત નયોની દૃષ્ટિને યથાસ્થાને ગ્રહણ કરીને યોગમાર્ગને સેવે છે. તેથી જૈનાગમ તે તે દર્શનના યોગીઓ વડે પણ સેવાઈ રહ્યું છે. આમ તે તે દર્શનના યોગીઓ દ્વારા સેવાતું જૈનાગમ પરમાર્થથી જૈનાગમની શોભાને વધારે છે. જેમ મેરુ પર્વતની આજુબાજુ ફરતા ગ્રહગણો મેરુ પર્વતની શોભા વધારે છે.

વળી, જેમ મેરુ પર્વત ઉપર સુવર્ણની મોટી શિલા છે, જેના ઉપર તીર્થંકરોનો જન્મકલ્યાણ મહોત્સવ ઇન્દ્રો કરે છે અને તે શિલાથી મેરુ પર્વત શોભાયમાન છે તેમ ભગવાનના શાસનમાં તત્ત્વનું યથાર્થ પ્રકાશન કરવા અર્થે માર્ગાનુસારી તર્કરૂપ સુવર્ણની મોટી શિલા છે જેના બળથી જૈનાગમ શોભી રહ્યું છે. આનાથી એ પ્રાપ્ત થાય કે અતીન્દ્રિય પદાર્થોને કહેનારું શાસ્ત્ર વચન પણ અનુભવ અને યુક્તિ અનુસાર પદાર્થને બતાવવા માટે ઉચિત તર્કો બતાવે છે જે સુવર્ણની શિલા જેવા છે અને તેનાથી જૈનાગમ શોભે છે. **॥૧૯-૩॥**

**અવતરણિકા :-**

હવે સૂર્યની ઉપમા દ્વારા જિનશાસનની સ્તુતિ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

स्याद्दोषापगमस्तमांसि जगति क्षीयन्त एव क्षणा-
दध्वानो विशदीभवन्ति निबिडा निद्रा दृशोर्गच्छति ।
यस्मिन्नभ्युदिते प्रमाणदिवसप्रारम्भकल्याणिनी,
प्रौढत्वं नयगीर्दधाति स रविर्जैनागमो नन्दतात् ।।४।।

**અન્વયાર્થ :-**

यस्मिन्नभ्युदिते=જેનો ઉદય થયે છતે, दोषापगमः स्यात्=દોષનો અપગમ થાય, जगति तमांसि क्षणात् एव क्षीयन्ते=જગતમાં અંધકાર ક્ષણથી જ ક્ષય પામે છે, अध्वानः विशदीभवन्ति=માર્ગો વિશદ બને છે, दृशोः निबिडा निद्रा गच्छति=દૃષ્ટિની નિબિડ નિદ્રા દૂર થાય છે; प्रमाणदिवसप्रारम्भकल्याणिनी नयगीः=પ્રમાણરૂપ દિવસના પ્રારંભમાં કલ્યાણને કરનારી નયરૂપ વાણી, प्रौढत्वं दधाति=પ્રૌઢત્વને ધારણ કરે છે, स जैनागमो रविः नन्दतात्=તે જૈનાગમરૂપી રવિ સમૃદ્ધિને પ્રાપ્ત કરો. ॥૧૯-૪॥

**શ્લોકાર્થ :-**

**જેનો ઉદય થયે છતે દોષનો અપગમ થાય, જગતમાં અંધકાર ક્ષણથી જ ક્ષય પામે છે. માર્ગો વિશદ બને છે, દૃષ્ટિની નિબિડ નિદ્રા દૂર થાય છે, પ્રમાણરૂપ દિવસના પ્રારંભમાં કલ્યાણને કરનારી એવી નયરૂપ વાણી પ્રૌઢત્વને ધારણ કરે છે, તે જૈનાગમરૂપી રવિ સમૃદ્ધિને પ્રાપ્ત કરો. ॥૧૯-૪॥**

**ભાવાર્થ :-**

સૂર્યની ઉપમા દ્વારા જૈનાગમનું સ્વરૂપ બતાવે છે –

જેમ સૂર્યનો ઉદય થાય ત્યારે દોષ=રાત્રિ દૂર થાય છે તેમ જેના હૈયામાં

માર્ગાનુસારી બોધરૂપ જૈનાગમ ક્ષયોપશમ ભાવે પ્રગટ થાય છે તેવા જીવોમાં મિથ્યાત્વરૂપ રાત્રિ દૂર થાય છે.

વળી, જેમ સૂર્યનો ઉદય થતાં જગતમાં અંધકાર ક્ષય પામે છે તેમ જેઓને શ્રુતના અધ્યયનથી માર્ગાનુસારી બોધ પ્રગટે છે તેઓના ચિત્તમાં શ્રુતરૂપ સૂર્યનો ઉદય થાય ત્યારે આત્માના વિષયમાં જે ગાઢ અંધકાર વર્તતો હતો તે ક્ષય પામે છે.

વળી, જેમ સૂર્યનો ઉદય થાય તે ક્ષણમાં જ માર્ગો સ્પષ્ટ દેખાવા માંડે છે તેમ જે જીવોમાં શ્રુતજ્ઞાનનો ઉદય થાય તે ક્ષણમાં તેઓને સંસારથી પાર થવા માટે કેવા પ્રકારનો ઉચિત પ્રયત્ન કરવો જોઈએ અને તે ઉચિત પ્રયત્નને ઉલ્લસિત કરવા માટે સ્વભૂમિકાનુસાર કઈ ઉચિત આચરણાઓ કરવી જોઈએ તે પ્રકારના બોધ થવાથી મોક્ષમાર્ગ વિશદ દેખાવા માંડે છે.

વળી, રાત્રિમાં સંસારી જીવોને ગાઢ નિદ્રા વર્તે છે અને સૂર્યનો ઉદય થાય ત્યારે તે નિદ્રા દૂર થાય છે; તેમ સંસારી જીવોને અનાદિની મોહની ગાઢ નિદ્રા વર્તે છે અને શ્રુતજ્ઞાનરૂપ જૈનાગમ ક્ષયોપશમભાવરૂપે પ્રગટ થાય ત્યારે તે જીવોની મોહની નિદ્રા દૂર થાય છે; જેના કારણે "જન્મ, જરા, મૃત્યુ, રોગ, શોક આદિ ભાવોથી આક્રાંત આ સંસાર છે" તેમ દેખાય છે અને "કર્મ રહિત એવા આત્માની આ સર્વ ભાવોથી પર એવી સુંદર અવસ્થા છે" તેમ શ્રુતના બળથી દેખાય છે. તેથી મોહની ગાઢ નિદ્રાને દૂર કરવાનું કારણ જૈનાગમ છે.

વળી, દિવસ ઊગે છે ત્યારે લોકો પોતાના જીવનની આવશ્યકતાની સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરવા લાગે છે તેમ શ્રુતજ્ઞાનરૂપી સૂર્યનો ઉદય જે જીવોમાં થાય છે ત્યારે આત્માના હિતની પ્રવૃત્તિનું કારણ બને તેવું પ્રમાણરૂપ જ્ઞાન પ્રગટે છે જે દિવસના પ્રારંભતુલ્ય છે. તેના કારણે કલ્યાણને કરનાર નયવાણી પ્રૌઢત્વને ધારણ કરે છે અર્થાત્ શાસ્ત્ર-અધ્યયન કરીને નયથી પરિસ્કૃત બુદ્ધિવાળા તે જીવો થાય છે અર્થાત્ જેમ દિવસ ઉત્તરોત્તર પ્રૌઢત્વને ધારણ કરે છે તેમ તે મહાત્માઓના ચિત્તમાં નયવાણી પ્રૌઢત્વને ધારણ કરે છે.

આવું સૂર્યરૂપી જૈનાગમ સમૃદ્ધિને પામો તે પ્રકારની સ્તુતિ ગ્રંથકારશ્રી કરે છે અર્થાત્ આ જૈનાગમ ઘણા જીવોમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરીને સમૃદ્ધ બને એ પ્રકારની અભિલાષા ગ્રંથકારશ્રી કરે છે. **॥૧૯-૪॥**

**અવતરણિકા :-**

હવે ચંદ્રની ઉપમા દ્વારા જિનમતની સ્તુતિ કરતાં ગ્રંથકારશ્રી કહે છે—

**શ્લોક :-**

**अध्यात्मामृतवर्षिभिः कुवलयोल्लासं विलासैर्गवां,**
**तापव्यापविनाशिभिर्वितनुते लब्धोदयो यः सदा ।**
**तर्कस्थाणुशिरःस्थितः परिवृतः स्फारैर्नयैस्तारकैः,**
**सोऽयं श्रीजिनशासनामृतरुचिः कस्यैति नो रुच्यताम् ।।५।।**

**અન્વયાર્થ :-**

अध्यात्मामृतवर्षिभिः तापव्यापविनाशिभिः गवाम् विलासैः कुवलयोल्लासं यः सदा वितनुते=અધ્યાત્મરૂપ અમૃતને વરસાવનાર અને તાપના વ્યાપને વિનાશ કરનાર એવી વાણીના વિલાસ વડે કુવલયોના ઉલ્લાસને જે સદા વિસ્તારે છે, सोऽयं=તે આ, तर्कस्थाणुशिरः स्थितः=તર્કરૂપ સ્થાણુના અર્થાત્ શંકરના, શિરમાં રહેલો, स्फारैर्नयैस्तारकैः परिवृतः=વિશાળ એવા નયરૂપ તારાઓથી પરિવૃત, लब्धोदयो=લબ્ધ ઉદયવાળો=પૂર્ણ ખીલેલો, श्रीजिनशासनामृतरुचिः=શ્રી જિનશાસનરૂપ અમૃતરુચિ અર્થાત્ ચંદ્ર છે. इति=એથી, कस्य रुच्यताम् नो ?=કોને રુચિકર ન થાય ? **અથવા** कस्य रुच्यताम् नो एति ?=કોની રુચિતાને ન પામે ? ।।૧૯-૫।।

❖ 'कस्येति नो रुच्यताम्' इति कस्य नो रुच्यताम् એ પ્રમાણે પાઠ જોઈએ અથવા कस्यैति પાઠ હોય તો रुच्यताम् ને બદલે रुचिताम् પાઠ જોઈએ તેથી कस्य रुचिताम् नो एति એ પ્રમાણે ઉચિત લાગે છે તેથી એ પ્રમાણે અન્વય કરેલ છે.

**શ્લોકાર્થ :-**

**અધ્યાત્મરૂપ અમૃતને વરસાવનાર અને તાપના વ્યાપને વિનાશ કરનાર એવી વાણીના વિલાસ વડે કુવલયોના ઉલ્લાસને જે સદા વિસ્તારે છે, તે આ, તર્કરૂપ સ્થાણુના શિરમાં રહેલો, વિશાળ એવા નયરૂપ તારાઓથી પરિવૃત, લબ્ધ ઉદયવાળો, શ્રી જિનશાસનરૂપ અમૃતરુચિ અર્થાત્ ચંદ્ર છે, એથી કોને રુચિકર ન થાય ? અથવા કોની રુચિતાને ન પામે ? ।।૧૯-૫।।**

**ભાવાર્થ :-**

ચંદ્ર મહાદેવના મસ્તક પર રહેલો છે એ પ્રકારની લોકમાન્યતા છે અને અનેક તારાઓથી પરિવૃત છે. વળી, પૂર્ણિમાનો ખીલેલો ચંદ્ર શીતલ એવા અમૃતની વર્ષાને કરનાર છે, તાપનો વિનાશ કરનાર છે અને કુવલયરૂપી કમળોને ઉલ્લસિત કરનાર છે અર્થાત્ ખીલવનાર છે. જિનશાસન ચંદ્રના જેવું અમૃતના કિરણવાળું છે તેમ ઉપમાથી બતાવીને ગ્રંથકારશ્રી જિનશાસનના પારમાર્થિક સ્વરૂપનો બોધ થાય એ પ્રકારે જિનશાસનની સ્તુતિ કરે છે.

(૧) જેમ ચંદ્રની શીતળ અમૃતની વર્ષાથી અને તાપના વિનાશરૂપ વિલાસથી કમળો ઉલ્લાસ પામે છે તેમ અધ્યાત્મરૂપી અમૃતની વર્ષાથી અને સંસાર તાપના વ્યાપના વિનાશરૂપ વાણીના વિલાસથી જિનશાસન ભવ્ય જીવોરૂપી કમળોને ઉલ્લસિત કરે છે.

આશય એ છે કે ભવ્ય જીવોમાં મોક્ષગમનની યોગ્યતા છે અને જે ભવ્યજીવોમાં રહેલું ભવ્યત્વ કંઈક પરિપાકને સન્મુખ થયેલું છે તેવા ભવ્યજીવોને ભગવાનની વાણીનો ઉપદેશ પ્રાપ્ત થાય તો તેઓમાં સંસારના પરિભ્રમણને નિષ્પન્ન કરે તેવા કષાયના તાપનો વિનાશ થાય છે અને આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિને અનુકૂળ એવા અધ્યાત્મભાવોરૂપી અમૃતનું સિંચન થાય છે. તેથી ભવ્ય જીવોમાં રહેલું ભવ્યત્વ સિદ્ધિગમનને અનુકૂળ એવા ઉત્તર ઉત્તરના ભાવોને પ્રાપ્ત કરે છે તેથી તે ભવ્યજીવોરૂપી કમળો સંસારમાં હોવા છતાં આત્મકલ્યાણને અનુરૂપ ઉલ્લાસવાળા બને છે. તે રીતે અતિશય અતિશય ઉલ્લસિત થઈને વીતરાગના વચનને અવલંબીને અંતે વીતરાગ તુલ્ય બને છે માટે જિનશાસન ભવ્યજીવોરૂપી કુવલયોનો ઉલ્લાસ કરનાર છે.

(૨) વળી, જેમ મહાદેવના મસ્તક ઉપર ચંદ્ર રહેલ છે તેમ પદાર્થોને યથાર્થ સ્થાપન કરનાર એવા તર્કોરૂપ મહાદેવના મસ્તક ઉપર જિનશાસન રહેલ છે.

આશય એ છે કે પદાર્થનું યથાર્થ સ્થાપન કરવું એ તર્કનું પ્રયોજન છે અને જેટલા સુતર્કો છે તે સર્વે પદાર્થનું યથાસ્થાને સ્થાપન કરવામાં પ્રવર્તે છે. અતીન્દ્રિય પદાર્થના વિષયમાં સર્વ તર્કો જિનશાસનમાંથી ઉદ્ભવ પામેલ છે; કેમ કે જિનશાસન સર્વજ્ઞ કથિત છે અને સર્વજ્ઞએ કેવળજ્ઞાનમાં સંસારની

વ્યવસ્થા યથાર્થ જાણીને જીવોના હિત માટે યોગમાર્ગનો બોધ થાય તે પ્રકારે પદાર્થોનું નિરૂપણ કરેલું છે અને તે તે નયદૃષ્ટિથી પદાર્થને યથાર્થ સ્થાપન કરીને જીવોને સમ્યક્ બોધ થાય તે પ્રકારે આગમની વ્યવસ્થા બતાવી છે. તે આગમ વચનાનુસાર પદાર્થોને જોવામાં આવે તો સર્વ પદાર્થો યથાર્થ પ્રતિભાસિત થાય છે. તેથી સર્વ સુતર્કોના મસ્તકસ્થાનીય જિનશાસન છે.

(૩) વળી, જેમ ચંદ્ર તારાઓના સમૂહથી પરિવૃત છે તેમ જિનશાસન નયદૃષ્ટિરૂપ તેજસ્વી તારાઓથી પરિવૃત છે.

આશય એ છે કે ચંદ્ર વિશેષ પ્રકાશ વિસ્તારે છે અને તારાઓ પણ કંઈક પ્રકાશ વિસ્તારે છે તેમ પ્રમાણરૂપ એવું જિનશાસન ચંદ્રની જેમ વિશેષ પ્રકાશ ફેલાવે છે અને તે તે નયદૃષ્ટિઓ તે તે અંશથી પદાર્થનું પ્રકાશન કરે છે. તેથી નયદૃષ્ટિ તારા જેવી છે અને જિનશાસન નયવચનોથી સભર છે તે બતાવવા જિનશાસનરૂપી ચંદ્ર તેજસ્વી એવા તારાઓથી પરિવૃત છે એમ કહેલ છે.

આ રીતે જિનશાસન ચંદ્ર જેવું છે અને ચંદ્ર જેવાં સર્વ કાર્યો કરનાર છે. તેથી જેમ શીતળતાના અર્થી જીવોને ચંદ્રની ખીલેલી ચાંદની રુચિનો વિષય બને છે તેમ અમૃતના કિરણોવાળું એવું જિનશાસન તત્ત્વના કયા જીવોને રુચિ કરનારું ન બને ? અર્થાત્ સર્વ વિચારકોને રુચિ કરનારું બને. **॥૧૯-૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨માં કહેલ કે સ્યાદ્વાદરૂપી કલ્પદ્રુમ છએ દર્શનોની આરામભૂમિ છે તેથી હવે તે સર્વે દર્શનો કયા કયા નયમાંથી ઉદ્ભવ પામેલા છે તે બતાવીને સ્યાદ્વાદમય જૈનદૃષ્ટિ શ્રેષ્ઠ છે તે શ્લોક-૬થી ૧૦ સુધી યુક્તિથી બતાવે છે –**

**શ્લોક :-**

**बौद्धानामृजुसूत्रतो मतमभूद्वेदान्तिनां सङ्ग्रहात्,**
**साङ्ख्यानां तत एव नैगमनयाद् योगश्च वैशेषिकः ।**
**शब्दब्रह्मविदोऽपि शब्दनयतः सर्वैर्नयैर्गुम्फिता,**
**जैनी दृष्टिरितीह सारतरता प्रत्यक्षमुद्वीक्ष्यते ।।६।।**

**અન્વયાર્થ :-**

**बौद्धानां मतं ऋजुसूत्रतः अभूत्=બૌદ્ધોનો મત ઋજુસૂત્રથી થયો, वेदान्तिनां (मतं) सङ्ग्रहात् (अभूत्)=વેદાન્તિનો મત સંગ્રહથી થયો, ततः एव साङ्ख्यानां (मतं अभूत्)=તેનાથી જ=સંગ્રહથી જ સાંખ્યનો મત થયો, वैशेषिकः योगश्च (मतं) नैगमनयात् (अभूत्)=વૈશેષિક અને યોગના મત નૈગમનયથી થયા. शब्दब्रह्मविदोऽपि (मतं) शब्दनयतः (अभूत्)=શબ્દબ્રહ્મને જાણનારાનો મત પણ શબ્દનયથી થયો, सर्वैर्नयैर्गुम्फिता जैनी दृष्टिः=સર્વ નયોથી ગૂંથાયેલી જૈની દૃષ્ટિ છે, इतीह सारतरता प्रत्यक्षमुद्वीक्ष्यते=એથી અહીં અર્થાત્ જૈની દૃષ્ટિમાં, સારતરતા પ્રત્યક્ષ જોવાય છે. ॥૧૯-૬॥**

**શ્લોકાર્થ :-**

**બૌદ્ધોનો મત ઋજુસૂત્રથી થયો, વેદાન્તિનો મત સંગ્રહથી થયો, તેનાથી જ સાંખ્યનો મત થયો, વૈશેષિક અને યોગના મત નૈગમનયથી થયા, શબ્દબ્રહ્મને જાણનારાનો મત પણ શબ્દનયથી થયો. સર્વ નયોથી ગૂંથાયેલી જૈની દૃષ્ટિ છે. એથી અહીં સારતરતા પ્રત્યક્ષ જોવાય છે. ॥૧૯-૬॥**

**ભાવાર્થ :-**

બૌદ્ધમત ક્ષણિકવાદી છે અને તે મત ઋજુસૂત્ર નયમાંથી ઉદ્ભવ પામેલ છે. વળી, બૌદ્ધના અવાંતર ચાર મતો છે. તે ચારેય મતો ક્રમસર સૂક્ષ્મસૂક્ષ્મતાને અવગાહન કરનાર એવા ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નય ઉપર પ્રવર્તનારા છે.

વળી, વેદાંતદર્શન સંગ્રહનયમાંથી ઉત્પન્ન થયેલ છે. વળી, સંગ્રહનયના અનેક ભેદો છે તેથી સંગ્રહનયના જ ભેદોને ગ્રહણ કરીને સાંખ્યદર્શન ઉત્પન્ન થયેલ છે.

વળી, નૈગમનયથી યોગદર્શન અને વૈશેષિક દર્શન ઉત્પન્ન થયેલ છે.

વળી, શબ્દબ્રહ્મને જાણનારાઓ શબ્દનયમાંથી ઉત્પન્ન થયેલા છે.

આ રીતે સર્વદર્શનકારો કોઈક કોઈક નયને અવલંબીને જે તત્ત્વને બતાવે છે

તે એક નયથી યથાર્થ હોવાને કારણે સારભૂત છે તેમ છતાં જૈનદર્શનથી અન્ય સર્વદર્શનકારો પોતપોતાને અભિમત એવા નયથી અન્ય નયને સ્પર્શનારા નહીં હોવાથી અધૂરાશવાળા બને છે અને સર્વનયોથી યુક્ત એવી જૈનદૃષ્ટિમાં કોઈ જાતની અધૂરાશ નહીં હોવાથી પૂર્ણ યથાર્થ તત્ત્વની પ્રાપ્તિ કરાવનાર છે. તેથી અન્ય દર્શનો કરતાં જૈનદૃષ્ટિમાં સારતરતા પ્રત્યક્ષથી દેખાય છે. **॥૧૯-૬॥**

**શ્લોક :-**

**ऊष्मा नार्कमपाकरोति दहनं नैव स्फुलिङ्गावली,**
**नाब्धिं सिन्धुजलप्लवः सुरगिरिं ग्रावा न चाभ्यापतन् ।**
**एवं सर्वनयैकभावगरिमस्थानं जिनेन्द्रागमं,**
**तत्तद्दर्शनसङ्कथांशरचनारूपा न हन्तुं क्षमा ।।७।।**

**અન્વયાર્થ :-**

**ऊष्मा अर्कं न अपाकरोति=ઉષ્મા સૂર્યને તિરસ્કાર કરતી નથી અર્થાત્ સૂર્ય કરતાં પોતે અધિક છે તેમ બતાવવા સમર્થ નથી, स्फुलिङ्गावली दहनं नैव (अपाकरोति)=સ્ફુલિંગાવલી અર્થાત્ ઊડતા તણખાઓ અગ્નિનો તિરસ્કાર કરતા નથી અર્થાત્ અગ્નિ કરતા પોતે અધિક છે તે બતાવવા સમર્થ નથી, सिन्धुजलप्लवः अब्धिं न (अपाकरोति)=સિંધુના જલનો પ્લવ અર્થાત્ નદીના પાણીનું પૂર સમુદ્રનો તિરસ્કાર કરતું નથી અર્થાત્ સમુદ્ર કરતાં પોતે અધિક છે તેમ બતાવવા સમર્થ નથી, अभ्यापतन् च ग्रावा सुरगिरिं न (अपाकरोति)=અને પડતો એવો પથ્થર સુરગિરિનો તિરસ્કાર કરતો નથી અર્થાત્ પર્વત કરતાં પોતે અધિક છે તેમ બતાવવા સમર્થ નથી, एवं=એ રીતે, अंशरचनारूपा तत्तदर्शनसङ्कथा सर्वनयैकभावगरिमस्थानं जिनेन्द्रागमं हन्तुं न क्षमा=અંશરચના રૂપ તે તે દર્શનની સંકથા સર્વનયના એકભાવરૂપ ગરિમ સ્થાનવાળા જિનેન્દ્રના આગમને હણવા માટે સમર્થ નથી. ।।૧૯-૭।।**

**શ્લોકાર્થ :-**

**ઉષ્મા સૂર્યનો તિરસ્કાર કરતી નથી. સ્ફુલિંગાવલી અગ્નિનો તિરસ્કાર કરતી નથી. સિંધુના જલનો પ્લવ સમુદ્રનો તિરસ્કાર કરતું નથી અને**

**પડતો એવો પથ્થર સુરગિરિનો તિરસ્કાર કરતો નથી, એ રીતે, અંશરચના રૂપ તે તે દર્શનની સંકથા સર્વનયના એકભાવરૂપ ગરિમ સ્થાનવાળા જિનેન્દ્રના આગમને હણવા માટે સમર્થ નથી. ।।૧૯-૭।।**

**ભાવાર્થ :-**

અલ્પ સામર્થ્યવાળી વસ્તુ તેના કરતાં અધિક સામર્થ્યવાળી વસ્તુનું નિરાકરણ કરી શકે નહીં.

જેમ ઉષ્મા છે તે અલ્પસામર્થ્યવાળી છે અને સૂર્યનો તાપ અધિક સામર્થ્યવાળો છે તેથી ઉષ્મા સૂર્યનું નિરાકરણ કરી શકે નહીં.

વળી, અગ્નિમાંથી ઝરતા તણખાઓનો સમૂહ અલ્પ સામર્થ્યવાળો છે, તેથી અગ્નિનું નિરાકરણ કરી શકે નહીં.

વળી, નદીના પાણીનું પૂર સમુદ્ર આગળ અલ્પ સામર્થ્યવાળું છે તેથી સમુદ્રનું નિરાકરણ કરી શકે નહીં.

વળી, પર્વત ઉપરથી પડતા પથ્થરો સુરગિરિનો વિનાશ કરી શકે નહીં.

તે રીતે બધા નયોના એકભાવને પામેલ એવું મહાન સ્થાનને પામેલું જિનેન્દ્રનું આગમ હોવાથી એક એક નયની અંશની રચનારૂપ તે તે દર્શનનાં વચનો જૈનદર્શનનું નિરાકરણ કરવા સમર્થ નથી.

આશય એ છે કે તે તે દર્શનો તે તે નય ઉપર ચાલનારાં હોવાથી પોતાનાથી પ્રતિસ્પર્ધી એવા દર્શનનું નિરાકરણ કરવા સમર્થ છે; કેમ કે તે નયની દૃષ્ટિ પ્રતિસ્પર્ધી નયવાળાને પ્રાપ્ત થયેલ નથી તેથી નિરાકરણ કરનાર દર્શન પોતાની દૃષ્ટિના સ્થાને અન્ય દર્શન સંગત નથી તેમ સ્થાપન કરી શકે છે, પરંતુ સર્વ દૃષ્ટિઓને ઉચિત સ્થાને જોડીને યથાર્થ તત્ત્વને બતાવનાર જૈનદર્શન છે તેથી કોઈપણ નયની દૃષ્ટિ પોતાના સ્થાનમાં પણ જૈનદર્શનનું નિરાકરણ કરી શકે નહીં; કેમ કે તે નયનું જે સ્થાન છે તે સ્થાનને જૈનદૃષ્ટિ સ્વીકારે છે, જ્યારે તે દર્શનની દૃષ્ટિ અન્ય નયના સ્થાને પદાર્થને સ્થાપન કરી શકતી નથી, તે સ્થાને જૈનદૃષ્ટિ તેનું નિરાકરણ કરીને સ્યાદ્વાદનું સ્થાપન કરી શકે છે. **।।૧૯-૭।।**

શ્લોક :-

दुःसाध्यं परवादिनां परमतक्षेपं विना स्वं मतं,
तत्क्षेपे च कषायपङ्‌ककलुषं चेतः समापद्यते ।
सोऽयं निःस्वनिधिग्रहव्यवसितो वेतालकोपक्रमो,
नायं सर्वहितावहे जिनमते तत्त्वप्रसिद्‌ध्यर्थिनाम् ।।८।।

અન્વયાર્થ :-

परवादिनां परमतक्षेपं विना स्वं मतं दुःसाध्यं=પરવાદીઓને પરમતના ક્ષેપ વિના સ્વમત દુઃસાધ્ય છે, तत्क्षेपे च=અને તેના ક્ષેપમાં=પરમતના ક્ષેપમાં, कषायपङ्‌ककलुषं चेतः समापद्यते=કષાયરૂપી કાદવથી કલુષિત એવું ચિત્ત પ્રાપ્ત થાય છે. निःस्वनिधिग्रहव्यवसितो सोऽयं=ધનરહિત પુરુષથી નિધિના ગ્રહણમાં વ્યવસાયવાળો એવો તે આ=યોગમાર્ગના એક નય પ્રત્યે રાગવાળા એવા પરવાદીઓ સર્વનયની દૃષ્ટિરૂપ ધનરહિત હોવાથી તેઓ સ્વમતનું સ્થાપન કરીને તત્ત્વની પ્રાપ્તિરૂપ ધનનું ગ્રહણ કરવા માટે જે પ્રયત્ન કરે છે તે પ્રયત્નવાળો એવો પરમતનો ક્ષેપ, वेतालकोपक्रमः=વેતાલના કોપનો ક્રમ છે=યોગમાર્ગને અનુકૂળ ઉત્તમ ચિત્તના નાશના કારણીભૂત એવા કષાયના કાલુષ્યરૂપ વેતાલના કોપનો પ્રારંભ છે, तत्त्वप्रसिद्‌ध्यर्थिनाम् सर्वहितावहे जिनतमे=તત્ત્વની પ્રસિદ્ધિના અર્થીઓને સર્વ હિતાવહ એવા જિનમતમાં, नायं=આ નથી=કષાયના કાલુષ્યરૂપ વૈતાલના કોપનો ઉપક્રમ નથી. ।।૧૯-૮।।

શ્લોકાર્થ :-

પરવાદીઓને પરમતના ક્ષેપ વિના સ્વમત દુઃસાધ્ય છે અને તેના ક્ષેપમાં કષાયરૂપી કાદવથી કલુષિત એવું ચિત્ત પ્રાપ્ત થાય છે. ધનરહિત પુરુષથી નિધિના ગ્રહણમાં વ્યવસાયવાળો એવો તે આ પરમતનો ક્ષેપ વેતાલના કોપનો ક્રમ છે. તત્ત્વની પ્રસિદ્ધિના અર્થીઓને સર્વ હિતાવહ એવા જિનમતમાં આ=કષાયના કાલુષ્યરૂપ વેતાલના કોપનો ઉપક્રમ નથી. ।।૧૯-૮।।

**ભાવાર્થ :-**

જૈનદર્શનથી અન્ય દર્શનવાળા જૈનદર્શનની અપેક્ષાએ પરવાદીઓ છે અને તે સર્વ પરવાદીઓ કોઈક કોઈક એકેક નયને આશ્રયીને સ્વમતનું સ્થાપન કરે છે. તે સ્વમતનું કથન સર્વથા યુક્ત છે તેમ સ્થાપન કરવા માટે તે તે નય પર ચાલનારા પરવાદીઓ કરતાં અન્ય નય પર ચાલનારા પરવાદીના મતનું નિરાકરણ ન કરે તો પોતાના એક નયનું કથન સંગત થાય નહીં અને પોતાના એક નયનું કથન પૂર્ણ સંગત છે તેમ સ્થાપન કરવા માટે તે સર્વ પરવાદીઓ પોતાના પ્રતિપક્ષવાદીઓના મતોનો ક્ષેપ કરે છે. એટલું જ નહીં પણ કોઈ એક નય ઉપર ચાલનારા પરવાદીઓ સર્વનય પર ચાલનારા સ્યાદ્વાદનો પણ પ્રતિક્ષેપ કરે છે અને આ રીતે તેઓ પોતાના પ્રતિપક્ષ પર ચાલનારા મતનો કે સ્યાદ્વાદ પર ચાલનારા મતનો પ્રતિક્ષેપ કરીને પોતાના નયને પ્રમાણભૂત સ્થાપન કરવા યત્ન કરે છે. આમ, સ્યાદ્વાદીથી અતિરિક્ત સર્વ પરવાદીઓ જ્યારે જ્યારે પરમતનો પ્રતિક્ષેપ કરીને સ્વમતનું સ્થાપન કરવા યત્ન કરે છે ત્યારે ત્યારે પોતાની એકાંત માન્યતા પ્રત્યે તેઓને બદ્ધ રાગ હોવાથી પરમતના સ્થાનમાં પણ પરમતના યુક્તિયુક્ત કથનોના વિચારને અનુકૂળ સમાધિ તેઓમાં નથી. તેથી તેઓના ચિત્તમાં પરમતના ક્ષેપકાળમાં યુક્તિયુક્ત પદાર્થનું નિરાકરણ કરવાને અભિમુખ કષાયનું કાલુષ્ય પ્રાપ્ત થાય છે. અને આ ક્ષેપ યોગમાર્ગની પ્રવૃત્તિમાં મહાઅનર્થરૂપ છે તે સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે કે જેમ કોઈ પુરુષ ધનરહિત હોય અને દેવાધિષ્ઠિત નિધાન ગ્રહણ કરવામાં યત્ન કરે અને તે નિધાન ગ્રહણની વિધિમાં તેની સ્ખલના થાય તો વેતાલનો કોપ ઉત્પન્ન થાય અને તેનો વિનાશ કરે છે તેમ તે તે દર્શનવાદીઓ મોક્ષના અર્થી છે, મોક્ષના ઉપાયભૂત યોગમાર્ગની પ્રવૃત્તિ કરતા હોય તોપણ એક નયની દૃષ્ટિ પ્રાપ્ત થયેલી છે તેથી સ્યાદ્વાદની પ્રાપ્તિરૂપ ધન વગરના છે અને પોતાના દર્શનની માન્યતાને અવલંબીને નિધાન જેવા તત્ત્વમાર્ગને ગ્રહણ કરવામાં યત્નવાળા છે અને નિધાન જેવા તત્ત્વમાર્ગની પ્રાપ્તિ તત્ત્વ પ્રત્યે બદ્ધરાગવાળા જીવોને જ થઈ શકે છે, પરંતુ જે પરવાદીઓનું ચિત્ત પરદર્શનના યુક્તિયુક્ત વચનો ગ્રહણ કરવા પ્રત્યે તત્પર નથી પણ તેનું નિરાકરણ કરીને સ્વમતનું સ્થાપન કરવામાં

તત્પર છે, તેઓમાં વર્તતો પરમતના પ્રતિક્ષેપના કાલુષ્યનો ભાવ તે નિધિપ્રાપ્તિ પ્રત્યે વેતાલના કોપ જેવો છે. જો તેઓ કષાયના કાલુષ્ય વગર પરમતની સમાલોચના કરે તો સ્યાદ્વાદરૂપ નિધિની પ્રાપ્તિ થાય, પરંતુ પરમતના યુક્તિયુક્ત કથનનું ખંડન કરીને તત્ત્વના પ્રતિક્ષેપમાં પ્રવર્તતું એવું તેઓનું ચિત્ત તેઓના યોગમાર્ગના વિનાશનું જ કારણ બને છે. તેથી જેમ નિધિના ગ્રહણમાં પ્રવૃત્ત અને વિધિમાં સ્ખલના પામેલ પુરુષ વેતાલના કોપથી વિનાશ પામે છે તેમ પરવાદી પોતાનામાં વર્તતા કષાયરૂપ કાલુષ્યને કારણે યોગમાર્ગથી વિનાશ પામે છે.

વળી, જેઓ તત્ત્વ પ્રત્યેના બદ્ધરાગવાળા છે તેઓ સર્વનયોની યુક્તિયુક્ત વિચારણાનું ગ્રહણ કરવા માટે તત્પર છે અને તેવા જીવો સર્વના હિતને કરનારા એવા જિનમતમાં રહેલા છે. વળી, તેઓ કોઈ પરવાદી સાથે વાદ કરતા હોય ત્યારે તે તે નય પર ચાલનારા પરવાદીનું તે તે નયની યુક્તિઓનું ઉન્મૂલન કરીને સ્વમતનું સ્થાપન કરવા માટે ઉદ્યમ કરતા નથી; પરંતુ તે તે નય પર ચાલનારા પરવાદી તે તે નયની સૂક્ષ્મ યુક્તિઓ આપે છે તે પરવાદીની તે તે નયની સૂક્ષ્મ યુક્તિ તત્ત્વના અર્થી એવા સ્યાદ્વાદીને યુક્તિયુક્ત જણાય તો તે કથનને તે નયથી સ્વીકારીને પોતાની તે નયની સૂક્ષ્મ દૃષ્ટિરૂપ સમૃદ્ધિની જ પ્રાપ્તિ કરે છે. વળી કોઈ મધ્યસ્થ પરવાદી પોતાના નયથી પ્રતિપક્ષભૂત નયના સ્થાને પોતાના પ્રતિપક્ષભૂત નયની યુક્તિને ગ્રહણ કરતો ન હોય ત્યારે તે સ્થાનમાં તે નયની યુક્તિથી તત્ત્વને સ્થાપન કરવા માટે સ્યાદ્વાદી યત્ન કરે છે તેથી તત્ત્વના અર્થી એવા તે પરવાદીનો નિધિના ગ્રહણ માટે કરાતો યત્ન સ્યાદ્વાદના પરમાર્થની પ્રાપ્તિરૂપ નિધિની પ્રાપ્તિ કરાવે છે પરંતુ વેતાલના કોપ જેવો બનીને વિનાશનું કારણ બનતો નથી. **॥૧૯-૮॥**

**શ્લોક :-**

**वार्त्ताः सन्ति सहस्रशः प्रतिमतं ज्ञानांशबद्धक्रमा-**
**श्चेतस्तासु न नः प्रयाति नितमां लीनं जिनेन्द्रागमे ।**
**नोत्सर्पन्ति लताः कति प्रतिदिशं पुष्पैः पवित्रा मधौ,**
**ताभ्यो नैति रतिं रसालकलिकारक्तस्तु पुंस्कोकिलः ।।९।।**

**અન્વયાર્થ :-**

ज्ञानांशबद्धक्रमाः सहस्रशः वार्त्ताः प्रतिमतं सन्ति=જ્ઞાનના અંશથી બદ્ધ એવા પ્રારંભવાળી હજારો વાર્તાઓ અર્થાત્ તત્ત્વની હજારો વાર્તાઓ પ્રતિમતમાં છે, जिनेन्द्रागमे नितमां लीनं नः चेतः तासु न प्रयाति=જિનેન્દ્રના આગમમાં અત્યંત લીન એવું અમારું ચિત્ત તેમાં અર્થાત્ પરમતની વાર્તાઓમાં, જતું નથી. मधौ पुष्पैः पवित्रा कति लताः प्रतिदिशं नोत्सर्पन्ति:=વસંતઋતુમાં પુષ્પો વડે પવિત્ર કેટલી લતાઓ પ્રતિદિશાને આશ્રયીને ઉત્સર્પણ નથી પામતી ? અર્થાત્ પ્રતિદિશામાં ઘણી લતાઓ ઉત્સર્પણ પામે છે, रसालकलिकारक्तस्तु पुंस्कोकिलः ताभ्यो रतिं नैति=રસાલ કલિકામાં રક્ત અર્થાત્ રસદાર એવા આમ્રફળમાં રક્ત, એવી કોયલ તેનાથી=પુષ્પોથી, પવિત્ર એવી ઘણી લતાઓથી રતિને ધારણ કરતી નથી. ॥૧૯-૯॥

**શ્લોકાર્થ :-**

**જ્ઞાનના અંશથી બદ્ધ એવા પ્રારંભવાળી હજારો વાર્તાઓ પ્રતિમતમાં છે. જિનેન્દ્રના આગમમાં અત્યંત લીન એવું અમારું ચિત્ત તેમાં અર્થાત્ પરમતની વાર્તાઓમાં, જતું નથી. વસંતઋતુમાં પુષ્પો વડે પવિત્ર કેટલી લતાઓ પ્રતિદિશાને આશ્રયીને ઉત્સપર્ણ નથી પામતી ? રસાલ કલિકામાં રક્ત એવી કોયલ પુષ્પોથી પવિત્ર એવી ઘણી લતાઓથી રતિને ધારણ કરતી નથી. ॥૧૯-૯॥**

**ભાવાર્થ :-**

દરેક દર્શનકારો મોક્ષની વાતો કરે છે, મોક્ષના ઉપાયભૂત યોગમાર્ગને બતાવે છે અને એક નયની દૃષ્ટિથી તેઓની પદાર્થદૃષ્ટિ યથાર્થ છે તોપણ સર્વ નયોથી પૂર્ણ નહિ હોવાથી તેઓનાં વચનો જ્ઞાનના એક અંશ સાથે બંધાયેલા ક્રમવાળાં છે અને તેવા બંધાયેલા ક્રમવાળી વાતો પ્રતિદર્શનમાં હજારો છે. વળી, તે તે નયની દૃષ્ટિથી તેઓનાં તે તે વચનો યોગમાર્ગના અર્થીને પ્રીતિ ઉત્પન્ન કરે તેવાં છે પરંતુ ગ્રંથકારશ્રીએ તો જિનેન્દ્રના આગમનો બોધ કર્યો છે અને તેનાં દરેક વચનો સ્યાદ્વાદની દૃષ્ટિથી બતાવાયેલાં હોવાથી જ્ઞાનાંશવાળાં નથી, પરંતુ જ્ઞાનના પૂર્ણ અંશને સ્પર્શનારાં યથાર્થ વચનભૂત છે તેથી ગ્રંથકારશ્રીનું ચિત્ત

જિનાગમમાં અત્યંત લીન છે. માટે અન્ય દર્શનની તે તે વાતોમાં તેમનું ચિત્ત જતું નથી.

આ પ્રકારે યોગમાર્ગને સ્પર્શનારા સર્વ દર્શનકારોનાં વચનો કરતાં જિનાગમ શ્રેષ્ઠ છે તેમ બતાવીને દૃષ્ટાંતથી તે કથનને દૃઢ કરતાં કહે છે.

જેમ વસંતઋતુમાં પુષ્પોથી પવિત્ર એવી કેટલીક લતા પ્રતિદિશામાં પ્રસર્પણ પામતી નથી ? અર્થાત્ ઉત્સર્પણ પામે છે. તેમ જ્ઞાનાંશ સાથે બદ્ધક્રમવાળી પ્રતિદર્શનની વાર્તાઓ ચારે દિશામાં ફેલાયેલી છે, આમ છતાં રસાલ એવા આમ્રફળમાં રક્ત એવી કોયલ તે લતામાં રતિને ધારણ કરતી નથી તેમ ગ્રંથકારશ્રીનું ચિત્ત સર્વદૃષ્ટિથી યથાર્થ જોનાર એવા જિનાગમમાં રક્ત હોવાને કારણે તે તે દર્શનની જ્ઞાનાંશથી બદ્ધક્રમવાળી વાતોમાં રતિને પામતું નથી પરંતુ સ્યાદ્વાદમાં જ રતિને ધારણ કરે છે. **॥૧૯-૯॥**

**શ્લોક :-**

**शब्दो वा मतिरर्थ एव वसु वा जातिः क्रिया वा गुणः,**
**शब्दार्थः किमिति स्थिता प्रतिमतं सन्देहशङ्कुव्यथा ।**
**जैनेन्द्रे तु मते न सा प्रतिपदं जात्यन्तरार्थस्थितेः,**
**सामान्यं च विशेषमेव च यथा तात्पर्यमन्विच्छति ।।१०।।**

**અન્વયાર્થ :-**

**शब्दार्थः=શબ્દનો અર્થ, शब्दः किं ?=શું શબ્દ છે ?, मतिः वा किं ?=અથવા શું મતિ છે ?, अर्थः एव वा किं ?=અથવા અર્થ જ છે ? वसु वा किं ?=અથવા વસ્તુ છે ?, जातिः क्रिया वा गुणः किं ?=જાતિ, ક્રિયા કે ગુણ છે ?, इति=એ પ્રકારની, प्रतिमतं=પ્રતિમતને આશ્રયીને, सन्देहशङ्कुव्यथा स्थिता=સંદેહરૂપી શલ્યની વ્યથા રહેલી છે, जैनेन्द्रे तु मते सा न=વળી, જૈનેન્દ્ર મતમાં તે નથી અર્થાત્ સંદેહરૂપી શલ્યની વ્યથા નથી.**

કેમ નથી ? તેથી કહે છે –

**प्रतिपदं जात्यन्तरार्थस्थितेः=પ્રતિપદને આશ્રયીને જાત્યન્તરની સ્થિતિ હોવાથી અર્થાત્ પ્રતિવસ્તુને આશ્રયીને જૈનમતાનુસાર નિત્યાનિત્યાદિરૂપ જાત્યન્તરરૂપ**

**અર્થની વ્યવસ્થિતિ હોવાથી, यथा तात्पर्यं एव=યથા તાત્પર્ય જ, सामान्य च विशेषं च=સામાન્યને અને વિશેષને, अन्विच्छन्ति=(જૈનદર્શન) અન્વેષણ કરે છે. ॥૧૯-૧૦॥**

**શ્લોકાર્થ :-**

**શબ્દનો અર્થ શું શબ્દ છે ? અથવા શું મતિ છે ? અથવા અર્થ જ છે અથવા વસ્તુ છે ? જાતિ, ક્રિયા કે ગુણ છે ? એ પ્રકારની, પ્રતિમતને આશ્રયીને સંદેહરૂપી શલ્યની વ્યથા રહેલી છે. વળી જૈનેન્દ્ર મતમાં તે નથી.**

કેમ નથી ? તેથી કહે છે –

**પ્રતિપદને આશ્રયીને જાત્યંતરની સ્થિતિ હોવાથી યથા તાત્પર્ય જ સામાન્ય અને વિશેષને જૈનદર્શન અન્વેષણ કરે છે. ॥૧૯-૧૦॥**

**ભાવાર્થ :-**

ઘટાદિ શબ્દોનો અર્થ શું છે એ પ્રકારની જિજ્ઞાસામાં જુદા જુદા દર્શનકારો જુદા જુદા અર્થો કરે છે. જેમ શબ્દાદ્વૈતવાદી ઘટાદિ શબ્દનો વાચ્ય અર્થ શબ્દ પોતે છે એમ માને છે. વળી, જ્ઞાનાદ્વૈતવાદીઓ ઘટાદિ શબ્દનો અર્થ ઘટાદિ આકારક મતિ છે એમ માને છે. વળી, કેટલાક દર્શનકારો ઘટાદિ શબ્દથી વાચ્ય અર્થ પુરોવર્તી દેખાતા ઘટાદિ પદાર્થોને સ્વીકારે છે. વળી, કેટલાક દર્શનકારો ઘટાદિ શબ્દથી વાચ્ય અર્થ બાહ્ય દેખાતી વસ્તુને સ્વીકારે છે. વળી, કેટલાક દર્શનકારો ઘટાદિ શબ્દથી વાચ્ય અર્થ ઘટાદિમાં વર્તતી ઘટત્વાદિ જાતિને સ્વીકારે છે. વળી, કેટલાક દર્શનકારો ઘટાદિ શબ્દથી વાચ્ય અર્થ બાહ્ય પદાર્થોમાં વર્તતી ઘટનાદિ ક્રિયાને સ્વીકારે છે. જેમ ઘટ જલધારાની ક્રિયા કરે છે તે જલધારાની ક્રિયાને ઘટ શબ્દનો વાચ્ય અર્થ કરે છે અથવા घटचेष्टायां એ પ્રકારે ઘટ શબ્દની વ્યુત્પત્તિ કરીને ઘટમાં વર્તતી તે તે પ્રકારની ચેષ્ટાને ઘટ શબ્દથી વાચ્ય અર્થ કરે છે. વળી કેટલાક દર્શનકારો ઘટાદિ શબ્દથી વાચ્ય અર્થ ગુણને સ્વીકારે છે તેથી બાહ્ય પદાર્થમાં રહેલ ગુણને ઘટાદિ શબ્દનો વાચ્ય અર્થ કહે છે.

દરેક દર્શનકારો એકાંત માન્યતાવાળા હોવાથી માત્ર પોતાનો સ્વીકારેલો અર્થ સ્વીકારે છે, અન્ય દર્શનકારોનો અર્થ સ્વીકારતા નથી. તેથી દરેક દર્શનને આશ્રયીને શબ્દના અર્થની વિચારણા કરવામાં આવે તો સંદેહના શલ્યની વ્યથા વિચારકને પ્રાપ્ત થાય.

જૈનેન્દ્ર મતમાં આ વ્યથા નથી; કેમ કે દરેક શબ્દથી વાચ્ય જે બાહ્ય વસ્તુ છે તે વસ્તુમાં જાત્યન્તર ધર્મ જૈનદર્શન સ્વીકારે છે અર્થાત્ નિત્યાનિત્યત્વર્થક જાત્યંતર અથવા ભાવાત્મક જાત્યંતર અથવા શુદ્ધાશુદ્ધત્વર્થક જાત્યંતર સ્વીકારે છે તેથી દરેક પદાર્થોને યથાતાત્પર્ય સામાન્ય, વિશેષરૂપે જૈનદર્શન સ્વીકારે છે. તેથી સર્વનયના મતો તે તે નયથી જૈનદર્શન સ્વીકારી લે છે. માટે વિચારકને સંદેહ થતો નથી.

અહીં વિશેષ એ છે કે કેટલાક દર્શનકારો પદાર્થમાં નિત્યત્વ જાતિ સ્વીકારે છે, કેટલાક દર્શનકારો પદાર્થમાં અનિત્યત્વ જાતિ સ્વીકારે છે. જૈનદર્શન નિત્યત્વ જાતિ પણ સ્વીકારતો નથી અને અનિત્યત્વ જાતિ પણ સ્વીકારતો નથી, પરંતુ તે બેથી ભિન્ન એવી નિત્યાનિત્યત્વ જાતિ સ્વીકારે છે. આથી નિત્યત્વ જાતિ સ્વીકારનારને પદાર્થમાં રહેલ અનિત્યત્વ જાતિનો અસ્વીકાર હોવાથી દોષોની પ્રાપ્તિ થાય છે અને અનિત્યત્વ જાતિ સ્વીકારનારને પદાર્થમાં રહેલ નિત્યત્વ જાતિનો અસ્વીકાર હોવાથી દોષોની પ્રાપ્તિ થાય છે. પરંતુ, તે બેથી ભિન્ન નિત્યાનિત્યત્વ જાતિ જૈનદર્શન સ્વીકારે છે તેથી એકાંત નિત્યત્વ જાતિ સ્વીકારનાર અને એકાંત અનિત્યત્વ જાતિ સ્વીકારનાર બંને પક્ષમાં પ્રાપ્ત થતા દોષો જૈનદર્શનમાં પ્રાપ્ત થતા નથી.

આ રીતે જૈનદર્શન જાત્યંતર સ્વીકારે છે આથી પદાર્થને સામાન્ય વિશેષરૂપે સ્વીકારે છે; કેમ કે દ્રવ્ય સામાન્ય છે તેથી નિત્ય છે અને પર્યાય વિશેષ છે તેથી અનિત્ય છે. અને દરેક પદાર્થો સામાન્ય વિશેષરૂપ છે અર્થાત્ દ્રવ્યપર્યાયરૂપ છે એમ સ્વીકારે છે અને તેમ સ્વીકારીને યથાતાત્પર્ય દરેક શબ્દોના અર્થો સ્વીકારે છે. આથી જ જૈનદર્શન દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક નયો પર જીવનારા નામાદિ ચાર નિક્ષેપાઓ સ્વીકારે છે. આ ચાર નિક્ષેપાઓ સ્વીકારીને ઘટાદિ શબ્દથી વાચ્ય અર્થ ઘટ શબ્દને સ્વીકારે છે. ઘટ શબ્દથી વાચ્ય અર્થ ઘટ શબ્દથી

થતો ઘટનો બોધ પણ સ્વીકારે છે. વળી ઘટ શબ્દથી વાચ્ય અર્થ ઘટરૂપ બાહ્ય પદાર્થોને પણ સ્વીકારે છે. તે રીતે ઘટ શબ્દથી વાચ્ય અર્થ ઘટમાં રહેલી ઘટત્વ જાતિને, ઘટમાં રહેલી ક્રિયાને અને ઘટમાં રહેલા ગુણને પણ સ્વીકારે છે. માટે સ્યાદ્વાદના પરમાર્થને જાણનારા પુરુષને તે તે દર્શનના સર્વ વચનો પોતપોતાના સ્થાને ઉચિત જણાય છે. તેથી યથાર્થ બોધ કરીને કલ્યાણની પ્રાપ્તિ કરી શકે છે. ॥૧૯-૧૦॥

**અવતરણિકા :-**

**જૈન શાસ્ત્રવચનોના આલંબનથી વસ્તુનો સ્પષ્ટ બોધ થતો હોવાથી તેની સ્તુતિ કરે છે –**

**શ્લોક :-**

**यत्रानर्पितमादधाति गुणतां मुख्यं तु वस्त्वर्पितं,**
**तात्पर्यानवलम्बनेन तु भवेद् बोधः स्फुटं लौकिकः ।**
**सम्पूर्णं त्ववभासते कृतधियां कृत्स्नाद्विवक्षाक्रमात्,**
**तां लोकोत्तरभंगपद्धतिमयीं स्याद्वादमुद्रां स्तुमः ।।११।।**

**અન્વયાર્થ :-**

**यत्र=જેમાં=જે શાસ્ત્રવચનોમાં, अनर्पितं गुणतां आदधाति=અનર્પિત (વચનો) ગુણતાને ધારણ કરે છે અર્થાત્ ગૌણતાને પ્રાપ્ત કરે છે, अर्पितम् वस्तु तु मुख्यं=વળી, અર્પિત વસ્તુ મુખ્ય છે, तात्पर्यानवलम्बेन तु बोधः स्फुटं लौकिकः भवेत्=વળી, બોધ તાત્પર્યના અનવલંબનથી સ્પષ્ટ લૌકિક થાય છે=તાત્પર્યના અવલંબન વિના થતો બોધ સ્પષ્ટ લૌકિક થાય છે, कृतधियां तु=કૃતબુદ્ધિવાળાને જ=શાસ્ત્રથી વ્યુત્પન્નબુદ્ધિવાળાને જ, कृत्स्नाद्विवक्षाक्रमात्=કૃત્સ્ન વિવક્ષાના ક્રમથી=પદાર્થના સંપૂર્ણ વિવક્ષા કરવાના આરંભથી, सम्पूर्णं अवभासते=સંપૂર્ણ અવભાસ થાય છે, तां लोकोत्तरभङ्गपद्धतिमयीं=તે લોકોત્તરભંગ પદ્ધતિમયી, स्याद्वादमुद्रां=સ્યાદ્વાદમુદ્રાને=સ્યાદ્વાદવાળા શાસ્ત્રની, स्तुमः=અમે સ્તુતિ કરીએ છીએ. ।।૧૯-૧૧।।**

**શ્લોકાર્થ :-**

**જેમાં અનર્પિત વચનો ગુણતાને ધારણ કરે છે, વળી અર્પિત વસ્તુ મુખ્ય છે, વળી બોધ તાત્પર્યના અનવલંબનથી સ્પષ્ટ લૌકિક થાય છે. કૃતબુદ્ધિવાળાને જ કૃત્સ્ન વિવક્ષાના ક્રમથી સંપૂર્ણ અવભાસ થાય છે તે લોકોત્તર ભંગપદ્ધતિમયી સ્યાદ્વાદમુદ્રાની અમે સ્તુતિ કરીએ છીએ. ||૧૯-૧૧||**

**ભાવાર્થ :-**

ભગવાનનાં વચનાત્મક શાસ્ત્ર સ્યાદ્વાદમય છે. તે શાસ્ત્રમાં કોઈક સ્થાનમાં નયવચનો છે અને જે સ્થાનમાં જે નયની વિવક્ષા હોય તે નયનું કથન અર્પિત હોય છે તેથી તે કથનમાં અર્પિત વસ્તુ મુખ્ય બને છે. વળી જે નયની વિવક્ષા કરી નથી તે નય પણ ત્યાં અનર્પિતરૂપે વિદ્યમાન છે; કેમ કે ભગવાનનું વચન એકાંતવાદને સ્વીકારતું નથી. ફક્ત તે વચનમાં જે અનર્પિત અંશ છે તે ગૌણતાને પ્રાપ્ત કરે છે. જેમ ઉપદેશક જિનવચનાનુસાર કોઈને કહે કે આત્મા નિત્ય છે, તે વખતે ઉપદેશક શ્રોતાને પરલોકમાં જનાર એવા નિત્ય આત્માનો બોધ કરાવવા માટે દ્રવ્યાસ્તિક નયને મુખ્ય કરીને આત્મા નિત્ય છે તેમ કહે છે. તે વચનમાં અર્પિત એવું આત્મદ્રવ્ય મુખ્ય બને છે. વળી, અનર્પિત એવો આત્માનો પર્યાય ગૌણ બને છે અને તે વચન દ્વારા તાત્પર્યના અનવલંબનથી કોઈને એટલો જ બોધ થાય કે આત્મા નિત્ય છે તો તે બોધ સ્પષ્ટ લૌકિક છે, લોકોત્તર બોધ નથી; કેમ કે લોકોત્તર દૃષ્ટિથી તો આત્મા નિત્ય-અનિત્યરૂપ છે, માત્ર નિત્યરૂપ નથી. વિવેકી ઉપદેશકનું તાત્પર્ય દ્રવ્યની પ્રધાનતાથી અને પર્યાયની ગૌણતાથી શ્રોતાને બોધ કરાવવાનું હતું છતાં તાત્પર્યના અવલંબન વગર તે ઉપદેશકના વચનથી તે શ્રોતાને બોધ થયેલ છે.

વળી, કોઈ બુદ્ધિમાન પુરુષ હોય તો પદાર્થના કૃત્સ્ન=સંપૂર્ણ સ્વરૂપના બોધની વિવક્ષાથી શાસ્ત્રવચનોનો બોધ કરે તો તે શાસ્ત્રવચનોથી તેને સંપૂર્ણ બોધ થાય છે અર્થાત્ બધા નયોનો યથાર્થ બોધ થાય છે.

તેવી, લોકોત્તર ભંગની પદ્ધતિમય, સ્યાદ્વાદની મુદ્રાવાળું જૈનાગમ છે તેની અમે સ્તુતિ કરીએ છીએ.

અહીં વિશેષ એ છે કે જૈનાગમનાં વચનો કોઈક સ્થાને કોઈક નયનું કથન કરતાં હોય છે. વિવેકી શ્રોતા ઉપદેશનાં તે વચનોના શ્રવણકાળમાં તે તે વચનોના તાત્પર્યના અવલંબનથી તે તે વચનોનો બોધ કરે તો જે નયના કથનને કરનારું ઉપદેશકનું વચન હોય તે નયને અર્પિત કરીને ઉપદેશકનું આ વચન છે અને તેનાથી પ્રતિપક્ષ નયને અનર્પિત કરીને ઉપદેશકનું આ કથન છે તેવો નય સાપેક્ષ બોધ શ્રોતાને થાય છે. અને તે જૈનાગમને ભણનાર અથવા સાંભળનાર પુરુષ તાત્પર્યનું અવલંબન લીધા વગર શાબ્દબોધની મર્યાદાથી પ્રાપ્ત થતો અર્થમાત્રનો બોધ કરે તો તે બોધ લૌકિક છે, લોકોત્તર નથી. વળી, કોઈ શ્રોતા સર્વ નયોથી પરિસ્કૃત મતિવાળા હોય તો તે ઉપદેશકના વચનના તાત્પર્યને શ્રવણ કરીને પ્રથમ તે ઉપદેશકના વચનથી અર્પિત નયનો બોધ કરે અને પછી ઊહ કરીને અનર્પિત નયોનો બોધ કરે તો તે શ્રોતાને વિવક્ષાના ક્રમથી તે શાસ્ત્રવચનોનો સંપૂર્ણ બોધ થાય છે. આવું ભગવાનનું શાસ્ત્ર સ્યાદ્વાદની મુદ્રાવાળું છે, જેની અમે સ્તુતિ કરીએ છીએ. **॥૧૯-૧૧॥**

**અવતરણિકા :-**

**અન્ય રીતે જૈનાગમની જ સ્તુતિ કરે છે –**

**શ્લોક :-**

**आत्मीयानुभवाश्रयार्थविषयोऽप्युच्चैर्यदीयक्रमो,**
**म्लेच्छानामिव संस्कृतं तनुधियामाश्चर्यमोहावहः ।**
**व्युत्पत्तिप्रतिपत्तिहेतुविततस्याद्वादवाग्गुम्फितं,**
**तं जैनागममाकलय्य न वयं व्याक्षेपभाजः क्वचित् ।।१२।।**

**અન્વયાર્થ :-**

**यदीयक्रमः=જેનો ક્રમ=જૈનાગમનો ક્રમ, उच्चैः आत्मीयानुभवाश्रयार्थविषयोपि= અત્યંત આત્મીય અનુભવના આશ્રયવાળા અર્થના વિષયવાળો પણ, म्लेच्छानामिव संस्कृतं=મ્લેચ્છોને સંસ્કૃત ભાષા (મોહ પમાડે છે) તેમ, तनुधिया-माश्चर्यमोहावहः=તનુબુદ્ધિવાળા=અલ્પબુદ્ધિવાળા જીવોને, આશ્ચર્ય અને મોહને લાવનારો છે, व्युत्पत्तिप्रतिपत्तिहेतुविततस्याद्वादवाग्गुम्फितम् तं जैनागमं**

आकलय्य=વ્યુત્પત્તિ અને પ્રતિપત્તિના હેતુના વિસ્તારવાળા સ્યાદ્વાદની વાણીથી ગુમ્ફિત એવા તે જૈનાગમને જાણીને, वयं क्वचित् न व्याक्षेपभाजः=અમે ક્યાંય વ્યાક્ષેપવાળા થતા નથી અર્થાત્ અમે અન્ય કોઈ દર્શન પ્રત્યે આક્ષિપ્ત ચિત્તવાળા થતા નથી. ॥૧૯-૧૨॥

**શ્લોકાર્થ :-**

**જેનો ક્રમ=જૈનાગમનો ક્રમ, અત્યંત આત્મીય અનુભવના આશ્રયવાળા અર્થના વિષયવાળો પણ, મ્લેચ્છોને સંસ્કૃત ભાષા મોહ પમાડે છે તેમ અલ્પબુદ્ધિવાળા જીવોને આશ્ચર્ય અને મોહને લાવનારો છે. વ્યુત્પત્તિ અને પ્રતિપત્તિના હેતુના વિસ્તારવાળા સ્યાદ્વાદની વાણીથી ગુમ્ફિત એવા તે જૈનાગમને જાણીને અમે ક્યાંય વ્યાક્ષેપવાળા થતા નથી. ॥૧૯-૧૨॥**

**ભાવાર્થ :-**

જૈન આગમ કેવું છે તે બતાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે કે જૈનાગમના નિરૂપણનો ક્રમ અત્યંત આત્મીય અનુભવના આશ્રયવાળા અર્થને વિષય કરનારો છે; કેમ કે પદાર્થને જોનારી દૃષ્ટિથી પદાર્થને જોવામાં આવે તો સંસારી જીવોનો દેહની સાથે કથંચિત્ ભેદ કથંચિત્ અભેદ છે. અને પારમાર્થિક સ્વરૂપને જોનારી દૃષ્ટિથી જીવના સ્વરૂપને જોવામાં આવે તો આત્મા પણ કથંચિત્ નિત્ય, કથંચિત્ અનિત્યરૂપ સ્વઅનુભવસિદ્ધ છે. વળી દરેક પદાર્થો પણ કોઈક રીતે એકસ્વરૂપ અને કોઈક રીતે અનેકસ્વરૂપ પણ અનુભવસિદ્ધ છે. જેમ સામાન્યથી બધા દ્રવ્યો એકરૂપ ભાસે છે અને તે તે દ્રવ્યરૂપે અનેકરૂપ ભાસે છે તેથી દરેક દ્રવ્યોમાં પણ એક-અનેકપણાનો અનુભવ વિચારકને થાય છે અને પોતાના આત્મામાં પણ દ્રવ્યરૂપે એકનો અને પર્યાયરૂપ અનેકનો અનુભવ થાય છે. તેથી સ્યાદ્વાદનો ક્રમ પોતાના અનુભવના આશ્રયના અર્થને બતાવનારા વિષયવાળો છે. આમ છતાં જેઓની મંદબુદ્ધિ છે તેવા જીવોને સ્યાદ્વાદનાં વચનો આશ્ચર્યકારી લાગે છે અને મોહ ઉત્પન્ન કરાવે છે; કેમ કે મંદબુદ્ધિવાળા એવા એક-એક દૃષ્ટિથી જોનારા તે તે દર્શનવાદીઓ વિચારે છે કે જે નિત્ય હોય તેને અનિત્ય કહેવાય નહીં અને જે અનિત્ય હોય તેને નિત્ય કહેવાય નહીં. જે એક હોય તેને

અનેક કહેવાય નહીં અને જે અનેક હોય તેને એક કહેવાય નહીં. આ પ્રકારે સ્યાદ્વાદનાં સર્વ વચનો એકાંતવાદીને આશ્ચર્ય ઉપજાવે છે અને તેઓ વિચારે છે કે મહાબુદ્ધિધન પણ જૈનાગમના વિચારકો તદ્દન અસંબદ્ધ પદાર્થો કહેનારા છે અને આમ વિચારીને સ્યાદ્વાદનાં વચનોથી તેઓને મોહ થાય છે. જેમ મ્લેચ્છ જીવો સુસંસ્કૃત ભાષા બોલનારા નથી, પરંતુ મ્લેચ્છ જેવી જ ભાષા બોલનારા છે. તેઓને સુસંસ્કારવાળી ભાષા પણ સાર વગરની જણાય છે તેમ મંદબુદ્ધિવાળા એકાંતદર્શનવાદીઓને અનુભવને અનુરૂપ કહેનારા સ્યાદ્વાદનાં વચનો પણ અસંબદ્ધ પ્રલાપ ભાસે છે.

વસ્તુતઃ તે જૈનાગમ સ્યાદ્વાદની વ્યુત્પત્તિ અને સ્યાદ્વાદની પ્રતિપત્તિના હેતુઓના વિસ્તારવાળું છે અને તેવાં ઉચિત વચનોથી ગુમ્ફિત છે તે જૈનાગમને જાણીને ગ્રંથકારશ્રી કહે છે કે અમને ચિત્તમાં ક્યાંય વ્યાક્ષેપ થતો નથી અર્થાત્ મંદબુદ્ધિવાળા જીવોને જ સ્યાદ્વાદનાં વચનોથી વ્યાક્ષેપ થાય છે, વિચારકોને તો અનુભવને અનુરૂપ પદાર્થના નિરૂપણરૂપ સ્યાદ્વાદનાં વચનો હોવાથી પૂર્ણ યથાર્થ ભાસે છે. **॥૧૯-૧૨॥**

**અવતરણિકા :-**

**સર્વ વચનોના મૂળસ્વરૂપ જૈન શાસ્ત્રવચનની સ્તુતિ કરે છે –**

**શ્લોક :-**

**मूलं सर्ववचोगतस्य विदितं जैनेश्वरं शासनं,**
**तस्मादेव समुत्थितैर्नयमतैस्तस्यैव यत्खण्डनम् ।**
**एतत्किञ्चन कौशलं कलिमलच्छन्नात्मनः स्वाश्रितां,**
**शाखां छेत्तुमिवोद्यतस्य कटुकोदर्काय तर्कार्थिनः ।।१३।।**

**અન્વયાર્થ :-**

**सर्ववचोगतस्य मूलं=સર્વ વચોગતનું મૂલ=સર્વ દર્શનના વચનગત જે પદાર્થ છે તેનું મૂળ, जैनेश्वरं शासनम् विदितं=જિનેશ્વરનું શાસન વિદિત છે, तस्मादेव समुत्थितैर्नयमतैः=તેનાથી જ=જૈન શાસનથી જ, સમુત્થિત એવા નયમતો વડે, एतद्=એ, तर्कार्थिनः किञ्चन कौशलं=તર્કાર્થીનું કંઈક કૌશલ્ય,**

**कलिमलच्छन्नात्मनः=કલિમલછન્ન આત્માના, तस्यैव यत्खण्डनम्=તેનું જ= જૈનશાસનનું જ, જે ખંડન, स्वाश्रिताम् शाखां छेत्तुं उद्यतस्य इव=સ્વાશ્રિત શાખાને છેદવા માટેના ઉદ્યમ કરનારા પુરુષના શ્રમની જેમ, कटुकोदर्काय=કટુક ઉદર્ક માટે છે=કટુક પરિણામ માટે છે. ॥૧૯-૧૩॥**

**શ્લોકાર્થ :-**

**સર્વ વચોગતનું મૂલ જિનેશ્વરનું શાસન વિદિત છે. તેનાથી જ સમુત્થિત એવા નયમતો વડે કલિમલછન્ન એવા આત્માઓનું, તેનું જ જે ખંડન એ, તર્કાર્થીનું કંઈક કૌશલ્ય સ્વાશ્રિત શાખાને છેદવા માટેના ઉદ્યતના શ્રમની જેમ, કટુક ઉદર્ક માટે છે. ॥૧૯-૧૩॥**

**ભાવાર્થ :-**

છદ્મસ્થ જીવો પ્રત્યક્ષ દેખાતા પદાર્થથી અધિક જોઈ શકતા નથી તેથી સ્વર્ગ, નરક વગેરે કે સ્વર્ગનાં આ કારણો છે અને નરકનાં આ કારણો છે તે પણ છદ્મસ્થ જીવો જોઈ શકતા નથી, પરંતુ કેવળજ્ઞાનને પામેલા જિનેશ્વરો હાથમાં રહેલા આમળાની જેમ અતીન્દ્રિય સર્વ પદાર્થો પ્રત્યક્ષ જુએ છે અને તેઓએ જ સ્વર્ગ, નરક આદિ કેવા સ્વરૂપવાળા છે અને તેની પ્રાપ્તિના કારણીભૂત કેવા ભાવો છે ઇત્યાદિ વર્ણન કરેલ છે.

વળી, ભગવાનનું શાસન જેમ અતિન્દ્રિય એવા સ્વર્ગાદિ બતાવે છે તેમ સર્વ નયોથી પદાર્થને યથાર્થ બતાવે છે જે અનુભવ અને યુક્તિથી પણ છદ્મસ્થ જીવો જાણી શકે છે. અને અન્ય સર્વદર્શનો ભગવાનના શાસનના તે તે નયને અવલંબીને પોતાના દર્શનની સ્થાપના કરે છે અને ભગવાને કહેલા પુણ્યપાપાદિની વ્યવસ્થા કે મોક્ષમાર્ગની વ્યવસ્થા બતાવે છે તેથી તે સર્વદર્શનોનું ઉદ્ભવસ્થાન ભગવાનનું શાસન છે; કેમ કે પોતાને અભિમત એક નયની દૃષ્ટિ અને પુણ્યપાપાદિની વ્યવસ્થા તેમને જિનવચનથી જ પ્રાપ્ત થયેલ છે. આમ છતાં તે તે દર્શનવાળા પોતાની માન્યતામાં બદ્ધરાગવાળા થઈને જૈનશાસનનું ખંડન કરે છે અને કહે છે કે જે પદાર્થ નિત્ય હોય તે જ પદાર્થ અનિત્ય છે તેમ કહી શકાય નહીં. જે પદાર્થ ભાવાત્મક હોય તે જ પદાર્થ અભાવાત્મક છે તેમ કહી શકાય નહીં. અને જે પદાર્થોનો પરસ્પર ભેદ છે તે બેનો પરસ્પર અભેદ

છે તેમ કહી શકાય નહીં. આવાં વચનો દ્વારા નિત્યાનિત્ય, ભાવાભાવ અને ભેદાભેદ આદિ સ્વીકારનાર જૈનદર્શનનું ખંડન કરે છે અને કહે છે કે જૈનદર્શનના આ અસંબદ્ધ પ્રલાપો છે.

તેમને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે કે જૈનદર્શનના આ ખંડનમાં તેઓનું જે કૌશલ્ય છે તે, કોઈ અવિચારક પુરુષ વૃક્ષ ઉપર બેસીને જે શાખા ઉપર તે બેઠેલ હોય તેને જ છેદવા માટે ઉદ્યમ કરે તેના જેવું અત્યંત અનર્થકારી છે; કેમ કે જગતના તમામ પદાર્થો એકાંત નિત્ય નથી કે એકાંત અનિત્ય નથી પરંતુ પદાર્થ અનિત્યથી સંવલિત એવો નિત્ય અથવા નિત્યથી સંવલિત એવો અનિત્ય છે. જેમ દ્રવ્યને પ્રધાન કરવામાં આવે તો પદાર્થ નિત્યરૂપ જણાય છે તોપણ તે દેખાતો પદાર્થ પર્યાયથી રહિત માત્ર દ્રવ્યરૂપ નથી તેથી અનિત્ય એવા પર્યાયથી સંવલિત દ્રવ્ય નિત્ય છે તેમ કહી શકાય અને પર્યાયને પ્રધાન કરવામાં આવે તો પર્યાય પણ દ્રવ્યના આશ્રય વગર પૃથક્ પ્રાપ્ત થતા નથી. તેથી નિત્ય એવા દ્રવ્યથી સંવલિત પર્યાયો અનિત્ય છે તેવી પ્રતીતિ થાય છે. માટે જેઓ એકાંત અનિત્ય સ્વીકારીને નિત્યાનિત્યનું ખંડન કરે છે કે એકાંત નિત્ય સ્વીકારીને નિત્યાનિત્યનું ખંડન કરે છે તેઓ સ્વમતનું જ ખંડન કરે છે; કેમ કે અનિત્યથી અસંવલિત એવો નિત્ય પદાર્થ જગતમાં અપ્રસિદ્ધ છે અને અપ્રસિદ્ધ એવા નિત્ય પદાર્થનું તેઓ સ્થાપન કરે છે. વસ્તુતઃ એકાંત નિત્ય પદાર્થ નહીં હોવાથી તેમના વચનથી સ્થાપિત કરાયેલો પદાર્થ શશશૃંગ જેવો છે. માટે જૈનદર્શનનું નિરાકરણ કરીને જૈનદર્શનની શાખાભૂત પોતાના મતનું જ પોતે નિરાકરણ કરે છે. આ પ્રકારે તર્કશક્તિની કુશળતાથી જેઓ જૈનદર્શનનું ખંડન કરવા પ્રયત્ન કરે છે તેઓ ક્લેશ કરાવનાર એવા મલથી આચ્છાદિત મતિવાળા હોઈને વસ્તુના પારમાર્થિક સ્વરૂપના અવલોકન વગર તત્ત્વને જોવાની નિર્મળ ચક્ષુને બંધ કરીને પદાર્થના નિરૂપણ માટેનો યત્ન છે માટે કટુક વિપાકને આપે તેવા અનર્થની પ્રાપ્તિનું કારણ તેઓનો યત્ન છે; કેમ કે આ પ્રકારના યત્નથી તેઓ સન્માર્ગનો નાશ કરે છે. **॥૧૯-૧૩॥**

**અવતરણિકા :-**

**માળામાં શોભતા મણિઓના દૃષ્ટાંતથી જૈનાગમની સ્તુતિ કરે છે –**

શ્લોક :-

त्यक्तोन्मादविभज्यवादरचनामाकर्ण्य कर्णामृतं,
सिद्धान्तार्थरहस्यवित् क्व लभतामन्यत्र शास्त्रे रतिम् ।
यस्यां सर्वनया विशन्ति न पुनर्व्यस्तेषु तेष्वेव या,
मालायां मणयो लुठन्ति न पुनर्व्यस्तेषु मालापि सा ।।१४।।

અન્વયાર્થ :-

मालायां मणयः लुठन्ति=(જેમ) માળામાં મણિઓ લટકે છે, पुनर्व्यस्तेषु सा मालापि न (लुठन्ति)=વળી, વ્યસ્ત એવા તેમાં અર્થાત્ મણિઓમાં, તે માળા પણ લટકતી નથી. यस्यां=(તેમ) જેમાં=જે વિભજ્યવાદ રચનામાં, सर्वनया विशन्ति=સર્વ નયો પ્રવેશ પામે છે. पुर्नव्यस्तेषु तेष्वेव=વળી, વ્યસ્ત એવા તેઓમાં જ અર્થાત્ સર્વનયોમાં જ, या=જે=વિભજ્યવાદની રચના, न (विशन्ति)=પ્રવેશ પામતી નથી, कर्णामृतं त्यक्तोन्मादविभज्यवादरचनाम्=(તે) કર્ણ માટે અમૃત જેવી (અને) છોડ્યો છે ઉન્માદ જેણે એવી વિભજ્યવાદની રચનાને, आकर्ण्य=સાંભળીને, सिद्धान्तार्थरहस्यवित्=સિદ્ધાંતના અર્થના રહસ્યને જાણનાર, क्व अन्यत्र शास्त्रे रतिम् लभताम्=કયા અન્ય શાસ્ત્રમાં રતિને પામે ? ।।૧૯-૧૪।।

શ્લોકાર્થ :-

**(જેમ) માળામાં મણિઓ લટકે છે, વળી વ્યસ્ત એવા મણિઓમાં તે માળા પણ લટકતી નથી, (તેમ) જેમાં=વિભજ્યવાદની રચનામાં, સર્વ નયો પ્રવેશ પામે છે. વળી, વ્યસ્ત એવા તેઓમાં જ, જે=વિભજ્યવાદની રચના, પ્રવેશ પામતી નથી. (તે) કર્ણ માટે અમૃત જેવી અને છોડ્યો છે ઉન્માદ જેણે એવી વિભજ્યવાદની રચનાને સાંભળીને સિદ્ધાંતના અર્થના રહસ્યને જાણનાર કયા અન્ય શાસ્ત્રમાં રતિને પામે ? ।।૧૯-૧૪।।**

ભાવાર્થ :-

શોભાયમાન થાય તે રીતે ગોઠવાયેલા મણિઓની માળામાં મણિઓ લટકે છે. વળી, છૂટા રહેલા એવા મણિઓમાં માળા નથી. આ પ્રકારના અનુભવસિદ્ધ

દૃષ્ટાંતથી ગ્રંથકારશ્રી વિભજ્યવાદની રચનાનું સ્વરૂપ બતાવે છે.

જેમ માળામાં મણિઓ ઉચિત રીતે ગોઠવાયેલ છે તેમ સ્યાદ્વાદની રચનામાં સર્વ નયો ઉચિત રીતે ગોઠવાયેલા છે. તેથી જેમ ઉચિત રીતે ગોઠવાયેલા મણિ માળાની શોભાની વૃદ્ધિ કરે છે તેમ ઉચિત રીતે ગોઠવાયેલા સર્વ નયો યોગમાર્ગનું યથાર્થ સ્વરૂપ બતાવે છે. વળી, જેમ વ્યસ્ત એવા મણિઓમાં માલા નથી તેમ તે તે દર્શનવાદીના વ્યસ્ત એવા તે તે નયોમાં વિભજ્યવાદ નથી અર્થાત્ સ્યાદ્વાદ નથી. તેથી એ ફલિત થાય કે તે તે નય પર ચાલનારા તે તે દર્શનકારો એક એક નયની દૃષ્ટિથી સંસારની વ્યવસ્થા અને યોગમાર્ગ બતાવે છે તેથી પૃથક્ રહેલા મણિ જેવા તેઓ સુંદર દેખાય છે તોપણ યથાર્થ રીતે સાપેક્ષથી પરસ્પર સંબંધવાળા નથી તેથી તે તે દર્શનના નયોમાં વિભજ્યવાદ રહેલો નથી અર્થાત્ સ્યાદ્વાદ રહેલો નથી. તેથી તે તે નય પર ચાલનારા સર્વ નયોનું કથન પરિપૂર્ણ યથાર્થ યોગમાર્ગને બતાવનાર નથી. વળી, જે વિભજ્યવાદમાં સર્વ નયો પ્રવેશ પામે છે તે વિભજ્યવાદ સર્વ દૃષ્ટિકોણથી સંસારનું સ્વરૂપ, આત્માનું સ્વરૂપ, આત્માની સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિના ઉપાયરૂપ યોગમાર્ગનું સ્વરૂપ યથાર્થ બતાવે છે; તેથી તત્ત્વના અર્થીને કર્ણ માટે અમૃત જેવા વિભજ્યવાદનાં વચનો છે.

વળી, તે વિભજ્યવાદ સર્વ દૃષ્ટિથી યથાર્થ પદાર્થને જોનાર હોવાથી ત્યાગ કરાયેલા ઉન્માદવાળો છે અર્થાત્ પદાર્થને કોઈ એક દૃષ્ટિથી ગ્રહણ કરીને તે પદાર્થમાં રહેલા અન્ય ધર્મનો અપલાપ કરનાર એવો એકાંતવાદનો ઉન્માદ જેણે છોડ્યો છે તેવો આ વિભજ્યવાદ છે. તેની રચના સાંભળીને સર્વજ્ઞના સિદ્ધાંતના રહસ્યના અર્થને જાણનાર એવો પુરુષ તે તે નયો પર ચાલનારા અન્ય શાસ્ત્રમાં રતિ કઈ રીતે પામી શકે અર્થાત્ રતિ પામી શકે નહિ. **॥૧૯-૧૪॥**

**શ્લોક :-**

**अन्योन्यप्रतिपक्षभाववितथान् स्वस्वार्थसत्यान्नयान्,**
**नापेक्षाविषयाग्रहैर्विभजते माध्यस्थ्यमास्थाय यः ।**
**स्याद्वादे सुपथे निवेश्य हरते तेषां तु दिङ्मूढतां,**
**कुन्देन्दुप्रतिमं यशो विजयिनस्तस्यैव संवर्द्धते ।।१५।।**

**અન્વયાર્થ :-**

**माध्यस्थ्यमास्थाय=માધ્યસ્થ્યનું અવલંબન લઈને, अन्योन्यप्रतिपक्षभाववितथान् स्वस्वार्थसत्यान्नयान्=અન્યોન્ય પ્રતિપક્ષભાવથી વિતથ અને સ્વસ્વ અર્થમાં સત્ય એવા નયોને, अपेक्षाविषयाग्रहैः यः न विभजते=અપેક્ષાના વિષયવાળા નયોમાં આગ્રહ વડે જે=જે પુરુષ, વિભાજન કરતો નથી, स्याद्वादे सुपथे तु=પરંતુ સ્યાદ્વાદના સુપથમાં, निवेश्य=નિવેશ કરીને, तेषां=તેઓની=તે તે નયોની, दिङ्मूढतां हरते=દિઙ્મૂઢતાને હરે છે, विजयिनस्तस्यैव=વિજયી એવા તે પુરુષનો જ, कुन्देन्दुप्रतिमं यशः संवर्द्धते=કુન્દપુષ્પ અને ચંદ્ર સમાન યશ વધે છે. ॥૧૯-૧૫॥**

**શ્લોકાર્થ :-**

**માધ્યસ્થ્યનું અવલંબન લઈને અન્યોન્ય પ્રતિપક્ષભાવથી વિતથ=મિથ્યા અને સ્વસ્વ અર્થમાં સત્ય એવા નયોને અપેક્ષાના વિષયવાળા નયોમાં આગ્રહ વડે જે=જે પુરુષ, વિભાજન કરતો નથી પરંતુ સ્યાદ્વાદના સુપથમાં નિવેશ કરીને તેઓની=તે તે નયોની, દિઙ્મૂઢતાને હરે છે, વિજયી એવા તે પુરુષનો જ કુન્દપુષ્પ અને ચંદ્ર સમાન યશ વધે છે. ॥૧૯-૧૫॥**

**ભાવાર્થ :-**

મોક્ષને માનનારા એવા જૈનદર્શનથી અન્ય દર્શનકારો તે તે નયથી પોતાના દર્શનની વ્યવસ્થા બતાવે છે. તે તે દર્શનનાં વક્તવ્યો સ્વસ્વ અર્થની અપેક્ષાએ સત્ય છે અને પરસ્પર પ્રતિપક્ષભાવને સ્વીકારનાર હોવાથી મિથ્યા છે અર્થાત્ એક દર્શનકાર પદાર્થને ક્ષણિક કહે તો અન્ય દર્શનકાર પદાર્થને નિત્ય કહે એ રીતે અન્ય સર્વ દર્શનકારો પ્રતિપક્ષભાવને સ્વીકારનારા હોવાથી તે તે દર્શનના નયો મિથ્યા છે. જે પુરુષો તત્ત્વના અર્થી છે, તેઓ મધ્યસ્થનું અવલંબન લઈને અપેક્ષાના વિષયવાળા એવા તે તે નયના કથનમાં આગ્રહથી વિભાગ કરતા નથી; પરંતુ તે તે નયો પોતાના સ્થાનને છોડીને અન્યના સ્થાનમાં જે દિઙ્મૂઢતાને ધારણ કરે છે તેવા તે નયોને સ્યાદ્વાદના સુપથમાં સ્થાપન કરીને તેઓની દિઙ્મૂઢતાનું હરણ કરે છે અર્થાત્ તે તે દર્શનકારો જે સ્થાનમાં સત્ય બતાવે છે

તે સ્થાનને તે રીતે બતાવીને તેઓમાં વિશ્વાસ પેદા કરે છે કે આ મધ્યસ્થ પુરુષ પદાર્થને યથાર્થ જોનાર છે અને તે તે નય પર ચાલનારા તે તે દર્શનવાદીઓ તેના નયનું વક્તવ્ય કર્યા પછી અન્ય નયનું વક્તવ્ય નહીં સ્વીકારવાને કારણે તેને જે દોષો પ્રાપ્ત થાય છે તે દોષોને જોવા માટે મોહ પામેલા એવા તે તે નયવાદીને સ્યાદ્વાદનો સુપથ બતાવીને તેમના મોહનું હરણ કરે છે. આવા મધ્યસ્થ પુરુષ પદાર્થને યથાર્થ બતાવીને તે તે દર્શનકારના ધર્મવાદમાં વિજયને પામે છે અને તેના દ્વારા તે મહાત્માનો કુન્દપુષ્પ અને ચંદ્ર જેવો ઉજ્જ્વળ યશ વૃદ્ધિ પામે છે. **॥૧૯-૧૫॥**

**।। इति अध्यात्मसारे जिनमतस्तुत्यधिकारः ।।१९।।**

**।। इति श्रीनयविजयगणिशिष्यन्यायविशारद-**
**श्रीयशोविजयोपाध्यायविरचितेऽध्यात्मसारप्रकरणे षष्ठः प्रबन्धः ।।**

## અધિકાર-૨૦

# અનુભવ સ્વરૂપ અધિકાર

**પૂર્વ અધિકાર સાથેનું જોડાણ :-**

છઠ્ઠા પ્રબંધના બીજા અધિકારમાં જિનમત સ્તુતિ કરી. તે સ્તુતિના પરમાર્થનો બોધ થાય તો 'જિનમત પરિપૂર્ણ યથાર્થવાદી છે, આત્માના કલ્યાણનું એક કારણ છે' તે પ્રકારની સ્થિર શ્રદ્ધા થાય છે. જિનમતમાં સ્થિર શ્રદ્ધા કરવાથી કલ્યાણના અર્થી જીવો જિનમતના પરમાર્થને જાણીને જિનવચનાનુસાર દૃઢ આચરણા કરે છે જે આચરણાના ફળરૂપે આત્માને મોક્ષપ્રાપ્તિના પ્રબળ કારણરૂપ એવા પારમાર્થિક ભાવોનો અનુભવ પ્રગટે છે. તે અનુભવનું સ્વરૂપ કેવા પ્રકારનું છે તેનો બોધ કરાવવા અર્થે હવે સાતમા પ્રબંધના પ્રસ્તુત પ્રથમ અધિકારમાં ગ્રંથકારશ્રી અનુભવના સ્વરૂપને બતાવે છે.

**અવતરણિકા :-**

**મોક્ષને અનુકૂળ એવા ઉત્તમ ભાવોનો અનુભવ કઈ રીતે થાય છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**शास्त्रोपदर्शितदिशा, गलितासद्ग्रहकषायकलुषाणाम् ।**
**प्रियमनुभवैकवेद्यं, रहस्यमाविर्भवति किमपि ।।१।।**

**અન્વયાર્થ :-**

**गलितासद्ग्रहकषायकलुषाणाम्=ગળી ગયેલા અસદ્ગ્રહરૂપ કષાયના કલુષવાળા જીવોને, शास्त्रोपदर्शितदिशा=શાસ્ત્રએ બતાવેલી દિશાથી, अनुभवैकवेद्यं=અનુભવથી એકવેદ્ય એવું, प्रियं रहस्यं किमपि आविर्भवति=કંઈક પણ પ્રિય રહસ્ય આવિર્ભાવ પામે છે. ।।૨૦-૧।।**

**શ્લોકાર્થ :-**

**ગળી ગયેલા અસદ્ગ્રહરૂપ કષાયના કલુષવાળા જીવોને શાસ્ત્રએ**

**બતાવેલી દિશાથી અનુભવથી એકવેદ્ય એવું, કંઈક પણ પ્રિય રહસ્ય આવિર્ભાવ પામે છે. ।।૨૦-૧।।**

**ભાવાર્થ :-**

સંસારથી અત્યંત ભય પામીને તેના ઉચ્છેદના ઉપાયને જાણવા માટે જેમની અત્યંત માર્ગાનુસારી બુદ્ધિ થયેલી છે તેવા જીવો અતીન્દ્રિય પદાર્થોમાં સ્વમતિ અનુસાર પ્રવર્તતા નથી, પરંતુ શાસ્ત્રને આગળ કરીને પ્રવૃત્તિ કરે છે. વળી અતિ માર્ગાનુસારી બુદ્ધિ હોવાથી શાસ્ત્રને પણ સ્વમતિ અનુસાર જોડતા નથી પરંતુ સર્વજ્ઞનું વચન જે પ્રકારના તાત્પર્યમાં વિશ્રાંત થાય છે તે પ્રકારના તાત્પર્યને જાણવા માટે શક્તિના પ્રકર્ષથી ઉદ્યમ કરે છે. તેવા જીવોનો સ્વમતિ અનુસાર ચાલવાનો અસદ્ગ્રહ પેદા કરાવે તેવો કષાયનો કાલુષ્ય ગળી ગયેલો છે. આવા જીવો પોતાની ભૂમિકાને અનુરૂપ જે યોગમાર્ગ સેવવા જેવો જણાય તે યોગમાર્ગના પરમાર્થને બતાવનાર સર્વજ્ઞના શાસ્ત્રના રહસ્યને જાણવા યત્ન કરે છે અને યોગ્ય ગુરુ પાસેથી તેના પરમાર્થને જાણે છે અને પોતાના માટે સ્વીકારવા યોગ્ય અનુષ્ઠાનના પરમાર્થને જાણીને તે બોધને સ્થિર કરે છે. ત્યારપછી પોતાની ભૂમિકા અનુસાર ઉચિત અનુષ્ઠાનોને શાસ્ત્રે બતાવેલી દિશાથી સમ્યગ્ સેવન કરે છે તેથી તે મહાત્માને તે અનુષ્ઠાનના સેવનના બળથી મોહની આકુળતા કંઈક દૂર થાય છે. તેથી મોહની કંઈક અનાકુળતા થવાથી આત્માની સ્વસ્થાનો અનુભવ પ્રગટે છે; કેમ કે શાસ્ત્ર વીતરાગ સર્વજ્ઞ કથિત છે અને વીતરાગનું વચન સર્વ અનુષ્ઠાન દ્વારા વીતરાગભાવને અનુકૂળ ઉત્તર ઉત્તરના ભાવોની નિષ્પત્તિના ઉપાયને બતાવે તેવી પ્રવૃત્તિ કરવાનું દર્શાવે છે. તેથી જે મહાત્માઓ શાસ્ત્રે બતાવેલ દિશા અનુસાર અનુષ્ઠાન સેવે છે તેમના ચિત્તમાં તે અનુષ્ઠાનથી વીતરાગભાવને અભિમુખ એવા રમ્ય ભાવોનું કોઈક સંવેદન થાય છે જે સંવેદનનું સ્વરૂપ અનુભવએકવેદ્ય છે; કેમ કે આ વીતરાગભાવને અનુકૂળ એવું સંવેદન ચક્ષુ આદિ ઇન્દ્રિયથી ગ્રાહ્ય નથી. વીતરાગને તે અનુભવ પૂર્ણ સ્વરૂપે છે અને શાસ્ત્રાનુસારી ક્રિયા કરનાર યોગીઓને તે અનુભવ કંઈક અંશથી છે, જે અનુભવ કરનાર પુરુષ સિવાય અન્યને પ્રતીત થતું નથી. **।।૨૦-૧।।**

**અવતરણિકા :-**

**શાસ્ત્રાનુસારી ક્રિયાઓ અંતરંગ મોહનાશને અનુકૂળ વ્યાપાર થાય તેવી યતનાપૂર્વક કરવામાં આવે અને બહિરંગ શાસ્ત્રવચન અનુસાર યતનાપૂર્વક કરવામાં આવે તો નિરાકુળ ચેતનાના અંશરૂપ અનુભવ પ્રગટે છે અને તે અનુભવ અભ્યાસદશામાં કેવા પ્રકારનો હોય છે તે બતાવવા અર્થે કહે છે—**

**શ્લોક :-**

**प्रथमाभ्यासविलासादाविर्भूयैव यत्क्षणाल्लीनम् ।**
**चञ्चलतरुणीविभ्रमसममुत्तरलं मनः कुरुते ।।२।।**

**અન્વયાર્થ :-**

**प्रथमाभ्यासविलासादाविर्भूयैव=પ્રથમ અભ્યાસના વિલાસથી આવિર્ભાવ પામીને જ, क्षणात् लीनम् यत् मनः=ક્ષણથી લીન એવું જે મન, चञ्चलतरुणी-विभ्रमसममुत्तरलं कुरुते=તે ચંચલ એવી તરુણ સ્ત્રીના વિભ્રમ સમાન ઉત્તરલ= ઉત્સુક આત્માને કરે છે. ॥૨૦-૨॥**

**શ્લોકાર્થ :-**

**પ્રથમ અભ્યાસના વિલાસથી આવિર્ભાવ પામીને જ ક્ષણથી લીન એવું જે મન તે ચંચલ એવી તરુણ સ્ત્રીના વિભ્રમ સમાન ઉત્સુક આત્માને કરે છે. ॥૨૦-૨॥**

**ભાવાર્થ :-**

જે શ્રાવક કે સાધુ સ્વભૂમિકા અનુસાર ઉચિત એવા અનુષ્ઠાનના પરમાર્થને શાસ્ત્રવચનથી યથાર્થ જાણે અને જાણ્યા પછી તે અનુષ્ઠાન અંતરંગ મોહ નાશ થાય તે પ્રકારના વ્યાપારપૂર્વક કરે અને બહિરંગ શાસ્ત્રવચનના નિયંત્રણપૂર્વક કરે અને તે મહાત્મા પ્રથમ અભ્યાસ દશામાં હોય તો તે અભ્યાસના વિલાસથી કોઈક અનુભવએકવેદ્ય એવું રહસ્ય આવિર્ભાવ પામે છે. આમ છતાં અંતરંગ યત્ન સુઅભ્યસ્ત થયેલું નહીં હોવાથી ક્ષણમાં તે ભાવ વિલીન થાય છે, તોપણ તે મહાત્મા તે ભાવને પ્રગટ કરવા અર્થે તે બાહ્ય અનુષ્ઠાન ફરી ફરી કર્યા કરે તેવા યોગીનું મન કેવું છે તે બતાવે છે.

જેમ ચંચળ એવી તરુણ સ્ત્રી તેના રાગી પાત્ર પ્રત્યે તે તે પ્રકારના કટાક્ષો આદિ કરે ત્યારે તે રાગી પાત્રને મીઠાશનો અનુભવ થાય છે. આમ છતાં જ્યારે તે સ્ત્રી સન્મુખ નથી ત્યારે તે રાગી પુરુષને તે અનુભવનું સ્મરણ થાય છે અને વારંવાર તે સ્ત્રીને જોવા માટે તેનું ચિત્ત ઉત્સુક બને છે, તેમ જે યોગીઓ શાસ્ત્રાનુસારી ક્રિયાના સેવનના બળથી આત્માના પારમાર્થિક ભાવોના રહસ્યનો અનુભવ કરે છે છતાં તે યોગીઓ તે અનુભવને ફરી તે ક્રિયાના સેવનના બળથી કરી શકતા નથી ત્યારે ફરી ફરી તે અનુભવના ભાવોને વેદન કરવા માટે તેઓ ઉત્સુક બને છે.

જેમ જિનવચનાનુસાર સેવાયેલા દ્રવ્યસ્તવથી થતા અનુભવના પરમાર્થને જાણનાર શ્રાવક "આ દ્રવ્યસ્તવ ચારિત્રની પ્રાપ્તિને અનુકૂળ એવા ઉત્તમ ભાવોનું વેદન કરાવીને ચારિત્ર મોહનીયકર્મના નાશનું કારણ છે" તેમ જાણતા હોય છે. તેથી તેવા શ્રાવકો અત્યંત ઉપયોગપૂર્વક ભગવાનની પૂજા કરતા હોય ત્યારે વીતરાગના ચારિત્રગુણોમાં ક્ષણભર લીનતાને પામે તો ભાવચારિત્રની નિષ્પત્તિને અનુકૂળ એવા ઉત્તમ ભાવોનું વેદન તે શ્રાવકને થાય છે. આમ છતાં પ્રથમ અભ્યાસ દશામાં પ્રગટ થયેલ એવો તે ઉત્તમ ભાવ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો દીર્ઘકાળ ટકી શકતો નથી તેથી તે શ્રાવકનું મન તે ભાવોનું વારંવાર સ્મરણ કરે છે અને વિચારે છે કે ફરી કઈ રીતે તે ભાવોનું મને વેદન થાય જેથી મારું ચારિત્ર મોહનીયકર્મ શીઘ્ર નાશ પામે અને મહાસુખના સ્થાનભૂત એવા ઉત્તમ ચારિત્રની પરિણતિને હું શીઘ્ર પ્રાપ્ત કરું. **॥૨૦-૨॥**

**અવતરણિકા :-**

**શાસ્ત્રે બતાવેલી દિશાથી ઉચિત અનુષ્ઠાનોમાં પ્રવૃત્તિ કરવાથી આત્માના પારમાર્થિક સ્વરૂપનો અનુભવ પ્રગટે છે તેમ શ્લોક-૧માં બતાવેલ. વળી, પ્રથમ અભ્યાસ દશામાં યોગીને ક્ષણભર અનુભવ થાય છે. પછી તે અનુભવ મેળવવા અર્થે યોગી અનુષ્ઠાનો સેવે છે તોપણ તે અનુભવ જલ્દી પ્રાપ્ત થતો નથી ત્યારે યોગી તે અનુભવને પ્રાપ્ત કરવા ઉત્સુક બને છે તેમ શ્લોક-૨માં કહ્યું. તેથી જિજ્ઞાસા થાય કે ચિત્ત કેટલા પ્રકારનું છે અને તેમાં કયું ચિત્ત અનુભવની પ્રાપ્તિનું કારણ બને છે તે સ્પષ્ટ કરવા અર્થે પ્રસંગથી પાંચ પ્રકારનાં ચિત્તોને શ્લોક-૩થી ૮ સુધી બતાવે છે —**

**શ્લોક :-**

**सुविदितयोगैरिष्टं, क्षिप्तं मूढं तथैव विक्षिप्तं ।**
**एकाग्रं च निरुद्धं, चेतः पंचप्रकारमिति ।।३।।**

**અન્વયાર્થ :-**

**सुविदितयोगैः=સુવિદિત એવા યોગવાળા યોગીઓ વડે, चेतः=ચિત્ત क्षिप्तं=ક્ષિપ્ત, मूढं=મૂઢ, तथैव विक्षिप्तं=તથા વિક્ષિપ્ત, एकाग्रं=એકાગ્ર, निरुद्धं च=અને નિરુદ્ધ, इति पञ्चप्रकारं इष्टं=એમ પાંચ પ્રકારે મનાયું છે. ।।૨૦-૨।।**

**શ્લોકાર્થ :-**

**સુવિદિત એવા યોગવાળા યોગીઓ વડે ચિત્ત ક્ષિપ્ત, મૂઢ તથા વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરુદ્ધ એમ પાંચ પ્રકારે મનાયું છે. ।।૨૦-૩।।**

**ભાવાર્થ :-**

યોગના સ્વરૂપને જાણનારા એવા પતંજલિ આદિ યોગીઓએ સંસારી જીવોનું ચિત્ત પાંચ પ્રકારનું છે તેમ કહેલ છે. (૧) ક્ષિપ્ત, (૨) મૂઢ, (૩) વિક્ષિપ્ત, (૪) એકાગ્ર અને (૫) નિરુદ્ધ. **।।૨૦-૩।।**

**અવતરણિકા :-**

**પાંચ પ્રકારના ચિત્તમાંથી હવે ક્ષિપ્ત ચિત્તનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**विषयेषु कल्पितेषु च, पुरःस्थितेषु च निवेशितं रजसा ।**
**सुखदुःखयुग्बहिर्मुखमाम्नातं क्षिप्तमिह चित्तम् ।।४।।**

**અન્વયાર્થ :-**

**कल्पितेषु च पुरःस्थितेषु विषयेषु=કલ્પિત વિષયોમાં અને પુરઃસ્થિત વિષયોમાં, रजसा निवेशितं=રાગથી નિવેશિત, सुखदुःखयुक् च=અને સુખ-દુઃખના અનુભવવાળું, बहिर्मुखं चित्तम्=બહિર્મુખ એવું ચિત્ત, इह=અહીં=પાંચ પ્રકારના ચિત્તમાં, क्षिप्तं आम्नातं=ક્ષિપ્ત મનાયું છે.**

**શ્લોકાર્થ :-**

**કલ્પિત વિષયોમાં અને પુરઃસ્થિત વિષયોમાં રાગથી નિવેશિત અને સુખ-દુઃખના અનુભવવાળું, બહિર્મુખ એવું ચિત્ત અહીં ક્ષિપ્ત મનાયું છે. ।।૨૦-૪।।**

**ભાવાર્થ :-**

સંસારી જીવો આત્માના સ્વરૂપને છોડીને બાહ્ય પદાર્થો વિષયક વિચાર કરતા હોય ત્યારે કોઈ વખતે કોઈ વિષય સન્મુખ ન હોય છતાં તે પ્રકારના વિષયને ઉપસ્થિત કરીને રાગથી તે વિષયમાં ચિત્તને પ્રવર્તાવે છે. વળી, કેટલીક વખત સન્મુખ રહેલા વિષયોમાં રાગથી ચિત્તને પ્રવર્તાવે છે. તે વખતે તેઓનું ચિત્ત બાહ્ય પદાર્થોના અવલંબનથી સુખદુઃખના અનુભવને કરનારું બને છે અર્થાત્ જ્યારે તે કલ્પિત કે સન્મુખ રહેલા વિષય પોતાને ઇષ્ટ જણાય તો સુખનો અનુભવ કરે છે અને પોતાને અનિષ્ટ જણાય તો દુઃખનો અનુભવ કરે છે. આ પ્રકારનું ચિત્ત ક્ષિપ્તચિત્ત છે અર્થાત્ પોતાના સ્વરૂપથી બહિર્મુખ થઈને બાહ્ય વિષયોમાં ભટકતા પરિણામવાળું છે. **।।૨૦-૪।।**

**અવતરણિકા :-**

**પાંચ પ્રકારના ચિત્તમાંથી હવે મૂઢ ચિત્તનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**क्रोधादिभिर्नियमितं, विरुद्धकृत्येषु यत्तमोभूम्ना ।**
**कृत्याकृत्यविभागासङ्गतमेतन्मनो मूढम् ।।५।।**

**અન્વયાર્થ :-**

**तमोभूम्ना=તમોભૂમિને કારણે અર્થાત્ અજ્ઞાનને કારણે, विरुद्धकृत्येषु= વિરુદ્ધ કૃત્યોમાં, क्रोधादिभिः नियमितं=ક્રોધાદિ વડે નિયમિત=નિયંત્રિત, कृत्या-कृत्यविभागासङ्गतं=કૃત્યાકૃત્યના વિભાગથી અસંગત એવું, यत्=જે, एतन्मनो मूढम्=આ મન (તે) મૂઢ છે. ।।૨૦-૫।।**

**શ્લોકાર્થ :-**

**તમોભૂમિને કારણે વિરુદ્ધ કૃત્યોમાં ક્રોધાદિ વડે નિયમિત કૃત્યાકૃત્યના વિભાગથી અસંગત એવું જે આ મન (તે) મૂઢ છે. ।।૨૦-૫।।**

**ભાવાર્થ :-**

જીવમાં ગાઢ અજ્ઞાનતા વર્તે છે ત્યારે ઉચિત કૃત્યો શું અને અનુચિત કૃત્યો શું છે એવા પ્રકારના વિભાગને નહીં કરનારું ચિત્ત વર્તે છે અને પોતાના જીવનમાં જે અહિતકારી હોય એવા લોકવિરુદ્ધ કે દેશવિરુદ્ધ કૃત્યોમાં ક્રોધથી, માનથી, માયાથી કે લોભથી નિયંત્રિત થઈને જે ચિત્ત પ્રવર્તતું હોય તેવું મન મૂઢ કહેવાય છે. જેમ કોઈ અતિ કામાંધ થઈને પોતાની કુળમર્યાદાને શોભે નહીં એવાં વિરુદ્ધ કૃત્યોમાં પ્રવૃત્તિ કરતો હોય તે વખતે તે ભોગમાં રાગાંશના પરિણામને આશ્રયીને મૂઢ ચિત્ત છે. **।।૨૦-૫।।**

**અવતરણિકા :-**

**પાંચ પ્રકારના ચિત્તમાંથી હવે વિક્ષિપ્ત ચિત્તનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**सत्त्वोद्रेकात्परिहृतदुःखनिदानेषु सुखनिदानेषु ।**
**शब्दादिषु प्रवृत्तं, सदैव चित्तं तु विक्षिप्तम् ।।६।।**

**અન્વયાર્થ :-**

**परिहृतदुःखनिदानेषु सुखनिदानेषु शब्दादिषु तु=વળી, પરિહાર કર્યો છે દુઃખનાં કારણો જેમાં એવા સુખના કારણીભૂત શબ્દાદિમાં, सत्त्वोद्रेकात् सदैव प्रवृत्तं चित्तं=સત્ત્વના ઉદ્રેકથી સદા જ પ્રવૃત્ત એવું ચિત્ત, विक्षिप्तं=વિક્ષિપ્ત છે. ।।૨૦-૬।।**

**શ્લોકાર્થ :-**

**વળી પરિહાર કર્યો છે દુઃખનાં કારણો જેમાં એવા સુખના કારણીભૂત શબ્દાદિમાં, સત્ત્વના ઉદ્રેકથી સદા જ પ્રવૃત્ત એવું ચિત્ત વિક્ષિપ્ત છે. ।।૨૦-૬।।**

**ભાવાર્થ :-**

જે જીવો વિવેકપૂર્વક દુઃખનાં કારણોને યથાર્થ જાણીને તેનો ત્યાગ કરે છે અને સુખના કારણ એવા શબ્દાદિમાં સત્ત્વના ઉદ્રેકથી પ્રવર્તે છે અર્થાત્ પોતાના જીવનમાં ભાવિમાં કોઈ અનર્થ ન થાય તે રીતે જ શક્તિના અતિશયથી ઇન્દ્રિયો આદિ ઉપર સંયમ રાખીને ભોગમાં જ સદા પ્રવર્તે છે તેવા જીવોનું ચિત્ત વિક્ષિપ્ત છે.

જેમ શરીરાદિના સંયોગોનો વિચાર કરીને ભવિષ્યમાં પોતાને કોઈ અનર્થ ન થાય તે રીતે આહારાદિ પ્રવૃત્તિ કરે તેવી પ્રકૃતિવાળા જીવોનું ચિત્ત વિક્ષિપ્ત છે. **॥૨૦-૬॥**

**અવતરણિકા :-**

**પાંચ પ્રકારના ચિત્તમાંથી હવે એકાગ્ર ચિત્તનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**अद्वेषादिगुणवतां, नित्यं खेदादिदोषपरिहारात् ।**
**सदृशप्रत्ययसङ्गतमेकाग्रं चित्तमाम्नातम् ।।७।।**

**અન્વયાર્થ :-**

**नित्यं=નિત્ય, खेदादिदोषपरिहारात्=ખેદાદિ (આઠ) દોષના પરિહારથી, अद्वेषादिगुणवतां=અદ્વેષાદિ (આઠ) ગુણવાળા યોગીનું, सदृशप्रत्ययसङ्गतं= સદૃશપ્રત્યયસંગત એવું, चित्तं=ચિત્ત, एकाग्रं आम्नातं=એકાગ્ર મનાયું છે. ॥૨૦-૭॥**

**શ્લોકાર્થ :-**

**નિત્ય, ખેદાદિ આઠ દોષના પરિહારથી, અદ્વેષાદિ આઠ ગુણવાળા યોગીનું સદૃશપ્રત્યયસંગત એવું ચિત્ત, એકાગ્ર મનાયું છે. ॥૨૦-૭॥**

❖ ખેદાદિમાં 'आदि'થી ઉદ્વેગ, ક્ષેપ, ઉત્થાન, ભ્રાન્તિ, અન્યમુદ્, રોગ અને આસંગનું ગ્રહણ છે. વળી, અદ્વેષાદિમાં આદિથી તત્ત્વજિજ્ઞાસા, શુશ્રૂષા, શ્રવણ, સૂક્ષ્મબોધ, મીમાંસા, પ્રતિપત્તિ અને પ્રવૃત્તિનું ગ્રહણ છે.

**ભાવાર્થ :-**

યોગીઓ યોગમાર્ગની પ્રવૃત્તિમાં બાધક એવા ખેદાદિ આઠ દોષોના સ્વરૂપને જાણીને તેના પરિહારમાં નિત્ય ઉદ્યમ કરતા હોય અને યોગમાર્ગના ઉચિત અનુષ્ઠાનથી ગુણનિષ્પત્તિમાં સહાયક એવા અદ્વેષાદિ આઠ ગુણો ધરાવતા હોય તેવા યોગીઓ યોગવૃદ્ધિને અનુકૂળ એવા કોઈ જિનપ્રતિમા આદિનું આલંબન લઈને સદૃશપ્રત્યયથી યુક્ત ચિત્ત પ્રવર્તાવતા હોય અર્થાત્ જે આલંબનમાં ચિત્તનો ઉપયોગ છે તેમાં અવિચ્યુતિ નામના ધારણાના ભેદથી ચિત્ત પ્રવર્તાવતા હોય તો તેઓનું ચિત્ત એકાગ્ર છે એમ કહેવાય.

અહીં વિશેષ એ છે કે જિનપ્રતિમા આદિનું આલંબન લઈને જે યોગી દૃઢ ઉપયોગપૂર્વક વીતરાગતાને અભિમુખ અતિશયથી યત્ન કરે છે તે યોગીના ચિત્તમાં વીતરાગતાનો રાગ વૃદ્ધિ પામતો હોય છે. તે વખતે તે ઉપયોગમાં ધ્યાનના ખેદાદિ આઠેય દોષોનો પરિહાર વર્તે છે અને ઉપષ્ટંભક અદ્વેષાદિ આઠેય ગુણો વર્તે છે. તે વખતે જિનપ્રતિમા આદિને આશ્રયીને વીતરાગભાવને અનુકૂળ સદૃશપ્રત્યયથી યુક્ત એવું યોગીનું ચિત્ત છે, જે એકાગ્ર ચિત્ત છે. **॥૨૦-૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં સાલંબન ધ્યાનરૂપ એકાગ્રચિત્તનું સ્વરૂપ બતાવ્યું, હવે નિરાલંબન ધ્યાનરૂપ નિરુદ્ધ ચિત્તનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**उपरतविकल्पवृत्तिकमवग्रहादिक्रमच्युतं शुद्धम् ।**
**आत्मारामसुनीनां, भवति निरुद्धं सदा चेतः ।।८।।**

**અન્વયાર્થ :-**

**उपरतविकल्पवृत्तिकं=ઉપરત વિકલ્પવૃત્તિવાળું, अवग्रहादिक्रमच्युतं=અવગ્રહાદિ ક્રમથી રહિત, शुद्धं=શુદ્ધ એવું, आत्मारामसुनीनां चेतः=આત્મારામ મુનિઓનું ચિત્ત, सदा निरुद्धं भवति=સદા નિરુદ્ધ છે. ॥૨૦-૮॥**

**શ્લોકાર્થ :-**

**ઉપરત વિકલ્પવૃત્તિવાળું અવગ્રહાદિ ક્રમથી ચ્યુત, શુદ્ધ એવું આત્મારામ મુનિઓનું ચિત્ત સદા નિરુદ્ધ છે. ॥૨૦-૮॥**

**ભાવાર્થ :-**

આત્માનું વીતરાગ સ્વરૂપ છે અને રાગાદિના સ્પર્શ વગરના જ્ઞાનરૂપ તે વીતરાગભાવ છે. વળી, શ્રુતના બળથી આત્માનું તેવું વીતરાગ સ્વરૂપ જે યોગીઓને પોતાના આત્મામાં દેખાય છે અને તે સ્વરૂપમાં તેમનું ચિત્ત નિરુદ્ધ થાય છે ત્યારે પદાર્થને સ્પર્શીને ઇષ્ટ-અનિષ્ટના વિકલ્પો તે યોગીના ચિત્તમાંથી નિવર્તન પામે છે, તેથી તે યોગીનું નિરુદ્ધ ચિત્ત વિકલ્પો વગરનું બને છે. યોગીના નિરુદ્ધ ચિત્તને સ્પષ્ટ કરતાં કહે છે, જેમ મતિજ્ઞાનનો ઉપયોગ અવગ્રહાદિ ક્રમવાળો છે, તેવા અવગ્રહાદિ ક્રમવાળો નિરુદ્ધ ચિત્તનો ઉપયોગ નથી પરંતુ શ્રુતથી દેખાતા આત્માના સ્વરૂપમાં સ્થિર થયેલા જ્ઞાનના ઉપયોગ સ્વરૂપ યોગીનું નિરુદ્ધ ચિત્ત છે.

વળી, યોગીના નિરુદ્ધ ચિત્તમાં મોહની આકુળતા નથી તેથી શુદ્ધ છે. આવું ચિત્ત આત્માના સ્વરૂપમાં વિશ્રાંત થયેલા મુનિઓનું હોય છે.

**નિરુદ્ધ ચિત્ત અને એકાગ્ર ચિત્તનો ભેદ :-** એકાગ્ર ચિત્તમાં વીતરાગના સ્વરૂપ પ્રત્યે ઇષ્ટપણાની બુદ્ધિ અને અવીતરાગપણામાં અનિષ્ટપણાની બુદ્ધિરૂપ વિકલ્પો હોય છે, જ્યારે નિરુદ્ધ ચિત્તમાં ક્યાંય ઇષ્ટ-અનિષ્ટના વિકલ્પો નથી, પરંતુ શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપમાં વિદ્યમાન રાગ તે રીતે પ્રવર્તે છે કે જેથી તે રાગનો ક્રમસર ઉચ્છેદ થાય છે. **॥૨૦-૮॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં બતાવેલા પાંચ પ્રકારના ચિત્તમાંથી કયા પ્રકારના ચિત્તમાં સમાધિની પ્રાપ્તિ થાય છે તે હવે બતાવે છે –**

**શ્લોક :-**

**न समाधावुपयोगं, तिस्रश्चेतोदशा इह लभन्ते ।**
**सत्त्वोत्कर्षात् स्थैर्यादुभे समाधिसुखातिशयात् ।।९।।**

**અન્વયાર્થ :-**

**इह=અહીં=પાંચ પ્રકારના ચિત્તમાં, तिस्रश्चेतोदशा=ત્રણ પ્રકારની ચેતો દશા=પ્રથમની ત્રણ પ્રકારની ચિત્તની દશા समाधौ उपयोगं न लभन्ते=સમાધિમાં ઉપયોગને પ્રાપ્ત કરતી નથી, सत्त्वोत्कर्षात् स्थैर्यात् समाधिसुखातिशयात्=સત્ત્વના ઉત્કર્ષથી સ્થૈર્યથી સમાધિના સુખનો અતિશય હોવાથી, उभे=બે દશા=ચિત્તની છેલ્લી બે દશા, (समाधौ उपयोगं लभन्ते=સમાધિમાં ઉપયોગને પામે છે.) ॥૨૦-૯॥**

**શ્લોકાર્થ :-**

**અહીં ત્રણ પ્રકારની ચેતોદશા સમાધિમાં ઉપયોગને પ્રાપ્ત કરતી નથી. સત્ત્વના ઉત્કર્ષથી સ્થૈર્યથી સમાધિના સુખનો અતિશય હોવાથી બે દશા સમાધિમાં ઉપયોગને પામે છે. ॥૨૦-૯॥**

**ભાવાર્થ :-**

ક્ષિપ્ત ચિત્ત, મૂઢ ચિત્ત કે વિક્ષિપ્ત ચિત્ત એ ચિત્તની ત્રણ દશા આત્માના શુદ્ધ ભાવમાં સ્થિર થવારૂપ સમાધિમાં ઉપયોગને પ્રાપ્ત કરતી નથી; કેમ કે ચિત્ત રાગાદિ ભાવોથી આકુળ છે.

વળી, એકાગ્ર અને નિરુદ્ધ – એ બે દશામાં વર્તતા ચિત્તમાં આત્માના શુદ્ધ ભાવોમાં જવા માટેના સત્ત્વનો ઉત્કર્ષ વર્તે છે. વળી, ચિત્ત એકાગ્ર કાળમાં કે નિરુદ્ધકાળમાં સ્થિરતાવાળું છે. વળી, એકાગ્ર અવસ્થાકાળમાં કે નિરુદ્ધ અવસ્થાકાળમાં આત્મા જે શુદ્ધ ભાવોમાં વર્તે છે તે અવસ્થામાં નિરાકુળ ભાવરૂપ સુખનો અતિશય વર્તે છે અર્થાત્ સંસારના ભોગાદિમાં થતા સુખ કરતાં અતિશયવાળું સમાધિનું સુખ વર્તે છે તેથી શુદ્ધ આત્મભાવમાં વિશ્રાંત થવારૂપ જે વિશિષ્ટ સમાધિ છે તેમાં એકાગ્ર ચિત્ત અને નિરુદ્ધ ચિત્તની અવસ્થા ઉપયોગી બને છે. **॥૨૦-૯॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૩થી શ્લોક-૮ સુધી પાંચ પ્રકારના ચિત્તનું સ્વરૂપ બતાવ્યું. હવે પ્રથમના ત્રણ પ્રકારનાં ચિત્ત કેવાં હોય છે તે વિશેષથી બતાવે છે –**

**શ્લોક :-**

**योगारम्भस्तु भवेद्विक्षिप्ते मनसि जातु सानन्दे ।**

**क्षिप्ते मूढे वास्मिन्, व्युत्थानं भवति नियमेन ।।१०।।**

**અન્વયાર્થ :-**

**सानन्दे तु विक्षिप्ते मनसि=વળી, સાનંદ વિક્ષિપ્ત મનમાં, जातु योगारम्भः भवेत्=ક્યારેક યોગારંભ થાય, क्षिप्ते मूढे वास्मिन्=ક્ષિપ્ત અથવા મૂઢ એવા આમાં=ચિત્તમાં, नियमेन व्युत्थानं भवति=નિયમથી વ્યુત્થાન છે. ॥૨૦-૧૦॥**

**શ્લોકાર્થ :-**

**વળી, સાનંદ વિક્ષિપ્ત મનમાં ક્યારેક યોગારંભ થાય. ક્ષિપ્ત અથવા મૂઢ એવા ચિત્તમાં નિયમથી વ્યુત્થાન છે. ॥૨૦-૧૦॥**

**ભાવાર્થ :-**

પ્રથમના ત્રણ પ્રકારનાં ચિત્તોમાંથી ક્ષિપ્ત અને મૂઢ ચિત્તમાં નિયમથી આત્મા આત્મિક ભાવોને છોડીને બાહ્ય ભાવોમાં વર્તે છે તેથી તે બે ચિત્ત જીવની વ્યુત્થાન દશા છે અને તેવા જીવો કેવળ સંસારની પ્રવૃત્તિ કરીને સંસારનું જ અર્જન કરે છે.

વળી, આનંદવાળું વિક્ષિપ્ત મન હોય ત્યારે ક્યારેક યોગનો આરંભ થાય છે.

આશય એ છે કે સંસારી જીવો સંસારના સુખાદિમાં મગ્ન હોય ત્યારે તેઓનું વિક્ષિપ્ત ચિત્ત હોય છે અને આનંદવાળું હોય છે ત્યારે તે ચિત્તથી યોગનો આરંભ નથી પરંતુ કોઈક જીવો સંસારનું વાસ્તવિક સ્વરૂપ જાણીને સંસારથી વિમુખભાવવાળા થયા છે અને મોક્ષના અર્થી થયા છે તેવા જીવો મોક્ષપ્રાપ્તિના ઉપાયભૂત એવા યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરતા હોય આમ છતાં એકાગ્રતાપૂર્વક યોગમાર્ગની પ્રવૃત્તિ કરી શકતા ન હોય ત્યારે તેઓનું યોગમાર્ગમાં પ્રવૃત્ત એવું પણ ચિત્ત વિક્ષિપ્ત છે અને વિક્ષિપ્ત એવા પણ તેઓના ચિત્તમાં યોગનો પ્રારંભ વર્તે છે. જેમ મોક્ષના અર્થી જીવો યોગી પાસે યોગમાર્ગને જાણવા માટે ઉદ્યમ કરતા હોય અને રુચિપૂર્વક તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ યત્ન કરતા હોય

ત્યારે તેઓનું ચિત્ત યોગમાર્ગની પ્રવૃત્તિ કરી રહ્યું છે. વળી, તે જીવો તત્ત્વાતત્ત્વનો નિર્ણય કરીને તત્ત્વના પક્ષપાતપૂર્વક આત્માના ઉત્તમભાવોને પ્રગટ કરવાના આશયથી ઉચિત ધર્મની પ્રવૃત્તિ કરતા હોય છતાં ચિત્ત એકાગ્ર અવસ્થાને પામેલું ન હોય તો ચિત્તની તે અવસ્થામાં યોગનો પ્રારંભ છે. વળી, યોગના પ્રારંભવાળા જીવો પણ યોગમાર્ગને અનુકૂળ ઉચિત પ્રવૃત્તિ કરતા ન હોય અને સંસારની પ્રવૃત્તિ કરતા હોય ત્યારે તેઓનું જે વિક્ષિપ્ત ચિત્ત છે તે યોગના આરંભરૂપ નથી પરંતુ તે જીવો જ્યારે જ્યારે યોગમાર્ગને અનુકૂળ ઉચિત ક્રિયાઓ કરતા હોય અને તેઓનું ચિત્ત તે તે યોગની પ્રવૃત્તિમાં વર્તતું હોય ત્યારે તેઓના વિક્ષિપ્ત ચિત્તમાં યોગનો પ્રારંભ છે. **॥૨૦-૧૦॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં બતાવ્યું કે વિક્ષિપ્ત ચિત્તમાં યોગનો આરંભ ક્યારેક થાય છે તેથી હવે યોગની આરંભ દશાવાળું ચિત્ત કેવું હોય છે તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**विषयकषायनिवृत्तं, योगेषु च सञ्चरिष्णु विविधेषु ।**
**गृहखेलद्बालोपममपि चलमिष्टं मनोऽभ्यासे ।।११।।**

**અન્વયાર્થ :-**

**विषयकषायनिवृत्तं=વિષયકષાયથી નિવૃત્ત, विविधेषु योगेषु सञ्चरिष्णु=વિવિધ યોગોમાં સંચરણ પામતું, गृहखेलद्बालोपममपि=ઘરમાં રમતા બાળકની ઉપમાવાળું પણ, चलं मनः=ચલ એવું મન, अभ्यासे इष्टं=અભ્યાસદશામાં ઈષ્ટ છે. ।।૨૦-૧૧।।**

**શ્લોકાર્થ :-**

**વિષયકષાયથી નિવૃત્ત, વિવિધ યોગોમાં સંચરણ પામતું, ઘરમાં રમતા બાળકની ઉપમાવાળું પણ, ચલ એવું મન અભ્યાસદશામાં ઈષ્ટ છે. ।।૨૦-૧૧।।**

**ભાવાર્થ :-**

યોગઆરંભ દશાવાળા યોગીઓનું ચિત્ત મન, વચન અને કાયાના યોગોમાં સંચાર કરનારું હોય છે તેથી તે ચિત્ત એકાગ્રતાવાળું નથી પરંતુ એક વિષયમાંથી અન્ય વિષયમાં જનારું છે. આમ છતાં યોગમાર્ગની ઉચિત પ્રવૃત્તિમાં ક્રમસર મનનું સંચરણ હોય છે તેથી તે ચિત્ત ઇન્દ્રિયોના વિષયોમાં પ્રવૃત્ત નથી અને ઉચિત ધર્માનુષ્ઠાનમાં ચિત્તનો ઉપયોગ પ્રવર્તતો હોય છે તેથી સેવાતા ધર્મઅનુષ્ઠાન કાળમાં આત્મિક ગુણો પ્રત્યેનો રાગભાવ હોવાથી અથવા થયેલા અતિચારો આદિ પ્રત્યે દ્વેષભાવ હોવાથી તે મહાત્માના વિદ્યમાન કષાય નષ્ટ નષ્ટતર થાય છે, પરંતુ વિદ્યમાન કષાય ઉત્તરોત્તર વૃદ્ધિ પામતા નથી અને જે નષ્યમાણ હોય તે નષ્ટ કહેવાય એ પ્રકારનો ન્યાય છે. તેથી તે ચિત્ત વિષયો અને કષાયોથી નિવૃત્ત છે એમ કહેલ છે. વળી તે ચિત્ત આત્માના ગુણરૂપ વિષયને અવલંબીને અને અકષાયભાવરૂપ પરિણામને અવલંબીને પ્રવર્તી રહ્યું છે તેથી યોગમાર્ગની અભ્યાસદશામાં ઘરમાં રમતા બાળકની ઉપમાવાળું એવું તે ચલચિત્ત પણ આત્મકલ્યાણનું કારણ હોવાથી ઇષ્ટ છે.

જેમ નાનું બાળક ઘરને છોડીને બહાર ભટકતું હોય તો તેને અનર્થની પ્રાપ્તિનો ભય છે તેમ સાધક યોગીનું ચિત્ત આત્મારૂપી ઘરને છોડીને બાહ્યભાવોમાં ભટકતું હોય તો તે સાધક યોગીને સંસારની વૃદ્ધિરૂપ અનર્થની પ્રાપ્તિનો ભય છે. અને જેમ બાળક ઘરમાં પણ રમતું હોય તો તે ઇષ્ટ છે તેમ સાધક યોગીનું ચિત્ત આત્મારૂપી ઘરમાં સ્થિર ભાવને પામેલું ન હોય પરંતુ ચલ અવસ્થાવાળું હોય તોપણ તે અભ્યાસદશામાં ઇષ્ટ છે.

અહીં વિશેષ એ છે કે જેમ કોઈ શ્રાવક ભગવાનની પૂજામાં યત્નવાળા હોય ત્યારે ભગવાનના ગુણોને અવલંબીને તે શ્રાવકના મન, વચન, કાયાના યોગો પ્રવર્તતા હોય તો તે ચલ અવસ્થાવાળું ચિત્ત પણ વીતરાગભાવ તરફ જનારું હોવાથી યોગની પ્રવૃત્તિરૂપે તેવું ચિત્ત ઇષ્ટ છે. પરંતુ જે શ્રાવકને ભગવાનના ગુણો જાણવાની જિજ્ઞાસા નથી કે વિશેષ ગુણોનો કોઈ બોધ નથી, માત્ર પૂજાની પ્રવૃત્તિકાળમાં તે શ્રાવકનું ચિત્ત ભગવાનની પૂજાની તે તે ક્રિયામાં પ્રવર્તતું હોય તેટલા માત્રથી તે પૂજાની ક્રિયાથી યોગનો આરંભ થતો નથી પરંતુ ભગવાનના ગુણોને અવલંબીને તે શ્રાવક ભગવાનના તે તે ગુણોથી

આત્માને ભાવિત કરવા યત્ન કરે તો તે વિક્ષિપ્ત ચિત્તમાં પણ મોક્ષને અનુકૂળ એવા આત્મિક ભાવોના સંસ્કાર પડે છે માટે તે વિક્ષિપ્ત ચિત્તમાં પણ યોગનો આરંભ છે. **॥૨૦-૧૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં બતાવ્યું કે, આત્મભાવમાં પ્રવર્તતું ચલચિત્ત પણ અભ્યાસ દશામાં ઈષ્ટ છે તેથી એ પ્રાપ્ત થાય કે ઘરમાં રહેલા બાળકની જેમ એકાગ્રતા વગરનું પણ આત્માના ભાવોને સ્પર્શીને પ્રવર્તતું ચિત્ત અભ્યાસ દશામાં ઈષ્ટ છે. ત્યાં શંકા થાય કે અભ્યાસદશાવાળા પણ યોગીઓ અસ્ખલિત આત્મભાવમાં ચલચિત્તને પણ પ્રવર્તાવી શકતા નથી તેથી તેઓનું ચિત્ત વારંવાર સ્ખલના પામે છે. તેવું ચિત્ત પણ કઈ રીતે સર્વથા દુષ્ટ નથી તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**वचनानुष्ठानगतं, यातायातं च सातिचारमपि ।**
**चेतोऽभ्यासदशायां, गजाङ्कुशन्यायतोऽदुष्टम् ।।१२।।**

**અન્વયાર્થ :-**

**वचनानुष्ठानगतं=વચનાનુષ્ઠાનગત, सातिचारमपि च यातायातं चेतः=અને સાતિચાર પણ યાતાયાત ચિત્ત=આત્મભાવથી બહાર જતું અને આત્મભાવમાં આવતું, अभ्यासदशायां=અભ્યાસ દશામાં, गजाङ्कुशन्यायतः अदुष्टम्= ગજાંકુશન્યાયથી અદુષ્ટ છે. ।।૨૦-૧૨।।**

**શ્લોકાર્થ :-**

**વચનાનુષ્ઠાનગત અને સાતિચાર પણ યાતાયાત ચિત્ત અભ્યાસ દશામાં ગજાંકુશન્યાયથી અદુષ્ટ છે. ।।૨૦-૧૨।।**

**ભાવાર્થ :-**

કોઈ સાધક યોગની આરંભ દશામાં હોય ત્યારે તેમનું ચિત્ત વિક્ષિપ્ત હોય છે, તોપણ ભગવાનના વચનોનું અવલંબન લઈને ઉચિત અનુષ્ઠાનમાં પ્રવર્તતું ચિત્ત આત્મભાવને છોડીને બહાર ન જતું હોય તો ઘરમાં રમતા બાળકની

ઉપમાથી ચલ પણ ઇષ્ટ છે. પરંતુ ચલચિત્તવાળા પણ બધા યોગી ક્રિયાના પ્રારંભથી નિષ્ઠા સુધી સતત મનને આત્મભાવમાં રાખવા માટે સમર્થ થતા નથી. તેવા યોગીઓ વચનનું સ્મરણ કરીને વચનાનુસાર સૂત્ર અને અર્થમાં ચિત્ત પ્રવર્તાવતા હોય આમ છતાં અભ્યાસદશાવાળા એવા તે યોગીનું અનુષ્ઠાન કંઈક અતિચારવાળું પણ બને છે, ત્યારે તે અનુષ્ઠાનને અવલંબીને તે યોગીનું ચિત્ત પ્રવર્તતું નથી, પરંતુ આત્મભાવને છોડીને ઇન્દ્રિયોના અન્ય વિષયો સાથે સંબંધિત થાય છે, છતાં જેમ ઉન્મત્ત થયેલા ગજને અંકુશથી મહાવત નિયંત્રિત કરે તેમ તે યોગી પોતાની સ્ખલનાનું સ્મરણ કરીને ચિત્તને ફરી સેવાતા અનુષ્ઠાન સાથે યોજન કરે છે ત્યારે આત્મભાવમાંથી બહાર ગયેલું તેમનું ચિત્ત ફરી આત્મભાવમાં આવે છે. આ રીતે અનુષ્ઠાન દરમિયાન અભ્યાસદશામાં યોગીનું ચિત્ત યાતાયાત હોય તોપણ જે યોગી ફરી ફરી લક્ષ્ય તરફ ચિત્તને પ્રવર્તાવવા યત્ન કરે છે તેઓનું તે વચનાનુષ્ઠાન અદુષ્ટ છે અર્થાત્ ક્રમે કરીને સ્ખલના વગર આત્મભાવમાં રહેવાનું કારણ બનશે માટે ત્યાજ્ય નથી. **॥૨૦-૧૨॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૧માં કહેલ કે યોગની પ્રારંભ દશામાં ઘરમાં રમતા બાળકની ઉપમાવાળું ચલચિત્ત પણ અભ્યાસ દશામાં ઈષ્ટ છે. વળી, શ્લોક-૧૨માં કહ્યું કે અભ્યાસ દશામાં સાતિચાર ચિત્ત પણ ગજાંકુશ ન્યાયથી અદુષ્ટ છે. ત્યાં જિજ્ઞાસા થાય કે ચિત્તને આત્મભાવમાં પ્રવર્તાવવા માટેનો ઉપાય શું છે ? તેથી કહે છે–**

**શ્લોક :-**

**ज्ञानविचाराभिमुखं, यथा यथा भवति किमपि सानन्दम् ।**
**अर्थैः प्रलोभ्य बाह्यैरनुगृह्णीयात्तथा चेतः ।।१३।।**

**અન્વયાર્થ :-**

**यथा यथा ज्ञानविचाराभिमुखं=જે જે પ્રકારે જ્ઞાન વિચારને અભિમુખ=શુદ્ધ આત્માના મર્મને સ્પર્શનાર એવા બોધને અનુકૂળ વિચારને અભિમુખ,**

**किमपि सानन्दम् भवति=કાંઈક પણ સાનંદ ચિત્ત થાય, तथा=તે પ્રકારે, बाह्यैः अर्थैः प्रलोभ्य=બાહ્ય અર્થોથી પ્રલોભન કરીને=શાસ્ત્ર, સૂત્રો કે જિનપ્રતિમાદિ બાહ્ય અર્થોથી પ્રલોભન કરીને, चेतः अनुगृह्णीयात्=ચિત્તને અનુગૃહિત કરે=તે તે આલંબનોનું ગ્રહણ કરે. ||૨૦-૧૩||**

**શ્લોકાર્થ :-**

**જે જે પ્રકારે જ્ઞાનવિચારને અભિમુખ કાંઈક પણ સાનંદ ચિત્ત થાય તે પ્રકારે બાહ્ય અર્થોથી પ્રલોભન કરીને ચિત્તને અનુગૃહિત કરે. ||૨૦-૧૩||**

**ભાવાર્થ :-**

સાધક યોગીનું લક્ષ્ય સર્વ કર્મથી રહિત, સર્વ ઉપદ્રવોથી રહિત એવું આત્માનું શુદ્ધ સ્વરૂપ છે અને તે શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવા માટે મતિજ્ઞાનનો જે માર્ગાનુસારી ઊહ છે તે યોગમાર્ગની વૃદ્ધિને અનુકૂળ જ્ઞાનનો વિચાર છે. તે વિચારને અભિમુખ જ્યારે યોગીનું ચિત્ત જાય છે ત્યારે તે યોગીને તેવું ચિત્ત પોતાના ઇષ્ટની પ્રાપ્તિનું કારણ દેખાવાથી કાંઈક આનંદવાળું બને છે. જે પ્રકારે તેવું આનંદવાળું ચિત્ત બને તે પ્રકારે આરંભ દશાવાળા યોગી બાહ્ય અર્થોથી પ્રલોભન આપીને ચિત્તને અનુગૃહિત કરે અર્થાત્ તે યોગી પોતાના આત્માને અનુશાસન આપે કે "જો શુદ્ધ આત્માને તારે પ્રગટ કરવો હોય તો તારે સદ્શાસ્ત્રોનો તે રીતે મર્મસ્પર્શી અભ્યાસ કરવો જોઈએ. તેના માટે ગુણવાન ગુરુનો સંપર્ક કરવો જોઈએ. વળી, શાસ્ત્રના અધ્યયનથી બોધ કર્યા પછી આત્માને શુદ્ધ આત્મભાવોથી વાસિત કરવા માટે જે જે સૂત્રો છે તે તે સૂત્રો અને તેના અર્થો કે જિનપ્રતિમાદિનું આલંબન લઈને જો તું સમ્યક્ યત્ન કરીશ તો કાંઈક સાનંદ એવું તારું ચિત્ત પ્રાપ્ત થશે, જેથી તારું ચિત્ત તને ઇષ્ટ એવા શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિનું બીજ બનશે." આ પ્રકારે સૂત્રો, ગુરુ આદિ બાહ્ય ક્રિયાઓના પ્રલોભનથી આત્માને વાસિત કરીને તે યોગી સ્વભૂમિકા અનુસાર ઉચિત ક્રિયામાં યત્ન કરે તો તેના બળથી તે યોગીનું ચિત્ત ઘરમાં રમતા બાળકની જેમ આત્મભાવોમાં રમતું બને અને ઉચિત અનુષ્ઠાનના સેવનકાળમાં અનુષ્ઠાનથી નિષ્પાદ્ય ભાવોને છોડીને બાહ્ય પદાર્થોમાં જતું બંધ થાય. **||૨૦-૧૩||**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે ચિત્તને આત્મભાવમાં રાખવા માટે તે પ્રકારના બાહ્ય અર્થોનું પ્રલોભન આપીને અનુગ્રહ કરવો જોઈએ તેથી હવે તે બાહ્ય કયા અર્થોનું પ્રલોભન આપીને ચિત્તને અનુગ્રહ કરવો જોઈએ તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**अभिरूपजिनप्रतिमां, विशिष्टपदवर्णवाक्यरचनां च ।**
**पुरुषविशेषादिकमप्यत एवालम्बनं ब्रुवते ।।१४।।**

**અન્વયાર્થ :-**

**अतः एव=આથી જ અર્થાત્ પૂર્વ શ્લોકમાં કહ્યું કે ઘરમાં રમતા બાળકની જેમ ચિત્તને આત્મભાવમાં રાખવા માટે બાહ્ય અર્થોથી ચિત્તને પ્રલોભન કરવું જોઈએ આથી જ, अभिरूपजिनप्रतिमां=અભિરૂપ જિનપ્રતિમાને, विशिष्ट-पदवर्णवाक्यरचनां=વિશિષ્ટ એવા પદવાળા વર્ણ કે વાક્યની રચનાને, पुरुषविशेषादिकमपि च=અને પુરુષવિશેષાદિને પણ, आलम्बनं=આલંબન, ब्रुवते=કહે છે=જિનો કહે છે. ।।૨૦-૧૪।।**

**શ્લોકાર્થ :-**

**આથી જ અભિરૂપ જિનપ્રતિમાને, વિશિષ્ટ એવા પદવાળા વર્ણ કે વાક્યની રચનાને અને પુરુષવિશેષાદિને પણ આલંબન જિનો કહે છે. ।।૨૦-૧૪।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે, ઘરમાં રમતા બાળકની જેમ ચિત્તને આત્મભાવમાં રમતું કરવા માટે બાહ્ય અર્થો વડે અનુગ્રહ કરવો જોઈએ આથી જ શાસ્ત્રકારો ચિત્તને આત્મભાવમાં રાખવા માટે,

(૧) સુંદર આકૃતિવાળી જિનપ્રતિમાને,

(૨) વિશિષ્ટ પદવાળા વર્ણ અને વાક્યની રચનાને અને

(૩) પુરુષવિશેષાદિકને, આલંબન કહે છે.

**(૧) અભિરૂપ જિનપ્રતિમા :**

સુંદર આકારવાળી અને સુંદર અલંકારોથી શોભાયમાન જિનપ્રતિમા હોય તો ચક્ષુ તેને જોવામાં સ્થિરભાવને પામે છે અને તે પ્રતિમાને જોઈને આત્મભાવમાં જવાના અર્થી સાધક "આ જિનની પ્રતિમા છે" એ પ્રકારના પ્રતિસંધાન દ્વારા જિનમાં વર્તતા અપાયાપગમાદિ ચાર અતિશયોરૂપે જિનને સ્મૃતિમાં ઉપસ્થિત કરી શકે છે અને તેવા જિનને અવલંબીને રાગભાવથી જિનને જોવામાં ઉપયુક્ત ચિત્ત ઘરમાં રમતા બાળકની જેમ જિનમાં વર્તતા વીતરાગભાવ પ્રત્યે રાગથી વર્તે છે તેથી તે રાગ આત્મભાવમાં જવાને અનુકૂળ વ્યાપારરૂપ હોવાથી આત્મભાવમાં વર્તે છે. માટે શાસ્ત્રકારો અભિરૂપ જિનપ્રતિમાને આત્મભાવમાં રહેવાનું આલંબન કહે છે.

અહીં વિશેષ એ છે કે જિનપ્રતિમાને અવલંબીને જિનમાં રાગથી વર્તતું ચિત્ત આત્માના વીતરાગભાવમાં વિશ્રાંત થતું હોવાથી આત્મભાવમાં છે; કેમ કે જિનપ્રતિમાને અવલંબીને જિનમાં વર્તતો રાગ આત્માના વીતરાગભાવના પ્રતિબંધક એવાં કર્મોની વિપુલ નિર્જરાનું કારણ બને છે. વળી, આત્મભાવમાં વર્તતા ચિત્તથી નિર્જરા થાય છે અને પુદ્ગલભાવમાં વર્તતા ચિત્તથી કર્મબંધ થાય છે તે નિયમ પ્રમાણે જિનમાં રાગથી વર્તતા ચિત્તથી સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય છે.

**(૨) વિશિષ્ટ પદવાળા વર્ણ અને વાક્યની રચના :**

વળી, કોઈક સાધક યોગી પોતાના ચિત્તને આત્મભાવમાં સ્થિર કરવા અર્થે 'પંચિદિય' આદિ સૂત્રોનાં જે વિશિષ્ટ પદો છે, તેના વર્ણોની અને વાક્યોની રચનામાં પોતાના ચિત્તને સતત વર્તાવે તો 'પંચિદિય' સૂત્ર દ્વારા સંવરભાવને પામેલા મુનિનું સ્વરૂપ ઉપસ્થિત થાય છે અને તેવા મુનિમાં રાગભાવથી પ્રવર્તતું ચિત્ત ચારિત્રમોહનીય કર્મના નાશનું પ્રબળ કારણ છે તેથી તે પદાદિના અવલંબનથી તે યોગીનું ચિત્ત આત્મભાવમાં વર્તી શકે છે. માટે શાસ્ત્રકારો વિશિષ્ટ પદના વર્ણ અને વાક્યની રચનાને આત્મભાવમાં રહેવાનું આલંબન કહે છે.

**(૩) પુરુષવિશેષ :**

કોઈ યોગી પુરુષ હોય, જેમના મુદ્રા આદિના ભાવો કે જેમની ચેષ્ટાવિશેષ પણ નિર્લેપતાના સ્વરૂપની ઉપસ્થિતિ કરાવે તેવી હોય અથવા તેવા યોગી પુરુષ પાસેથી ઉચિત ઉપદેશ પ્રાપ્ત થાય તેમ હોય તેવા પુરુષવિશેષને અવલંબીને જેઓ સદા યત્ન કરે છે તેઓનું ચિત્ત તે પુરુષવિશેષના અવલંબનથી સદા ઉત્તમભાવોથી વાસિત બને છે. માટે શાસ્ત્રકારો પુરુષવિશેષને આત્મભાવમાં રહેવાનું આલંબન કહે છે.

અહીં 'આદિ' પદથી એ ગ્રહણ કરવાનું છે કે ઉપયોગપૂર્વક સેવાતી સાધ્વાચારની કે અધ્યયનાદિની બાહ્ય ક્રિયાઓ પણ ચિત્તને આત્મભાવમાં રાખવાનું આલંબન છે. **॥૨૦-૧૪॥**

**અવતરણિકા :-**

**પૂર્વ શ્લોકમાં કહ્યું કે અભિરૂપ જિનપ્રતિમાદિ આત્મભાવમાં રહેવા માટે આલંબન છે. ત્યાં પ્રશ્ન થાય કે બાહ્ય આલંબનથી તો ચિત્ત બાહ્યભાવમાં વર્તે છે તેથી આત્મભાવમાં રહેવા માટે બાહ્ય આલંબનો કયા યોગીને કઈ રીતે ઉપકારક થાય છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**आलम्बनैः प्रशस्तैः, प्रायो भावः प्रशस्त एव यतः ।**
**इति सालम्बनयोगी, मनः शुभालम्बनं दध्याद् ।।१५।।**

**અન્વયાર્થ :-**

**यतः=જે કારણથી, प्रशस्तैः आलम्बनैः=પ્રશસ્ત આલંબન વડે, प्रायः प्रशस्तः एव भावः=પ્રાયઃ પ્રશસ્ત જ ભાવ થાય છે, इति=એથી, सालम्बनयोगी=સાલંબન યોગી અર્થાત્ આલંબનથી જ યોગસાધના કરી શકે તેવા યોગી, शुभालम्बनं मनः दध्याद्=શુભાલંબનવાળું મન ધારણ કરે. ।।૨૦-૧૫।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી પ્રશસ્ત આલંબન વડે પ્રાયઃ પ્રશસ્ત જ ભાવ થાય છે એથી સાલંબન યોગી શુભાલંબનવાળું મન ધારણ કરે. ।।૨૦-૧૫।।**

**ભાવાર્થ :-**

કોઈ યોગીને પોતાનું ચિત્ત આત્માના શુદ્ધભાવમાં સ્થિર કરવાની ઇચ્છા હોય તે મહાત્મા પ્રશસ્ત આલંબનો લઈને તેમાં યત્ન કરે તો, તે આલંબનો દ્વારા આત્માના પારમાર્થિક સ્વરૂપને સ્પર્શે તેવો પ્રશસ્ત જ ભાવ થાય છે. આથી જે યોગી આલંબનના બળથી પ્રશસ્ત ભાવો કરી શકે તેવા છે તેવા સાલંબનયોગી મનને શુભ આલંબનવાળું કરે, જેથી તે શુભાલંબનને અવલંબીને પોતાનું ચિત્ત પ્રશસ્ત ભાવમાં રહે પરંતુ અપ્રશસ્ત ભાવમાં જાય નહીં.

અહીં 'પ્રાયઃ' કહેવાથી એ પ્રાપ્ત થાય કે પ્રશસ્ત આલંબનવાળા યોગી પણ ક્યારેક પ્રમાદવશ હોય તો અપ્રશસ્તભાવ પણ કરે છે પરંતુ બહુલતાએ પ્રશસ્ત આલંબનથી પ્રશસ્ત જ ભાવ થાય છે. જેમ ગુણવાન એવા સુસાધુના સાધુપણાને અવલંબીને પ્રવર્તતું ચિત્ત હોય, આમ છતાં ક્યારેક તે પ્રશસ્ત આલંબનને ઓળંગીને પણ મોહને વશ તેમના રૂપાદિ પ્રત્યે ઉપયોગ પ્રવર્તે તો અપ્રશસ્તભાવ પણ થાય છે. **॥૨૦-૧૫॥**

**અવતરણિકા :-**

**પૂર્વ શ્લોકમાં બતાવ્યું કે સાલંબન યોગીને પ્રશસ્ત આલંબનોથી પ્રાયઃ પ્રશસ્ત જ ભાવો થાય છે તેથી તે યોગી શુભ આલંબનવાળું મન કરે અને તેના દ્વારા તે મનશુદ્ધિ આત્મભાવમાં કઈ રીતે સ્થિરતાને પામે છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**सालम्बनं क्षणमपि, क्षणमपि कुर्यान्मनो निरालम्बम् ।**
**इत्यनुभवपरिपाकादाकालं स्यान्निरालम्बम् ।।१६।।**

**અન્વયાર્થ :-**

**क्षणमपि सालम्बनं=(સાલંબન યોગી) ક્ષણ પણ સાલંબનવાળું, क्षणमपि निरालम्बं मनः कुर्यात्=ક્ષણ પણ નિરાલંબનવાળું મન કરે, इति=એ પ્રકારે, अनुभवपरिपाकादाकालं निरालम्बं स्यात्=અનુભવના પરિપાકથી આકાલ નિરાલંબન થાય. ॥૨૦-૧૬॥**

**શ્લોકાર્થ :-**

**સાલંબન યોગી ક્ષણ પણ સાલંબનવાળું, ક્ષણ પણ નિરાલંબનવાળું મન કરે, એ પ્રકારે, અનુભવના પરિપાકથી આકાલ નિરાલંબન થાય. ||૨૦-૧૬||**

**ભાવાર્થ :-**

પૂર્વ શ્લોકમાં કહ્યા એવા સાલંબન યોગી પ્રશસ્ત આલંબનોનું અવલંબન લઈને પ્રશસ્ત ભાવવાળા થાય છે તે વખતે તે યોગીનું ચિત્ત અભિરૂપ જિનપ્રતિમાના અવલંબનથી વીતરાગભાવને અભિમુખ પ્રવર્તે છે. આમ છતાં આદ્યભૂમિકામાં પોતાના આત્મામાં વર્તતી વીતરાગભાવરૂપ અરૂપી ચેતના તેટલી સ્પષ્ટ દેખાતી નથી જેથી તે અરૂપી ચેતનામાં તે યોગી ચિત્તને સ્થાપન કરી શકે. પરંતુ પ્રશસ્ત આલંબનના બળથી જેમ જેમ તે યોગીનો મોહ નાશ પામે તેમ તેમ તે મોહ-નાશ સાથે તે યોગીના શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપને જોવાને બાધક જ્ઞાનાવરણીય આદિ કર્મોનો પણ નાશ થાય છે. જેમ જેમ શુદ્ધ આત્માના સ્વરૂપને જોવા માટે ઉપયોગી એવો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમભાવ વૃદ્ધિ પામે છે અને જ્ઞાનાવરણીયની ક્ષયોપશમભાવ સાથે મોહ નાશ થવાથી આત્મભાવોમાં સ્થિરતા પ્રગટ થાય છે તેમ તેમ શ્રુતના બળથી નિરાકુળ એવી પોતાની અરૂપી ચેતના પૂર્વ કરતાં કંઈક સ્પષ્ટ દેખાય છે. અને તે નિરાકુળ ચેતનામાં સ્થિરતા પ્રાપ્ત થાય છે તેથી સાલંબન ધ્યાનના બળથી તે યોગી પોતાના આત્મામાં વર્તતી નિરાકુળ ચેતનાના ભાવોને અવલંબીને ચિત્તને સ્થિર કરવા યત્ન કરે તો ક્ષણભર તે યોગીને નિરાલંબન ધ્યાન પ્રગટે છે. આમ છતાં દીર્ઘકાળ સુધી પોતાની અંદર વર્તતા વીતરાગભાવને અવલંબીને તે યોગી આત્મભાવમાં સ્થિર થઈ શકે તેવો સ્પષ્ટ બોધ તે યોગીને થયો ન હોય તો તે યોગી ફરી ક્ષણભર સાલંબ ધ્યાનમાં યત્ન કરીને નિરાલંબન ધ્યાનને પ્રાપ્ત કરવા યત્ન કરે છે. આ રીતે સાલંબન ધ્યાન અને નિરાલંબન ધ્યાનના ક્રમથી શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપને કંઈક સ્પષ્ટ જોઈ શકે તેવો અનુભવ પરિપાકને પામે ત્યારે તે યોગી દીર્ઘકાળ સુધી નિરાલંબન ધ્યાનવાળા થાય છે અર્થાત્ સર્વસંગ વગરની નિરાકુળ એવી પોતાની ચેતનામાં ચિત્તને સદા સ્થિર ભાવથી રાખી શકે છે. જેથી બાહ્ય પદાર્થોમાં ક્યાંય ઉત્સુકતાથી ચિત્ત ગમન કરતું નથી. **||૨૦-૧૬||**

**અવતરણિકા :-**

**પૂર્વ શ્લોકમાં કહ્યું કે, સાલંબન યોગી ક્ષણભર સાલંબન ચિત્ત કરે, ક્ષણભર નિરાલંબ ચિત્ત કરે તેથી યોગી નિરાલંબ ચિત્ત કઈ રીતે કરે છે ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**आलम्ब्यैकपदार्थं, यदा न किञ्चिद्विचिन्तयेदन्यत् ।**
**अनुपनतेन्धनवह्निवदुपशान्तं स्यात्तदा चेतः ।।१७।।**

**અન્વયાર્થ :-**

**एकपदार्थं आलम्ब्य=એક પદાર્થને અવલંબીને, यदा किञ्चित् अन्यत् न विचिन्तयेत्=જ્યારે કાંઈ પણ અન્ય વિચાર ન કરે, तदा=ત્યારે, अनुपनतेन्धन-वह्निवदुपशान्तं चेतः स्यात्=અનુપનત ઇંધનવાળા વહ્નિની જેમ ઉપશાંત ચિત્ત થાય. ।।૨૦-૧૭।।**

**શ્લોકાર્થ :-**

**એક પદાર્થને અવલંબીને જ્યારે કાંઈ પણ અન્ય વિચાર ન કરે, ત્યારે અનુપનત ઇંધનવાળા વહ્નિની જેમ ચિત્ત ઉપશાંત થાય. ।।૨૦-૧૭।।**

**ભાવાર્થ :-**

શુદ્ધ આત્માને પ્રગટ કરવા માટે તત્પર થયેલા યોગી સર્વ કર્મો રહિત અરૂપી એવા શુદ્ધ આત્માના સ્વરૂપને શ્રુતબળથી જોવા માટે ઉપયુક્ત થઈને યત્ન કરતા હોય ત્યારે શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપના સૂક્ષ્મ અવલોકન માટે તેમનો ઉપયોગ પ્રવર્તતો હોય છે. તે વખતે શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપને છોડીને તે યોગી અન્ય કાંઈ ચિંતવન કરતા ન હોય તો તે ચિંતવન નિરાલંબન ધ્યાન છે.

અથવા 'આત્માથી ભિન્ન એવા પરમાણુ આદિ મૂર્ત પદાર્થને અવલંબીને તે પદાર્થથી ભિન્ન એવું આત્માનું સ્વરૂપ છે તેથી આત્મામાં તે પરમાણુ આદિ પદાર્થનો ભેદ છે અને તે ભેદના પ્રતિયોગી પરમાણુ આદિ પદાર્થ છે, તે રીતે

પરમાણુને અવલંબીને પરમાણુમાં રહેલા આત્માના ભેદના સ્વરૂપને સૂક્ષ્મ જોવા માટે ઉપયુક્ત એવું યોગીનું ચિત્ત તે પરમાણુ આદિથી અન્ય કોઈ પદાર્થમાં ઉપયુક્ત ન હોય તો તે ચિંતવન નિરાલંબન ધ્યાન છે.

અથવા સંસારવર્તી સર્વ જીવો દેહધારી અને કર્મયુક્ત છે. આમ છતાં દેહથી અને કર્મથી ભિન્ન એવા તે જીવોનું પારમાર્થિક સ્વરૂપ છે જે સિદ્ધના જીવો સદૃશ છે. તે સ્વરૂપને જોવામાં ઉપયુક્ત યોગી હોય તો "સંસારના સર્વ જીવો જેઓ મોહથી આકુળ છે, અનેક પ્રકારના ભિન્ન ભિન્ન આકારવાળા છે તેઓ પણ પરમાર્થથી પોતાના આત્મા સદૃશ છે અને સિદ્ધના આત્માઓ પણ પોતાના આત્મા સદૃશ છે" એમ તેઓને દેખાય છે. આ રીતે સર્વ આત્માના સાદૃશ્ય સ્વરૂપને જોવામાં ઉપયુક્ત એવા યોગી સર્વ આત્મારૂપ એક પદાર્થને આલંબીને સર્વ આત્મામાં વર્તતા સદૃશ સ્વરૂપને છોડીને અન્ય કોઈ સ્વરૂપનું ચિંતવન કરતા ન હોય તો તે ચિંતવન નિરાલંબન ધ્યાન છે.

આ નિરાલંબન ધ્યાનમાં યોગીનું ચિત્ત કેવું બને છે તે શ્લોકના ઉત્તરાર્ધથી સ્પષ્ટ કરે છે. જેમ વહ્નિ ઉષ્ણ સ્વભાવવાળું છે, વહ્નિથી દાહ થાય છે અને ઇંધનની સહાયતાથી વહ્નિનો પ્રવાહ સતત ચાલે છે. તેમ આત્મામાં સંશ્લેષ પરિણામને પેદા કરાવે તેવા વહ્નિ સ્થાનીય મોહનીય કર્મો છે જે આત્માને સદા ઉષ્ણ સ્વભાવવાળો રાખે છે અને મોહનીય કર્મરૂપ વહ્નિથી કષાયોની પીડારૂપ દાહ થાય છે. વળી, મોહનીયકર્મના સંસ્કારોથી પ્રેરાઈને ઉદયમાન એવા મોહનીયકર્મને અનુકૂળ એવા જીવના વ્યાપારરૂપ ઇંધનની સહાયતાથી મોહનીય કર્મરૂપ વહ્નિનો પ્રવાહ સતત ચાલે છે. તેથી જો યોગીનું ચિત્ત પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારે નિરાલંબન ધ્યાનમાં પ્રવર્તે તો મોહનીયકર્મના સંસ્કાર નીચે પ્રવર્તતી ચેતનારૂપ ઇંધનની પ્રાપ્તિ નહીં થવાથી યોગીના ચિત્તમાં મોહનીયકર્મરૂપ વહ્નિ શાંત થાય છે તેથી યોગીનું ચિત્ત મોહની આકુળતાના ભાવોથી રહિત એવા ઉપશાંત ભાવોને પામે છે. **॥૨૦-૧૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વ શ્લોકમાં કહ્યું કે નિરાલંબન ધ્યાનમાં વર્તતા યોગીનું ચિત્ત ઉપશાંત થાય છે તેથી હવે ઉપશાંત ચિત્ત થવાથી આત્મામાં અનાદિકાળથી વર્તતા દોષોનો નાશ થાય છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**शोकमदमदनमत्सरकलहकदाग्रहविषादवैराणि ।**
**क्षीयन्ते शान्तहृदामनुभव एवात्र साक्षी नः ।।१८।।**

**અન્વયાર્થ :-**

**शान्तहृदां=શાંત હૃદયવાળાના शोकमदमदनमत्सरकलहकदाग्रहविषादवैराणि क्षीयन्ते=શોક, મદ, મદન અર્થાત્ કામ, મત્સર, કલહ, કદાગ્રહ, વિષાદ અને વૈરરૂપ દોષો ક્ષય પામે છે. अत्र=અહીં=દોષોના નાશમાં नः अनुभव एव साक्षी=અમારો અનુભવ જ સાક્ષી છે. ।।૨૦-૧૮।।**

**શ્લોકાર્થ :-**

**શાંત હૃદયવાળાના શોક, મદ, મદન, મત્સર, કલહ, કદાગ્રહ, વિષાદ અને વૈરરૂપ દોષો ક્ષય પામે છે. અહીં અમારો અનુભવ જ સાક્ષી છે. ।।૨૦-૧૮।।**

**ભાવાર્થ :-**

નિર્વિકલ્પ ધ્યાન દશાવાળા યોગીનું ચિત્ત જિનવચનાનુસાર શ્રુતજ્ઞાનમાં ઉપયુક્ત હોય છે અને કોઈ એક પદાર્થને અવલંબીને તે યોગીના ચિત્તનો ઉપયોગ પ્રવર્તે છે ત્યારે તે ઉપયોગકાળમાં કષાયો શાંત-શાંતતર થતા હોય છે, તેથી તે યોગીનું ચિત્ત બાહ્ય પદાર્થના સંગના સ્પર્શ વગરનું બને છે. તેથી અનાદિકાળથી બાહ્ય પદાર્થોના સંગને કારણે અને બાહ્ય પદાર્થોમાં ચિત્તના સંશ્લેષને કારણે તે તે નિમિત્તોથી ચિત્તમાં શોક, મદ, કામ આદિ વિકારો થતા હતા તે વિકારોના સંસ્કારો ક્ષીણક્ષીણતર થાય છે, અને વિકારના સ્પર્શ વગરના તત્ત્વને સ્પર્શનારા શ્રુતજ્ઞાનના સંસ્કારો આધાન થાય છે. માટે શાંત હૃદયવાળા એવા યોગીઓના શોકાદિ ભાવો ક્ષય પામે છે.

વળી, નિર્વિકલ્પ ઉપયોગવાળા યોગીના શોકાદિ ભાવો ક્ષય પામે છે તેમાં ગ્રંથકારશ્રી કહે છે કે અમારો અનુભવ જ સાક્ષી છે, તેથી એ ફલિત થાય કે ગ્રંથકારશ્રી પણ શ્રુતના પદાર્થોથી આત્માને ભાવિત કરે છે ત્યારે પોતાનામાં વર્તતા શોકાદિ ભાવોના સંસ્કારો ક્ષીણ ક્ષીણતર થાય છે તેથી ગ્રંથકારશ્રીના

ચિત્તમાં તે તે નિમિત્તોને પામીને શોકાદિ ભાવો ઊઠતા નથી. તેથી એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો સ્વ-અનુભવ જ બતાવે છે કે જે શ્રુતના ભાવનથી શોકાદિના સંસ્કારો નાશ પામતા હોય તે શ્રુતના ઉપયોગમાં એકતાને પામેલા યોગીના ચિત્તમાં તો વિશેષ પ્રકારના શોકાદિ ભાવો અવશ્ય નાશ પામે છે. **॥૨૦-૧૮॥**

**અવતરણિકા :-**

**નિરાલંબન ધ્યાનવાળા યોગીનું ચિત્ત ઉપશાંત હોય છે તેમ શ્લોક-૧૭માં બતાવ્યું અને તે ઉપશાંત ચિત્તથી શોકાદિ દોષો નાશ પામે છે તેમ શ્લોક-૧૮માં બતાવ્યું. હવે તે ઉપશાંત ચિત્તથી આત્મામાં અન્ય શું પ્રાપ્ત થાય તે બતાવે છે –**

**શ્લોક :-**

**शान्ते मनसि ज्योतिः, प्रकाशते शान्तमात्मनः सहजम् ।**
**भस्मीभवत्यविद्या, मोहध्वान्तं विलयमेति ।।१९।।**

**અન્વયાર્થ :-**

**शान्ते मनसि=શાંત મન હોતે છતે, आत्मनः सहजं शान्तं ज्योतिः प्रकाशते=આત્માની સહજ એવી શાંત જ્યોતિ પ્રકાશે છે, अविद्या भस्मीभवति=અવિદ્યા ભસ્મ થઈ જાય છે, मोहध्वान्तं विलयमेति=મોહરૂપી અંધકાર વિલય પામે છે.** ॥૨૦-૧૯॥

**શ્લોકાર્થ :-**

**શાંત મન હોતે છતે આત્માની સહજ એવી શાંત જ્યોતિ પ્રકાશે છે, અવિદ્યા ભસ્મ થઈ જાય છે, મોહરૂપી અંધકાર વિલય પામે છે. ॥૨૦-૧૯॥**

**ભાવાર્થ :-**

નિર્વિકલ્પ દશાવાળા યોગીનું ચિત્ત શાંત હોય છે ત્યારે, (૧) શાંત એવી આત્માની સહજ જ્યોતિ પ્રકાશે છે. (૨) અવિદ્યા ભસ્મ થાય છે. (૩) મોહરૂપી અંધકાર વિલય પામે છે.

(૧) સંસારી જીવોમાં સદા જ્ઞાનનો ઉપયોગ વર્તે છે. તે જ્ઞાનનો ઉપયોગ જ્યોતિ સ્વરૂપ છે. આમ છતાં ચિત્ત શાંત નહીં હોવાથી તે જ્ઞાનની જ્યોતિ મોહથી આકુળ હોય છે. તેથી રાગાદિ ભાવોના સંશ્લેષવાળો જ્ઞાનનો પરિણામ વર્તે છે અને યોગી શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપને સ્પર્શે તેવા શ્રુતના ઉપયોગમાં વર્તે છે ત્યારે મોહની આકુળતા વગરની સહજ શાંત પરિણામવાળી જ્ઞાનની જ્યોતિ વર્તે છે જે નિરાકુળતાકૃત સુખના વેદન સ્વરૂપ છે.

(૨) યોગી શાંત ચિત્તવાળા હોય છે ત્યારે શુદ્ધ આત્માના સૂક્ષ્મ-સૂક્ષ્મતર ભાવોને જોવા માટે તેઓનો શ્રુતનો ઉપયોગ વર્તે છે; તેથી શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપને અવરોધ કરનાર એવી અવિદ્યા તે શ્રુતના ઉપયોગથી ક્ષીણ-ક્ષીણતર થાય છે.

(૩) નિર્વિકલ્પ ઉપયોગવાળા યોગી શાંત રસમાં વર્તે છે તેથી આત્મામાં વર્તતા અનાદિના મોહના સંસ્કારો નાશ પામે છે. વસ્તુતઃ આત્માના પારમાર્થિક સ્વરૂપના અજ્ઞાનને કારણે સંસારી જીવોને બાહ્ય પદાર્થોમાં સંશ્લેષના પરિણામરૂપ મોહનો પરિણામ થાય છે અને આત્માની સંશ્લેષ વગરની અવસ્થા આત્માને માટે એકાંતે હિતકારી હોવા છતાં તે અવસ્થાનો યથાર્થ બોધ કરવામાં સંસારી જીવોમાં વર્તતો મોહનો પરિણામ બાધક છે તેથી સંસારી જીવો કામાદિના રસોમાં આનંદનો અનુભવ કરે છે. પરંતુ નિર્વિકલ્પ ઉપયોગવાળા યોગીઓના ચિત્તમાં શાંત રસ વર્તતો હોવાથી કામાદિમાંથી આનંદ લેવાના અનુભવરૂપ મોહનો અંધકાર વિલય પામે છે. **॥૨૦-૧૯॥**

**અવતરણિકા :-**

**નિર્વિકલ્પ ઉપયોગમાં વર્તતા શાંતરસવાળા યોગી ઉપર દેહાદિરૂપ બાહ્ય આત્માનો અધિકાર દૂર થાય છે અને તેવા યોગીઓ પરમાત્મભાવને આસન્ન થાય છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**बाह्यात्मनोऽधिकारः, शान्तहृदामन्तरात्मनां न स्यात् ।**
**परमात्माऽनुध्येयः, सन्निहितो ध्यानतो भवति ।।२०।।**

**અન્વયાર્થ :-**

**शांतहृदां अन्तरात्मनां=શાંત હૃદયવાળા અન્તરાત્માઓ ઉપર, बाह्यात्मनो-ऽधिकारः न स्यात्=બાહ્ય આત્માનો અધિકાર ન થાય, अनुध्येयः परमात्मा= અનુધ્યેય એવા પરમાત્મા ध्यानतः=ધ્યાનથી, सन्निहितः भवति=સંનિહિત થાય છે. ॥૨૦-૨૦॥**

**શ્લોકાર્થ :-**

**શાંત હૃદયવાળા અન્તરાત્માઓ ઉપર બાહ્ય આત્માનો અધિકાર ન થાય. અનુધ્યેય એવા પરમાત્મા ધ્યાનથી સંનિહિત થાય છે. ॥૨૦-૨૦॥**

**ભાવાર્થ :-**

નિર્વિકલ્પ ઉપયોગવાળા યોગી આત્માના અંતરંગ સ્વરૂપને પ્રગટ કરવા માટે શ્રુતના બળથી વ્યાપારવાળા છે. તેથી તેઓમાં અંતરાત્મદશા વર્તે છે અને યોગી અંતરાત્મદશામાં વર્તતા હોય છે ત્યારે દેહાદિ બાહ્ય પદાર્થો સાથે સંશ્લેષને પામે એવો બાહ્યઆત્માનો અધિકાર તે યોગી ઉપર વર્તતો નથી. વળી નિર્વિકલ્પ ઉપયોગવાળા તે યોગી શુદ્ધ આત્માના સ્વરૂપના ધ્યાનમાં એકાગ્ર હોવાથી આત્મા માટે અનુધ્યેય એવા પરમાત્મા ધ્યાનથી તે યોગીના સન્નિહિત થાય છે અર્થાત્ તે યોગીનો આત્મા પરમાત્મભાવને આસન્ન-આસન્નતર થાય છે. **॥૨૦-૨૦॥**

**અવતરણિકા :-**

**પૂર્વ શ્લોકમાં કહ્યું કે નિર્વિકલ્પ ઉપયોગવાળા યોગીઓ ઉપર બાહ્યઆત્માનો અધિકાર નથી તેથી હવે નિર્વિકલ્પ ધ્યાનમાં જવા માટે ત્યાજ્ય એવી બહિરાત્મદશાનું જ્ઞાન આવશ્યક છે, પ્રાપ્તવ્ય એવી અંતરઆત્મદશાનું જ્ઞાન આવશ્યક છે અને ધ્યેય એવા પરમાત્મદશાનું જ્ઞાન આવશ્યક છે તેથી તેનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**कायादिर्बहिरात्मा, तदधिष्ठातान्तरात्मतामेति ।**
**गतनिःशेषोपाधिः, परमात्मा कीर्त्तितस्तज्ज्ञैः ।।२१।।**

**અન્વયાર્થ :-**

**कायादिर्बहिरात्मा=કાયાદિ બહિરાત્મા છે, तदधिष्ठाता अन्तरात्मतामेति=તેના અધિષ્ઠાતા અન્તરાત્માતાને પામે છે=કાયાદિ સાથે ભેદ બુદ્ધિવાળો એવો આત્મા કાયામાં અધિષ્ઠાતા એવા પોતાના આત્મસ્વરૂપને જોવામાં વ્યાપારવાળો થાય છે ત્યારે અંતરાત્મતાને પામે છે, गतनिःशेषोपाधिः परमात्मा= ગઈ છે સંપૂર્ણ ઉપાધિ જેને એવા પરમાત્મા=સર્વ કર્મ કૃત ઉપાધિઓ જેમને ગંઈ છે એવા પરમાત્મા, છે. (એ પ્રમાણે) तज्ज्ञैः कीर्तितः=તેના જાણનારાઓ વડે કહેવાયેલ છે=સંસાર અવસ્થાવાળા અને મુક્ત અવસ્થા-વાળા આત્માના પારમાર્થિક સ્વરૂપના જાણનારા એવા તીર્થંકરાદિ વડે કહેવાયું છે. ॥૨૦-૨૧॥**

**શ્લોકાર્થ :-**

**કાયાદિ બહિરાત્મા છે. તેના અધિષ્ઠાતા અંતરાત્મતાને પામે છે. ગઈ છે સંપૂર્ણ ઉપાધિ જેને એવા પરમાત્મા છે. એ પ્રમાણે તેના જાણનારાઓ વડે કહેવાયેલ છે. ॥૨૦-૨૧॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવો કાયાદિમાં રહેલા છે અને કાયાદિ સાથે પોતાની અભેદ બુદ્ધિ હોવાથી કાયાદિમય પોતે છે તેવો બોધ ધરાવે છે. આવા બહિરાત્મદશાવાળા જીવો ઉપદેશાદિ નિમિત્તને પામીને કાયામાં રહેલા એવા આત્માના સ્વરૂપને જાણનારા થાય છે અને તેના સ્વરૂપને પ્રગટ કરવા માટે ઉદ્યમવાળા થાય છે ત્યારે તે બહિરાત્મા જ અન્તરાત્મતાને પામે છે. અંતરાત્મતાને પામેલ એવા યોગી જ્યારે સર્વ કર્મ રહિત બને છે ત્યારે સર્વ ઉપાધિથી રહિત એવી પરમાત્મદશાને પ્રાપ્ત કરે છે. એ પ્રમાણે પરમાત્મદશાના સ્વરૂપને જાણનારા તીર્થંકરોએ કહ્યું છે. **॥૨૦-૨૧॥**

**અવતરણિકા :-**

બહિરાત્મદશાનું સ્વરૂપ બતાવે છે –

**શ્લોક :-**

**विषयकषायावेशः, तत्त्वाश्रद्धा गुणेषु च द्वेषः ।**
**आत्माऽज्ञानं च यदा, बाह्यात्मा स्यात्तदा व्यक्तः ।।२२।।**

**અન્વયાર્થ :-**

**विषयकषायावेशः=વિષય અને કષાયનો આવેશ, तत्त्वाश्रद्धा=તત્ત્વની અશ્રદ્ધા=આત્માના પારમાર્થિક સ્વરૂપમાં અરુચિ, गुणेषु च द्वेषः=અને ગુણોમાં દ્વેષ=મોક્ષમાર્ગને અનુકૂળ એવા આત્માના ભાવોમાં દ્વેષ, आत्माऽज्ञानं च=અને આત્માનું અજ્ઞાન=દેહાદિથી ભિન્ન એવા આત્માના પારમાર્થિક સ્વરૂપનો અબોધ, यदा=જ્યારે છે, तदा=ત્યારે, व्यक्तः बाह्यात्मा स्यात्=વ્યક્ત બાહ્યાત્મા છે. ।।૨૦-૨૨।।**

**શ્લોકાર્થ :-**

**વિષય અને કષાયનો આવેશ, તત્ત્વની અશ્રદ્ધા, ગુણોમાં દ્વેષ અને આત્માનું અજ્ઞાન જ્યારે છે ત્યારે વ્યક્ત બાહ્યાત્મા છે. ।।૨૦-૨૨।।**

**ભાવાર્થ :-**

(૧) સંસારી જીવોને વિવેક ચક્ષુ પ્રાપ્ત થયા નથી ત્યારે ઇન્દ્રિયોના અનુકૂળ વિષયોમાં તે તે પ્રકારના આવેશો થાય છે અર્થાત્ મેળવવાની ઇચ્છા થાય છે. મળવાથી હર્ષ થાય છે અને સેવનકાળમાં રતિ આદિનો અનુભવ થાય છે. તેઓની તે અવસ્થા બહિરાત્મદશાનું અંગ છે.

(૨) વળી, તે તે નિમિત્તોને પામીને જેઓને કષાયોના આવેશો થાય છે તેઓની તે અવસ્થા બહિરાત્મદશાનું અંગ છે.

(૩) વળી, આત્માના પારમાર્થિક સ્વરૂપમાં લેશ પણ રુચિ હોતી નથી, માત્ર બાહ્ય ઇષ્ટ-અનિષ્ટ પદાર્થોમાં રુચિ હોય છે તેથી તત્ત્વની અશ્રદ્ધાવાળી આત્માની તે અવસ્થા બહિરાત્મદશાનું અંગ છે.

(૪) વળી, આત્મકલ્યાણને અનુકૂળ એવા ગુણોથી વિરુદ્ધ સંસારી ભાવોમાં અત્યંત પ્રીતિ છે અને તે પ્રીતિને કારણે તે ભાવોથી વિપરીત એવા ઉત્તમ ગુણોમાં જેઓને દ્વેષ છે, તેઓની તે અવસ્થા બહિરાત્મદશાનું અંગ છે.

(૫) વળી, સર્વ કર્મ રહિત એવા આત્માની જે નિરાકુળ અવસ્થા છે તેનું જેઓને અજ્ઞાન છે તે બહિરાત્મદશાનું અંગ છે.

ઉપરમાં બતાવેલી પાંચેય અવસ્થા જે જીવમાં વર્તે છે તે જીવ વ્યક્ત બાહ્ય આત્મા છે. **॥૨૦-૨૨॥**

**અવતરણિકા :-**

**અંતરાત્મદશાનું સ્વરૂપ હવે બતાવે છે –**

**શ્લોક :-**

**तत्त्वश्रद्धा ज्ञानं, महाव्रतान्यप्रमादपरता च ।**
**मोहजयश्च यदा स्यात्, तदान्तरात्मा भवेद् व्यक्तः ॥२३॥**

**અન્વયાર્થ :-**

**तत्त्वश्रद्धा ज्ञानं महाव्रतानि, अप्रमादपरता च=તત્ત્વશ્રદ્ધા, જ્ઞાન, મહાવ્રતો અને અપ્રમાદપરતા, मोहजयश्च यदा स्यात्=અને મોહનો જય જ્યારે થાય, तदान्तरात्मा व्यक्तः भवेत्=ત્યારે અન્તરાત્મા વ્યક્ત થાય. ॥૨૦-૨૩॥**

**શ્લોકાર્થ :-**

**તત્ત્વશ્રદ્ધા, જ્ઞાન, મહાવ્રતો અને અપ્રમાદપરતા અને મોહનો જય જ્યારે થાય ત્યારે અન્તરાત્મા વ્યક્ત થાય. ॥૨૦-૨૩॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૧માં કહેલ કે બહિરાત્મા અંતરાત્મતાને પામે છે તેથી શ્લોક-૨૨માં બતાવેલ સ્વરૂપવાળા જીવો જ્યારે ચોથા ગુણસ્થાનકે સમ્યક્ત્વ પામે છે ત્યારે તેઓને સર્વ ઉપદ્રવ વગરની આત્માની નિરાકુળ અવસ્થારૂપ તત્ત્વની શ્રદ્ધા થાય છે ત્યારથી કંઈક અંતરાત્માદશા તેઓમાં પ્રગટ થાય છે. અને તેઓ જ્યારે તત્ત્વના અર્થી થઈને શ્રુતજ્ઞાન મેળવે છે ત્યારે જે જે અંશમાં નિર્મળ

કોટિનું શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરે છે તે તે અંશથી અંતરાત્માદશા વ્યક્ત-વ્યક્તતર પ્રગટ થાય છે. વળી, તેવા મહાત્માઓ સંયમ ગ્રહણ કરીને જિનવચનાનુસાર મહાવ્રતોને પાળે છે ત્યારે મહાવ્રતોના પાલનના બળથી કષાયોની અને વિષયોની ક્ષીણ-ક્ષીણતર અવસ્થા થાય છે. તેથી તે તે અંશથી તેમનો અંતરાત્મા અધિક અધિક વ્યક્ત થાય છે અને તે મહાવ્રત પાળનારા મહાત્માઓ પણ અપ્રમાદપર બને છે ત્યારે તેઓને પ્રથમ સવિકલ્પ ધ્યાન અને ક્રમસર નિર્વિકલ્પ ધ્યાન પ્રગટે છે. વળી, તે મહાત્માઓના ચિત્તમાંથી જેમ જેમ વિકલ્પોનું ઉન્મૂલન થાય છે તેમ તેમ અધિક-અધિક અંતરાત્મા વ્યક્ત થાય છે અને નિર્વિકલ્પધ્યાનના બળથી તે મહાત્મા મોહનો જય કરીને બારમા ગુણસ્થાનકે વીતરાગ બને છે ત્યારે તેઓનો અંતરાત્મા પૂર્ણ વ્યક્ત થાય છે. **॥૨૦-૨૩॥**

**અવતરણિકા :-**

**પરમાત્મદશાનું સ્વરૂપ હવે બતાવે છે –**

**શ્લોક :-**

**ज्ञानं केवलसंज्ञं, योगनिरोधः समग्रकर्महतिः ।**
**सिद्धिनिवासश्च यदा, परमात्मा स्यात्तदा व्यक्तः ।।२४।।**

**અન્વયાર્થ :-**

**केवलसंज्ञं ज्ञानं=કેવલ સંજ્ઞાવાળું જ્ઞાન, योगनिरोधः=યોગનિરોધ, समग्रकर्महति=સમગ્ર કર્મની હતિ, सिद्धिनिवासश्च=અને સિદ્ધિનિવાસ, यदा=જ્યારે છે, तदा=ત્યારે, परमात्मा व्यक्तः स्यात्=પરમાત્મા વ્યક્ત થાય. ।।૨૦-૨૪।।**

**શ્લોકાર્થ :-**

**કેવલ સંજ્ઞાવાળું જ્ઞાન, યોગનિરોધ, સમગ્ર કર્મની હતિ અને સિદ્ધિનિવાસ જ્યારે છે ત્યારે પરમાત્મા વ્યક્ત થાય. ।।૨૦-૨૪।।**

**ભાવાર્થ :-**

બારમા ગુણસ્થાનક સુધી આત્માની આંતરદશા છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિથી પરમાત્મદશાનો પ્રારંભ થાય છે અને સિદ્ધ અવસ્થામાં પૂર્ણ પરમાત્મદશા

વ્યક્ત થાય છે. તે બતાવવા માટે શ્લોકમાં કહ્યું કે કેવલજ્ઞાન એ પરમાત્મદશાનો પ્રારંભ છે. ત્યારપછી યોગનિરોધ થાય છે અને યોગનિરોધને કારણે સમગ્ર કર્મનો નાશ થાય છે અને તેના ફળરૂપે આત્મા સિદ્ધિમાં નિવાસ કરે છે તે વ્યક્ત પરમાત્મદશા છે.

અહીં વિશેષ એ છે કે પરમાત્મા ઉપાસ્ય છે અને પરમાત્માની ઉપાસ્ય અવસ્થા બે છે :-

(૧) કર્મકાય અવસ્થા, (૨) તત્ત્વકાય અવસ્થા.

**(૧) કર્મકાય અવસ્થા :** તીર્થંકરો જ્યારે કેવળજ્ઞાન પામે છે ત્યારે ગુણના પ્રકર્ષવાળા છે, પુણ્યપ્રકૃતિના પ્રકર્ષવાળા છે અને જગતના ઉપકારની ક્રિયા પ્રકર્ષથી કરે છે. તીર્થંકરની તે અવસ્થા કર્મકાય અવસ્થા છે અને તે કેવળજ્ઞાન વખતે વ્યક્ત થાય છે.

**(૨) તત્ત્વકાય અવસ્થા :** સંસારના કારણભૂત મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગમાંથી ચોથું કારણ કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી વિદ્યમાન હતું પરંતુ જ્યારે તીર્થંકરો યોગનિરોધનો પ્રારંભ કરે છે ત્યારે સંસારના કારણીભૂત એવા યોગનો અભાવ થવાથી પૂર્વ કરતાં અધિક શુદ્ધ આત્મા અભિવ્યક્ત થાય છે. યોગનિરોધના ચરમ સમયે સર્વ કર્મોનો નાશ થાય છે અને સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિ થાય છે. તે વખતે પ્રકૃષ્ટ એવી આત્માની શુદ્ધ અવસ્થા પ્રાપ્ત થાય છે તેથી સિદ્ધ અવસ્થામાં પ્રકૃષ્ટ પરમાત્મદશા વ્યક્ત થાય છે. તીર્થંકરની તે અવસ્થા તત્ત્વકાય અવસ્થા છે. **॥૨૦-૨૪॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૦માં કહેલ કે, શાંત હૃદયવાળા એવા નિરાલંબન ધ્યાનવાળા યોગી અંતરાત્મદશામાં છે અને તેઓને ધ્યાતવ્ય એવા પરમાત્મા ધ્યાનથી સન્નિહિત થાય છે ત્યારપછી આત્માની ત્રણ દશા બતાવેલી તેથી આત્માની તે ત્રણ દશાનું સ્વરૂપ શ્લોક-૨૧થી ૨૪માં સ્પષ્ટ કર્યું. હવે નિરાલંબન ધ્યાનવાળા યોગીને ધ્યાનથી પરમાત્મા સન્નિહિત કેવી રીતે થાય છે તે સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

आत्ममनोगुणवृत्ती, विविच्य यः प्रतिपदं विजानाति ।
कुशलानुबन्धयुक्तः, प्राप्नोति ब्रह्मभूयमसौ ।।२५।।

**અન્વયાર્થ :-**

**यः=નિર્વિકલ્પવાળા જે યોગી, आत्ममनोगुणवृत्ती विविच्य=આત્માના ગુણની વૃત્તિનો અને મનોગુણવૃત્તિનો વિભાગ કરીને=જ્ઞાનગુણમય એવી આત્માની નિરાકુળ અવસ્થારૂપ વૃત્તિનો અને પદાર્થને જાણવાને અનુકૂળ મનોવ્યાપારથી થતી બોધની પરિણતિરૂપ મનોગુણવૃત્તિનો વિભાગ કરીને, प्रतिपदं विजानाति= પ્રતિપદને જાણે છે=બંનેના જુદા સ્થાનને જાણે છે, कुशलानुबन्धयुक्तः असौ=કુશલાનુબંધ યુક્ત એવા આ યોગી, ब्रह्मभूयं प्राप्नोति=અત્યંત બ્રહ્મને= પરમાત્મભાવને પામે છે. ॥૨૦-૨૫॥**

**શ્લોકાર્થ :-**

**નિર્વિકલ્પવાળા જે યોગી આત્માના ગુણની વૃત્તિનો અને મનોગુણ-વૃત્તિનો વિભાગ કરીને પ્રતિપદને જાણે છે, કુશલાનુબંધ યુક્ત એવા આ યોગી, અત્યંત બ્રહ્મભાવને પામે છે. ॥૨૦-૨૫॥**

**ભાવાર્થ :-**

નિર્વિકલ્પ દશાવાળા યોગી નિર્વિકલ્પ ઉપયોગ દ્વારા કેવી રીતે પરમાત્મભાવ તરફ જાય છે ? તે સ્પષ્ટ કરે છે.

સંસાર અવસ્થામાં છદ્મસ્થકાળમાં જીવોને જે કાંઈ બોધ થાય છે તે સર્વ મનથી થાય છે અને સંસારી જીવો બાહ્ય પદાર્થોનું અવલોકન કરીને મન દ્વારા તેના સ્વરૂપનો બોધ કરે છે. તે મનોગુણ વૃત્તિ છે.

વળી, યોગીઓ શ્રુતના બળથી આત્માના સ્વરૂપને જાણવા યત્ન કરે છે તે વખતે આત્માના સ્વરૂપને જાણવા માટેનો જે મનોવ્યાપાર છે અને તે મનોવ્યાપારથી જે જે અંશથી આત્માના સ્વરૂપનો બોધ થાય છે તે પણ મનોગુણવૃત્તિ છે.

વળી, કેવળજ્ઞાન વખતે આત્મા જ્ઞાનગુણવાળો છે તેથી જ્ઞેય પદાર્થોનું કેવલીને જ્ઞાન છે. આમ છતાં જ્ઞેયને જાણવાને અનુકૂળ કોઈ મનોવૃત્તિ કેવલીમાં નથી. પરંતુ જ્ઞાનાવરણીય કર્મના વિગમનને કારણે નિરાકુલ એવો આત્માનો જ્ઞાનગુણ

કેવલીમાં વર્તે છે અને તે કેવલીનો જ્ઞાનગુણ તે આત્મગુણવૃત્તિ છે. આ આત્મગુણવૃત્તિમાં કેવલી ભગવંતને કોઈ જાણવાનો અભિલાષ નથી કે જાણવા માટેનો કોઈ પ્રયત્ન કેવલી ભગવંત કરતા નથી, પરંતુ કેવલી ભગવંતને જ્ઞાનનું આવરણ નહીં હોવાથી તેમના જ્ઞાનમાં જ્ઞેય સ્વતઃ પ્રકાશે છે.

આવા પ્રકારના આત્મગુણની જે વૃત્તિ અને આવા પ્રકારના મનોગુણની જે વૃત્તિ તે બેનો વિભાગ કરીને પોતાનામાં વર્તતી "આ મનોગુણવૃત્તિ છે" અને પોતાનામાં વર્તતી છતાં આવરણથી દબાયેલી "આ આત્મગુણવૃત્તિ છે" તે બંનેના ભિન્ન સ્થાનને જે યોગી શ્રુતના ઉપયોગથી જાણીને તે બાહ્ય પદાર્થો વિષયક વિકલ્પોથી પર, મનોગુણવૃત્તિથી ભિન્ન એવી આત્મગુણવૃત્તિને સૂક્ષ્મ-સૂક્ષ્મતર ઉપયોગ દ્વારા ઊહ કરીને પ્રગટ કરવા યત્ન કરે છે તેવા યોગી કુશલ અનુબંધથી યુક્ત હોય છે અને સ્વપરાક્રમ દ્વારા આત્મગુણવૃત્તિના પ્રતિબંધક એવા જ્ઞાનાવરણીય અને મોહનીય કર્મનું ઉન્મૂલન કરીને આત્માનું પારમાર્થિક સ્વરૂપ અતિશય-અતિશયતર પ્રાપ્ત કરતા હોય છે. આવા કુશલ અનુબંધ પરિણામવાળા યોગી આત્મગુણવૃત્તિનાં અવરોધક એવાં જ્ઞાનાવરણીય કર્મોના ઉત્તરઉત્તર ક્ષયને કરીને અને આત્મગુણવૃત્તિને પ્રગટ કરવામાં વિઘ્નભૂત એવાં મોહનીય કર્મોના ઉત્તરોત્તર ક્ષયને કરીને આત્મગુણવૃત્તિરૂપ બ્રહ્મને અત્યંત આસન્ન-આસન્નતર અવસ્થાને પ્રાપ્ત કરે છે તેથી તે યોગી બ્રહ્મભૂયને પ્રાપ્ત કરે છે તેમ કહેલ છે. **॥૨૦-૨૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૫માં કહ્યું કે નિર્વિકલ્પ દશાવાળા યોગીઓ આત્મગુણવૃત્તિ અને મનોગુણવૃત્તિને પૃથક્ પૃથક્ કરીને આત્મગુણવૃત્તિ પ્રગટ કરવા અર્થે યત્ન કરે છે. તેઓ બ્રહ્મના સ્વરૂપનો અનુભવ કરે છે. પરંતુ તેવા અનુભવમાં અસમર્થ એવા ગ્રંથકારશ્રી પોતે પણ કેવા પ્રકારનો અનુભવ કરે છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**ब्रह्मस्थो ब्रह्मज्ञो, ब्रह्म प्राप्नोति तत्र किं चित्रम् ।**
**ब्रह्मविदां वचसापि, ब्रह्मविलासाननुभवामः ।।२६।।**

**અન્વયાર્થ :-**

**ब्रह्मस्थः=બ્રહ્મમાં રહેલા યોગી, ब्रह्मज्ञः=બ્રહ્મને જાણનારા યોગી, ब्रह्म प्राप्नोति=બ્રહ્મને પ્રાપ્ત કરે છે, तत्र किं चित्रम्=તેમાં શું આશ્ચર્ય છે ?, ब्रह्मविदां वचसापि=બ્રહ્મના જાણનારાઓના વચનથી પણ, ब्रह्मविलासाननुभवामः=અમે બ્રહ્મના વિલાસોને અનુભવીએ છીએ. ॥૨૦-૨૬॥**

**શ્લોકાર્થ :-**

**બ્રહ્મમાં રહેલા યોગી, બ્રહ્મને જાણનારા યોગી બ્રહ્મને પ્રાપ્ત કરે છે તેમાં શું આશ્ચર્ય છે ? બ્રહ્મના જાણનારાઓના વચનથી પણ અમે બ્રહ્મના વિલાસોને અનુભવીએ છીએ. ॥૨૦-૨૬॥**

**ભાવાર્થ :-**

અસંગ અનુષ્ઠાનને પામેલા નિર્વિકલ્પ દશાવાળા યોગીઓ આત્માના બ્રહ્મસ્વરૂપને પ્રગટ કરવા માટે સુદૃઢ વ્યાપારવાળા હોય છે તેથી 'જે પ્રાપ્ત કરાતું હોય તે પ્રાપ્ત કરાયું' એ ન્યાયથી બ્રહ્મ સ્વરૂપમાં રહેલા છે તેમ કહેવાય છે.

વળી, તે યોગીઓ શ્રુતજ્ઞાનના બળથી મોહરહિત જ્ઞાનના સ્વરૂપમાં વિશ્રાંત એવા બ્રહ્મના સ્વરૂપને જાણનારા છે. બ્રહ્મ અવસ્થામાં રહેલા અને બ્રહ્મના સ્વરૂપને જાણનારા યોગીઓ આત્માના સ્વરૂપને ઉત્તરોત્તર અધિક-અધિક પ્રાપ્ત કરતા હોય છે તેમાં શું આશ્ચર્ય છે ? પરંતુ ગ્રંથકારશ્રી પોતે તે અવસ્થાને પામેલા નથી, આમ છતાં બ્રહ્મના પારમાર્થિક સ્વરૂપને જાણનારા એવા બહુશ્રુત યોગીઓના વચનથી પણ બ્રહ્મના કંઈક વિલાસોને પોતે અનુભવે છે અર્થાત્ નિર્વિકલ્પ દશાવાળા યોગીને જેવો બ્રહ્મનો અનુભવ છે તેવો અનુભવ અમને નથી તોપણ બહુશ્રુતોના વચનથી જે કાંઈ બ્રહ્મસ્વરૂપ દેખાય છે તેમાં અમારું ચિત્ત વિલાસ કરે છે તેથી કાંઈક મોહનીયની અનાકુળતારૂપ અને વીતરાગભાવના રાગરૂપ અવસ્થાનો અમે અનુભવ કરીએ છીએ. **॥૨૦-૨૬॥**

**અવતરણિકા :-**

**પૂર્વ શ્લોકમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે બ્રહ્મ સ્વરૂપના પરમાર્થને જાણનારા એવા યોગીના વચનથી પણ અમે બ્રહ્મ વિલાસોનો અનુભવ કરીએ છીએ**

**તેથી હવે ગ્રંથકારશ્રી બ્રહ્મવિદ્ એવા યોગીનું પારમાર્થિક સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**ब्रह्माध्ययनेषु मतं, ब्रह्माष्टादशसहस्रपदभावैः ।**
**येनाप्तं तत् पूर्णं, योगी स ब्राह्मणः परमः ।।२७।।**

**અન્વયાર્થ :-**

**ब्रह्माध्ययनेषु=બ્રહ્મ અધ્યયનમાં, अष्टादशसहस्रपदभावैः=અઢાર હજાર પદના ભાવો વડે, ब्रह्म मतं=બ્રહ્મ મનાયું છે, येन=જેના વડે=જે યોગી વડે, तत्पूर्णं आप्तं=તે પૂર્ણ પ્રાપ્ત કરાયું=અઢાર હજાર પદોથી પૂર્ણ એવું બ્રહ્મ પ્રાપ્ત કરાયું, स योगी=તે યોગી, परमः ब्राह्मणः=પરમ બ્રાહ્મણ છે=પરમ બ્રહ્મના સ્વરૂપમાં રહેલા છે. ।।૨૦-૨૭।।**

**શ્લોકાર્થ :-**

**બ્રહ્મ અધ્યયનમાં અઢાર હજાર પદના ભાવો વડે બ્રહ્મ મનાયું છે જેના વડે તે પૂર્ણ પ્રાપ્ત કરાયું તે યોગી પરમ બ્રાહ્મણ છે. ।।૨૦-૨૭।।**

**ભાવાર્થ :-**

સંયમ ગ્રહણ કરવાથી માંડીને સાધુ સુખ-દુઃખ, જીવન-મૃત્યુ, શત્રુ-મિત્ર પ્રત્યે સમાન પરિણામવાળા હોય છે. તે સમાન પરિણામની વૃદ્ધિના ઉપાયભૂત ભગવાનના વચનનું સ્મરણ કરીને વચનથી નિયંત્રિત મન-વચન-કાયાની પ્રવૃત્તિઓ કરે છે. ભગવાનનું વચન સુસાધુ માટે સુસાધુભાવની નિષ્પત્તિના ઉપાયભૂત અઢાર હજાર શીલાંગનાં પદો બતાવે છે. તે અઢાર હજાર શીલાંગના પદોની અસ્ખલિત વૃદ્ધિ માટે સુસાધુ સતત શાસ્ત્રવચનોથી આત્માને ભાવિત કરે છે અને સ્વભૂમિકાનુસાર શાસ્ત્રવચનથી નિયંત્રિત સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે.

વળી, જે યોગી સર્વથા સ્ખલના વગર સમભાવના પરિણામની વૃદ્ધિ કરી શકે છે તેઓમાં અઢારેય હજાર શીલાંગના પદો પૂર્ણથી પ્રાપ્ત છે; અને જે યોગીને નિમિત્તોથી સમભાવની પ્રવૃત્તિમાં સ્ખલનાઓ થાય છે છતાં તે સ્ખલનાને દૂર કરીને સમભાવની વૃદ્ધિ માટે ઉદ્યમવાળા છે તેઓમાં તે અઢાર હજાર

પદોના ભાવો હોવા છતાં તે ભાવો પૂર્ણ નથી. જેમ ચંડરુદ્રાચાર્ય મહાત્મા સુસાધુ હતા તોપણ અઢાર હજાર પદોમાંથી ક્ષમાનું પદ વારંવાર સ્ખલના પામતું હતું અને જે યોગી અપ્રમાદભાવથી અઢારેય હજાર પદોને પૂર્ણ સેવીને અસ્ખલિત સમભાવની વૃદ્ધિ દ્વારા વીતરાગભાવની નિષ્ઠા તરફ જઈ રહ્યા છે તે યોગી પરમ બ્રાહ્મણ છે=આત્માના પરમ બ્રહ્મ સ્વરૂપમાં વર્તનાર છે.

આવા પરમ બ્રાહ્મણનાં વચનોથી પણ અમે બ્રહ્મવિલાસનો અનુભવ કરીએ છીએ એમ પૂર્વ શ્લોક સાથે યોજન કરવું. **॥૨૦-૨૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વ શ્લોકમાં પરમ બ્રાહ્મણ એવા યોગી કેવા છે તેનું સ્વરૂપ બતાવ્યું. હવે જેમ તેવા યોગીઓને વીતરાગ પરમાત્મા ઉપાસ્ય છે તેમ તેવા યોગી થવા માટે અન્ય જીવોને આવા યોગી પણ ઉપાસ્ય છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**ध्येयोऽयं सेव्योऽयं, कार्या भक्तिः सुकृतधियाऽस्यैव ।**
**अस्मिन्गुरुत्वबुद्ध्या, सुतरः संसारसिन्धुरपि ।।२८।।**

**અન્વયાર્થ :-**

**अयं=આ=પૂર્વ શ્લોકમાં બતાવ્યું એવા પરમ બ્રાહ્મણ યોગી, ध्येयः=ધ્યેય છે=તેઓના સ્વરૂપથી આત્માને ભાવિત કરવા યોગ્ય છે, अयं सेव्यः=આ સેવ્ય છે=સેવા કરવા યોગ્ય છે, सुकृतधिया=સુકૃત બુદ્ધિથી='આમની ભક્તિ કરવી એ સુંદર કૃત્ય છે' એ પ્રકારની બુદ્ધિથી, अस्यैव=આમની જ=આવા યોગીની જ, भक्तिः कार्या=ભક્તિ કરવી જોઈએ, अस्मिन्=આમનામાં=આવા મહાત્મામાં, गुरुत्वबुद्ध्या=ગુરુત્વની બુદ્ધિથી, संसारसिन्धुरपि=સંસારસમુદ્ર પણ, सुतरः=સુતર છે=સુખેથી તરી શકાય છે. ।।૨૦-૨૮।।**

**શ્લોકાર્થ :-**

**આ ધ્યેય છે, આ સેવ્ય છે, સુકૃત બુદ્ધિથી આમની જ ભક્તિ કરવી જોઈએ. આમનામાં ગુરુત્વની બુદ્ધિથી સંસારસમુદ્ર પણ સુખેથી તરી શકાય છે. ।।૨૦-૨૮।।**

**ભાવાર્થ :-**

પૂર્વ શ્લોકમાં કહ્યું તેવાં અઢાર હજાર પદોથી પૂર્ણ યોગી અપ્રમાદ ભાવથી વીતરાગના વચનનું સ્મરણ કરીને વીતરાગભાવની નિષ્ઠાને અનુકૂળ આત્મ-વ્યાપારમાં સદા યત્નવાળા છે અને તેવા અપ્રમત્ત મુનિ કલ્યાણના અર્થી જીવો માટે સદા ધ્યેય છે અર્થાત્ "એમના જેવું સ્વરૂપ મારે પણ પ્રાપ્ત કરવું છે" એ પ્રકારે સ્મૃતિ કરીને તે મહાત્માના સાત્ત્વિક ભાવોથી આત્માને ભાવિત કરવા જેવો છે.

વળી, આવા યોગીઓ સદા સેવા કરવા યોગ્ય છે. જેથી તેઓની સેવાના બળથી પણ તેમના જેવું સત્ત્વ સ્વઆત્મામાં આવિર્ભાવ પામે છે. "વળી, આવા મહાત્માઓની ભક્તિ કરવી એ જ સુકૃત છે," એ પ્રકારની બુદ્ધિથી આવા મહાત્માઓની જ ભક્તિ કરવી જોઈએ જેથી એવા મહાત્માઓની જેમ પરમ બ્રાહ્મણ સ્વરૂપ પોતાને પણ પ્રાપ્ત થાય.

આવા મહાત્માઓમાં ગુરુપણાની બુદ્ધિ થાય તો દુસ્તર એવો સંસારસિંધુ પણ સુખે તરી શકાય છે; કેમ કે જેમાં ગુરુપણાની બુદ્ધિ થાય છે તેના શિષ્યભાવને સ્વીકારીને પોતે તેમના અનુશાસનથી તેવા થવા માટેનો ઉદ્યમ કરી શકે છે. **॥૨૦-૨૮॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૬માં કહ્યું કે બ્રહ્મના જાણનારા એવા યોગીઓના વચનથી અમે પણ બ્રહ્મના વિલાસને અનુભવીએ છીએ. તેથી હવે બ્રહ્મના જાણનારા યોગીઓ જે પ્રકારનો બ્રહ્મવિલાસનો અનુભવ કરે છે તેમના જેવો બ્રહ્મના વિલાસનો અનુભવ ગ્રંથકારશ્રી કરી શકતા નથી તોપણ પોતે કેવા પ્રકારના બ્રહ્મવિલાસનો અનુભવ કરે છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**अवलम्ब्येच्छायोगं, पूर्णाचारासहिष्णवश्च वयम् ।**
**भक्त्या परममुनीनां, तदीयपदवीमनुसरामः ।।२९।।**

**અન્વયાર્થ :-**

**पूर्णाचारासहिष्णवश्च वयम्=અને પૂર્ણાચારમાં અસહિષ્ણુ એવા અમે= પૂર્ણાચારને પાળવા માટે અસમર્થ એવા અમે, इच्छायोगं अवलम्ब्य=ઈચ્છાયોગનું અવલંબન કરીને, परममुनीनां भक्त्या=પરમમુનિઓની ભક્તિથી, तदीयपदवी-मनुसरामः=તેમની પદવીને અનુસરીએ છીએ=તેઓની સાધુપદવીને અનુસરીએ છીએ. ॥૨૦-૨૯॥**

**શ્લોકાર્થ :-**

**અને પૂર્ણાચારમાં અસહિષ્ણુ એવા અમે, ઈચ્છાયોગનું અવલંબન કરીને, પરમમુનિઓની ભક્તિથી, તેમની પદવીને અનુસરીએ છીએ. ॥૨૦-૨૯॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીને પૂર્ણ બ્રહ્મમાં વર્તતા યોગીઓ પ્રત્યે બહુમાન છે અને તેમના જેવા થવાની બલવાન ઇચ્છા છે અને તેમના જેવા થવા માટે શાસ્ત્રમાં અઢાર હજાર શીલાંગાચારનાં પદોનું સમ્યક્ સેવન બતાવેલ છે. ગ્રંથકારશ્રી કહે છે કે તેવો પૂર્ણ આચાર સેવવા માટે અમે અસમર્થ છીએ તોપણ તેવા આચારને સેવવાની ઇચ્છા કરીને તેવા આચારોને સેવવાના શક્તિસંચયને અનુકૂળ વ્યાપાર કરવારૂપ ઇચ્છાયોગનું અમે અવલંબન લઈએ છીએ અને જે પરમ મુનિઓ અઢાર હજાર શીલાંગરૂપ પૂર્ણાચારને પાળનારા છે તેઓ પ્રત્યે ભક્તિથી તેઓની તે અવસ્થાને અમે અનુસરીએ છીએ અર્થાત્ માત્ર ભક્તિથી તેઓને પોતે નમસ્કાર માત્ર કરતા નથી, પરંતુ તેઓ પ્રત્યે ભક્તિને અભિવ્યક્ત કરીને સ્વશક્તિ અનુસાર તેમના અપ્રમાદભાવનું અવલંબન લઈને તેને અનુસરવા માટે અમે ઉદ્યમ કરીએ છીએ. આ ઉદ્યમ કાળમાં અમોને પરમ મુનિઓના સ્વરૂપ પ્રત્યેનો જે રાગભાવ વર્તે છે અને જે રાગભાવથી તેઓના જેવા થવાની શક્તિનો સંચય થાય છે તે પ્રકારનો અમારો બ્રહ્મનો વિલાસ છે, પરંતુ પરમ મુનિઓ જેવો બ્રહ્મસ્વરૂપનો અમારો વિલાસ નથી. એ પ્રકારે પ્રસ્તુત શ્લોકનો વ્યંગ્ય ધ્વનિ છે. **॥૨૦-૨૯॥**

**અવતરણિકા :-**

**પૂર્ણ આચારને પાળવા માટે અસમર્થ એવા યોગી ઇચ્છાયોગને અવલંબીને પરમ મુનિઓનું જે અનુસરણ કરે છે તે કઈ રીતે કલ્યાણનું કારણ છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**अल्पापि यात्र यतना, निर्दम्भा सा शुभानुबन्धकरी ।**
**अज्ञानविषव्ययकृद्विवेचनं चात्मभावानाम् ।।३०।।**

**અન્વયાર્થ :-**

**अत्र=અહીં=ઇચ્છાયોગનું અવલંબન લઈને પરમ મુનિઓની પદવીના અનુસરણમાં, ज्ञ अल्पापि निर्दंभा यतना=જે અલ્પ પણ નિર્દંભ યતના છે, सा शुभानुबन्धकारी=તે શુભ અનુબંધને કરનારી છે, च=અને, अज्ञानविष-व्ययकृत्=અજ્ઞાનરૂપી વિષનો નાશ કરનાર, आत्मभावानाम् विवेचनं=આત્મ-ભાવોનું વિવેચન છે. ।।૨૦-૩૦।।**

**શ્લોકાર્થ :-**

**અહીં જે અલ્પ પણ નિર્દંભ યતના છે તે શુભ અનુબંધને કરનારી છે અને અજ્ઞાનરૂપી વિષનો નાશ કરનાર આત્મભાવોનું વિવેચન છે. ।।૨૦-૩૦।।**

**ભાવાર્થ :-**

ઇચ્છાયોગનું અવલંબન લઈને જે મહાત્માઓ પરમ મુનિઓ પ્રત્યે ભક્તિથી તેમના જેવા થવા માટે ઉદ્યમવાળા છે તેઓ પોતાના આત્માને ઠગ્યા વગર સ્વશક્તિ અનુસાર તે મહાત્માની જેમ અઢાર હજાર શીલાંગોને પાળવા માટે ઉદ્યમ કરે છે. ફક્ત પરમ મુનિની જેવી શક્તિનો સંચય નહીં થયેલો હોવાથી પરમ મુનિની જેમ, સર્વ ભાવો પ્રત્યે સમભાવવાળું ચિત્ત તેઓ ઉલ્લસિત કરી શકતા નથી. તેથી પૂર્ણ ચારિત્રાચારનું પાલન કરી શકતા નથી. આમ છતાં ઇચ્છાયોગનું અવલંબન લઈને આ મહાત્માઓ શક્તિ અનુસાર અલ્પ પણ અંતરંગ અને બહિરંગ યતના કરે છે અર્થાત્ તે તે આચાર દ્વારા સમભાવ

પ્રત્યેનો રાગ વૃદ્ધિ પામે તેવો યત્ન કરે છે અને બહિરંગ તેને પોષક ઉચિત ક્રિયાઓ કરે છે, તે યતના શુભ અનુબંધને કરનારી છે અર્થાત્ સમભાવથી પોતાનું ચિત્ત દૂર હોવા છતાં આ અંતરંગ અને બહિરંગ યતના દ્વારા સમભાવને આસન્ન-આસન્નતર પોતાનું ચિત્ત થાય તેવા શુભ પ્રવાહને કરનારી છે.

વળી, આ ઇચ્છાયોગી મહાત્મા સમભાવના અત્યંત અર્થી હોવા છતાં સમભાવના પરિણામને સ્પર્શે તેવા સૂક્ષ્મ જ્ઞાનના પ્રતિબંધક એવા અજ્ઞાન-વિષવાળા છે તેથી તે અજ્ઞાનવિષને કારણે સમભાવની નિરાકુળ ચેતનાના સુખને અનુભવી શકતા નથી, તોપણ આ મહાત્માની નિર્દંભ યતનાને કારણે તેઓનું અજ્ઞાનવિષ સતત વ્યય પામી રહ્યું છે જેના બળથી ક્રમે કરીને જ્યારે તે મહાત્મા અજ્ઞાનવિષ વગરના થશે ત્યારે નિરાકુળ ચેતનાવાળા પરમ મુનિ જેવા સ્વાસ્થ્યના સુખને પ્રાપ્ત કરશે.

વળી, આ મહાત્મા ઇચ્છાયોગને અવલંબીને જે નિર્દંભ યતના કરે છે તે યતનાથી આત્મામાં મોહના પરિણામથી પૃથક્ એવા આત્મભાવોનું પ્રગટીકરણ થાય છે.

આશય એ છે કે આત્માનો જ્ઞાનનો પરિણામ મોહથી આકુળ હોવાથી કર્મના આશ્લેષવાળો બને છે. આ આશ્લેષને કારણે કર્મના ભાવોથી આત્માના ભાવોનું પૃથક્ રૂપે વિવેચન થતું ન હતું. પરંતુ ઇચ્છાયોગી મહાત્મા પરમ મુનિના સ્વરૂપને લક્ષ કરીને જે યતનાઓ પાળે છે, તે યતનાને કારણે મોહના પરિણામથી આત્મભાવો પૃથક્ થાય છે. તેથી ઉત્તરોત્તર મોહના સ્પર્શ વગરની તે મહાત્માની કંઈક ચેતના પ્રગટ થાય છે, જે ઉત્તરોત્તર વૃદ્ધિને પામીને પરમ મુનિ જેવા સ્વાસ્થ્યભાવને પામશે. માટે ઇચ્છાયોગીની નિર્દંભ યતના પણ પરમકલ્યાણનું કારણ છે. **॥૨૦-૩૦॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૯માં કહ્યું કે અમે ભક્તિથી પરમ મુનિઓની પદવીને અનુસરીએ છીએ તેથી ગ્રંથકારશ્રી કેવા પ્રકારની પરમ મુનિની પદવીનું અનુસરણ કરે છે તે બતાવવા શ્લોક-૩૦માં પોતાની ચારિત્રાચાર વિષયક નિર્દંભ યતના કેવી છે તે બતાવી. હવે પરમ મુનિનું અન્ય પ્રકારનું કેવું અનુસરણ છે, જેનાથી પોતે સંસાર સાગરથી તરશે, તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**सिद्धान्ततदङ्गानां, शास्त्राणां यस्तु परिचयः शक्त्या ।**
**परमालम्बनभूतो, दर्शनपक्षोऽयमस्माकम् ।।३१।।**

**અન્વયાર્થ :-**

**सिद्धान्ततदङ्गानां शास्त्राणां=સિદ્ધાંત અને તેના અંગભૂત શાસ્ત્રોનો= આગમ અને આગમના અનુસરનારા એવા પૂર્વના ઋષિઓ દ્વારા રચાયેલાં શાસ્ત્રોનો, शक्त्या=શક્તિથી=સ્વશક્તિ અનુસાર, यस्तु परिचयः=જે વળી પરિચય છે, अयं=એ, अस्माकम्=અમારો, परमालम्बनभूतः दर्शनपक्षः=પરમ આલંબનભૂત દર્શનપક્ષ છે. ।।૨૦-૩૧।।**

**શ્લોકાર્થ :-**

**સિદ્ધાંત અને તેના અંગભૂત શાસ્ત્રોનો શક્તિથી, જે વળી પરિચય છે એ, અમારો પરમ આલંબનભૂત દર્શનપક્ષ છે. ।।૨૦-૩૧।।**

**ભાવાર્થ :-**

જે યોગીઓને 'સંસાર જન્મ, જરા, મરણ આદિ અનેક ઉપદ્રવોથી વ્યાપ્ત દેખાય છે અને ભવની પ્રાપ્તિ એ જીવની વિડંબણા છે' તેવી નિર્મલ દૃષ્ટિ પ્રગટી છે, વળી, 'કર્મ વગરની આત્માની અવસ્થા રાગાદિથી અનાકુળ હોવાના કારણે મોહના ઉપદ્રવ વગરની છે અને દેહાદિનો સંયોગ નહીં હોવાથી જન્માદિના ઉપદ્રવ વગરની છે અને જીવની તે અવસ્થા એકાંતે સુંદર છે' તેવો નિર્ણય છે અને તેના ઉપાયભૂત સર્વજ્ઞનું વચન છે તેવી સ્થિર બુદ્ધિ છે તેવા મહાત્માઓ મનુષ્યભવને પામીને સ્વશક્તિ અનુસાર સંસારના ઉચ્છેદના ઉપાયભૂત સર્વજ્ઞનાં વચનોને જાણવા અવશ્ય યત્ન કરે છે. ગ્રંથકારશ્રી પણ સંસારના ઉચ્છેદના અત્યંત અર્થી હોવાથી પોતાની શક્તિ અનુસાર સર્વજ્ઞનાં શાસ્ત્રોનો અને સર્વજ્ઞના વચનને અનુસરનારા તેના અંગભૂત અન્ય ઋષિઓનાં શાસ્ત્રોનો જે પરિચય કર્યો છે, તે તેમનામાં વર્તતો સમ્યગ્દર્શનનો પક્ષપાત છે. આ સમ્યગ્દર્શનનો પક્ષપાત પરમમુનિ જેવા થવા માટે પરમ આલંબનભૂત છે; કેમ કે ગ્રંથકારશ્રીએ સ્વશક્તિ અનુસાર શાસ્ત્રોનો પરિચય કર્યો છે અને તે શાસ્ત્રોથી આત્માને

ભાવિત કર્યો છે. વળી, શ્લોક-૩૦માં કહ્યું તેમ સ્વશક્તિ અનુસાર નિર્દંભ યતનાઓ કરે છે, જેના બળથી ગ્રંથકારશ્રી કહે છે કે અમે પણ પરમ મુનિ જેવા થઈને સંસારસાગરને અવશ્ય તરીશું.

અહીં વિશેષ એ છે કે પરમમુનિઓને દર્શનપક્ષ અને ચારિત્રપક્ષ ઉભય સમાન રીતે હોય છે તેથી પરમ મુનિ દર્શનપક્ષને કારણે સર્વશક્તિથી સર્વજ્ઞના વચનને વિશેષ-વિશેષ જાણવા યત્ન કરે છે અને ચારિત્રપક્ષને કારણે જે જાણે છે. તેને સમ્યગ્ પરિણમન પમાડે છે તેથી સર્વજ્ઞના વચનનો યથાર્થ બોધ અને તે બોધને અનુરૂપ ચારિત્રની આચરણારૂપ ઉભયપક્ષ પરમ મુનિઓમાં સમાન રીતે પ્રવર્તે છે અને સંવિજ્ઞ પાક્ષિક એવા મહાત્માઓને દર્શનપક્ષ પ્રધાન છે, ચારિત્રપક્ષ અલ્પમાત્રામાં છે. તેથી શક્તિના પ્રકર્ષથી શાસ્ત્રોના પરમાર્થને જાણે છે, આમ છતાં શાસ્ત્રોને પરિણમન પમાડવાનું પરમ મુનિઓ જેવું સત્ત્વ નહીં હોવાથી નિર્દંભ કંઈક આચરણાઓ કરે છે. તેથી ગ્રંથકારશ્રી કહે છે કે અમારો આ દર્શનપક્ષ પરમ આલંબન છે જેના બળથી અમે સંસારસાગરથી તરીશું. **॥૨૦-૩૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે, શક્તિ અનુસાર અમે શાસ્ત્રોનો જે પરિચય કર્યો તે અમારો દર્શનપક્ષ છે. હવે પોતાનામાં રહેલા દર્શનપક્ષને કારણે પોતાનામાં પ્રવચનની કેવા પ્રકારની ભક્તિ છે તે સ્પષ્ટ કરતાં કહે છે –**

**શ્લોક :-**

**विधिकथनं विधिरागो विधिमार्गे स्थापनं विधीच्छूनां ।**
**अविधिनिषेधश्चेति, प्रवचनभक्तिः प्रसिद्धा नः ।।३२।।**

**અન્વયાર્થ :-**

**विधिकथनं=વિધિનું કથન, विधिरागः=વિધિનો રાગ, विधीच्छूनाम् विधिमार्गे स्थापनं=વિધિના ઇચ્છુઓને વિધિમાર્ગમાં સ્થાપન, अविधिनिषेधश्चेति=અને અવિધિનો નિષેધ એ, नः प्रसिद्धा प्रवचनभक्तिः=અમારી પ્રસિદ્ધ એવી પ્રવચનની ભક્તિ છે. ॥૨૦-૩૨॥**

**શ્લોકાર્થ :-**

**વિધિનું કથન, વિધિનો રાગ, વિધિના ઈચ્છુઓને વિધિમાર્ગમાં સ્થાપન અને અવિધિનો નિષેધ એ અમારી પ્રસિદ્ધ એવી પ્રવચનની ભક્તિ છે. ॥૨૦-૩૨॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીને સંસારના ઉચ્છેદનો ઉપાય ભગવાનનું વચન અને ભગવાનના વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ છે તેવો સ્થિર નિર્ણય છે, તેથી સ્વશક્તિ અનુસાર ભગવાને બતાવેલાં સર્વશાસ્ત્રોનો પરિચય કર્યો છે અને તે પરિચય કર્યા પછી ભગવાને સંસારના ઉચ્છેદ માટે જે જે અનુષ્ઠાનો બતાવ્યાં છે તે તે અનુષ્ઠાનો કરવામાત્રથી સંસારનો ઉચ્છેદ થાય તેમ નથી, પરંતુ અંતરંગ અને બહિરંગ યતનાપૂર્વક કરવાથી મોહનાશ દ્વારા સંસારનો ઉચ્છેદ થાય તેમ છે, તેવો બોધ છે તેથી ભગવાને બતાવેલાં સર્વ અનુષ્ઠાનો કેવી રીતે અંતરંગ મોહનાશને અનુકૂળ ઉચિત યતનાથી અને બહિરંગ કેવી રીતે ઉચિત યતનાથી કરવાં જોઈએ તેની ઉચિત વિધિનું કથન શ્રોતાઓને કરે છે. જેથી યોગ્ય જીવો તે વિધિના પરમાર્થને જાણીને તે વિધિ અનુસાર અનુષ્ઠાન કરવાની રુચિવાળા થાય અને સ્વશક્તિ અનુસાર વિધિપૂર્વક અનુષ્ઠાન કરીને આત્મહિત સાધી શકે. આ પ્રકારની પ્રવચનની ભક્તિ ગ્રંથકારશ્રીના હૈયામાં છે.

વળી, પોતે સંયમની સર્વ ક્રિયાઓ શાસ્ત્રમાં બતાવેલી વિધિ અનુસાર કરી શકતા નથી તોપણ જે પ્રમાણે ભગવાને ચારિત્રની ક્રિયા કરવાની કહી છે તે પ્રકારે કરવાનો રાગ ગ્રંથકારશ્રીના હૃદયમાં વર્તે છે તે ગ્રંથકારશ્રીની પ્રવચનની ભક્તિ છે.

વળી, કેટલાક યોગ્ય જીવો શાસ્ત્રમાં બતાવેલી સંયમની ક્રિયા વિધિપૂર્વક કરવાના ઇચ્છુક છે છતાં તે ક્રિયા કયા પ્રકારની અંતરંગ અને બહિરંગ યતનાથી કરવાની છે તેનો યથાર્થ બોધ નથી તેવા વિધિઇચ્છુક જીવોને શાસ્ત્રવિધિ અનુસાર માર્ગમાં કેમ ચાલવું તેની ઉચિત દિશા બતાવીને ગ્રંથકારશ્રી તેઓને વિધિમાર્ગમાં સ્થાપન કરે છે. આ પ્રકારની પ્રવચનની ભક્તિ ગ્રંથકારશ્રીના હૈયામાં છે.

વળી, કેટલાક આત્મકલ્યાણના અર્થી જીવો ઉચિત અનુષ્ઠાનો કરે છે, છતાં અજ્ઞાનને વશ કે પ્રમાદને વશ અવિધિથી અનુષ્ઠાનને કરીને સેવાયેલા અનુષ્ઠાનના ફળને પ્રાપ્ત કરી શકતા નથી તેવા જીવોથી કરાતી અવિધિનો ગ્રંથકારશ્રી નિષેધ કરે છે. જેથી તેઓની અવિધિ દૂર થાય અને તે યોગ્ય જીવોનું અહિતથી રક્ષણ થાય એ પ્રકારની પ્રવચનની ભક્તિ ગ્રંથકારશ્રીના હૈયામાં છે.

વિધિકથન આદિ આ પ્રકારની પ્રસિદ્ધ આચરણા પ્રવચનની ભક્તિરૂપ છે. તેથી જણાય છે કે ગ્રંથકારશ્રીના ચિત્તમાં સર્વજ્ઞના વચનરૂપ પ્રવચન પ્રત્યે અત્યંત ભક્તિ છે જે ગ્રંથકારશ્રીમાં રહેલ દર્શનપક્ષને વ્યક્ત કરે છે. **॥૨૦-૩૨॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૯માં ગ્રંથકારશ્રીએ કહેલ કે પરમમુનિની ભક્તિથી. તેઓની અવસ્થાને અમે અનુસરીએ છીએ. પરમ મુનિઓનું તે અનુસરણ કેવા પ્રકારનું છે તે શ્લોક-૩૦, ૩૧, ૩૨માં કંઈક બતાવ્યું. હવે તે અનુસરણનું જ વિશેષ સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**अध्यात्मभावनोज्ज्वलचेतोवृत्त्योचितं हि नः कृत्यम् ।**
**पूर्णक्रियाभिलाषश्चेति द्वयमात्मशुद्धिकरम् ।।३३।।**

**અન્વયાર્થ :-**

**अध्यात्मभावनोज्ज्वलचेतोवृत्त्योचितं हि=અધ્યાત્મની ભાવનાથી ઉજ્જ્વલ એવી ચિત્તની વૃત્તિથી ઉચિત જ, नः कृत्यम्=અમારું કૃત્ય पूर्णक्रियाभिलाषश्चेति द्वयम्=અને પૂર્ણક્રિયાનો અભિલાષ – એ બે, आत्मशुद्धिकरम्=આત્માની શુદ્ધિને કરનાર છે. ॥૨૦-૩૩॥**

**શ્લોકાર્થ :-**

**અધ્યાત્મની ભાવનાથી ઉજ્જ્વલ એવા ચિત્તની વૃત્તિથી ઉચિત જ અમારું કૃત્ય અને પૂર્ણક્રિયાનો અભિલાષ – એ બે, આત્માની શુદ્ધિને કરનાર છે. ॥૨૦-૩૩॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રી સંસારના ઉચ્છેદના અત્યંત અર્થી છે તેથી તેમણે શક્તિના પ્રકર્ષથી સદ્‌શાસ્ત્રોનો પરિચય કર્યો છે. સદ્‌શાસ્ત્રોનો પરિચય કર્યા પછી શ્લોક-૩૨માં કહ્યું તેમ વિધિકથન આદિ દ્વારા પ્રવચનની ભક્તિ કરે છે. વળી, તેટલાથી ગ્રંથકારશ્રીને સંતોષ નથી તેથી ભાવચારિત્રને પ્રગટ કરવારૂપ અધ્યાત્મના સ્વરૂપથી આત્માને ભાવિત કરે છે અને તે ભાવનાઓથી ઉજ્જ્વલ એવી ચિત્તવૃત્તિ હોવાને કારણે ગ્રંથકારશ્રી જે ચારિત્રાચારની ક્રિયાઓ કરે છે તે સ્વશક્તિ અનુસાર ઉચિત કૃત્યરૂપે જ કરે છે. ફક્ત શક્તિનો સંચય થયેલ નહીં હોવાથી શાસ્ત્રને પરતંત્ર થઈને પૂર્ણ ક્રિયાઓ કરી શકતા નથી તોપણ પૂર્ણ શાસ્ત્રાનુસારી ક્રિયાના અભિલાષવાળા છે. તેથી ગ્રંથકારશ્રી કહે છે કે અધ્યાત્મના ભાવનથી ઉજ્જ્વલ ચિત્તવૃત્તિથી અમે જે ઉચિત કૃત્ય કરીએ છીએ અને પૂર્ણક્રિયા કરવાનો જે અમને અભિલાષ છે – આ બે અમારા આત્માને શુદ્ધિ કરનાર છે જેના બળથી પરમમુનિઓના માર્ગને અભિમુખ સ્વભૂમિકાનુસાર અમે અનુસરી શકીએ છીએ. **॥૨૦-૩૩॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૩૦થી શ્લોક-૩૩ સુધી ગ્રંથકારશ્રી પોતે પરમમુનિનું અનુસરણ કેવા પ્રકારનું કરે છે તે સ્પષ્ટ કર્યું. હવે પોતાનું તે અનુસરણ કઈ રીતે પોતાને માટે હિતરૂપ છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**द्वयमिह शुभानुबन्धं, शक्यारम्भश्च शुद्धपक्षश्च ।**
**अहितो विपर्ययः पुनरित्यनुभवसङ्गतः पन्थाः ।।३४।।**

**અન્વયાર્થ :-**

**इह=અહીં=યોગમાર્ગના સેવનમાં, शक्यारम्भश्च=શક્યારંભ=યોગમાર્ગની પ્રવૃત્તિ માટે પોતાની શક્તિનું સમાલોચન કરીને સ્વકૃતિસાધ્યત્વાદિ અનુસાર કૃત્યનો આરંભ, शुद्धपक्षश्च=અને શુદ્ધ પક્ષ=સ્વીકારાયેલ કૃત્ય પૂર્ણ શાસ્ત્રાનુસાર થાય તે પ્રકારનો પક્ષપાતરૂપ શુદ્ધ પક્ષ, द्वयम्=બે અવયવોવાળું,**

**शुभानुबंधं=શુભાનુબંધ છે, विपर्ययः तु पुनः=વળી વિપર્યય=શક્યારંભ અને શુદ્ધનો પક્ષપાત રૂપ બે અવયવોનો વિપર્યય, अहितः=અહિત છે, इति अनुभवसङ्गतः पन्थाः=એ પ્રકારે અનુભવસંગત પંથ છે. ॥૨૦-૩૪॥**

**શ્લોકાર્થ :-**

**અહીં શક્યારંભ અને શુદ્ધપક્ષ બે અવયવોવાળું શુભાનુબંધ છે. વળી વિપર્યય અહિત છે. એ પ્રકારે અનુભવસંગત પંથ છે. ॥૨૦-૩૪॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ શ્લોક-૩૦થી શ્લોક-૩૩ સુધી જે વર્ણન કર્યું તેનાથી એ ફલિત થયું કે ગ્રંથકારશ્રી પરમમુનિઓની જેમ પૂર્ણ આચાર પાળવા માટે સમર્થ નથી તો પણ પોતાની શક્તિ અનુસાર શક્યનો આરંભ કરનારા છે. આથી જ પોતાની શક્તિ અનુસાર સંયમજીવનની નિર્દંભ આચરણા કરે છે અને પોતાની શક્તિ અનુસાર ભગવાનના બતાવેલાં શાસ્ત્રોનો પરિચય કરીને શાસ્ત્રના પરમાર્થને પામ્યા પછી યોગ્ય જીવો પાસે હંમેશાં વિધિનું કથન કરે છે, યોગ્ય જીવોને વિધિમાર્ગમાં સ્થાપન કરે છે અને હંમેશા અવિધિનો નિષેધ કરે છે. વળી, પોતે જે કાંઈ કૃત્યો કરે છે તે સર્વમાં વિધિનો રાગ છે તેથી અધ્યાત્મના ભાવનથી ઉજ્જ્વલ એવો ચિત્તવૃત્તિયુક્ત ઉપયોગ વર્તે છે. આ સર્વ પ્રવૃત્તિ પોતે કરે છે તે શક્ય આરંભરૂપ છે.

વળી, ગ્રંથકારશ્રી પૂર્ણ શાસ્ત્રાનુસારી ક્રિયા કરવાનો અભિલાષ ધરાવે છે તે શુદ્ધના પક્ષપાતરૂપ છે. જે મહાત્મા શક્યનો આરંભ અને શુદ્ધપક્ષપાતરૂપ બે અવયવવાળી પ્રવૃત્તિ કરતા હોય તે પ્રવૃત્તિ શુભ અનુબંધવાળી છે; કેમ કે શક્તિ અનુસાર અનુષ્ઠાન સેવે છે અને જે પ્રકારની અનુષ્ઠાનવિષયક શક્તિ નથી તે શક્તિનો સંચય થાય ત્યારે પૂર્ણ શાસ્ત્રાનુસાર અનુષ્ઠાન સેવવાની મનોવૃત્તિ છે તેથી પોતાની અનુષ્ઠાનની પ્રવૃત્તિ ઉત્તરોત્તર શુદ્ધ અનુષ્ઠાનનું કારણ હોઈને તે પ્રવૃત્તિ પૂર્ણ શુદ્ધ અનુષ્ઠાનની પ્રાપ્તિને અનુકૂળ શુભ અનુબંધવાળી છે.

વળી, જેઓ પોતાની શક્તિનું સમાલોચન કર્યા વગર અશક્ય અનુષ્ઠાનનો આરંભ કરે છે અથવા પોતાનાથી શક્ય હોય છતાં શક્તિના પ્રકર્ષથી તે અનુષ્ઠાનની પ્રવૃત્તિ કરતા નથી અને પૂર્ણ શુદ્ધ કરવા માટેના પક્ષપાતવાળા

નથી તેઓની તે પ્રવૃત્તિ સંયમની ક્રિયારૂપ હોય તોપણ શુભ અનુબંધવાળી નથી પરંતુ વિપર્યયરૂપ છે માટે અહિતરૂપ છે. આ પ્રકારનો અનુભવસંગત માર્ગ છે અર્થાત્ કોઈપણ કાર્ય નિષ્પત્તિને માટે શક્તિનું સમાલોચન કરીને શક્તિના પ્રકર્ષથી જે પોતાના પ્રયત્નથી સાધ્ય હોય તેવા અનુષ્ઠાનમાં યત્ન કરવો અને પૂર્ણ શાસ્ત્રાનુસારી ક્રિયા કરવાનો પક્ષપાત રાખીને શક્યમાં યત્ન કરવો એ પરમમુનિ જેવા અનુષ્ઠાનની પ્રાપ્તિ માટેનો માર્ગ છે એ વિચારક પુરુષનો સ્વઅનુભવ સિદ્ધ માર્ગ છે.

અહીં કહ્યું કે શક્યારંભ અને શુદ્ધપક્ષ એ બે અવયવોવાળું શુભ અનુબંધ છે. ત્યાં શક્ય આરંભ એ કહેવાય કે, बलवत् अनिष्टाननुबंधित्वे सति इष्टसाधनत्वे सति स्वकृतिसाध्यत्वं - शक्यारंभत्वं અર્થાત્

જે પ્રવૃત્તિ કરવાથી તે પ્રવૃત્તિ માટે કરાતા શ્રમથી અધિક બલવાન અનિષ્ટ ન હોય. જે પ્રવૃત્તિ પોતાના ઇષ્ટનું સાધન હોય અને સ્વકૃતિથી જે પ્રવૃત્તિ લક્ષ્યને અનુરૂપ થઈ શકે તેવી હોય તે પ્રવૃત્તિમાં યત્ન કરવામાં આવે તો તે પ્રવૃત્તિ શક્ય આરંભરૂપ બને.

જેમ, સમ્યગ્દૃષ્ટિ જીવને સંસારથી અતીત અવસ્થાની પ્રાપ્તિનું જે પ્રવૃત્તિ કારણ બને, તે પ્રવૃત્તિ તેના માટે ઇષ્ટનું સાધન છે.

વળી, મોક્ષને અનુકૂળ સર્વ પ્રવૃત્તિમાંથી જે પ્રવૃત્તિથી પોતે મોક્ષને અનુકૂળ વિશેષ ભાવો કરી શકે તેમ હોય તે પ્રવૃત્તિમાં તે મહાત્મા યત્ન કરે તો તે કૃતિના ફળને તે મહાત્મા પ્રાપ્ત કરી શકે તેથી તે પ્રવૃત્તિ સ્વકૃતિસાધ્ય છે.

વળી, લક્ષ્ય એવા મોક્ષને અનુકૂળ સર્વ પ્રવૃત્તિમાંથી જે પ્રવૃત્તિ પોતાના બલવાન અનિષ્ટનું કારણ ન બને તેવી હોય તો તે બલવત્ અનિષ્ટ અનનુબંધી છે. જેમ પોતાના શક્તિ કરતાં ઉપરની ભૂમિકાનું અનુષ્ઠાન કોઈ કરે તો તે અનુષ્ઠાન બાહ્યરીતે સ્વકૃતિથી સાધ્ય હોય તોપણ તે અનુષ્ઠાનથી મોહનાશ થઈ શકે નહીં, પરંતુ આર્તધ્યાનાદિ થાય તો બલવાન અનિષ્ટ થાય તેથી તે અનુષ્ઠાન બલવત્ અનિષ્ઠ અનુબંધી છે અર્થાત્ અલ્પતુચ્છ પુન્યબંધ કરાવી તે દુરગતિનું કારણ બને છે. પરંતુ જે અનુષ્ઠાનમાં અનુષ્ઠાનના સેવનના શ્રમ કરતાં અધિક કોઈ અનિષ્ટની પ્રાપ્તિ ન હોય પરંતુ ઇષ્ટ એવી નિર્જરાની પ્રાપ્તિ હોય તેવું અનુષ્ઠાન બલવત્ અનિષ્ટ અનનુબંધી છે.

માટે વિચારક જીવ પોતાના ઇષ્ટનું સાધન હોય, પોતાની કૃતિથી સાધ્ય હોય અને પોતાના બલવાન અનિષ્ટનું કારણ ન હોય તેવી ઉચિત પ્રવૃત્તિ કરે તે શક્ય-આરંભરૂપ છે.

વળી શક્ય-આરંભવાળા પણ મહાત્મા પ્રારંભિક ભૂમિકામાં પૂર્ણ શુદ્ધ ક્રિયા કરી શકતા ન હોય તોપણ પૂર્ણ શુદ્ધ ક્રિયાના પક્ષપાતથી તે મહાત્મા પ્રવૃત્તિ કરે તો અવશ્ય શક્ય આરંભવાળી પ્રવૃત્તિથી ક્રમે કરીને પૂર્ણ શુદ્ધ ક્રિયાની પ્રાપ્તિ કરી શકે છે. **॥૨૦-૩૪॥**

**અવતરણિકા :-**

**ગ્રંથકારશ્રીએ પૂર્વમાં સ્થાપન કર્યું કે, પૂર્ણ આચાર પાળનારા પરમ મુનિઓ છે અને એ પરમ મુનિઓની ભક્તિથી અમે તેમનું અનુસરણ કરીએ છીએ. ત્યારપછી પરમ મુનિઓનું અનુસરણ પોતે કઈ રીતે કરે છે તે બતાવીને શ્લોક-૩૪માં બતાવ્યું કે, અમે જે શક્ય આરંભ કરીએ છીએ અને અમારો જે શુદ્ધનો પક્ષ છે તે અમારો અનુભવસંગત પંથ છે. આમ બતાવીને પૂર્ણ આચાર પાળનારા પરમ મુનિ કરતાં તેની પાછળ ચાલનારા પોતાનું સંયમ કેવું છે તે ગ્રંથકારશ્રીએ સ્પષ્ટ કર્યું. હવે જેઓ શક્ય આરંભ કરનારા નથી અને શુદ્ધના પક્ષપાતવાળા નથી પરંતુ માત્ર ચારિત્રની બાહ્ય ક્રિયા કરીને પોતે ચારિત્રી છે તેમ માને છે તેઓ કેવા છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**ये त्वनुभवाविनिश्चितमार्गाश्चारित्रपरिणतिभ्रष्टाः ।**
**बाह्यक्रियया चरणाभिमानिनो ज्ञानिनोऽपि न ते ।।३५।।**

**અન્વયાર્થ :-**

**ये तु=વળી જેઓ=વળી સાધુવેશવાળા એવા જેઓ, अनुभवाविनिश्चितमार्गाः=અનુભવ અવિનિશ્ચિત માર્ગવાળા, चारित्रपरिणतिभ्रष्टाः= ચારિત્રના પરિણામથી ભ્રષ્ટ, बाह्यक्रियया चरणाभिमानिनः=બાહ્ય ક્રિયાથી ચારિત્રના અભિમાનવાળા છે. ते=તેઓ, ज्ञानिनोऽपि न=જ્ઞાની પણ નથી.** ॥૨૦-૩૫॥

**શ્લોકાર્થ :-**

**વળી જેઓ અનુભવ અવિનિશ્ચિત માર્ગવાળા ચારિત્રના પરિણામથી ભ્રષ્ટ બાહ્ય ક્રિયાથી ચારિત્રના અભિમાનવાળા છે તેઓ જ્ઞાની પણ નથી. ।।૨૦-૩૫।।**

**ભાવાર્થ :-**

યોગમાર્ગનો અનુભવસંગત પંથ એ છે કે વીતરાગના વચનનું અવલંબન લઈને સર્વ ક્રિયાઓ વીતરાગભાવને અનુકૂળ ઉત્તરોત્તર ઉદ્યમ થાય તે પ્રકારે સંયમનું પાલન કરવું જોઈએ. આવા મહાત્માઓ સંયમ ગ્રહણ કરે ત્યારથી ત્રણ ગુપ્તિના સામ્રાજ્યવાળા થઈને સતત નવું નવું શ્રુત ગ્રહણ કરે છે, શ્રુતથી આત્માને ભાવિત કરે છે અને સંયમની સર્વ ઉચિત ક્રિયાઓ વીતરાગતાને અનુકૂળ સંયમના કંડકો વૃદ્ધિ પામે તે રીતે કરે છે. વળી, જે મહાત્માઓ તેવી શક્તિવાળા નથી તેઓ પરમ મુનિઓના સ્વરૂપને યથાર્થ જાણીને પોતાની શક્તિ અનુસાર શક્યનો આરંભ કરે છે અને સંયમની પૂર્ણ શુદ્ધ ક્રિયા પ્રત્યે અત્યંત પક્ષપાતવાળા હોય છે. આ બે અનુભવસંગતમાર્ગ છે.

પરંતુ જેઓએ સાધુપણું ગ્રહણ કર્યું છે અને આ બે માર્ગમાંથી કોઈ માર્ગના પરમાર્થનો જેમને નિશ્ચય નથી તેઓ પોતાની સંયમની આચરણા દ્વારા કોઈ આત્મિક ભાવોનો અનુભવ કરી શકે એવા નિર્ણીત માર્ગને પામેલા નથી અને સર્વ ભાવો પ્રત્યે સમભાવના પરિણામરૂપ ચારિત્રપરિણતિથી રહિત છે. માત્ર ચારિત્રની પ્રતિદિનની બાહ્ય ક્રિયાઓ કરે છે અને તે ક્રિયાના બળથી પોતે ચારિત્રી છે તેવું અભિમાન ધારણ કરે છે. તેઓ ભગવાનના વચનને જાણનારા એવા જ્ઞાની પણ નથી અર્થાત્ ચારિત્રી તો નથી પરંતુ સમ્યગ્ જ્ઞાનવાળા પણ નથી, માટે મિથ્યાદૃષ્ટિ છે. **।।૨૦-૩૫।।**

**અવતરણિકા :-**

**પૂર્વ શ્લોકમાં કહ્યું કે અનુભવમાર્ગનિરપેક્ષ ચારિત્રાચારની બાહ્ય ક્રિયાથી પોતે ચારિત્રી છે તેમ માનનારા અજ્ઞાની છે. હવે તેઓની તે પ્રવૃત્તિ કલ્યાણનું કારણ નથી તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**लोकेषु बहिर्बुद्धिषु, विगोपकानां बहिर्क्रियासु रतिः ।**
**श्रद्धां विना न चैताः, सतां प्रमाणं यतोऽभिहितम् ।।३६।।**

**અન્વયાર્થ :-**

**बहिर्बुद्धिषु लोकेषु=બહિર્બુદ્ધિવાળા લોકો હોતે છતે, विगोपकानां= વિગોપકોને=સંયમની બાહ્ય ક્રિયા કરનારા શુદ્ધ માર્ગના વિગોપક એવા સાધુઓને, बहिर्क्रियासु रतिः=બહિર્ક્રિયામાં રતિ છે=સાધ્વાચારની બાહ્ય ક્રિયામાં રતિ છે, श्रद्धां विना=શ્રદ્ધા વિના=ભગવાનના વચનના મર્મનો અનુભવથી નિર્ણય કરીને તેના પ્રત્યેની રુચિ વગર, एताः च=અને આ બહિર્ક્રિયાઓ=વિગોપકો દ્વારા સેવાતી બહિર્ક્રિયાઓ, सतां=સંતોને, प्रमाणं न=પ્રમાણ નથી, यतोऽभिहितम्=જે કારણથી કહેવાયું છે=આગળના શ્લોકમાં કહેવાશે તે પ્રમાણે ષોડશક ગ્રંથમાં કહેવાયું છે. ।।૨૦-૩૬।।**

**શ્લોકાર્થ :-**

**બહિર્બુદ્ધિવાળા લોકો હોતે છતે વિગોપકોને બહિર્ક્રિયામાં રતિ છે અને ભગવાનના વચનના મર્મનો અનુભવથી નિર્ણય કરીને તેના પ્રત્યેની રુચિ વગર આ બહિર્ક્રિયાઓ સંતોને પ્રમાણ નથી, જે કારણથી કહેવાયું છે. ।।૨૦-૩૬।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૫માં કહ્યું કે અનુભવના અવિનિશ્ચિત માર્ગવાળા બાહ્યક્રિયામાં રત કેટલાક સાધુઓ ચારિત્રના અભિમાનવાળા છે, પરમાર્થથી તેઓ જ્ઞાની પણ નથી. તેઓ બાહ્ય ક્રિયામાં કેમ રત છે તે બતાવવા અર્થે કહે છે –

બહિર્બુદ્ધિવાળા લોકોને બાહ્ય આચરણાઓમાં જ ધર્મબુદ્ધિ હોય છે, પરંતુ તે બાહ્ય આચરણાઓ કેવી રીતે અનુભવમાર્ગની પ્રાપ્તિ દ્વારા શ્રેયનું કારણ છે તેવી બુદ્ધિ હોતી નથી. જે લોકો બહિર્બુદ્ધિવાળા છે તેઓ માત્ર બાહ્યક્રિયાઓને જ મોક્ષના કારણરૂપે સ્વીકારનારા છે. તેમ સ્વીકારીને તે બાહ્યક્રિયાથી નિષ્પાદ્ય એવો જે અનુભવ માર્ગ છે તેની જિજ્ઞાસા પણ તેઓને થતી નથી, તેથી

અનુભવ માર્ગના તેઓ વિગોપક છે અને તેવા સાધુઓને બહિર્ક્રિયાઓમાં જ રતિ હોય છે. તેથી પોતે ક્રિયાઓ કરે છે, માટે ચારિત્રી છે, તેવું માને છે. પરંતુ શ્રદ્ધા વગરની આ બાહ્યક્રિયાઓ સંતોને પ્રમાણ નથી અર્થાત્ આ ચારિત્રની બાહ્ય ક્રિયા "ભગવાનના વચનાનુસાર અંતરંગ યતનાથી સેવાતી અનુભવપંથને પ્રગટ કરીને વીતરાગતામાં વિશ્રાંત થનાર છે" તેવા સૂક્ષ્મ બોધને સ્પર્શનારી રુચિરૂપ શ્રદ્ધા વગર સેવાતી સંત એવા પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજીને અભિમત નથી અર્થાત્ મોક્ષના કારણરૂપે અભિમત નથી. શ્રી હરિભદ્રસૂરીશ્વરજીને આ ચારિત્રની ક્રિયા મોક્ષના કારણરૂપે અભિમત કેમ નથી, તેમાં હેતુ કહે છે.

જે કારણથી પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ ષોડશકમાં કહ્યું છે – શું કહ્યું છે તે સ્વયં ગ્રંથકારશ્રી આગળના શ્લોકમાં બતાવે છે. **॥૨૦-૩૬॥**

**અવતરણિકા :-**

**પૂર્વના શ્લોકમાં કહ્યું કે "જે કારણથી કહેવાયું છે," હવે શું કહેવાયું છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**बालः पश्यति लिङ्गं, मध्यमबुद्धिर्विचारयति वृत्तम् ।**
**आगमतत्त्वं तु बुधः, परीक्षते सर्वयत्नेन ।।३७।।**

**અન્વયાર્થ :-**

**बालः लिङ्गं पश्यति=બાળ લિંગને જુએ છે, मध्यमबुद्धिः वृत्तम् विचारयति= મધ્યમ બુદ્ધિ વૃત્તને વિચારે છે, बुधः तु=વળી, બુધપુરુષ, सर्वयत्नेन आगमतत्त्वं परीक्षते=સર્વ યત્નથી આગમતત્ત્વની પરીક્ષા કરે છે. ।।૨૦-૩૭।।**

**શ્લોકાર્થ :-**

**બાળ લિંગને જુએ છે, મધ્યમબુદ્ધિ વૃત્તને વિચારે છે. વળી, બુધપુરુષ સર્વયત્નથી આગમતત્ત્વની પરીક્ષા કરે છે. ।।૨૦-૩૭।।**

**ભાવાર્થ :-**

ષોડશકમાં કહ્યું છે કે ધર્મના ઇચ્છુક જીવો ત્રણ પ્રકારની બુદ્ધિવાળા હોય

છે. કેટલાક બાળબુદ્ધિવાળા હોય છે, કેટલાક મધ્યમબુદ્ધિવાળા હોય છે અને કેટલાક બુધ હોય છે.

જેઓ બાળબુદ્ધિવાળા છે તેઓને "ચારિત્રનો વેશ અને ચારિત્રની માત્ર બાહ્ય ક્રિયા મોક્ષનું કારણ છે" એવી બુદ્ધિ થાય છે. તેથી બાહ્ય વેશધારી અને બાહ્ય ક્રિયાઓની આચરણા કરનારને તેઓ વંદ્ય માને છે.

વળી જેઓ મધ્યમ બુદ્ધિવાળા છે, તેઓ વૃત્તિનો વિચાર કરે છે અર્થાત્ "આ મહાત્મા સુંદર આચારવાળા હોય તો વંદ્ય થાય" તેમ માને છે અને મધ્યમ બુદ્ધિવાળાં જીવોને શાસ્ત્રમાં સામાન્યથી જે ઉત્સર્ગ માર્ગ છે એ જ સર્વ આચારરૂપે જણાય છે.

વળી, આ ઉત્તમ આચારો કઈ રીતે મોહના ઉન્મૂલનનું કારણ છે તે પ્રકારની માર્ગાનુસારી પ્રજ્ઞા બાળજીવોમાં તો નથી, પરંતુ મધ્યમ બુદ્ધિવાળા જીવોમાં પણ નથી. આથી જ મધ્યમ બુદ્ધિવાળા જીવો સંયમની સર્વ આચરણાઓ વીતરાગતાને અનુકૂળ અંતરંગ યત્નમાં જે રીતે ઉપકારક થાય તે રીતે ગુરુ-લાઘવનો વિચાર કરીને સેવતા નથી પરંતુ શાસ્ત્રમાં જે સામાન્યથી સંયમની શુદ્ધ આચરણાઓ બતાવી હોય તેમાં જ તેઓનો આગ્રહ હોય છે. આથી બાળબુદ્ધિવાળા જીવો અને મધ્યમ બુદ્ધિવાળા જીવો બહિર્બુદ્ધિવાળા છે અને તેવા જીવો સાધુવેશમાં હોય અને ગીતાર્થનું સાન્નિધ્ય ન મળે તો બાહ્ય ક્રિયાઓમાં રતિ ધરાવનારા હોય છે અને બાહ્ય ક્રિયા સાથે અંતરંગ રીતે જોડાયેલો એવો અનુભવ માર્ગનો તેઓ વિલોપ કરે છે. તેથી તેઓની ક્રિયા ગ્રંથકારશ્રીને મોક્ષના કારણરૂપે પ્રમાણ નથી.

વળી, જેઓ બુધ પુરુષો છે, તેઓ તો સર્વ યત્નથી આગમતત્ત્વની પરીક્ષા કરે છે અને તેવા બુધ પુરુષો સાધુવેશમાં હોય તો વીતરાગના વચનના પરમાર્થને શક્તિ અનુસાર જાણીને, જે ક્રિયા કરીને પોતે વીતરાગતાને અનુકૂળ ઉદ્યમ કરી શકે તેવી ક્રિયાઓ કરે છે અને બુધપુરુષો ગુરુ-લાઘવના પર્યાલોચનપૂર્વક શક્તિ અનુસાર સંયમની ક્રિયાઓ કરનારા હોય છે તેથી પૂર્વમાં ગ્રંથકારશ્રીએ જે અનુભવસંગત પંથ કહ્યો તેનું બુધ પુરુષો અનુસરણ કરે છે. માટે પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજીને બુધ પુરુષો વડે સેવાયેલા અનુભવસંગત પંથને છોડીને વિગોપકો વડે સેવાયેલી બહિર્ક્રિયા પ્રમાણ નથી. **॥૨૦-૩૭॥**

**અવતરણિકા :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ પરમ મુનિઓનો અનુભવસંગત પંથ શું છે, તે બતાવ્યું અને ત્યારપછી પરમ મુનિઓને અનુસરનારા એવા પોતાનો અનુભવસંગત પંથ શું છે તે બતાવ્યું. ત્યારપછી માત્ર બાહ્ય ક્રિયામાં રત અનુભવસંગત પંથનિરપેક્ષ સાધુઓ પોતાને ચારિત્રી માને છે, તોપણ તેઓ અજ્ઞાની છે, તેમ બતાવ્યું. હવે અનુભવસંગત માર્ગને પ્રાપ્ત કરવા માટે શું કરવું જોઈએ, તે નિગમનરૂપે બતાવે છે –

**શ્લોક :-**

**निश्चित्यागमतत्त्वं, तस्मादुत्सृज्य लोकसंज्ञां च ।**
**श्रद्धाविवेकसारं, यतितव्यं योगिना नित्यम् ।।३८।।**

**અન્વયાર્થ :-**

**तस्मात्=તે કારણથી=શ્લોક-૩૬માં કહ્યું કે વિગોપકોની બાહ્ય ક્રિયામાં રતિ સંતોને પ્રમાણ નથી અને તેની પુષ્ટિ ષોડશકના વચનથી ગ્રંથકારશ્રીએ કરી તે કારણથી, आगमतत्त्वं निश्चित्य=આગમતત્ત્વનો નિશ્ચય કરીને= સદનુષ્ઠાન વિષયક શાસ્ત્રમર્યાદાના પરમાર્થનો નિર્ણય કરીને, लोकसंज्ञां च उत्सृज्य=અને લોકસંજ્ઞાનો ત્યાગ કરીને, योगिना नित्यम्=યોગીઓએ હંમેશાં, श्रद्धाविवेकसारं यतितव्यं=શ્રદ્ધા અને વિવેકસાર યત્ન કરવો જોઈએ=સદ્-અનુષ્ઠાનમાં શ્રદ્ધા અને વિવેકપ્રધાન યત્ન કરવો જોઈએ. ।।૨૦-૩૮।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી આગમતત્ત્વનો નિશ્ચય કરીને અને લોકસંજ્ઞાનો ત્યાગ કરીને યોગીઓએ હંમેશાં શ્રદ્ધા અને વિવેકપ્રધાન યત્ન કરવો જોઈએ. ।।૨૦-૩૮।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે માત્ર બાહ્ય ક્રિયા કરવાથી ચારિત્ર પ્રાપ્ત થતું નથી, માટે ચારિત્રના અર્થી એવા યોગીએ આગમતત્ત્વનો નિશ્ચય કરવો જોઈએ અર્થાત્ ચારિત્રની પ્રાપ્તિના ઉપાયભૂત એવી ક્રિયાઓ કઈ રીતે અંતરંગ ઉચિત

યતનાથી અને કઈ રીતે બહિરંગ ઉચિત યતનાથી કરવામાં આવે તો ચારિત્રની નિષ્પત્તિનું કારણ બને છે તેના પરમાર્થનો આગમવચનાનુસાર નિર્ણય કરવો જોઈએ.

વળી, લોકો જે પ્રમાણે બાહ્ય ક્રિયાઓ કરે છે તે પ્રમાણે બાહ્ય ક્રિયા કરવાની મનોવૃત્તિરૂપ લોકસંજ્ઞાનો ત્યાગ કરવો જોઈએ અને ત્યારપછી કલ્યાણના અર્થી એવા યોગીએ "શાસ્ત્રકારોએ આ ક્રિયા આ પ્રકારના અંતરંગ અનુભવને ઉલ્લસિત કરે તે પ્રકારે સેવવાની કહી છે" તેમાં સ્થિર રુચિ કરીને અંતરંગ યત્નને પુષ્ટ કરે તેવી વિવેકયુક્ત બાહ્ય ક્રિયા થાય તે રીતે હંમેશાં યત્ન કરવો જોઈએ. જેથી તે યોગી વડે સેવાયેલાં અનુષ્ઠાનો તે પ્રકારના આત્માનુભવ દ્વારા ગુણસ્થાનકની વૃદ્ધિનું કારણ બને. **॥૨૦-૩૮॥**

**અવતરણિકા :-**

**સદનુષ્ઠાનમાં અનુભવમાર્ગની પ્રાપ્તિ માટે યોગીએ કઈ રીતે યત્ન કરવો જોઈએ તેની સ્પષ્ટતા શ્લોક-૩૮માં કરી. હવે શ્લોક-૩૯થી શ્લોક-૪૫ સુધી આત્માના પારમાર્થિક અનુભવમાં વિઘ્નભૂત એવી કઈ બહિરાચરણાઓનો ત્યાગ કરીને ઉચિત આચરણા કરવી જોઈએ જેથી સ્વભૂમિકાનુસાર સેવાતા સદનુષ્ઠાનથી ગુણસ્થાનકની વૃદ્ધિરૂપ અનુભવ પ્રાપ્ત થાય તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**निन्द्यो न कोपि लोकः, पापिष्ठेष्वपि भवस्थितिश्चिन्त्या ।**
**पूज्या गुणगरिमाढ्या, धार्यो रागो गुणलवेऽपि ।।३९।।**

**અન્વયાર્થ :-**

**कोऽपि लोकः न निन्द्यः=કોઈપણ લોકની નિંદા ન કરવી જોઈએ, पापिष्ठेष्वपि भवस्थितिश्चिन्त्या=પાપિષ્ઠ જીવોમાં પણ ભવસ્થિતિની ચિંતા કરવી જોઈએ. गुणगरिमाढ्याः पूज्याः=ગુણગરિમાથી યુક્ત એવા મહાત્માઓ પૂજવા જોઈએ, गुणलवेऽपि रागः धार्यः=ગુણલવમાં પણ અર્થાત્ પરમાં રહેલા માર્ગાનુસારી ગુણલવમાં પણ, રાગ ધારણ કરવો જોઈએ. ॥૨૦-૩૯॥**

**શ્લોકાર્થ :-**

**કોઈપણ લોકની નિંદા ન કરવી જોઈએ, પાપિષ્ઠ જીવોમાં પણ ભવસ્થિતિની ચિંતા કરવી જોઈએ. ગુણગરિમાથી યુક્ત એવા મહાત્માઓ પૂજવા જોઈએ, ગુણલવમાં પણ રાગ ધારણ કરવો જોઈએ. ॥૨૦-૩૯॥**

**ભાવાર્થ :-**

બાહ્ય નિમિત્તોને આશ્રયીને પોતાની પ્રકૃતિ મોહવાળી ન થાય પરંતુ ગુણવૃદ્ધિનું નિમિત્ત બને તે પ્રકારે પોતાની પ્રકૃતિના નિર્માણ અર્થે યોગીએ શું કરવું જોઈએ તે ક્રમસર બતાવે છે.

(૧) કોઈપણ લોકની નિંદા કરવી જોઈએ નહીં અર્થાત્ ઉત્તમ પુરુષોની તો નિંદા કરવી અત્યંત અહિતકારી છે, પરંતુ જે જીવોની પ્રકૃતિ કંઈક દોષવાળી છે તેવા જીવોમાં વર્તતા તે દોષોને જોઈને પણ તેઓની નિંદા કરવી જોઈએ નહીં. પરંતુ વિચારવું જોઈએ કે "મારાથી તેનું હિત થઈ શકે છે તો ઉચિત પ્રવર્તનથી તેના દોષના નિવર્તન માટે હું યત્ન કરું, પરંતુ તેની દોષવાળી પ્રકૃતિ જોઈને સ્વયં અસહિષ્ણુ બનવું જોઈએ નહીં અને તેના દોષની નિંદા કરવી જોઈએ નહીં."

(૨) કોઈ જીવો અત્યંત પાપપરાયણ હોય તેઓની પણ નિંદા કરવી જોઈએ નહીં પરંતુ વિચારવું જોઈએ કે 'આ જીવોની હજુ દીર્ઘ ભવસ્થિતિ છે તેથી આ જીવો પાપિષ્ઠ છે, જ્યારે તેઓની ભવસ્થિતિ અલ્પ થશે ત્યારે જ તેઓ સુધરી શકશે.' આ પ્રમાણે વિચારવાથી પાપિષ્ઠ જીવોને જોઈને પણ તેઓના પ્રત્યે દ્વેષ થતો નથી. ક્વચિત્ તેઓને સુધારવાના આશયથી કંઈક યત્ન થાય તેવું જણાય ત્યારે તેઓના હિતની બુદ્ધિથી તેઓની અનુચિત આચરણાની નિંદા કરવામાં આવે તો તે દોષરૂપ નથી પરંતુ પોતાની અસહિષ્ણુ પ્રકૃતિ પુષ્ટ થાય તે રીતે પાપિષ્ઠ જીવોની પણ નિંદા કરવી જોઈએ નહીં.

(૩) જેઓ અનેક ગુણોથી યુક્ત છે તેઓની નિત્ય પૂજા કરવી જોઈએ. જેથી તેવા ઉત્તમ પુરુષોના ગુણને અવલંબીને પોતાની પણ ઉત્તમ પ્રકૃતિની વૃદ્ધિ થાય.

(૪) વળી, ઘણા દોષોથી યુક્ત પણ જીવમાં જિનવચનાનુસાર ગુણલવ દેખાય તો તે ગુણલવમાં રાગ ધારણ કરવો જોઈએ. પરંતુ તેના અન્ય દોષોના દર્શનથી તેમાં વર્તતા માર્ગાનુસારી ગુણનો અનાદર કરવો જોઈએ નહીં.

આમ કરવાથી ગુણ પ્રત્યેના પક્ષપાતની બુદ્ધિ અતિશયિત થાય છે. **॥૨૦-૩૯॥**

**શ્લોક :-**

**ग्राह्यं हितमपि बालादालापैर्दुर्जनस्य न द्वेष्यम् ।**

**त्यक्तव्या च पराशा, पाशा इव सङ्गमा ज्ञेयाः ।।४०।।**

**અન્વયાર્થ :-**

**बालात् अपि हितं ग्राह्यं=બાળક પાસેથી પણ હિત ગ્રહણ કરવું જોઈએ, दुर्जनस्य आलापैः न द्वेष्यम्=દુર્જનોના આલાપોથી દ્વેષ કરવો જોઈએ નહીં, पराशा च त्यक्तव्या=અને પરની આશ છોડવી જોઈએ, सङ्गमा पाशा इव ज्ञेयाः=સંયોગો બંધનની જેમ જાણવા. ॥૨૦-૪૦॥**

**શ્લોકાર્થ :-**

**બાળક પાસેથી પણ હિત ગ્રહણ કરવું જોઈએ. દુર્જનોના આલાપોથી દ્વેષ કરવો જોઈએ નહીં અને પરની આશા છોડવી જોઈએ. સંયોગો બંધનની જેમ જાણવા. ॥૨૦-૪૦॥**

**ભાવાર્થ :-**

(૧) પોતાને શું હિતકારી છે તેના પ્રત્યેનો અત્યંત પક્ષપાત કરવા માટે કલ્યાણના અર્થીએ ઉત્તમ પુરુષો પાસેથી તો હિત ગ્રહણ કરવું જોઈએ. પરંતુ કોઈ બાળ હોય, આમ છતાં માર્ગાનુસારી બુદ્ધિને કારણે ઉપકાર થાય એવી સલાહ આપે તેમ હોય તો આ બાળ છે તેમ માનીને ઉપેક્ષા કરવી જોઈએ નહીં. પરંતુ તેની પાસેથી પોતાના કલ્યાણનું કારણ બને તેવા માર્ગની પ્રાપ્તિ માટે યત્ન કરવો જોઈએ. જેથી અત્યંત તત્ત્વની અર્થિતાનો ગુણ વૃદ્ધિ પામે.

(૨) યોગી પુરુષ પોતે કોઈ સુંદર પ્રવૃત્તિ કરતા હોય અને દુર્જનો પોતાના સ્વભાવ પ્રમાણે યથા-તથા આલાપ કરીને દોષોનું ઉદ્ભાવન કરે તો તે દુર્જનના

આલાપો પ્રત્યે દ્વેષ કરવો જોઈએ નહીં, પરંતુ તેઓના હિતમાં પોતે નિમિત્ત બની શકે તેમ છે એ પ્રમાણે જણાય તો ઉચિત યત્ન કરવો જોઈએ.

(૩) વળી, આત્માથી ભિન્ન એવા બાહ્ય પદાર્થોની આશા છોડવી જોઈએ અર્થાત્ પરપદાર્થો મારા હિતનું સાધન છે તેવી બુદ્ધિથી તેની પ્રાપ્તિ માટે અને તેના રક્ષણ માટે યત્ન કરાતો હોય તો તે સર્વમાં ક્લેશની પ્રાપ્તિ થાય અને પોતાનો આત્મા હંમેશા બાહ્ય પદાર્થોને પરવશ રહેવા માટેની પ્રકૃતિવાળો બને છે. માટે સ્વભૂમિકાનુસાર બાહ્ય પદાર્થોની આશાના ત્યાગનો ઉદ્યમ કરવો જોઈએ.

(૪) બાહ્ય પદાર્થોનો સંગ આત્મા માટે બંધનતુલ્ય છે તેમ વિચારવું જોઈએ. આથી જ કર્મથી બંધાયેલો જીવ કર્મને પરવશ સર્વ વિડંબણાઓ પામે છે અને દેહના સંગવાળો જીવ દેહના સર્વ ઉપદ્રવોને પ્રાપ્ત કરે છે તેથી બાહ્ય સુંદર પદાર્થોના સંગ પણ જીવને બંધનરૂપ છે એમ વિચારીને સંગની પરિણતિનો ઉચ્છેદ થાય તે પ્રમાણે સદા ઉદ્યમ કરવો જોઈએ. **॥૨૦-૪૦॥**

**શ્લોક :-**

**स्तुत्या स्मयो न कार्यः, कोपोऽपि च निन्दया जनैः कृतया ।**
**सेव्या धर्माचार्यास्तत्त्वं जिज्ञासनीयं च ।।४१।।**

**અન્વયાર્થ :-**

**जनैः कृतया स्तुत्या स्मयो न कार्यः=લોકો વડે કરાયેલી સ્તુતિથી સ્મય (ગર્વ) ન કરવો જોઈએ. (जनैः कृतया) निन्दया च कोपोऽपि (न कार्यः)=અને લોકો વડે કરાયેલી નિન્દાથી કોપ પણ ન કરવો જોઈએ, धर्माचार्याः सेव्याः=ધર્માચાર્યોની સેવા કરવી જોઈએ, तत्त्वं च जिज्ञासनीयं=અને તત્ત્વની જિજ્ઞાસા કરવી જોઈએ. ।।૨૦-૪૧।।**

**શ્લોકાર્થ :-**

**લોકો વડે કરાયેલી સ્તુતિથી સ્મય (ગર્વ) ન કરવો જોઈએ (અને લોકો વડે કરાયેલી) નિન્દાથી કોપ પણ ન કરવો જોઈએ. ધર્માચાર્યોની સેવા કરવી જોઈએ અને તત્ત્વની જિજ્ઞાસા કરવી જોઈએ. ।।૨૦-૪૧।।**

**ભાવાર્થ :-**

સામાન્યથી બાહ્ય પદાર્થોના સંગ કરવાના પરિણામથી જીવમાં નિમિત્ત અનુસાર ભાવો થાય છે અને તે ભાવો આત્માના વિકારી અનુભવને કરાવે છે. વળી, આત્માના નિર્વિકારી સ્વભાવ અર્થે યત્ન કરનાર યોગીએ બાહ્ય સંગથી થતા પોતાના ભાવોના રક્ષણ અર્થે શું કરવું જોઈએ તે બતાવતાં કહે છે.

લોકો વડે કરાયેલી સ્તુતિથી સ્મય કરવો જોઈએ નહીં અર્થાત્ હું જગતમાં સ્તુત્ય છું એ પ્રકારની બુદ્ધિથી રતિનો ભાવ કરવો જોઈએ નહીં. પરંતુ લોકોની સ્તુતિ સાથે ચિત્ત સંશ્લેષ ન પામે તે પ્રકારે આત્માને ગુપ્ત રાખવા પ્રયત્ન કરવો જોઈએ.

વળી, લોકો વડે કરાયેલી નિન્દાથી કોપ પણ કરવો જોઈએ નહીં. પરંતુ લોકોના તે પ્રકારના નિંદાના વચનમાં પણ ચિત્તને પોતાના અસંશ્લેષ સ્વભાવમાં સ્થાપન કરવા યત્ન કરવો જોઈએ જેથી લોકોની સ્તુતિ કે નિંદા અનુસાર ચિત્ત પરિણમન ન પામે પરંતુ તે બંને ભાવો પ્રત્યે ચિત્ત અસંશ્લેષ ભાવવાળું રહે.

વળી ગુણીમાં રહેલા ગુણો પ્રત્યેના બહુમાનની વૃદ્ધિ અર્થે ધર્માચાર્યોની સેવા કરવી જોઈએ અને તેઓ પાસેથી આત્માના અનુભવને પ્રગટ કરવા અર્થે શું યત્ન કરવો જોઈએ તે પ્રકારના તત્ત્વને જાણવા માટે જિજ્ઞાસા રાખવી જોઈએ જેથી સમભાવની નિષ્પત્તિ ન થઈ હોય તો નિષ્પન્ન થાય અને થયેલી હોય તો કેમ અતિશયિત થાય તેના મર્મને સ્પર્શનાર યથાર્થ બોધ ધર્માચાર્યના ઉપદેશના બળથી પ્રાપ્ત થાય. **॥૨૦-૪૧॥**

**શ્લોક :-**

**शौचं स्थैर्यमदम्भो, वैराग्यं चात्मनिग्रहः कार्यः ।**
**दृश्या भवगतदोषाः चिन्त्यं देहादिवैरूप्यम् ।।४२।।**

**અન્વયાર્થ :-**

**शौचं स्थैर्यं अदम्भो वैराग्यं च आत्मनिग्रहः कार्य=શૌચ, સ્થિરતા, અદંભ, વૈરાગ્ય અને આત્મનિગ્રહ કરવો જોઈએ, भवगतदोषाः दृश्याः=ભવગત દોષો જોવા જોઈએ. देहादिवैरूप्यम् चिन्त्यं=(અને) દેહાદિનું વૈરૂપ્ય ચિંતન કરવું જોઈએ. ।।૨૦-૪૨।।**

**શ્લોકાર્થ :-**

**શૌચ, સ્થિરતા, અદંભ, વૈરાગ્ય અને આત્મનિગ્રહ કરવો જોઈએ, ભવગત દોષો જોવા જોઈએ અને દેહાદિનું વૈરૂપ્ય ચિંતન કરવું જોઈએ. ॥૨૦-૪૨॥**

**ભાવાર્થ :-**

**શૌચ** – 'મનુષ્યનો દેહ અશુચિમય પદાર્થવાળો છે.' તે પ્રકારે ભાવના કરીને સ્વદેહ પ્રત્યે કે પરદેહ પ્રત્યે સંશ્લેષનો પરિણામ ન થાય, તે પ્રકારે આત્માને ભાવિત કરવો જોઈએ અને વિચારવું જોઈએ કે અસંશ્લેષવાળો આત્માનો પરિણામ જ શુચિ છે અર્થાત્ શૌચ પરિણામ છે, જેથી દેહના પ્રતિબંધથી વિકારી અનુભવોનો ત્યાગ થાય અને દેહના પ્રતિબંધ વગર અસંશ્લેષના પરિણામનો અનુભવ પ્રગટ થાય.

**સ્થૈર્ય** – જીવને સ્વભાવથી બાહ્ય પદાર્થોના નિમિત્ત પ્રમાણે ભાવો થાય છે, તેથી ચિત્ત બાહ્ય પદાર્થોમાં ભટકીને અસ્થિર ભાવવાળું રહે છે અને અસ્થૈર્યને કારણે આત્મકલ્યાણ અર્થે કરાતી ધર્મની પ્રવૃત્તિમાં પણ સંસારી જીવોને સ્થૈર્ય પ્રાપ્ત થતું નથી, તેથી પોતાના અસ્થિર સ્વભાવથી થતા અનર્થોનું પર્યાલોચન કરીને આત્મામાં સ્થૈર્ય પ્રગટે તેવો યત્ન કરવો જોઈએ, જેથી સ્થિરતાપૂર્વક સદનુષ્ઠાન સેવન થઈ શકે તેનાથી ગુણની વૃદ્ધિની પ્રાપ્તિ થાય.

**અદંભ** – આત્મકલ્યાણ અર્થે સદ્પ્રવૃત્તિ કરતી વખતે પણ પોતાના આત્માને ઠગીને પ્રવૃત્તિ ન કરવી જોઈએ. પરંતુ દંભ ત્યાગ કરીને=માત્ર બાહ્યથી અનુષ્ઠાન કરીને હું "જિનવચનાનુસાર આ અનુષ્ઠાન કરું છું" એ પ્રકારના આશ્વાસનરૂપ દંભનો ત્યાગ કરીને, જિનવચનાનુસાર પ્રવૃત્તિ કરવા યત્ન કરવો જોઈએ.

**વૈરાગ્ય** – વળી, સંસારના પદાર્થો પ્રત્યે ચિત્ત વિરક્ત વિરક્તતર થાય તે પ્રકારે યત્ન કરવો જોઈએ, જેથી નિરાકુળ એવી ચેતનાનો અનુભવ પ્રગટે.

**આત્મનિગ્રહ** – આત્મા દેહ અને ઇન્દ્રિયો સાથે જોડાયેલો છે અને વિષયો સાથે સંબંધિત થઈને ભાવો કરવા ટેવાયેલો છે અને તે ભાવોને કારણે આત્માના પરમ સ્વસ્થતારૂપ ભાવોનો અનુભવ થતો નથી, તેથી આત્માનો નિગ્રહ કરવો

જોઈએ જેના કારણે દેહ અને ઇન્દ્રિયો સાથે સંબંધિત થઈને ચિત્ત ગતિવાળું ન થાય પરંતુ આત્મભાવોમાં વિશ્રાંતિને અનુકૂળ યત્નવાળું થાય.

**ભવગત દોષો જોવા જોઈએ** – વળી, ચાર ગતિમાં પરિભ્રમણ કરીને જીવો કેવી કેવી વિડંબણાઓ પામે છે તેનું સૂક્ષ્મ બુદ્ધિથી અવલોકન કરીને, અને સંસારના પરિભ્રમણમાં બીજભૂત એવા કર્મોની નિષ્પત્તિનું પરમ કારણ જીવનો સંશ્લેષનો સ્વભાવ છે, તેમ વિચારીને, ભવના પરિભ્રમણના કારણીભૂત દોષો પોતાનામાં કયા પ્રકારના વર્તે છે તેનું અવલોકન કરવું જોઈએ અને શક્તિ અનુસાર તે દોષોના ઉચ્છેદમાં યત્ન કરવો જોઈએ.

**દેહાદિનું વૈરૂપ્ય ચિંતન કરવું જોઈએ** – વળી, દેહ અને કર્મને કારણે આત્માનું વિકૃત થયેલું સ્વરૂપ છે, તેનો સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરવો જોઈએ, જેથી દેહ અને કર્મથી પર એવા અવિકૃત આત્મસ્વરૂપનો પક્ષપાત વધે અને તેના કારણે અવિકારવાળા એવા આત્માના સ્વરૂપને પ્રગટ કરવાનો ઉત્સાહ વૃદ્ધિ પામે. **॥૨૦-૪૨॥**

**શ્લોક :-**

**भक्तिर्भगवति धार्या, सेव्यो देशः सदा विविक्तश्च ।**
**स्थातव्यं सम्यक्त्वे, विश्वास्यो न प्रमादरिपुः ।।४३।।**

**અન્વયાર્થ :-**

**भगवति भक्तिः धार्या=ભગવાનમાં ભક્તિ ધારણ કરવી જોઈએ, सदा च विविक्तः देशः सेव्यः=અને સદા વિવિક્ત દેશ સેવવો જોઈએ, सम्यक्त्वे स्थातव्यं=સમ્યક્ત્વમાં રહેવું જોઈએ, प्रमादरिपुः न विश्वास्यः=પ્રમાદરૂપી શત્રુનો વિશ્વાસ ન કરવો જોઈએ. ।।૨૦-૪૩।।**

**શ્લોકાર્થ :-**

**ભગવાનમાં ભક્તિ ધારણ કરવી જોઈએ અને સદા વિવિક્ત દેશ સેવવો જોઈએ, સમ્યક્ત્વમાં રહેવું જોઈએ, પ્રમાદરૂપી શત્રુનો વિશ્વાસ ન કરવો જોઈએ. ।।૨૦-૪૩।।**

**ભાવાર્થ :-**

અનુભવને પ્રગટ કરવા અર્થે યોગીએ કર્મકાય અવસ્થા અને તત્ત્વકાય અવસ્થાવાળા પરમાત્મામાં ભક્તિ ધારણ કરવી જોઈએ અર્થાત્ “મનુષ્યભવને પામીને પરમાત્માની આ અવસ્થા ઉપાસ્ય છે” એ પ્રકારની ઉપસ્થિતિ કરીને, સદા તે અસંગ અવસ્થા પ્રત્યે પ્રચુર રાગ થાય તે પ્રકારે યત્ન કરવો જોઈએ, જેથી અસંગ ભાવના અનુભવની પ્રાપ્તિ થાય.

વળી બાહ્ય પદાર્થોના સંશ્લેષના નિવારણ અર્થે યોગીએ સદા એકાંત સ્થાનમાં બેસીને શ્રુતવચનોથી આત્માને ભાવિત કરવો જોઈએ, જેથી લોકો સાથેના સંગના બળથી જીવવાની પ્રકૃતિ દૂર થાય અને સર્વસંગરહિત એવા આત્માના પારમાર્થિક સ્વરૂપને અનુકૂળ એવો અનુભવ પ્રગટે.

વળી, આ સંસારના ઉચ્છેદનું કારણ સર્વજ્ઞનું વચન છે તે પ્રકારનો નિર્ણય કરીને, સર્વજ્ઞના વચનથી આત્માને અત્યંત ભાવિત કરવો જોઈએ, જેથી પોતાનો આત્મા સદા સમ્યક્ત્વભાવમાં સ્થિર-સ્થિરતર થાય.

વળી, યોગીએ આત્મકલ્યાણ માટેના અંતરંગ યત્નને લક્ષ કરીને તેને અનુરૂપ સર્વ ઉચિત પ્રવૃત્તિઓમાં દૃઢ ઉદ્યમ કરવો જોઈએ અને તે પ્રકારના ઉદ્યમમાં પ્રમાદ થાય તો તે પ્રમાદરૂપ શત્રુનો લેશ પણ વિશ્વાસ કરવો જોઈએ નહીં, પરંતુ વિચારવું જોઈએ કે ‘મહાશ્રમથી સંચિત થયેલી મારા કલ્યાણની અંતરંગ સમૃદ્ધિને નાશ કરનાર આ પ્રમાદશત્રુ જ છે’ અને પ્રમાદરૂપ શત્રુના વિનાશ અર્થે સર્વ યત્ન કરવો જોઈએ. **॥૨૦-૪૩॥**

**શ્લોક :-**

**ध्येयात्मबोधनिष्ठा, सर्वत्रैवागमः पुरस्कार्यः ।**
**त्यक्तव्याः कुविकल्पाः, स्थेयं वृद्धानुवृत्त्या च ।।४४।।**

**અન્વયાર્થ :-**

**आत्मबोधनिष्ठा ध्येया=આત્મબોધની નિષ્ઠા ધ્યેય છે, सर्वत्रैवागमः पुरस्कार्यः=સર્વત્ર જ=મન-વચન-કાયાની સર્વ જ પ્રવૃત્તિઓમાં, આગમને આગળ કરવો જોઈએ અર્થાત્ આગમવચનાનુસાર જ સર્વ પ્રવૃત્તિઓ**

**કરવી જોઈએ, कुविकल्पाः त्यक्तव्याः=કુવિકલ્પો ત્યજવા જોઈએ=આત્મા નથી ઈત્યાદિ અને બાહ્ય પદાર્થોમાં સંશ્લેષ કરાવે તેવા રાગાદિના કુવિકલ્પો ત્યજવા જોઈએ, वृद्धानुवृत्या च स्थेयं=અને વૃદ્ધોની અનુવૃત્તિથી રહેવું જોઈએ= જ્ઞાનવૃદ્ધ અને ચારિત્રવૃદ્ધ એવા મહાત્માઓને અનુસરીને પ્રવૃત્તિ કરવી જોઈએ. ।।૨૦-૪૪।।**

**શ્લોકાર્થ :-**

**આત્મબોધની નિષ્ઠા ધ્યેય છે. સર્વત્ર જ આગમને આગળ કરવો જોઈએ. કુવિકલ્પો ત્યજવા જોઈએ અને વૃદ્ધોની અનુવૃત્તિથી રહેવું જોઈએ. ।।૨૦-૪૪।।**

**ભાવાર્થ :-**

આત્મા માટે અરૂપી એવા આત્મના બોધની નિષ્ઠા જ ધ્યેય છે=લક્ષ્ય છે. તેથી અનુભવજ્ઞાનના અર્થી એવા યોગીએ જે કાંઈ અધ્યયન આદિ પ્રવૃત્તિઓ કરે તેના દ્વારા અરૂપી આત્માનો સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધ થાય તે રીતે યત્ન કરવો જોઈએ, જેથી આ આત્મબોધથી પૂર્ણતારૂપ ધ્યેયની શીઘ્ર પ્રાપ્તિ થાય.

વળી, આત્મબોધની પૂર્ણતા કેવળજ્ઞાન વખતે થાય છે અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ મોહના ત્યાગથી થાય છે. તેથી મોહથી રહિત એવા આત્મજ્ઞાનનું કારણ બને તે પ્રકારે સર્વ પ્રવૃત્તિઓ કરવી જોઈએ, જેથી ધ્યેયની પ્રાપ્તિ થાય.

યોગીએ અનુભવજ્ઞાનની પ્રાપ્તિ અર્થે આગમવચનનું સ્મરણ કરીને, આગમવચન જે પ્રકારે અંતરંગ રીતે અને બહિરંગ રીતે યત્ન કરવાનું કહે છે, તે રીતે મનને પ્રવર્તાવીને, તેવા મનથી નિયંત્રિત એવી કાયિક, વાચિક, માનસિક સર્વ પ્રવૃત્તિઓ કરવી જોઈએ જેથી અનુભવજ્ઞાન પ્રગટે.

વળી, અનુભવજ્ઞાનમાં યોગીને બાધક કુવિકલ્પો છે, તેથી શાસ્ત્રવચનનું અવલંબન લઈને આત્મા નથી ઇત્યાદિ કુવિકલ્પોને દૂર કરવા યત્ન કરવો જોઈએ. બાહ્ય પદાર્થોમાં ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ કરાવનાર કુવિકલ્પો પણ આત્માના પારમાર્થિક અનુભવમાં વ્યાઘાતક છે તેથી તેવા કુવિકલ્પોનો ત્યાગ કરીને સ્વભૂમિકાનુસાર મહાવ્રતોના કે અણુવ્રતોના સુવિકલ્પો કરવા જોઈએ, જેથી આત્માના અનુભવના વ્યાઘાતક એવા કુવિકલ્પોનો ત્યાગ થાય.

વળી, યોગીએ અનુભવજ્ઞાન પ્રગટ કરવા અર્થે જ્ઞાનવૃદ્ધ અને ચારિત્રવૃદ્ધ પુરુષોની આચરણાનું અનુસરણ કરવું જોઈએ; કેમ કે જ્ઞાનવૃદ્ધ અને ચારિત્રવૃદ્ધ પુરુષો સદા અનુભવજ્ઞાનને પ્રગટ કરીને વીતરાગ થવાના ઉદ્યમવાળા હોય છે. તેથી તેઓના અનુસરણથી પોતાનામાં પણ વીતરાગભાવોને અનુકૂળ એવા સમરસનો અનુભવ પ્રગટ થાય છે. **॥૨૦-૪૪॥**

**શ્લોક :-**

**साक्षात्कार्यं तत्त्वं, चिद्रूपानन्दमेदुरैर्भाव्यम् ।**
**हितकारी ज्ञानवतामनुभववेद्यः प्रकारोऽयम् ।।४५।।**

**અન્વયાર્થ :-**

**तत्त्वं साक्षात्कार्यं=તત્ત્વનો સાક્ષાત્કાર કરવો જોઈએ, चिद्रूपानन्दमेदुरैः भाव्यम्=ચૈતન્યના આનંદમાં બદ્ધ લક્ષ્યવાળા યોગીઓએ સાક્ષાત્ કરાયેલા તત્ત્વનું ભાવન કરવું જોઈએ. ज्ञानवतामनुभववेद्यः=જ્ઞાનવાળાઓના અનુભવથી વેદ્ય, हितकारी अयं प्रकारः=હિતકારી એવો આ પ્રકાર છે=શ્લોક-૩૯થી અત્યાર સુધી વર્ણન કર્યું એ પ્રકાર છે. ।।૨૦-૪૫।।**

**શ્લોકાર્થ :-**

**તત્ત્વનો સાક્ષાત્કાર કરવો જોઈએ, ચૈતન્યના આનંદમાં બદ્ધ લક્ષ્યવાળા યોગીઓએ સાક્ષાત્ કરાયેલા તત્ત્વનું ભાવન કરવું જોઈએ. જ્ઞાનવાળાઓના અનુભવથી વેદ્ય, હિતકારી એવો આ પ્રકાર છે. ।।૨૦-૪૫।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ શ્લોક-૩૯થી અત્યાર સુધી અનુભવજ્ઞાન પ્રગટ કરવા માટે શું શું કરવું જોઈએ તે બતાવ્યું અને તે બતાવ્યા પછી વિશેષથી કહે છે કે માત્ર બાહ્ય ક્રિયાઓ કે બાહ્ય શ્રુતનું અધ્યયન કરીને સંતોષ માનવો જોઈએ નહીં. પરંતુ શ્રુત અને ક્રિયાના અવલંબનથી તત્ત્વનો સાક્ષાત્કાર કરવો જોઈએ અર્થાત્ મોહની આકુળતા વગરની જ્ઞાનમય ચેતના અધિક-અધિક સંવેદનનો વિષય

બને તે પ્રકારે અધ્યયનમાં કે ક્રિયાઓમાં યત્ન કરવો જોઈએ કે જેથી આત્માના મોહથી અનાકુળ એવા પારમાર્થિક સ્વરૂપનો સાક્ષાત્કાર થાય.

વળી, મોહથી અનાકુળ એવી ચેતનાના આનંદનો અનુભવ કરવામાં બદ્ધરુચિવાળા યોગીઓએ યત્નપૂર્વક કરાયેલા તત્ત્વના સાક્ષાત્કારને ફરી ફરી ભાવન કરવું જોઈએ, જેથી તે સાક્ષાત્કાર સ્થિરતાને પામે. શ્લોક-૩૯થી અત્યાર સુધી વર્ણન કર્યું તે સર્વ, જ્ઞાનવાળા પુરુષોના અનુભવથી વેદ્ય એવો આ હિતકારી પ્રકાર છે, જે અનુભવજ્ઞાનને પ્રગટ કરવા માટેના ઉચિત ઉપાયો છે. ॥૨૦-૪૫॥

।। अध्यात्मसारे आत्मानुभवाधिकारः ।।२०।।

## અધિકાર-૨૧

# સજ્જનસ્તુતિ અધિકાર

**પૂર્વના અધિકાર સાથે જોડાણ :-**

આત્માનુભવનું સ્વરૂપ શું છે અને તેને પ્રગટ કરવાના ઉપાયો શું છે, તેનું વિસ્તારથી પૂર્વના અધિકારમાં વર્ણન કર્યું. હવે તે અનુભવને અતિશય કરવા અર્થે જિનવચનાનુસાર ચાલનારા એવા સજ્જન પુરુષોની સ્તુતિનો અધિકાર બતાવે છે, જેથી તેવા ઉત્તમ પુરુષોની સ્તુતિના બળથી પણ તેવા પુરુષોનું અનુસરણ કરવાનું સત્ત્વ પ્રગટ થાય અને પોતાનો અનુભવ વિશુદ્ધ-વિશુદ્ધતર થાય.

**અવતરણિકા :-**

**સજ્જન પુરુષોની સ્તુતિ કરવા અર્થે ગ્રંથકારશ્રી સજ્જન પુરુષોની પોતાના ઉપર કૃપા વર્તે તેવી પ્રાર્થના કરે છે –**

**શ્લોક :-**

**येषां कैरवकुन्दवृन्दशशभृत्कर्पूरशुभ्रा गुणाः,**
**मालिन्यं व्यपनीय चेतसि नृणां वैशद्यमातन्वते ।**
**सन्तः सन्तु मयि प्रसन्नमनसस्ते केऽपि गौणीकृत-**
**स्वार्था मुख्यपरोपकारविधयोऽत्युच्छृङ्खलैः किं खलैः ।।१।।**

**અન્વયાર્થ :-**

**येषां=જેઓના, कैरवकुन्दवृन्दशशभृत्कर्पूरशुभ्रा गुणाः=કૈરવ જેવા અર્થાત્ હંસ જેવા, કુન્દપુષ્પોના સમુદાય જેવા, ચંદ્ર અને કર્પૂર જેવા શ્વેત ગુણો, नृणां चेतसि मालिन्यं व्यपनीय=મનુષ્યોના ચિત્તમાં માલિન્યને દૂર કરીને, वैशद्यमातन्वते=વૈશદ્યને વિસ્તારે છે, गौणीकृतस्वार्थाः=ગૌણ કરેલો છે સ્વાર્થ જેઓએ, मुख्यपरोपकारविधयः=મુખ્ય છે પરોપકારની વિધિ જેઓને તેવા ते केऽपि सन्तः=તે કોઈપણ સંતો, मयि प्रसन्नमनसः सन्तु=મારા ઉપર પ્રસન્ન**

**મનવાળા થાઓ, अत्युच्छृङ्खलैः खलैः किं=(એથી) અતિ ઉચ્છૃંખલ ખલો વડે શું ? ।।૨૧-૧।।**

**શ્લોકાર્થ :-**

**જેઓના કૈરવ જેવા, કુન્દપુષ્પોના સમુદાય જેવા, ચંદ્ર અને કર્પૂર જેવા શ્વેતગુણો મનુષ્યોના ચિત્તમાં માલિન્યને દૂર કરીને વૈશદ્યને વિસ્તારે છે, ગૌણ કરેલો છે સ્વાર્થ જેઓએ, મુખ્ય છે પરોપકારની વિધિ જેઓને તેવા તે કોઈપણ સંતો મારા ઉપર પ્રસન્ન મનવાળા થાઓ, (એથી) અતિ ઉચ્છૃંખલ ખલો વડે શું ? ।।૨૧-૧।।**

**ભાવાર્થ :-**

સજ્જન પુરુષો સર્વજ્ઞનાં વચનોને પરતંત્ર થઈને, સર્વજ્ઞના વચનના પરમાર્થને જાણવા માટે અને તેના યથાર્થ મર્મને જાણીને, પોતાના જીવનમાં સેવવા માટે અને યોગ્ય જીવોને સર્વજ્ઞએ બતાવેલા માર્ગના મર્મને બતાવવા માટે, યત્ન કરે છે તેથી તેઓના હંસ આદિ જેવા ઉત્તમ ગુણો છે. તે ગુણોનું કોઈ મનુષ્ય સ્મરણ કરે તો તેના ચિત્તમાં માલિન્ય દૂર થાય છે અને તેનું ચિત્ત તેવા ઉત્તમ પુરુષોના ગુણોથી વાસિત થાય છે, તેથી તે પુરુષો પણ સર્વજ્ઞના વચન અનુસાર ચાલવાની વિશદ બુદ્ધિને પ્રાપ્ત કરે છે. તેથી ઉત્તમ પુરુષોના ગુણો યોગ્ય જીવોને સન્માર્ગની પ્રાપ્તિમાં પ્રબળ કારણ છે.

વળી, આવા ઉત્તમ પુરુષો પોતાના સ્વાર્થને ગૌણ કરનારા હોય છે અને મુખ્ય રીતે પરોપકારની પ્રવૃત્તિ કરનારા હોય છે. તેથી યોગ્ય જીવોને તત્ત્વની પ્રાપ્તિ થાય તેવો સમ્યક્ યત્ન કરીને જગતના જીવોના હિતને કરનારા છે. અને ગ્રંથકારશ્રી કહે છે કે, તેવા સંત પુરુષો મારા ઉપર પ્રસાદવાળા થાઓ, જેથી તેવા ઉત્તમ પુરુષોના અવલંબનથી, પોતાને પણ ભગવાનના શાસનના પરમાર્થનો સૂક્ષ્મ બોધ થાય અને તે ઉત્તમ પુરુષોની જેમ વિશદ અનુભવજ્ઞાન પ્રગટે.

વળી, જો ઉત્તમ પુરુષોનો પોતાના ઉપર પ્રસાદ પ્રાપ્ત થાય અને તેના કારણે ગ્રંથકારશ્રી પોતે પણ જગતના હિત અર્થે ભગવાનના વચનાનુસાર ગ્રંથોની રચના કરે અને કોઈ ખલ પુરુષો તેમાં દૂષણ આપે તો તેનાથી શું ? અર્થાત્

તેઓના બતાવેલા દૂષણથી ગ્રંથકારશ્રીને કોઈ હાનિ, નથી પરંતુ ઉત્તમ પુરુષોની કૃપાથી જ પોતાને સર્વહિતની પ્રાપ્તિ છે. **॥૨૧-૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વ શ્લોકમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે ઉત્તમ ગુણવાળા સજ્જન પુરુષો મારા ઉપર પ્રસન્ન થાઓ. તેથી હવે સુકવિ એવા ગ્રંથકારશ્રી ગ્રંથોના અર્થોને વિસ્તારે છે અને ગ્રંથકારશ્રી દ્વારા વિસ્તાર કરાયેલા તે અર્થોનો ઉત્તમ પુરુષો કઈ રીતે વિશેષથી વિસ્તાર કરે છે તે બતાવવા અર્થે કહે છે–**

**શ્લોક :-**

**ग्रन्थार्थान् प्रगुणीकरोति सुकविर्यत्नेन तेषां प्रथा-**
**मातन्वन्ति कृपाकटाक्षलहरीलावण्यतः सज्जनाः ।**
**माकन्दद्रुममञ्जरीं वितनुते चित्रा मधुश्रीस्ततः,**
**सौभाग्यं प्रथयन्ति पञ्चमचमत्कारेण पुंस्कोकिला ।।२।।**

**અન્વયાર્થ :-**

**सुकविः यत्नेन ग्रन्थार्थान् प्रगुणीकरोति=સુકવિ યત્ન દ્વારા ગ્રંથના અર્થને પ્રગુણી કરે છે. सज्जनाः=સજ્જનો, कृपाकटाक्षलहरीलावण्यतः=કૃપાકટાક્ષની લહરીના લાવણ્યથી, तेषां=તેઓની અર્થાત્ ગ્રંથાર્થની, प्रथामातन्वन्ति=પ્રથાને અર્થાત્ ખ્યાતિને વિસ્તારે છે. (જેમ), चित्रा मधुश्रीः=ચિત્ર પ્રકારની મધુશ્રી અર્થાત્ જુદા જુદા ભાવો છે જેમાં એવી વસંતઋતુ, माकन्दद्रुममञ्जरीं वितनुते=આમ્રવૃક્ષની મંજરીને વિસ્તારે છે. ततः=ત્યારપછી, पञ्चमचमत्कारेण= પંચમ ચમત્કારથી અર્થાત્ પંચમ સ્વરના ચમત્કાર વડે, पुंस्कोकिला=પું. કોકિલ અર્થાત્ કોયલ, सौभाग्यं प्रथयन्ति=સૌભાગ્યને=આમ્રમંજરીના સૌભાગ્યને, વિસ્તારે છે. ॥૨૧-૩॥**

**શ્લોકાર્થ :-**

**સુકવિ યત્ન દ્વારા ગ્રંથના અર્થને પ્રગુણી કરે છે. સજ્જનો કૃપા-કટાક્ષની લહરીના લાવણ્યથી તેઓની પ્રથાને વિસ્તારે છે. (જેમ) ચિત્ર**

**પ્રકારની મધુશ્રી આમ્રવૃક્ષની મંજરીને વિસ્તારે છે ત્યારપછી પંચમ સ્વરના ચમત્કારથી કોયલ તેના સૌભાગ્યને વિસ્તારે છે. ॥૨૧-૨॥**

**ભાવાર્થ :-**

જેઓ જિનવચનાનુસાર શાસ્ત્રીય પદાર્થોનો વિસ્તાર કરે છે, તેઓ સુકવિ કહેવાય છે. તેવા સુકવિઓ સર્વજ્ઞએ કહેલા ગ્રંથોના અર્થોને તે રીતે સ્પષ્ટ કરે છે કે જેથી તેમનાથી મંદ બુદ્ધિવાળા જીવોને સર્વજ્ઞના વચનનું તાત્પર્ય પ્રાપ્ત થાય. અને આવા સુકવિઓએ કોઈ ગ્રંથોની રચના કરી હોય તેઓની તે રચનાને જોઈને સજ્જન પુરુષો તે ગ્રંથ પ્રત્યે કૃપારૂપી કટાક્ષની લહરીઓના લાવણ્યથી લોકોમાં વિસ્તાર કરે છે; કેમ કે સજ્જન પુરુષોનો સ્વભાવ છે કે જિનવચનાનુસાર સુકવિઓની રચના જોઈને તેનાથી લોકોને કઈ રીતે ઉપકાર થાય તે રીતે તે ગ્રંથનો વિસ્તાર કરીને લોકોનું હિત કરે છે અને તેમાં દૃષ્ટાંત બતાવે છે.

વસંત ઋતુ આવે છે ત્યારે આમ્રમંજરી વિસ્તાર પામે છે, તેમ સુકવિઓથી ગ્રંથોના અર્થોનો વિસ્તાર થાય છે. વળી, આમ્રમંજરી આવ્યા પછી કોયલ ટહુકા કરીને, તે આમ્રમંજરીના સૌભાગ્યનો વિસ્તાર કરે છે અર્થાત્ લોકમાં આમ્રમંજરી જોઈને પ્રીતિ ઉત્પન્ન થાય તેવા ટહુકા કરે છે. તેમ સુકવિઓથી રચના કરાયેલ ગ્રંથોના અર્થોને સજ્જન પુરુષો એ રીતે લોકમાં વિસ્તાર કરે છે કે જેથી સુકવિઓની રચનામાં સજ્જન પુરુષોના વિસ્તારથી સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. તેથી સુકવિઓના ગ્રંથો યોગ્ય જીવોને વિશેષથી ગ્રાહ્ય બને છે. **॥૨૧-૨॥**

**અવતરણિકા :-**

**સજ્જન પુરુષો સન્માર્ગનું સ્થાપન કરે છે. જો તેઓ સન્માર્ગનું સ્થાપન ન કરે તો સંસારમાં બાળ જીવોનો વિનાશ થાય છે. તે બતાવવા દ્વારા સજ્જનોની સ્તુતિ કરે છે –**

**શ્લોક :-**

**दोषोल्लेखविषः खलाननबिलादुत्थाय कोपाज्ज्वलन्**
**जिह्वाहिर्ननु कं गुणं न गुणिनां बालं क्षयं प्रापयेत् ।**

**न स्याच्चेत्प्रबलप्रभावभवनं दिव्यौषधीसन्निधौ,**
**शास्त्रार्थोपनिषद्विदां शुभहृदां कारुण्यपुण्यप्रथा ।।३।।**

**અન્વયાર્થ :-**

**ननु=ખરેખર, खलाननबिलादुत्थाय=ખલના મુખરૂપી બિલમાંથી ઊઠીને=જે જીવો કંઈક શાસ્ત્ર ભણેલા છે અને સ્વમતિ અનુસાર શાસ્ત્રોના અર્થોનું યોજન કરે છે તેવા ખલ પુરુષોના મુખમાંથી ઊઠીને, कोपाज्ज्वलन् दोषोल्लेखविषः जिह्वाहिः=કોપથી બળતો દોષોલ્લેખરૂપી વિષવાળો સર્પ=સજ્જન પુરુષો વડે સ્થપાયેલા સન્માર્ગ પ્રત્યે કોપથી બળતો દોષના ઉલ્લેખને કરનાર એવાં વચનોથી વિષવાળો ખલ પુરુષોની જિહ્વારૂપી સર્પ, गुणिनां=ગુણી જીવોના=તત્ત્વને જાણવા માટે સન્મુખ થયેલા એવા જીવોના, कं बालं गुणं क्षयं न प्रापयेत्=કયા બાળ ગુણોનો=પ્રારંભિક કક્ષાના ગુણોનો, નાશ ન કરે ? અર્થાત્ બાળગુણોનો ક્ષય કરે છે. चेत्=જો, शास्त्रार्थोपनिषद्विदां= શાસ્ત્રાર્થના ઉપનિષદને જાણનારા, शुभहृदां=(અને) શુભ હૃદયવાળાઓના, कारुण्यपुण्यप्रथा=કારુણ્યની પુણ્યની પ્રથા અર્થાત્ પુણ્યના વિસ્તારરૂપ કરુણા, प्रबलप्रभावभवनं=(અને) પ્રબલ પ્રભાવના સ્થાનભૂત, दिव्यौषधिः=દિવ્યઔષધિ, न सन्निधौ स्यात्=સન્નિધિમાં ન હોત ! ।।૨૧-૩।।**

**શ્લોકાર્થ :-**

**ખરેખર, ખલના મુખરૂપી બિલમાંથી ઊઠીને, કોપથી બળતો દોષોલ્લેખરૂપી વિષવાળો સર્પ ગુણી જીવોના કયા બાળગુણોનો નાશ ન કરે ? જો શાસ્ત્રાર્થના ઉપનિષદને જાણનારા અને શુભ હૃદયવાળાઓનો પુણ્યના વિસ્તારરૂપ કરુણા અને પ્રબલ પ્રભાવના સ્થાનભૂત દિવ્યઔષધિ સન્નિધિમાં ન હોત ! ।।૨૧-૩।।**

**ભાવાર્થ :-**

કેટલાક જીવો શાસ્ત્રો ભણે છે પરંતુ સ્વમતિઅનુસાર શાસ્ત્રોના અર્થોને કરીને લોકોને તે પ્રમાણે ઉપદેશ આપે છે તે ખલ પુરુષોના મુખરૂપી બિલમાંથી

કોપરૂપી અગ્નિ પ્રગટે છે અર્થાત્ પોતાની માન્યતાથી વિરુદ્ધ સર્વજ્ઞના વચનાનુસાર કહેનારા મહાપુરુષોનાં વચનો પ્રત્યે કોપ પેદા થાય છે. તેથી તે મહાપુરુષોનાં વચનોમાં દોષોનું ઉદ્ભાવન કરે છે.

અને તેવા દોષોના ઉલ્લેખને કરનારાં વિષવાળાં વચનો ખલ પુરુષોના મુખમાંથી નીકળે છે. તે ખલ પુરુષોનાં વિષવાળાં વચનોથી તત્ત્વને સન્મુખ થયેલા એવા ગુણીજનોના પ્રારંભિક કક્ષાના ગુણોનો વિનાશ થાય છે અર્થાત્ ગુણવાન જીવોના પ્રારંભિક ભૂમિકામાં માર્ગસન્મુખ થયેલા ભાવોનો તે ખલ પુરુષોનાં વચનોથી વિનાશ થાય છે. આમ છતાં તેવા ગુણિયલ જીવો તત્ત્વને સન્મુખ થયેલા હોય અને શાસ્ત્રના રહસ્યને જાણનારા એવા ઉત્તમ પુરુષોના સંપર્કમાં હોય તો તે ઉત્તમ પુરુષો શાસ્ત્રવચનને ઉચિત સ્થાને જોડીને તે જીવોને માર્ગાનુસારી બોધ કરાવે છે. તેના કારણે પ્રારંભિક ભૂમિકામાં તત્ત્વને સન્મુખ થયેલા યોગ્ય જીવો પણ ઉત્તમ પુરુષોની વાણીરૂપ દિવ્ય ઔષધિ પામેલા હોય તો ખલ પુરુષોના વચનથી તેઓના ગુણોનો નાશ થતો નથી. પરંતુ ઉત્તમ પુરુષોની વાણીથી તેઓની મતિ તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ ઉત્તરોત્તર માર્ગાનુસારી બને છે. તેથી પ્રબલ પ્રભાવના ભવનરૂપ દિવ્ય ઔષધિ જે જીવોને પ્રાપ્ત થાય છે અર્થાત્ ભગવાનના શાસનની પારમાર્થિક પ્રભાવના થાય તેવી જિનવચનાનુસાર વાણીરૂપ દિવ્ય ઔષધિ જે જીવોને પ્રાપ્ત થાય છે. તેઓનું ખલ પુરુષોથી રક્ષણ થાય છે.

અહીં વિશેષ એ છે કે ભગવાનના શાસનનાં તત્ત્વો અતિગંભીર છે. સુવિહિત સાધુઓ પાસેથી જેઓને તેના પરમાર્થની પ્રાપ્તિ થઈ છે તેવા મહાત્માઓ ભગવાનના વચનને ઉચિત સ્થાને જોડે છે, પરંતુ જેઓની મતિ તેવી અલ્પ પણ નથી અને કંઈક શાસ્ત્ર ભણીને સ્વમતિ અનુસાર શાસ્ત્રનું યોજન કરે છે તેવા માર્ગાનુસારી બાળબુદ્ધિવાળા જીવોની માર્ગાનુસારી મતિનો તે ખલપુરુષો નાશ કરે છે. અને કોઈ ઉત્તમ પુરુષનું સાન્નિધ્ય મળે તો તે માર્ગાનુસારી બુદ્ધિવાળા જીવો ક્રમે કરીને શાસ્ત્રવચનને ઉચિત જોડી શકે તેવી પ્રજ્ઞાવાળા બને છે, તેથી તેઓનો ખલ પુરુષોથી વિનાશ થતો નથી. **॥૨૧-૩॥**

**અવતરણિકા :-**

ગંભીર અર્થવાળી જિનવાણીના સારને ખલ પુરુષો સમજી શકતા નથી તેથી તેમાં દોષો બતાવે છે, પરંતુ સંતો સરળ અર્થવાળી રચના કરીને જીવોને આગમનો અર્થ સમજાવે છે, તેવા સજ્જનોની ગ્રંથકારશ્રી સ્તુતિ કરે છે –

**શ્લોક :-**

उत्तानार्थगिरां स्वतोऽप्यवगमान्निःसारतां मेनिरे,
गम्भीरार्थसमर्थने बत खलाः काठिन्यदोषं ददुः ।
तत्को नाम गुणोऽस्तु कश्च सुकविः किं काव्यमित्यादिकां,
स्थित्युच्छेदमतिं हरन्ति नियता दृष्टा व्यवस्थाः सताम् ।।४।।

**અન્વયાર્થ :-**

स्वतोऽप्यवगमात्=સ્વતઃ પણ અવગમ થતો હોવાને કારણે, उत्तानार्थगिरां निःसारतां=ઉત્તાન અર્થવાળી વાણીની નિઃસારતાને, खलाः मेनिरे=ખલ પુરુષો માને છે, बत=ખેદની વાત એ છે કે, गंभीरार्थसमर्थने=ગંભીરાર્થનું સમર્થન હોતે છતે, (खलाः) काठिन्यदोषं ददुः=ખલ પુરુષો કાઠિન્ય દોષને આપે છે, तद्=તે કારણથી=સરળ અર્થવાળી અને ગંભીર અર્થવાળી વાણી નિરર્થક છે એમ ખલ પુરુષો માને છે તે કારણથી, को नाम गुणः=કયો ગુણ છે ? અર્થાત્ મહાપુરુષના કાવ્યમાં કયો ગુણ છે ? અર્થાત્ કોઈ ગુણ નથી, कश्च सुकविः=અને કોણ સુકવિ છે ? અર્થાત્ કોઈ સુકવિ નથી, किं काव्यं अस्तु=શું કાવ્ય છે ? અર્થાત્ કોઈ કાવ્ય નથી, इत्यादिकाम् स्थित्युच्छेदमतिं= ઈત્યાદિરૂપ સ્થિતિના ઉચ્છેદને કરનારી મતિને, सतां नियता दृष्टा व्यवस्थाः हरन्ति=સંત પુરુષોની નિયત દૃષ્ટ વ્યવસ્થા હરે છે. ॥૨૧-૪॥

**શ્લોકાર્થ :-**

સ્વતઃ પણ અવગમ થતો હોવાને કારણે ઉત્તાન અર્થવાળી વાણીની નિઃસારતાને ખલ પુરુષો માને છે. ખેદની વાત એ છે કે ગંભીરાર્થનું સમર્થન હોતે છતે ખલ પુરુષો કાઠિન્યદોષને આપે છે તે કારણથી કયો

**ગુણ છે ? અને કોણ સુકવિ છે ? શું કાવ્ય છે ? ઈત્યાદિરૂપ સ્થિતિના ઉચ્છેદને કરનારી મતિને સંત પુરુષોની નિયત દૃષ્ટ વ્યવસ્થા હરે છે. ॥૨૧-૪॥**

**ભાવાર્થ :-**

કોઈ સુકવિ શાસ્ત્રોની સુંદર રચના કરે અને તે રચનામાં કહેવાયેલા ભાવો ઉત્તાન અર્થવાળા હોય અર્થાત્ સહજ ભાવથી વિચારક જીવોને પ્રાપ્ત થાય તેવા સરળ હોય્ તેવી શાસ્ત્રરચનાને જોઈને ખલ પુરુષો કહે છે કે આ પ્રકારનો અર્થ તે શાસ્ત્રરચના વગર સ્વતઃ પણ બોધ થઈ શકે છે માટે આવા ઉત્તાન અર્થવાળી વાણીને કહેનારી શાસ્ત્રરચના નિઃસાર છે.

વળી, કોઈ સુકવિ ગંભીર અર્થને સમર્થન કરે, તેવા પ્રકારની શાસ્ત્રરચના કરે, તેવી શાસ્ત્રરચનાને જોઈને ખલ પુરુષો કહે છે કે આ શાસ્ત્રરચના કાઠિન્ય દોષવાળી છે. તેથી તેનાથી કોઈને ઉપકાર થઈ શકે નહિ. આમ કહીને સુંદર શાસ્ત્રરચનામાંથી છિદ્રોનું ઉદ્ભાવન કરીને ખલ પુરુષો સુકવિની સર્વ પ્રકારની શાસ્ત્રરચનામાં અસારતા બતાવે છે અને તે રીતે સ્વીકારીએ તો પૂર્વના મહાપુરુષો વડે રચાયેલી સર્વ શાસ્ત્રરચનામાં કોઈ ગુણ પ્રાપ્ત થાય નહીં; કેમ કે સર્વ શાસ્ત્રમાં ખલના વચનાનુસાર દોષની પ્રાપ્તિ છે.

વળી, ખલ પુરુષોના વચનાનુસાર સ્વીકારીએ, તો જગતમાં કોઈ કાવ્ય થાય નહીં; કેમ કે દરેક કાવ્યમાં ખલ પુરુષના વચનાનુસાર દૂષણની પ્રાપ્તિ છે. આ પ્રકારની સત્શાસ્ત્રોની સ્થિતિના ઉચ્છેદને કરનારી એવી ખલપુરુષોના વચનથી લોકોની જે મતિ થાય છે તે મતિનું હરણ સંત પુરુષોની નિયત દૃષ્ટ વ્યવસ્થા કરે છે અર્થાત્ સંત પુરુષો ખલ પુરુષના વચનની અવગણના કરીને લોકોના ઉપકાર અર્થે સત્શાસ્ત્રોની રચના કરે છે તે પ્રકારની ભગવાનના શાસનમાં નિયત દૃષ્ટ વ્યવસ્થા દેખાય છે. તે વ્યવસ્થાથી ખલ પુરુષોના વચનથી થયેલી સન્માર્ગના ઉચ્છેદને કરનારી મતિનું હરણ થાય છે.

અહીં વિશેષ એ છે કે મહાપુરુષ એવા સુકવિઓ સામાન્ય જીવોને સામે રાખીને, કેટલીક રચનાઓ ઉત્તાન અર્થવાળી કરે છે અર્થાત્ સરળ અર્થવાળી કરે છે. વળી મહાપુરુષ એવા સુકવિઓ બુધ પુરુષોને પણ ભગવાનનું શાસન ગંભીર અર્થવાળું છે એવો બોધ કરાવીને, ગંભીર પદાર્થોનો બોધ કરાવવા અર્થે

ગંભીર શાસ્ત્રોની રચના કરે છે. તેથી યથાર્થ પદાર્થને કહેનાર તે શાસ્ત્રરચનાનાં દૂષણ કાઢવાં તે અનુચિત છે. પરંતુ જો તે શાસ્ત્રરચના સર્વજ્ઞના વચનથી કંઈક અન્યથા રૂપે દેખાતી હોય તો તે રચનામાં તેના પછી થયેલા મહાત્માઓ દૂષણ બતાવીને તે દોષનો પરિહાર કરે છે અને શુદ્ધ માર્ગનું સ્થાપન કરે છે તે ખલ પુરુષોની જેમ દોષ કાઢવા સ્વરૂપ નથી, પરંતુ ભગવાનના શાસનની ભક્તિરૂપ છે. **॥૨૧-૪॥**

**અવતરણિકા :-**

**ચકોર અને ચક્રવાકના દૃષ્ટાંતથી ખલો અને સંતો વચ્ચેના વૈષમ્યને બતાવીને સજ્જનોની સ્તુતિ કરે છે –**

**શ્લોક :-**

**अध्यात्मामृतवर्षिणीमपि कथामापीय सन्तः सुखम्,**
**गाहन्ते विषमुद्गिरन्ति तु खला वैषम्यमेतत्कुतः ।**
**नेदं वाद्भुतमिन्दुदीधितिपिबाः प्रीताश्चकोरा भृशं,**
**किं न स्युर्बत चक्रवाकतरुणास्त्वत्यन्तखेदातुराः ।।५।।**

**અન્વયાર્થ :-**

**अध्यात्मामृतवर्षिणीमपि कथां आपीय=અધ્યાત્મરૂપી અમૃતને વરસાવનારી પણ કથાનું પાન કરીને, सन्तः सुखम् गाहन्ते=સંતો સુખને અનુભવે છે, खलाः तु विषमुद्गिरन्ति=ખલો વળી વિષને કાઢે છે=વિષનું વમન કરે છે. एतद् वैषम्यं=આ વૈષમ્ય=સંત પુરુષોને અધ્યાત્મની વાણીથી સુખ થાય છે અને ખલ પુરુષો વિષનું વમન કરે છે એ રૂપ વૈષમ્ય, कुतः=કેમ છે ?, इदं वा न अद्भुतं=અથવા આ અદ્ભુત નથી=આ વૈષમ્ય અસંભવિત નથી, इन्दुदीधितिपिबाः चकोरा=ચંદ્રના કિરણોને પીનારા ચકોર, किं भृशम् प्रीताः न स्युः=શું અત્યંત પ્રીતિવાળા ન થાય ?, बत तु=વળી ખરેખર, चक्रवाक-तरुणाः=તરુણ એવા ચક્રવાકો, अत्यंतखेदातुराः (न स्युः)=અત્યંત ખેદવાળા શું ન થાય ? અર્થાત્ ચક્રવાકીના વિરહને કારણે ચંદ્રનાં કિરણોને જોઈને તરુણ ચક્રવાકો અત્યંત ખેદવાળા થાય છે. ॥૨૧-૫॥**

**શ્લોકાર્થ :-**

**અધ્યાત્મરૂપી અમૃતને વરસાવનારી પણ કથાનું પાન કરીને, સંતો સુખને અનુભવે છે, ખલો વિષને કાઢે છે. આ વૈષમ્ય કેમ છે ? અથવા આ અદ્ભુત નથી. ચંદ્રનાં કિરણોને પીનારા ચકોર શું અત્યંત પ્રીતિવાળા ન થાય ? વળી ખરેખર તરુણ એવા ચક્વાકો અત્યંત ખેદવાળા ન થાય ? ||૨૧-૫||**

**ભાવાર્થ :-**

સજ્જન પુરુષો અધ્યાત્મરૂપી અમૃતને વરસાવનારી સુંદર રચનાઓ કરે છે, તેનું અધ્યયન કરીને સંત પુરુષો સુખનો અનુભવ કરે છે અર્થાત્ અધ્યાત્મના વચનથી શાંત રસનો અનુભવ કરે છે. વળી ખલ પુરુષો પૂર્વ શ્લોકમાં કહ્યું તેમ સરળ અર્થવાળાં તે વચનો હોય તો તેને નિઃસાર કહે છે અને ગંભીર અર્થવાળાં હોય તો કાઠિન્ય દોષવાળાં કહે છે. આમ કહીને અધ્યાત્મરૂપી અમૃતથી ભરપૂર એવા તે ગ્રંથોને જોઈને વિષના ઉદ્ગારો કાઢે છે અર્થાત્ તેની નિંદા કરીને મુગ્ધ જીવોને તે શાસ્ત્રોથી વિમુખ કરે છે.

અહીં પ્રશ્ન થાય કે સંત પુરુષોની અને ખલ પુરુષોની પ્રવૃત્તિમાં આ પ્રકારનું વૈષમ્ય કેમ છે ? તે સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે કે આ અદ્ભુત નથી અર્થાત્ એક જ શાસ્ત્રને પામીને, સંત પુરુષોને સુખની પ્રાપ્તિ થાય છે અને ખલ પુરુષો તેની નિંદા કરે છે, તે અદ્ભુત નથી. કેમ અદ્ભુત નથી તે દૃષ્ટાંતથી કહે છે.

ચંદ્રનાં કિરણોને પીનારા એવા ચકોર પક્ષી ખીલેલા ચંદ્રને જોઈને અત્યંત પ્રીતિવાળા થાય છે તેમ અધ્યાત્મ પ્રત્યેના બદ્ધરાગવાળા સંત પુરુષો અધ્યાત્મના મર્મને કહેનારાં સત્શાસ્ત્રોને પ્રાપ્ત કરીને શાંતરસનો અનુભવ કરે છે.

વળી કોઈ તરુણ ચક્રવાકો ચક્રવાકીના વિરહવાળા હોય તે વખતે પૂર્ણ ખીલેલા ચંદ્રને જોઈને અત્યંત ખેદવાળા થાય છે. તેમ ખલ પુરુષો અધ્યાત્મના મર્મને કહેનારા સત્શાસ્ત્રને જોઈને પણ દ્વેષ બુદ્ધિવાળા થાય છે, પરંતુ અધ્યાત્મના પરમાર્થને કહેનારાં તે શાસ્ત્રોથી આત્માને વાસિત કરીને શાંતરસને પ્રાપ્ત કરતા નથી. **||૨૧-૫||**

**અવતરણિકા :-**

શ્લોક-૪ અને શ્લોક-૫માં ખલપુરુષોની પ્રવૃત્તિ કેવી છે અને સંત પુરુષોની પ્રવૃત્તિ કેવી છે તેમ બતાવીને સજ્જન પુરુષો સ્તુતિપાત્ર છે તેમ બતાવ્યું. હવે પોતાની કરાયેલી આ ગ્રંથરચનારૂપ કૃતિ કેવા જીવોને પ્રમોદનું કારણ થશે તે સ્પષ્ટ કરે છે –

**શ્લોક :-**

किञ्चित्साम्यमवेक्ष्य ये विदधते काचेन्द्रनीलाभिदां,
तेषां न प्रमदावहा तनुधियां गूढा कवीनां कृतिः ।
ये जानन्ति विशेषमप्यविषमे रेखोपरेखांशतो,
वस्तुन्यस्तु सतामितः कृतधियां तेषां महानुत्सवः ।।६।।

**અન્વયાર્થ :-**

किञ्चित्साम्यमवेक्ष्य=કાંઈક સામ્યને જોઈને, ये=જેઓ, काचेन्द्रनीलाभिदाम् विदधते=કાચ અને ઈન્દ્રનીલમણિના અભેદને કરે છે, तनुधियां तेषां=અલ્પ-બુદ્ધિવાળા એવા તેઓને, कवीनां=કવિઓની=ઉત્તમ પુરુષોની, गूढा कृतिः=ગૂઢ કૃતિ અર્થાત્ ગંભીર અર્થને કહેનારી રચના, प्रमदावहा न=પ્રમોદને કરનારી થતી નથી, ये तु अविषमे वस्तुनि=વળી જેઓ અવિષમ વસ્તુમાં=સ્થૂળથી સમાન દેખાતા કાચ અને ઈન્દ્રનીલમણિરૂપ વસ્તુમાં, रेखोपरेखांशतो=રેખા અને ઉપરેખાંશથી, विशेषम् अपि जानन्ति=વિશેષને પણ જાણે છે=કાચ કરતા ઈન્દ્રનીલમણિના વિશેષને જાણે છે, कृतधियां तेषां सतामितः=બુદ્ધિમાન એવા તે સંતપુરુષોને આનાથી=ગ્રંથકારશ્રીએ કરેલ પ્રસ્તુત ગ્રંથની રચનાથી, महानुत्सवः अस्तु=મહાન ઉત્સવ થાઓ=રત્નતુલ્ય અધ્યાત્મના મર્મને બતાવનારા પ્રસ્તુત ગ્રંથની પ્રાપ્તિથી અત્યંત આનંદ પ્રાપ્ત થાઓ. ।।૨૧-૬।।

**શ્લોકાર્થ :-**

**કાંઈક સામ્યને જોઈને જેઓ કાચ અને ઈન્દ્રનીલમણિના અભેદને કરે છે, અલ્પબુદ્ધિવાળા એવા તેઓને, કવિઓની ગૂઢ કૃતિ પ્રમોદને કરનારી થતી નથી. વળી જેઓ અવિષમ વસ્તુમાં, રેખા અને ઉપરેખાંશથી**

**વિશેષને પણ જાણે છે, બુદ્ધિમાન એવા તે સંતપુરુષોને આનાથી મહાન ઉત્સવ થાઓ. ।।૨૧-૬।।**

**ભાવાર્થ :-**

સંસારમાં કેટલાક જીવો સ્થૂલ બુદ્ધિથી પદાર્થને જોનારા હોય છે. તેવા જીવોને કાચનો ટુકડો અને ઇન્દ્રનીલમણિ પ્રાપ્ત થાય તો તે બંનેમાં કંઈક સામ્યને જોઈને અભેદની બુદ્ધિ થાય છે અર્થાત્ કાચ કરતાં ઇન્દ્રનીલમણિ ઘણો વિશેષ છે તેવું દેખાતું નથી, પરંતુ કાચનો ટુકડો જેવો રમ્ય દેખાય છે તેવો ઇન્દ્રનીલમણિ પણ રમ્ય દેખાય છે. જેમ કાચ અને ઇન્દ્રનીલમણિમાં સમાનતાને જોનારા સ્થૂલ બુદ્ધિવાળા જીવો છે તેમ અધ્યાત્મની રચનામાં રહેલા પરમાર્થને જોવામાં પણ સ્થૂલ બુદ્ધિવાળા જીવો છે. તેઓને કવિઓની=બુદ્ધિમાન એવા કવિઓની, ગંભીર અર્થને કહેનારી કૃતિ પ્રમોદને કરનાર થતી નથી, પરંતુ કોઈ મહાત્માએ અધ્યાત્મના પદાર્થોનો ગંભીરતાપૂર્વક સંગ્રહ કર્યો નથી પરંતુ સુવાક્યરૂપે અધ્યાત્મનાં પદ લખ્યાં છે તેઓની કૃતિ અને ગંભીરતાપૂર્વક અધ્યાત્મના પદાર્થોને એકવાક્યતાથી જોડીને યોગમાર્ગનો બોધ કરાવે તેવી ગૂઢ કૃતિ, સમાન દેખાય છે. તેથી એવા જીવોને અધ્યાત્મની સર્વ કૃતિઓ સુંદર છે તેમ જણાય છે. પરંતુ વિશિષ્ટ પુરુષોની કૃતિમાં જે વિશેષતા છે તેને તેઓ જાણતા નથી.

વળી જેઓ બુદ્ધિમાન છે તેઓ સ્થૂલથી અવિષમ એવા કાચ અને ઇન્દ્રનીલ-મણિમાંથી ઇન્દ્રનીલમણિમાં રહેલ રેખા-ઉપરેખાના અંશથી કાચ કરતાં ઇન્દ્રનીલમણિની વિશેષતાને પણ જાણે છે. તેમ જે જીવો યોગમાર્ગના ગ્રંથોના મર્મને જોવા માટે અભિમુખ થયા છે અને માર્ગાનુસારી પ્રજ્ઞાથી યોગમાર્ગના મર્મને જાણી શકે એવી ઉત્તમ બુદ્ધિવાળા છે તેવા જીવોને ગ્રંથકારશ્રી કહે છે કે પોતાની પ્રસ્તુત "અધ્યાત્મસાર"ની કૃતિ મહાન ઉત્સવરૂપ થાઓ; કેમ કે ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ગ્રંથમાં અધ્યાત્મમાર્ગમાં કઈ રીતે યત્ન કરવાથી અધ્યાત્મના અર્થી જીવો પરમાર્થને પ્રાપ્ત કરી શકે તે પ્રકારે નિપુણતાપૂર્વક અધ્યાત્મના પદાર્થો ગૂંથેલા છે. આ કથનથી એ પ્રાપ્ત થાય કે જે સંત પુરુષો નિર્મળ

બુદ્ધિવાળા છે તેઓને "પોતાનો ગ્રંથ મહાન ઉત્સવરૂપ થાઓ" એમ કહીને ગ્રંથકારશ્રીએ નિર્મળ બુદ્ધિવાળા સંત પુરુષોની જે પ્રશંસા કરી છે તે સ્તુતિરૂપ છે. ॥૨૧-૬॥

**અવતરણિકા :-**

**પંડિત પુરુષો દ્વારા કરાયેલી રચનાની ઉત્તમતાને બતાવીને સજ્જનોની સ્તુતિ કરે છે –**

**શ્લોક :-**

**पूर्णाध्यात्मपदार्थसार्थघटना चेतश्चमत्कारिणी,**
**मोहच्छन्नदृशां भवेत्तनुधियां नो पण्डितानामिव ।**
**काकुव्याकलकामगर्वगहनप्रोद्दामवाक्चातुरी,**
**कामिन्याः प्रसभं प्रमोदयति न ग्राम्यान् विदग्धानिव ।।७।।**

**અન્વયાર્થ :-**

**पूर्णाध्यात्मपदार्थसार्थघटना=પૂર્ણ અધ્યાત્મના પદાર્થના સમુદાયની ઘટના, पण्डितानामिव चेतश्चमत्कारिणी=જેમ પંડિતોના ચિત્તને ચમત્કાર કરનારી થાય છે તેમ, मोहच्छन्नदृशां तनुधियां नो भवेत्=મોહથી છન્ન દૃષ્ટિવાળા એવા અલ્પ બુદ્ધિવાળા જીવોને થતી નથી. कामिन्याः=કામિનીની, काकुव्याकुलकाम-गर्वगहनप्रोद्दामवाक्चातुरी=કાકુવ્યાકુળ એવી કામગર્વથી ગહન અને પ્રોદ્દામ (મધુરી) એવી વાક્ચાતુરી, विदग्धानिव=ચતુર પુરુષોની જેમ, ग्राम्यान् प्रसभं न प्रमोदयति=ગ્રામ્યોને અત્યંત પ્રમોદ કરતી નથી. ।।૨૧-૭।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્ણ અધ્યાત્મના પદાર્થના સમુદાયની ઘટના જેમ પંડિતોના ચિત્તને ચમત્કાર કરનારી થાય છે તેમ મોહથી છન્ન દૃષ્ટિવાળા એવા અલ્પ બુદ્ધિવાળા જીવોને થતી નથી. કામિનીની કાકુવ્યાકુળ એવી કામગર્વથી ગહન અને પ્રોદ્દામ (મધુરી) એવી વાક્ચાતુરી ચતુર પુરુષોની જેમ ગ્રામ્યોને અત્યંત પ્રમોદ કરતી નથી. ।।૨૧-૭।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ગ્રંથમાં પૂર્ણ અધ્યાત્મના પદાર્થોના સમુદાયની રચના કરી છે. તેથી જે બુદ્ધિમાન પુરુષો છે તેઓને પ્રસ્તુત ગ્રંથની રચનાથી ચિત્તમાં ચમત્કાર પેદા થાય છે અર્થાત્ વિચાર આવે છે કે સર્વજ્ઞના વચનમાં વણાયેલો અધ્યાત્મનો માર્ગ કઈ રીતે પ્રાપ્ત કરવો તેની યોગ્ય દિશા બતાવે તે રીતે ગ્રંથકારશ્રીએ પૂર્ણ અધ્યાત્મના પદાર્થો પ્રસ્તુત ગ્રંથમાં નિબદ્ધ કર્યા છે.

વળી, જે જીવો અધ્યાત્મના મર્મને જોવામાં અસમર્થ છે અને માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટી નથી તેવા મોહથી આચ્છાદિત દૃષ્ટિવાળા અને અલ્પ બુદ્ધિવાળા જીવોને ગ્રંથકારશ્રીની ઉત્તમ કૃતિ ચિત્તમાં ચમત્કારને કરનારી થતી નથી. આ કથનને દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે.

જેમ કોઈ સ્ત્રી મધુર વચનોથી કંઈક ગુસ્સાને અભિવ્યક્ત કરે તેવી અને કામના ગર્વવાળી એવી ગહન અને વિશેષ ઉદ્દામ એવી વાક્ચાતુરીથી વચન પ્રયોગ કરે તો ચતુર પુરુષને અત્યંત પ્રમોદ થાય છે અને તેના બદલે કોઈ ગ્રામજન હોય, જેનામાં તે સ્ત્રીના ચાતુર્યને ગ્રહણ કરવાનું સામર્થ્ય નથી તેવા જીવોને તેનાથી પ્રમોદ થતો નથી.

પ્રસ્તુત શ્લોકના પૂર્વાર્ધમાં કહ્યું કે પંડિતોને પૂર્ણ અધ્યાત્મ પદોના અર્થને કહેનાર રચના ચિત્તને ચમત્કાર કરનારી થાય છે તેમ મોહથી છન્ન અલ્પ બુદ્ધિવાળા જીવોને થતી નથી. એ કથનથી પંડિત પુરુષોરૂપ સજ્જનોની ગ્રંથકારશ્રીએ પ્રશંસા કરી છે જે સજ્જનોની સ્તુતિરૂપ છે. **॥૨૧-૭॥**

**અવતરણિકા :-**

**સજ્જન પુરુષો કેવા હોય, તેમના સ્વરૂપને ઉપસ્થિત કરીને ગ્રંથકારશ્રી તેઓને નમસ્કાર કરે છે –**

**શ્લોક :-**

**स्नात्वा सिद्धान्तकुण्डे विधुकरविशदाध्यात्मपानीयपूरैः**
**तापं संसारदुःखं कलिकलुषमलं लोभतृष्णां च हित्वा ।**
**जाता ये शुद्धरूपाःशमदमशुचिताचन्दनालिप्तगात्राः,**
**शीलालङ्कारसाराः सकलगुणनिधीन्सज्जनास्तान्नमामः ।।८।।**

**અન્વયાર્થ :-**

**सिद्धान्तकुण्डे=સિદ્ધાંતરૂપી કુંડમાં, विधुकरविशदाध्यात्मपानीयपूरैः=વિધુકરનાં અર્થાત્ ચંદ્રનાં કિરણો જેવા, વિશદ અર્થાત્ સ્વચ્છ અધ્યાત્મરૂપી પાણીના પૂરો વડે, स्नात्वा=સ્નાન કરીને, तापं संसारदुःखं कलिकलुषमलं लोभतृष्णां च हित्वा=તાપને, સંસારના દુઃખને, કલિના કલુષરૂપ મલને અને લોભ-તૃષ્ણાને છોડીને, शमदमशुचिताचन्दनालिप्तगात्राः=શમ, દમ અને શુચિતારૂપ ચંદનથી આલિપ્ત ગાત્રવાળા, शीलालङ्कारसाराः=શીલરૂપ અલંકાર પ્રધાન છે જેમને એવા, ये सज्जनाः शुद्धरूपाः जाताः=જે સજ્જનો શુદ્ધરૂપવાળા થયા છે, सकलगुणनिधीन् तान् नमामः=સકલ ગુણના નિધિરૂપ એવા તેઓને અમે નમીએ છીએ. ॥૨૧-૮॥**

**શ્લોકાર્થ :-**

**સિદ્ધાંતરૂપી કુંડમાં ચંદ્રનાં કિરણો જેવા સ્વચ્છ અધ્યાત્મરૂપી પાણીનાં પૂરો વડે સ્નાન કરીને; તાપને, સંસારના દુઃખને, કલિના કલુષરૂપી મળને અને લોભતૃષ્ણાને છોડીને; શમ, દમ અને શુચિતારૂપ ચંદનથી આલિપ્ત ગાત્રવાળા, શીલરૂપી અલંકાર પ્રધાન છે જેમને એવા, જે સજ્જનો શુદ્ધરૂપવાળા થયા છે, સકલ ગુણના નિધિરૂપ એવા તેઓને અમે નમીએ છીએ. ॥૨૧-૮॥**

**ભાવાર્થ :-**

સજ્જન પુરુષો સર્વજ્ઞના વચનરૂપ સિદ્ધાંતકુંડમાં અધ્યાત્મરૂપી પાણીથી સ્નાન કરનારા છે. તે અધ્યાત્મરૂપી પાણી ચંદ્રનાં કિરણો જેવું નિર્મળ છે અને તેમાં સ્નાન કરવાના કારણે તેઓના હૈયામાં મોહનો અંતસ્તાપ અને સંસારનાં દુઃખો દૂર થાય છે. વળી, કલિકાલમાં અતિશય જ્ઞાની નહિ હોવાને કારણે સ્વસ્વમતિ અનુસાર ચાલનાર કલુષ માનસવાળા જે જીવો છે તે જીવોમાં વર્તતા કલિકાલના કલુષમલનો સજ્જન પુરુષો ત્યાગ કરે છે અને લોભ તૃષ્ણાનો ત્યાગ કરે છે. તેના કારણે જીવનમાં ઉત્તમભાવરૂપ શમ, ઇન્દ્રિયોનું દમન અને માર્ગાનુસારી પ્રવૃત્તિરૂપ જે પવિત્ર ચંદન છે તેનાથી લેપાયેલા ગાત્રવાળા છે, પાંચ મહાવ્રતરૂપ શીલના અલંકારથી અલંકૃત છે અને સકલ ગુણના નિધાન છે એવા સજ્જન પુરુષોને અમે નમસ્કાર કરીએ છીએ.

આશય એ છે કે સજ્જન પુરુષો સંસારના વાસ્તવિક સ્વરૂપને જોનારા હોય છે અને માર્ગાનુસારી પ્રજ્ઞાથી તત્ત્વાતત્ત્વનો વિભાગ કરનારા હોય છે. તેથી તેઓ માને છે કે અતીન્દ્રિય પદાર્થનો નિર્ણય સર્વજ્ઞના વચન અનુસાર થઈ શકે, સ્વમતિ કલ્પનાથી થઈ શકે નહિ. તેથી સ્વશક્તિ અનુસાર સર્વદર્શનોનો અભ્યાસ કરીને જે દર્શનનું વચન કષ, છેદ, તાપશુદ્ધ હોય તે દર્શનનું વચન સર્વજ્ઞનું છે તેવો નિર્ણય કરે છે. તેમ નિર્ણય કરીને સર્વજ્ઞના વચનના સૂક્ષ્મ પદાર્થને જાણવા સદા યત્ન કરે છે. સર્વજ્ઞના વચનના પરમાર્થનો યથાર્થ નિર્ણય કરીને સ્વભૂમિકા અનુસાર ઉચિત અનુષ્ઠાન સેવે છે, જેથી તે મહાત્માનો આત્મા અધ્યાત્મરૂપી પાણીથી શુદ્ધ બને છે અને એના કારણે મોહનો અંતસ્તાપ દૂર થાય છે. વળી, અધ્યાત્મમય જીવન હોવાને કારણે સંસારનાં દુઃખો દૂર થાય છે; કેમ કે નિઃસ્પૃહી એવા તે મહાત્માને વિપરીત પણ બાહ્ય સંયોગો પ્રાપ્ત થાય તો ક્લેશને કરાવતા નથી. વળી, નિઃસ્પૃહી એવા તે મહાત્મા સ્વસ્વદર્શનના આગ્રહરૂપ કે મિથ્યાદર્શનના આગ્રહરૂપ કલિકાલના કલુષમલને ધારણ કરતા નથી, પરંતુ જીવનમાં ઉપશાંતભાવવાળા, ઇન્દ્રિયોના દમનવાળા અને પવિત્ર મનવાળા હોય છે. તેથી જેમ ચંદનથી લિપ્ત ગાત્રવાળા પુરુષના દેહમાંથી સદા સુગંધ ફેલાય છે તેમ તે મહાત્માઓની ઉચિત પ્રવૃત્તિરૂપ સુંગધ ફેલાય છે. વળી, તે મહાત્માઓ પાંચ મહાવ્રતોરૂપ શીલોથી શણગારાયેલા છે તેથી તેઓનો આત્મા શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરી રહ્યો છે તેથી શુદ્ધ સ્વરૂપવાળા છે તેવા સજ્જન પુરુષોને સ્મૃતિમાં ઉપસ્થિત કરીને ગ્રંથકારશ્રી તેઓને નમસ્કાર કરે છે. **॥૨૧-૮॥**

**અવતરણિકા :-**

**ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ગ્રંથમાં શું બતાવ્યું છે અને તે જાણીને દુર્જનોને શું ભાવો થાય છે તેમ જ સજ્જનોને શું ભાવો થાય છે તે પ્રસ્તુત શ્લોકમાં સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**पाथोदः पद्यबन्धैर्विपुलरसभरं वर्षति ग्रन्थकर्त्ता,**

**प्रेम्णां पूरैस्तु चेतःसर इह सुहृदां प्लाव्यते वेगवद्भिः ।**

त्रुट्यन्ति स्वान्तबन्धाः पुनरसमगुणद्वेषिणां दुर्जनानां,
चित्रं भावज्ञनेत्रात् प्रणयरसवशान्निःसरत्यश्रुनीरम् ।।९।।

**અન્વયાર્થ :-**

ग्रंथकर्त्ता पाथोदः=ગ્રંથકર્તારૂપી પાથોદ અર્થાત્ મેઘ, पद्यबन्धैः=પદ્યબંધો વડે=કાવ્યોના પદ્યબંધો વડે, विपुलरसभरं वर्षति=વિપુલ રસથી ભરપૂર એવા અધ્યાત્મને વરસાવે છે. इह=અહીં=તે જલવર્ષામાં, सुहृदां चेतःसरः=સુહૃદોનું અર્થાત્ સુંદર હૃદયવાળા સજ્જન પુરુષોનું ચિત્તરૂપી સરોવર, वेगवद्भिः प्रेम्णां पुरैः प्लाव्यते=વેગવાળા એવા પ્રેમના પૂર વડે છલકાય છે, असमगुणद्वेषिणां दुर्जनानां तु=વળી અસમ ગુણદ્વેષી અર્થાત્ અસાધારણ ગુણદ્વેષી એવા દુર્જનોના, स्वान्तबन्धाः त्रुट्यन्ति=સ્વાંતબંધો તૂટે છે અર્થાત્ પોતાના અંતઃકરણરૂપી બંધો તૂટે છે. भावज्ञनेत्रात् प्रणयरसवशात्=ભાવને જાણનારાઓના નેત્રમાંથી પ્રીતિના રસના વશથી, चित्रं अश्रुनीरं निःसरति=ચિત્ર પ્રકારનાં અશ્રુનીર વહે છે. ।।૨૧-૯।।

**શ્લોકાર્થ :-**

**ગ્રંથકર્તારૂપી પાથોદ પદ્યબંધો વડે વિપુલ રસથી ભરપૂર એવા અધ્યાત્મને વરસાવે છે. અહીં સુહૃદોનું ચિત્તરૂપી સરોવર વેગવાળા એવા પ્રેમના પૂર વડે છલકાય છે. વળી, અસમ ગુણદ્વેષી એવા દુર્જનોના સ્વાન્તબંધો તૂટે છે. ભાવને જાણનારાઓના નેત્રમાંથી પ્રીતિના રસના વશથી ચિત્ર પ્રકારનાં અશ્રુનીર વહે છે. ।।૨૧-૯।।**

**ભાવાર્થ :-**

જેમ વાદળાં વિપુલ વરસાદ વરસાવતાં હોય ત્યારે કહેવાય છે કે તે ધાન્ય વરસાવે છે તેમ ગ્રંથકર્તા પ્રસ્તુત ગ્રંથમાં પદ્યના બંધો વડે વિપુલ રસથી સભર એવા અધ્યાત્મને વરસાવે છે અને તે અધ્યાત્મનું વર્ણન સાંભળીને જે ઉત્તમ પુરુષો છે તેઓનું ચિત્તરૂપી સરોવર વેગવાળા એવા પ્રેમના પૂરથી છલકાય છે અર્થાત્ ઉત્તમ પુરુષોના હૈયામાં પ્રસ્તુત ગ્રંથના અધ્યયનથી અધ્યાત્મના ઉત્તમ ભાવો અત્યંત વૃદ્ધિ પામે છે.

વળી, જે જીવો અસમ ગુણદ્વેષી છે અર્થાત્ અત્યંત ગુણના દ્વેષી છે તેવા જીવોનાં હૈયાંનાં બંધનો તૂટે છે અર્થાત્ પ્રસ્તુત ગ્રંથની રચનાને સહન કરી શકતા નથી. તેથી સ્વકલ્પનાથી દોષોનું ઉદ્ભાવન કરીને પ્રસ્તુત ગ્રંથને દૂષિત કરે છે.

વળી, જે જીવો પ્રસ્તુત ગ્રંથના ભાવને જાણનારા છે તેઓને અધ્યાત્મ પ્રત્યેનો પ્રીતિનો રસ ઉત્પન્ન થાય છે. તેથી પ્રસ્તુત ગ્રંથ પ્રત્યેની અત્યંત પ્રીતિને કારણે હર્ષને અભિવ્યક્ત કરે તેવી અશ્રુની ધારા નીકળે છે અર્થાત્ હર્ષનાં આંસુ વહે છે.

પ્રસ્તુત શ્લોકમાં, સુંદર હૃદયવાળા જીવોને અને પ્રસ્તુત ગ્રંથના ભાવને જાણનારા જીવોને પ્રસ્તુત ગ્રંથથી જે લાભ થાય છે, તે કથનથી તે જીવોમાં રહેલી યોગ્યતાની સ્તુતિ કરેલ છે જે સજ્જનની સ્તુતિરૂપ છે. **॥૨૧-૯॥**

**અવતરણિકા :-**

**સત્કવિઓની ગંભીર અર્થવાળી રચનામાંથી અધ્યાત્મના ભાવોને ગ્રહણ કરી સજ્જનો તેનું કથન કરે છે તેથી તેમનો યશ વધે છે. સત્કવિઓના યશને વધારનાર એવા સજ્જનોની ગ્રંથકારશ્રી સ્તુતિ કરે છે –**

**શ્લોક :-**

**उद्दामग्रन्थभावप्रथनभवयशःसञ्चयः सत्कवीनां,**
**क्षीराब्धिर्मथ्यते यः सहृदयविबुधैर्मेरुणा वर्णनेन ।**
**एतड्डिण्डीरपिण्डीभवति विधुरूचेर्मण्डलं विप्लुषस्ता-**
**स्ताराः कैलासशैलादय इह दधते वीचिविक्षोभलीलाम् ।।१०।।**

**અન્વયાર્થ :-**

**सत्कवीनाम्=સત્કવિઓના, उद्दामग्रन्थभावप्रथनभवयशःसञ्चयः=ઉદ્દામ આશયવાળા ગ્રંથોના ભાવોના કથનથી થયેલ ભવયશના સંચયવાળો, यः क्षीराब्धिः=જે ક્ષીરસમુદ્ર છે, તે, सहृदयविबुधैः वर्णनेन मेरुणा मथ्यते=સહૃદયવાળા વિબુધોથી વર્ણનરૂપ મેરુ વડે મંથન કરાય છે. एतड्डिण्डीरपिण्डी विधुरूचेः मण्डलं भवति=આની અર્થાત્ ક્ષીરસમુદ્રની, ડિણ્ડી=ફીણનો પિંડ અર્થાત્**

ગોળો, ચંદ્રનાં કિરણોનું મંડલ થાય છે, विप्लुषः ताः ताराः=વિપ્લુષ એવા તે અર્થાત્ કણિયારૂપ એવા તે ક્ષીરસમુદ્રનાં ફીણ, તારા થાય છે, इह=અહીં અર્થાત્ સંસારમાં, कैलाशशैलादयः=કૈલાશ પર્વતાદિ, विचिविक्षोभलीलाम् दधते=(તે સમુદ્રની) વિચિના વિક્ષોભની લીલાને ધારણ કરે છે. ।।૨૧-૧૦।।

**શ્લોકાર્થ :-**

**સત્કવિઓના ઉદ્દામ આશયવાળા ગ્રંથોના ભાવોના કથનથી થયેલ ભવયશના સંચયરૂપ જે ક્ષીરસમુદ્ર છે, તે સહૃદયવાળા વિબુધો વડે વર્ણનરૂપ મેરુ વડે મંથન કરાય છે. ક્ષીરસમુદ્રના ફીણનો ગોળો ચંદ્રનાં કિરણોનું મંડલ થાય છે અને કણિયારૂપ તે ક્ષીરસમુદ્રનાં ફીણ તારા થાય છે. સંસારમાં કૈલાશરૂપ પર્વતાદિ (તે સમુદ્રની) વિચીના વિક્ષોભની લીલાને ધારણ કરે છે. ।।૨૧-૧૦।।**

**ભાવાર્થ :-**

સત્કવિઓ સર્વજ્ઞના વચનરૂપ સત્શાસ્ત્રોના ગંભીર ભાવોનું કથન કરે છે અર્થાત્ ગંભીર ભાવોનું સૂક્ષ્મ બુદ્ધિથી સમાલોચન કરીને લોકમાં પ્રગટ કરે છે. તે ગંભીર ભાવો તે મહાપુરુષોથી પ્રગટ થયેલા જોઈને સજ્જન પુરુષો તેમનું યશગાન કરે છે અને તે યશનો સંચય સમુદ્ર જેવો મહાન બને છે; કેમ કે ઉત્તમ પુરુષોની રચના સર્વ વિબુધ પુરુષો એકવાક્યતાથી સ્વીકારે છે અને તેનાં સતત ગુણગાન કરે છે. તેથી તે રચનાથી પ્રગટ થયેલો યશ સમુદ્ર જેવો વિશાળ હોય છે અને તે રચનાને વિબુધ પુરુષો લોકોને સમજાય તે રીતે અલગ વર્ણન કરે છે, જે વર્ણનથી તે સત્કવિઓના યશના સંચયરૂપ સમુદ્રમાંથી ફીણના ગોટાઓ નીકળે છે અને તે ગોટાઓ પીંડીભૂત થઈને ચંદ્રનાં કિરણોના મંડલ જેવા થાય છે.

આશય એ છે કે સત્કવિઓથી રચાયેલ ગંભીર ભાવો જ્યારે વિબુધ પુરુષો સરળ ભાષાથી લોકોને સમજાવે છે ત્યારે લોકોને તે ભાવ અત્યંત રુચિકર બને છે, જે ચંદ્રના મંડળ જેવા શોભે છે.

વળી, જેમ સમુદ્રનું મંથન કરવાથી ફીણના ગોટા નીકળે છે તેમ તે ફીણના કણિયા પણ ઊડે છે, જે તારા જેવા શોભાયમાન થાય છે.

આશય એ છે કે સત્કવિઓ વડે રચાયેલા ભાવો વિબુધ પુરુષો વડે સ્પષ્ટ કરાય છે તે ચંદ્રના મંડલ જેવા શોભાયમાન છે અને સત્કવિઓના વર્ણનમાંથી કેટલાક છૂટાછવાયા ભાવો ગ્રહણ કરીને વિબુધ પુરુષો બતાવે છે તે તારા જેવા શોભાયમાન છે.

વળી, સમુદ્રના મંથનથી મોજાંઓ વિક્ષોભ પામે છે અને તે મોજાંઓ કૈલાસાદિ પર્વતોની સાથે અથડાઈને સુંદર દૃશ્ય રૂપે દેખાય છે તેમ સત્કવિઓના ભાવોને વિબુધ પુરુષો સ્પષ્ટ કરે છે ત્યારે તેમના વચનમાંથી મોજાં સમાન કોઈ નવા જ ઉત્તમ ભાવો ઉત્પન્ન થાય છે. તેથી સત્કવિઓની રચનામાંથી પેદા થયેલ યશસંચય રૂપ ક્ષીરસમુદ્રનું સૌંદર્ય ઉત્તમ પુરુષોના મંથન દ્વારા કંઈકગણું અતિશયિત થાય છે. **॥૨૧-૧૦॥**

**અવતરણિકા :-**

**અધ્યાત્મથી ભરપૂર એવા પ્રસ્તુત ગ્રંથની રચના જોઈને સજ્જનો આનંદિત થાય છે તેથી તેઓની સ્તુતિ કરે છે –**

**શ્લોક :-**

**काव्यं दृष्ट्वा कवीनां हृतममृतमिति खःसदां पातशङ्की,**
**खेदं धत्ते तु मूर्ध्ना मृदुतरहृदयः सज्जनो व्याधुतेन ।**
**ज्ञात्वा सर्वोपभोग्यं प्रसृमरमथ तत्कीर्तिपीयूषपूरं,**
**नित्यं रक्षापिधानानियतमतितरां मोदते च स्मितेन ।।११।।**

**અન્વયાર્થ :-**

**कवीनां काव्यं दृष्ट्वा=કવિઓના કાવ્યને જોઈને, हृतममृतं=હરાયેલું અમૃત છે=આ કાવ્ય સ્વર્ગલોકમાંથી હરાયેલું અમૃતરૂપ છે, इति=એથી खःसदां पातशङ्की=દેવોના પાતની શંકાવાળા=દેવો હવે અમૃતનું પાન નહીં કરી શકે તેથી તેઓ દેવભવમાંથી પાત પામશે એ પ્રકારની શંકાવાળા, मृदुतरहृदयः सज्जनः=મૃદુતર હૃદયવાળા સજ્જનો, व्याधुतेन मूर्ध्ना=વ્યાધુત (ધુણાવેલા) મસ્તક વડે, खेदं तु धत्ते=ખેદને જ ધારણ કરે છે, अथ च=અને વળી (તે સજ્જનો), सर्वोपभोग्यं प्रसृमरं नित्यं रक्षापिधानानियतं तत्कीर्तिपीयूषपूरम्**

ज्ञात्वा=સર્વજીવોથી ઉપભોગ્ય, વિસ્તાર પામતું, નિત્ય, રક્ષા માટે પિધાનથી=ગુપ્ત રાખવાથી, અનિયત એવા તેના અર્થાત્ કાવ્યના, કીર્તિરૂપી અમૃતના પૂરને જાણીને, स्मितेन=સ્મિત વડે, अतितरां मोदते=અત્યંત આનંદિત થાય છે. ॥૨૧-૧૧॥

**શ્લોકાર્થ :-**

**કવિઓનાં કાવ્યને જોઈને હરાયેલું અમૃત છે એથી દેવોના પાતની શંકાવાળા, મૃદુતર હૃદયવાળા સજ્જનો વ્યાધુત (ધુણાવેલા) મસ્તક વડે ખેદને જ ધારણ કરે છે. અને વળી તે સજ્જનો સર્વજીવોથી ઉપભોગ્ય, વિસ્તાર પામતું, નિત્ય, રક્ષા માટે ગુપ્ત રાખવાથી અનિયત એવા તેના કીર્તિરૂપી અમૃતના પૂરને જાણીને સ્મિત વડે અત્યંત આનંદિત થાય છે. ॥૨૧-૧૧॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ કવિઓના અર્થાત્ અધ્યાત્મશાસ્ત્રના મર્મને જાણનારા યોગીઓના કાવ્યોનું માહાત્મ્ય બતાવ્યું છે અને તે કાવ્યના માહાત્મ્યને જાણનારા એવા સજ્જન પુરુષોને શું ભાવ થાય છે તે વિરોધાભાસ અલંકારથી બતાવેલ છે.

કવિઓનાં કાવ્ય અધ્યાત્મરસના અમૃતથી ભરાયેલ છે. આથી જ તે કાવ્યોનું પાન કરનારા યોગ્ય જીવો અધ્યાત્મના રસરૂપ અમૃતનું પાન કરીને જ્યાં મૃત્યુ નથી એવા અમરપદરૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે. વળી સામાન્યથી દેવો અમર કહેવાય છે, અર્થાત્ તેઓ અમૃતનું પાન કરે છે તેથી ભવદીર્ઘની સ્થિતિવાળા હોવાથી અમર છે તેમ કહેવાય છે અને કવિએ તે દેવોનું અમૃત હરીને કાવ્યમાં ભરેલું છે. એથી જેઓનું હૈયું દયાળુ છે એવા સજ્જનો વિચારે છે કે "કવિએ દેવલોકનું અમૃત હરીને કાવ્યમાં ઠાલવ્યું છે તેથી હવે દેવો અમૃતપાન કઈ રીતે કરશે અર્થાત્ અમૃતનું પાન નહીં કરી શકે એથી દેવો અમર રહી શકશે નહીં" માટે તેઓ દેવલોકમાંથી પાત પામશે એવી શંકાવાળા અને દયાળુ હૈયાવાળા એવા સજ્જનો ખેદથી માથું ધુણાવે છે. આ પ્રકારના અલંકારથી ગ્રંથકારશ્રીએ એ સ્થાપન કર્યું કે કવિનું કાવ્ય અધ્યાત્મરસથી ભરપૂર છે માટે અમર પદની પ્રાપ્તિનું પ્રબળ કારણ છે. માટે જેને મોક્ષરૂપ અમર અવસ્થા પ્રાપ્ત કરવી છે તેને અધ્યાત્મમય કાવ્યથી જ આત્માને સદા ભાવિત કરવો જોઈએ.

આ રીતે સજ્જનો સ્વર્ગલોકના અમૃતનું હરણ થયું છે એ વિચારથી ખેદ પામે છે, તોપણ તે મહાત્માઓ વિચારક છે તેથી વિચારે છે કે, અધ્યાત્મનાં કાવ્યોની કીર્તિરૂપી અમૃતનું પૂર સર્વ ઉપભોગ્ય છે, માત્ર દેવતાઓ માટે નિયત નથી. વળી, તે અમૃતનું પૂર વિસ્તાર પામી રહ્યું છે; કેમ કે અન્ય અન્ય કવિઓ જગતમાં થાય છે અને અધ્યાત્મના મર્મનો બોધ થાય તે રીતે પૂર્વના મહાપુરુષોના ગ્રંથોમાંથી અધ્યાત્મના સારને ગ્રહણ કરીને લોકભોગ્ય થાય તે રીતે નવી નવી રચના કરે છે, જેથી અધ્યાત્મનાં કાવ્યોની કીર્તિરૂપી અમૃતનું પૂર વિસ્તારને પામે છે. વળી આ અધ્યાત્મનાં કાવ્યોની કીર્તિરૂપ અમૃતનું પૂર જગતમાં સદા વર્તે છે; કેમ કે જગતમાં સદા તીર્થંકરો થાય છે, તેઓ સન્માર્ગનું સ્થાપન કરે છે અને તેનાથી અધ્યાત્મરૂપ યોગમાર્ગ સદા વહેતો રહે છે, ક્યારેય બંધ થતો નથી. ક્વચિત્ ભરતાદિ ક્ષેત્રમાં વિચ્છેદ થાય છે તોપણ મહાવિદેહ ક્ષેત્રમાં તો સદા વર્તે છે. તેથી અધ્યાત્મની કીર્તિરૂપ અમૃતનું પૂર કિંચિત્ કાળ માટે નથી પરંતુ શાશ્વત કાળ માટે છે, માટે નિત્ય છે. વળી, દેવો જે અમૃતનું પાન કરે છે તે તો સ્વર્ગલોકમાં પિધાન કરીને રાખી મૂકે છે, પરંતુ મનુષ્ય આદિને તે અમૃતનું પાન કરવા દેતા નથી, તેથી દેવલોકનું અમૃત રક્ષાના પિધાનથી=ઢાકણથી, નિયત છે, જ્યારે અધ્યાત્મના કાવ્યોમાં ઠલવાયેલું અમૃત "કોઈને ન આપવું" એ પ્રકારના રક્ષાના પિધાનથી નિયત નથી. પરંતુ સર્વ યોગ્ય જીવોને તે પ્રાપ્ત થાય તેવા આશયથી કવિઓએ કાવ્યમાં અધ્યાત્મરસ ઠાલવ્યો છે. તેથી જગતમાં યોગ્ય જીવો તે અમૃતરસનું પાન કરીને સંસારનો વિચ્છેદ કરી રહ્યા છે તે જોઈને સજ્જન પુરુષો સ્મિતપૂર્વક અત્યંત આનંદિત થાય છે અર્થાત્ કવિઓનાં ઉત્તમ કાવ્યોને જોઈને તેઓને પ્રમોદ થાય છે કે વિષમય એવા પણ આ સંસારમાં અમૃતથી ભરેલાં એવાં અધ્યાત્મમય કાવ્યો છે. એથી સંત્રાસરૂપ પણ સંસારથી જીવો અધ્યાત્મમય કાવ્યોના બળથી મુક્ત થાય છે તેથી સજ્જનો અત્યંત આનંદિત થાય છે.

પ્રસ્તુત શ્લોકમાં અધ્યાત્મથી ભરપૂર એવાં કાવ્યોના મર્મને જાણનારા સજ્જનો કઈ રીતે કાવ્યને જોઈને આનંદિત થાય છે તેમ બતાવીને એવા સજ્જનોની યોગ્યતાનું માહાત્મ્ય બતાવ્યું છે, તેથી પ્રસ્તુત શ્લોક સજ્જનોની સ્તુતિરૂપ છે. ॥૨૧-૧૧॥

અવતરણિકા :-

કવિઓએ જિનવાણીને શ્લોકનિબદ્ધ કરી છે તેની કસોટી કરી સજ્જનો તેને દૃઢ કરે છે તેથી સજ્જનોની ગ્રંથકારશ્રી સ્તુતિ કરે છે –

શ્લોક :-

निष्पाद्य श्लोककुम्भं निपुणनयमृदा कुंभकाराः कवींद्रा,
दार्ढ्यं चारोप्य तस्मिन्, किमपि परिचयात्, सत्परीक्षार्कभासाम् ।
पक्वं कुर्वन्ति बाढं, गुणहरणमतिप्रज्वलद्दोषदृष्टि-
ज्वालामालाकराले, खलजनवचनज्वालजिह्वे निवेश्य ।।१२।।

અન્વયાર્થ :-

कवीन्द्राः कुम्भकाराः=કવીન્દ્રો રૂપી કુંભકારો, निपुणनयमृदा=નિપુણ નયરૂપી માટીથી, श्लोककुम्भं निष्पाद्य=શ્લોકરૂપી કુંભને નિષ્પન્ન કરીને, सत्परीक्षार्कभासाम् परिचयात् च=અને સત્પરીક્ષારૂપી સૂર્યનાં કિરણોના પરિચયથી, तस्मिन्=તેમાં=કુંભમાં, किमपि दार्ढ्यं=કંઈક પણ દૃઢતાનું, आरोप्य=આરોપણ કરીને, गुणहरण-मतिप्रज्वलद्दोषदृष्टिज्वालामालाकराले=ગુણને હરણ કરનારી મતિથી બળતી એવી દોષદૃષ્ટિની જ્વાલાની માલાઓથી ભયંકર એવા, खलवचनज्वालजिह्वे=ખલજનના વચન સ્વરૂપ જ્વાલારૂપ જિહ્વામાં, निवेश्य=નિવેશ કરીને=દૃઢ એવા તે કુંભને નિવેશ કરીને, बाढं पक्वं कुर्वन्ति=અત્યંત પાકો કરે છે. ।।૨૧-૧૨।।

શ્લોકાર્થ :-

કવીન્દ્રોરૂપી કુંભકારો નિપુણ નયરૂપી માટીથી શ્લોકરૂપી કુંભને નિષ્પન્ન કરીને અને સત્પરીક્ષારૂપી સૂર્યનાં કિરણોના પરિચયથી તેમાં કંઈક પણ દૃઢતાનું આરોપણ કરીને ગુણને હરણ કરનારી મતિથી બળતી એવી દોષદૃષ્ટિની જ્વાલાની માલાઓથી ભયંકર એવા ખલજનના વચન સ્વરૂપ જ્વાલારૂપ જિહ્વામાં નિવેશ કરીને અત્યંત પાકો કરે છે. ।।૨૧-૧૨।।

**ભાવાર્થ :-**

કુંભાર માટીમાંથી કુંભ બનાવે છે ત્યારપછી તે ઘડાને કંઈક દૃઢ કરવા અર્થે સૂર્યના તાપમાં મૂકે છે, જેથી સુકાઈને દૃઢ થયેલો તે ઘડો અગ્નિમાં પકાવવા માટે યોગ્ય બને છે. ત્યારપછી અત્યંત જ્વાળાવાળા અગ્નિમાં તેનું સ્થાપન કરીને ઘડાને પાકો બનાવે છે. તે રીતે કવિઓ પોતાના શ્લોકરૂપી કુંભને પાકો બનાવે છે તેમ ગ્રંથકારશ્રી બતાવે છે.

જેમ કુંભાર માટીમાંથી કુંભ બનાવે છે તેમ ઉત્તમ કવિઓ સર્વજ્ઞનાં વચનોને ગ્રહણ કરીને નિપુણતાયુક્ત એવી નયરૂપી માટીમાંથી કુંભ બનાવે છે.

આશય એ છે કે સર્વજ્ઞના વચનના મર્મને જાણનારા ઉત્તમ કવિઓ યોગમાર્ગને સ્પર્શનારાં કાવ્યોની રચના કરે ત્યારે લોકને ઉપકાર થાય તેવા નયને નિપુણતાપૂર્વક જોડીને શ્લોકો બનાવે છે, જેથી તે શ્લોકરચનાથી યોગ્ય જીવોને નયની દૃષ્ટિનો ઉઘાડ થાય, અધ્યાત્મમાર્ગનો બોધ થાય અને ઉચિત સ્થાને તે નયદૃષ્ટિને જોડીને પોતાના આત્માનું હિત સાધી શકે.

આ રીતે શ્લોકરચના કર્યા પછી તે કવિઓ સત્પરીક્ષક એવા અન્ય યોગીઓને પોતાનું કાવ્ય બતાવે છે, જેથી પોતાની રચનામાં તે તે દૃષ્ટિની કોઈ દૃઢતા ન હોય તો તે સત્પરીક્ષકના વચનથી યથાર્થ નિર્ણય કરીને પોતાની રચનાને દૃઢ કરે છે અર્થાત્ કોઈક સ્થાને પોતાનું વક્તવ્ય તે પ્રકારે પદાર્થને સ્પષ્ટ કરતું ન હોય તો સત્પરીક્ષક એવા અન્ય યોગીઓ કવિને તે સ્થાન બતાવે છે, જેથી કવિ પોતાની કૃતિમાં અધ્યાત્મરસની એક ધારા લોકોને જે રીતે પ્રાપ્ત થાય તે રીતે તે કૃતિને કરીને પોતાની કૃતિ અત્યંત યથાર્થ કરે છે.

વળી, તે કૃતિની રચના કર્યા પછી પોતાની કૃતિમાં છિદ્ર જોનારા પણ કેટલાક ખલ પુરુષો છે. તેઓની મતિ ગુણનું હરણ કરનારી છે અને દોષ જોવાની દૃષ્ટિવાળા છે. તેથી કવિની કૃતિમાંથી વીણી વીણીને કંઈક કાવ્યનો દોષ કે કોઈ રચનાનો દોષ કે કોઈક ઝીણી સ્ખલના હોય તેને આગળ કરીને અને અધ્યાત્મરસના માહાત્મ્યને ગૌણ કરીને તે કવિની કૃતિને તેઓ દૂષિત કરે છે. ગ્રંથકારશ્રી પણ તેવા દુર્જનો પોતાની કૃતિ માટે શું કહે છે, તે જાણવા યત્ન કરે છે અને જાણીને અધ્યાત્મરસથી પૂર્ણ એવા પણ પોતાના ગ્રંથમાં શાબ્દબોધની

મર્યાદાથી કોઈ ક્ષતિ થઈ હોય કે કાવ્યના કોઈક પદાર્થના સ્પષ્ટીકરણમાં ન્યૂનતા થઈ હોય, જેઓને ખલ પુરુષો આગળ કરે છે તે સર્વનું અવલોકન કરીને ગ્રંથકારશ્રી પોતાની શ્લોકરચના ક્ષતિ વગરની બનાવે છે, જેથી ગ્રંથકારશ્રીની શ્લોકરચનારૂપ કુંભ અત્યંત પક્વ બને છે.

કાવ્ય રચનારા સજ્જન પુરુષો ભગવાનના શાસનના પદાર્થો કઈ રીતે શ્લોકનિબદ્ધ કરે છે તેનું વર્ણન પ્રસ્તુત શ્લોકમાં કરીને પોતાની કૃતિને અત્યંત માર્ગાનુસારી કરવા માટે સજ્જનો જે ઉચિત યત્ન કરે છે તે બતાવીને પ્રસ્તુત શ્લોકમાં ગ્રંથકારશ્રીએ તેઓની સ્તુતિ કરી છે. **॥૨૧-૧૨॥**

**અવતરણિકા :-**

**અધ્યાત્મના ભાવોને સ્પર્શીને સુકાવ્યોની રચના કરતા એવા સજ્જનોની હવે ગ્રંથકારશ્રી સ્તુતિ કરે છે –**

**શ્લોક :-**

**इक्षुद्राक्षारसौघः कविजनवचनं दुर्जनास्याग्नियन्त्रा-**
**न्नानार्थद्रव्ययोगात्समुपचितगुणो मद्यतां याति सद्यः ।**
**सन्तः पीत्वा यदुच्चैर्दधति हृदि मुदं घूर्णयन्त्यक्षियुग्मं,**
**स्वैरं हर्षप्रकर्षादपि च विदधते नृत्यगानप्रबन्धम् ।।१३।।**

**અન્વયાર્થ :-**

**दुर्जनास्याग्नियन्त्रात्=દુર્જનના અગ્નિયંત્રથી, कविजनवचनं=કવિજનનું વચનરૂપ, इक्षुद्राक्षारसौघः=ઈક્ષુ અને દ્રાક્ષારસનો સમૂહ (ઉકાળાય છે), नानार्थद्रव्ययोगात्समुपचितगुणः=નાના અર્થરૂપી દ્રવ્યના યોગથી સમુપચિત ગુણવાળો (કવિજનના વચનરૂપ ઈક્ષુદ્રાક્ષારસ), सद्यः मद्यतां याति=સદ્ય મદ્યતાને પામે છે, यद् पीत्वा=જેને=જે મદ્યને, પીને सन्तः=સન્તો, हृदि मुदं उच्चैः दधति=હૃદયમાં અત્યંત આનંદને ધારણ કરે છે, अक्षियुग्मम् स्वैरं घूर्णयन्ति=અક્ષિયુગ્મને સ્વઈચ્છાથી ચકળવકળ ફેરવે છે, हर्षप्रकर्षादपि च=અને હર્ષના પ્રકર્ષથી જ, नृत्यगानप्रबन्धम् विदधते=નૃત્યગાનના પ્રબંધને કરે છે. ॥૨૧-૧૩॥**

**શ્લોકાર્થ :-**

**દુર્જનના અગ્નિયંત્રથી કવિજનના વચનરૂપ ઈક્ષુ અને દ્રાક્ષારસનો સમૂહ ઉકાળાય છે અને નાના અર્થરૂપી દ્રવ્યના યોગથી સમુપચિત ગુણવાળો સદ્ય મદ્યતાને પામે છે જેને પીને સંતો હૃદયમાં અત્યંત આનંદને ધારણ કરે છે, અક્ષિયુગ્મને સ્વઈચ્છાથી ચકળવકળ ફેરવે છે અને હર્ષના પ્રકર્ષથી જ નૃત્યગાનના પ્રબંધને કરે છે. ।।૨૧-૧૩।।**

**ભાવાર્થ :-**

ઇક્ષુરસ અને દ્રાક્ષારસને અગ્નિમાં તપાવીને એને અન્ય કેફી પદાર્થોનો યોગ કરીને તેમાંથી મદ્ય બને છે અને મદ્યપાનના શોખીન જીવો તે મદ્યનું પાન કરીને અત્યંત હર્ષને ધારણ કરે છે, દારૂનો નશો ચડવાથી આંખો ચકળવકળ ફેરવે છે અને તાનમાં આવીને નાચવા લાગે છે. તેની ઉપમાથી ગ્રંથકારશ્રી કવિના વચનનું સ્વરૂપ પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે.

કવિઓ અધ્યાત્મ યોગના રહસ્યને બતાવનાર કાવ્યોની રચના કરે છે, જે રચના ઇક્ષુરસ અને દ્રાક્ષારસ જેવા મધુર ભાવવાળી છે; કેમ કે અધ્યાત્મના અર્થી જીવોને તે મધુર ભાસે છે. વળી, કંઈક વિદ્વાન એવા પણ પરના છિદ્રોને જોવામાં નિપુણ પ્રજ્ઞાવાળા એવા જીવો તે કવિનાં વચનોમાંથી દોષોનું ઉદ્‌ભાવન કરે છે. કવિ તે દુર્જનોના વચનથી ઉદ્‌ભાવન કરાયેલા દોષોને જોઈને તે દોષોની શુદ્ધિ કરે છે, જેથી ઇક્ષુરસ અને દ્રાક્ષારસ જેવાં કવિનાં વચન દુર્જનોના વચનરૂપ અગ્નિના તાપથી અધિક મધુર થાય છે. વળી કવિ દુર્જનોથી ઉદ્‌ભાવન કરાયેલા દોષોનું સમાલોચન કરે છે ત્યારે અધ્યાત્મના નવા કંઈક સૂક્ષ્મ પદાર્થોનું સ્ફુરણ થાય છે તેથી કવિ દુર્જનોના વચનથી વિશુદ્ધ થયેલાં પોતાનાં વચનોમાં અનેક નવાં અધ્યાત્મપદોનો યોગ કરીને પોતાનું કાવ્ય અધિક ગુણવાળું બનાવે છે. જેથી તે અધ્યાત્મરસથી ભરપૂર કાવ્ય સદ્ય મદ્યતાને પામે છે; કેમ કે યોગ્ય જીવોને એ અધ્યાત્મનાં પદોથી અધ્યાત્મભાવોનો નશો ચડે તેવા પ્રકારની તે રચના બનેલ છે અને કવિનાં અધ્યાત્મનાં પદો અધ્યાત્મનો નશો ચડાવે તેવા ગુણવાળાં બન્યાં છે.

તેથી જેમ દારૂ પીવાના રસવાળા જીવો દારૂ પીને હૈયામાં અત્યંત આનંદિત થાય છે તેમ અધ્યાત્મભાવોના અત્યંત રસવાળા એવા સંત પુરુષો કવિનાં

વચનોથી ઉત્પન્ન થયેલા મદ્યનું પાન કરીને અત્યંત હર્ષવાળા થાય છે. જેમ દારૂ પીનારા જીવો દારૂ પીને દારૂના કેફને કારણે ચક્ષુઓ ચકળવકળ ફેરવે છે તેમ અધ્યાત્મરસનો નશો ચડવાથી સંત પુરુષોનાં ચક્ષુ અધ્યાત્મના ભાવોને જોઈને સ્વઇચ્છાથી અધ્યાત્મના નવા નવા ભાવોને જોવા માટે ચકળવકળ ફરે છે અર્થાત્ તેઓ વિચારે છે કે કવિએ અદ્ભુત અધ્યાત્મના ભાવો પ્રસ્તુત કાવ્યમાં ઠાલવ્યા છે, જેને જોઈને તેઓનાં ચક્ષુ હર્ષના અતિરેકથી કવિની તે કૃતિને ફરી ફરી વિશેષ-વિશેષ જોવા યત્ન કરે તે રીતે ચકળવકળ ફરે છે.

વળી, દારૂ પીનારા જીવો દારૂનો નશો ચડે ત્યારે નૃત્ય અને ગાન કરે છે તેમ કવિના મર્મસ્પર્શી અધ્યાત્મપદોના પાનથી હર્ષના પ્રકર્ષવાળા થયેલ એવા સંતો નાચવા માંડે છે અને અધ્યાત્મનાં પદોને ગાવા માંડે છે અને વિચારે છે કે અહો ! આપણો જન્મ અધ્યાત્મરસને પામીને સફળ થયો છે અને તેવા ભાવોની અભિવ્યક્તિ તેઓ નૃત્ય અને ગાનથી કરે છે.

આ શ્લોકથી ગ્રંથકારશ્રીએ સુકવિની રચનાની સ્તુતિ કરેલ છે અને જે સંત પુરુષો અધ્યાત્મના ભાવોને સ્પર્શવાની યોગ્યતા ધરાવે છે તેઓની સ્તુતિ કરેલ છે. **॥૨૧-૧૩॥**

**અવતરણિકા :-**

**સદા પરહિતમાં તત્પર એવા સજ્જનોની સ્તુતિ કરતાં કહે છે –**

**શ્લોક :-**

**नव्योऽस्माकं प्रबन्धोऽप्यनणुगुणभृतां, सज्जनानां प्रभावाद्,**
**विख्यातः स्यादितीमे, हितकरणविधौ, प्रार्थनीया न किं नः ।**
**निष्णाता वा स्वतस्ते, रविरुचय इवाम्भोरुहाणां गुणाना-**
**मुल्लासेऽपेक्षणीयो, न खलु पररुचैः, क्वापि तेषां स्वभावः ।।१४।।**

**અન્વયાર્થ :-**

**अस्माकं नव्यः प्रबंधोऽपि=અમારો નવો પ્રબંધ પણ=ગ્રંથકારશ્રી વડે કરાયેલો અધ્યાત્મસારરૂપ પ્રસ્તુત નવો પ્રબંધ પણ, अनणुगुणभृतां**

सज्जनानां प्रभावात्=ઘણા ગુણોવાળા સજ્જનોના પ્રભાવથી, विख्यातः स्याद्=વિખ્યાત થાય, इति=એથી इमे=આ=ઘણા ગુણવાળા સજ્જનો, हितकरणविधौ=હિતકરણ વિધિમાં="અધ્યાત્મસાર" પ્રબંધને વિખ્યાત કરીને લોકોના હિતકરણની વિધિમાં, किं नः प्रार्थनीया न=શું તે અમારા વડે પ્રાર્થનીય નથી ? અર્થાત્ પ્રાર્થનીય છે, वा=અથવા, अंभोरुहाणां उल्लासे रविरुचयः इव=કમળોના ઉલ્લાસમાં રવિરુચિની જેમ गुणानाम् (उल्लासे)= ગુણોના (ઉલ્લાસમાં), स्वतः ते=સ્વતઃ તેઓ=સજ્જન પુરુષો, निष्णाता= નિષ્ણાત છે, खलु=ખરેખર, पररुचैः=પરરુચિથી=કવિની પ્રાર્થનારૂપ પરરુચિથી, तेषां स्वभावः=તેઓનો=સજ્જનોના સ્વભાવ, क्वापि अपेक्षणीयः न=ક્યાંય અપેક્ષણીય નથી. ॥૨૧-૧૪॥

**શ્લોકાર્થ :-**

**અમારો નવો પ્રબંધ પણ ઘણા ગુણોવાળા સજ્જનોના પ્રભાવથી વિખ્યાત થાય એથી આ હિતકરણ વિધિમાં શું તે અમારા વડે પ્રાર્થનીય નથી ? અથવા કમળોના ઉલ્લાસમાં રવિરુચિની જેમ ગુણોના ઉલ્લાસમાં સ્વતઃ તેઓ નિષ્ણાત છે. ખરેખર પરરુચિથી તેઓનો સ્વભાવ ક્યાંય અપેક્ષણીય નથી. ॥૨૧-૧૪॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ "અધ્યાત્મસાર" રૂપ અધ્યાત્મના પદાર્થને સ્પષ્ટ કરનાર નવો પ્રબંધ રચ્યો છે. જેના ગુણના પક્ષપાતી એવા ઘણા ગુણોવાળા સજ્જન પુરુષો છે તેઓ ગ્રંથકારશ્રીની રચના "અધ્યાત્મસાર"ને વિખ્યાત કરે તો ઘણા યોગ્ય જીવોને ઉપકાર થાય, તેથી ગ્રંથકારશ્રી કહે છે કે આ સજ્જન પુરુષો પ્રસ્તુત ગ્રંથને વિખ્યાત કરીને લોકોના હિતની પ્રવૃત્તિ કરે તે અમારા માટે શું પ્રાર્થનીય નથી ? અર્થાત્ અમારા વડે પ્રાર્થનીય છે. આમ કહીને ગ્રંથકારશ્રી ગુણના પક્ષપાતી સજ્જન પુરુષોને પ્રાર્થના કરે છે કે અમારા વડે રચાયેલો આ ગ્રંથ જે પ્રકારના ગુણોને વહન કરે છે તે પ્રકારે યોગ્ય જીવોને તમે આપીને ઉપકાર કરશો તો મહાન લાભ થશે. આ રીતે સજ્જનોને પ્રાર્થના કરીને "અથવા"થી કહે છે કે વાસ્તવિક રીતે જેમ કમળના ઉલ્લાસમાં સૂર્યનાં કિરણો

પોતાની મેળે પ્રવર્તે છે, કોઈની પ્રાર્થનાથી પ્રવર્તતાં નથી તેમ ઉત્તમ પુરુષો ગ્રંથકારશ્રીની પ્રાર્થનાની અપેક્ષા રાખે તેવા સ્વભાવવાળા નથી, પરંતુ જો તેઓને "અધ્યાત્મસાર" ગ્રંથ લોકોને ઉપકારરૂપ થાય તેવું જણાય તો તેઓ સ્વતઃ જ લોકો આગળ તેનો વિસ્તાર કરીને લોકોના હિત માટે પ્રયત્ન કરે તેવા સ્વભાવવાળા છે. માટે તેવા ઉત્તમ પુરુષોને પ્રાર્થના કરવાની આવશ્યકતા રહેતી નથી.

આમ બતાવીને સજ્જન પુરુષો સદા પરના હિતમાં તત્પર છે તેમ બતાવીને તેઓની સ્તુતિ કરેલ છે. **॥૨૧-૧૪॥**

**અવતરણિકા :-**

**ગ્રંથના અંતિમ ચરણમાં ફરી પોતાના ગુરુને યાદ કરીને ગ્રંથકારશ્રી તેઓશ્રીની સ્તુતિ કરે છે –**

**શ્લોક :-**

**यत्कीर्त्तिस्फूर्त्तिगानावहितसुरवधूवृन्दकोलाहलेन,**
**प्रक्षुब्धस्वर्गसिन्धोः पतितजलभरैः क्षालित शैत्यमेति ।।**
**अश्रान्तभ्रान्तकान्तग्रहगणकिरणैस्तापवान् स्वर्णशैलो,**
**भ्राजन्ते ते मुनीन्द्रा नयविजयबुधाः सज्जनव्रातधुर्याः ।।१५।।**

**અન્વયાર્થ :-**

**यत्कीर्त्तिस्फूर्त्तिगानावहितसुरवधूवृन्दकोलाहलेन=જેમની અર્થાત્ શ્રી નયવિજયજીની કીર્તિની સ્ફૂર્તિના ગાનથી ખેંચાયેલી એવી દેવીઓના સમૂહના કોલાહલથી, प्रक्षुब्धस्वर्गसिन्धोः=ક્ષોભ પામેલ સ્વર્ગસિંધુથી અર્થાત્ સ્વર્ગનદીથી, पतितजलभरैः क्षालितः=પડેલા જલના ભાર વડે ધોવાયેલો, अश्रान्तभ्रान्तकान्तग्रहगणकिरणैस्तापवान्=સતત ભમતા કાન્તિવાળા એવા ગ્રહગણનાં કિરણો વડે તાપવાળો, स्वर्णशैलः=સ્વર્ણશૈલ=મેરુપર્વત, शैत्यमेति= શૈત્યને પામે છે, ते=તે मुनीन्द्रा=મુનિઓમાં ઇન્દ્ર, सज्जनव्रातधुर्याः=સજ્જનોના સમુદાયના ધૂર્ય એવા, नयविजयबुधाः भ्राजन्ते=નયવિજય પંડિત શોભે છે. ॥૨૧-૧૫॥**

**શ્લોકાર્થ :-**

**જેમની કીર્તિની સ્ફૂર્તિના ગાનથી ખેંચાયેલી એવી દેવીઓના સમૂહના કોલાહલથી ક્ષોભ પામેલ સ્વર્ગસિંધુથી પડેલા જલના ભાર વડે ધોવાયેલો, સતત ભમતા કાન્તિવાળા એવા ગ્રહગણનાં કિરણો વડે તાપવાળો મેરુ પર્વત શૈત્યને પામે છે. તે મુનિઓમાં ઇન્દ્ર સજ્જનોના સમુદાયના ધૂર્ય એવા નયવિજય પંડિત શોભે છે. ।।૨૧-૧૫।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રી પોતાના ગુરુ શ્રી નયવિજયજીની સ્તુતિ કરીને સજ્જનોની સ્તુતિ કરે છે. શ્રી નયવિજયજી મ. સા.ની કીર્તિ જગતમાં વિસ્તારને પામે છે અને કવિ કલ્પના કરે છે કે તેમની કીર્તિને કારણે દેવલોકમાં વર્તતી દેવાંગનાઓમાં કોલાહલ મચે છે; કેમ કે તેઓને ચિંતા થાય છે કે દેવતાઓના ઇન્દ્રોની કીર્તિને આ મહાત્માની કીર્તિ ઝાંખી પાડશે. અને તે ચિંતાથી તે દેવાંગનાઓનો જે કોલાહલ થયો, તેના કારણે સ્વર્ગલોકમાં રહેલ નદી ક્ષોભ પામે છે અને તેના કારણે તે નદીમાંથી પડેલા પાણીથી મેરુ પર્વત આખો ધોવાયો અને આ મેરુ પર્વત સતત ભમતા એવા ગ્રહોના સમુદાયથી તાપવાળો થયેલ તે સ્વર્ગમાંથી પડતા પાણીને કારણે શૈત્યને પામ્યો.

આમ બતાવીને શ્રી નયવિજયજી મ. સા.ની કીર્તિ સ્વર્ગલોકમાં પણ ખળભળાટ મચાવે તેવી વિશેષ પ્રકારની છે, તેમ બતાવીને પોતાના ગુરુની કેવી ઉત્તમતા છે તેને સ્પષ્ટ કરે છે. વળી, આવી કીર્તિવાળા શ્રી નયવિજયજી કવિ મુનિઓમાં ઇન્દ્ર જેવા છે અને સજ્જનોના સમુદાયમાં ધૂર્ય છે તેમ બતાવીને તેઓનો મુનિભાવ અને સજ્જનપણું લોકોત્તમ છે તેમ ગ્રંથકારશ્રી બતાવે છે. **।।૨૧-૧૫।।**

**અવતરણિકા :-**

**ગ્રંથના અંતિમ શ્લોકમાં પોતાનું નામ પ્રગટ કરી યોગ્ય જીવોના કલ્યાણની ભાવના પ્રગટ કરી છે –**

**શ્લોક :-**

**चक्रे प्रकरणमेतत् तत्पदसेवापरो यशोविजयः ।**
**अध्यात्मधृतरुचीनामिदमानन्दावहं भवतु ।।१६।।**

**અન્વયાર્થ :-**

તત્પદસેવાપરઃ યશોવિજયઃ=પૂર્વશ્લોકમાં જે શ્રી નયવિજયજી ગુરુની કીર્તિ ગ્રંથકારશ્રીએ બતાવી તે નયવિજયજી ગુરુની પાદની સેવામાં તત્પર એવા યશોવિજય સાધુએ, एतद् प्रकरणम्=આ પ્રકરણ="અધ્યાત્મસાર" નામનું પ્રકરણ, चक्रे=કર્યું છે, अध्यात्मधृतरुचिनाम्=અધ્યાત્મમાં ધારણ કરી છે રુચિ જેઓએ એવા મહાત્માઓને, इदं=આ="અધ્યાત્મસાર" રૂપ પ્રકરણ, आनन्दावहं भवतु=આનંદ આપનાર થાઓ. ॥૨૧-૧૬॥

**શ્લોકાર્થ :-**

**પૂર્વશ્લોકમાં જે શ્રી નયવિજયજી ગુરુની કીર્તિ ગ્રંથકારશ્રીએ બતાવી તે નયવિજયજી ગુરુની પાદની સેવામાં તત્પર એવા યશોવિજય સાધુએ આ પ્રકરણ કર્યું છે. અધ્યાત્મમાં ધારણ કરી છે રુચિ જેઓએ એવા મહાત્માઓને આ આનંદ આપનાર થાઓ. ॥૨૧-૧૬॥**

**ભાવાર્થ :-**

ગ્રંથની સમાપ્તિ કરતાં કહે છે કે ગુણવાન એવા ગુરુની સેવામાં તત્પર એવા યશોવિજય નામના સાધુએ આ પ્રકરણ કર્યું છે. આમ કહીને પ્રસ્તુત ગ્રંથના કર્તા એવા પોતાનું નામ પ્રગટ કર્યું છે. અને અભિલાષ કર્યો છે કે જે જીવો અધ્યાત્મમાં રુચિને ધારણ કરનારા છે એવા જીવોને આ ગ્રંથ આનંદ આપનાર થાઓ. આમ કહીને યોગ્ય જીવોને પ્રસ્તુત ગ્રંથથી અધ્યાત્મના મર્મની પ્રાપ્તિ થશે તેમ ગ્રંથકારશ્રીએ પ્રગટ કહેલ છે. **॥૨૧-૧૬॥**

**।। इति अध्यात्मसारे सज्जनस्तुत्यधिकारः ।।२१।।**

**।। इत्यध्यात्मसारप्रकरणे सप्तमः प्रबन्धः ।।**

**श्रीनयविजयगणिशिष्यन्यायविशारद-न्यायाचार्य-महामहोपाध्याय-श्रीयशोविजयगणिविरचितमिदमध्यात्मसारप्रकरणं समाप्तम् ।।**

वचनानुष्ठानगतं, यातायातं च सातिचारमपि ।
चेतोऽभ्यासदशायां, गजाङ्कुशन्यायतोऽदुष्टम् ॥

વચનાનુષ્ઠાનગત અને સાતિચાર પણ
યાતાયાત ચિત્ત અભ્યાસ દશામાં
ગજાંકુશન્યાયથી અદુષ્ટ છે.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com
Visit us online : gitarthganga.wordpress.com